दशकुमा चरित

ગુજરાતી ભાષાંતર

ગુજરાતી પ્રિન્ટગ પ્રેસ-મુંબઈ

ગુજરાતી પ્રેસમાં વેચાતાં પુસ્તકો

પુસ્તકનુ નામ	કિંમત
અધ્યાત્મ રામાયણ	૧– ૮–૦
યોગવાસિષ્ઠ મહારામાયણ (પાકા પુઠા–બે ભાગમા) ..	૧૦– ૦–૦
ચિદ્ઘનાનંદી શ્રીમદ્ભગવદ્ ગીતા (સચિત્ર)	૪– ૦–૦
જ્ઞાનેશ્વરી શ્રીમદ્ભગવદ્ ગીતા (સચિત્ર)	૪– ૦–૦
શ્રીમદ્ભગવદ્ગીતા (નર્મદ અને તુલસીદાસ) .	૦– ૮–૦
युक्तिप्रकाश (निश्चलदासकृत हिंदी) . ..	१– ०–०
શ્રીમદ્ભાગવત (મોટા અક્ષરવાળુ ૨૮ ચિત્રો સહિત) એક ભાગમા કપડાના પુઠાનુ .. .	૮– ૮–૦
શ્રીમદ્ભાગવત (મધ્યમાક્ષર) સચિત્ર	૬– ૮–૦
શ્રીમદ્ભાગવત (ગુટકો) સચિત્ર...	૨– ૪–૦
શ્રીવાલ્મીકિ રામાયણ (૩ જી આવૃત્તિ સચિત્ર)	૬– ૦–૦
શ્રી મહાભારત ભાગ ૧ લો (સચિત્ર) ..	૯– ૦–૦
,, ભાગ ૨ જો (સચિત્ર)	૧૧– ૦–૦
,, ભાગ ૩ જો (સચિત્ર)	છપાય છે
ભાઇશંકર ગ્રન્થમાળા (નાટક અને સાહિત્ય)	૩– ૦–૦
દયારામ અને હાફિઝ .	૦– ૮–૦
નીતિબોધ	૦– ૬–૦
ચારુચર્યા (૩ જી આવૃત્તિ) .. .	૦ ૨–૬
નીતિસુધાતરંગિણી (અત્યુત્તમ)	૧– ૦–૦
નર્મ કથાકોષ (૩ જી આવૃત્તિ) ..	૨– ૦–૦
વિવેકાનંદ વિચારમાળા–પ્રથમ પુષ્પ (જ્ઞાન–જનતાના સંગ્રહ)	૨ ૪–૦
વિવેકાનંદ વિચારમાળા–દ્વિતીય પુષ્પ .. .	૨– ૪ ૦
વિવેકાનંદ વિચારમાળા–તૃતીય પુષ્પ	૨ ૪ ૦
વિવેકાનંદ વિચારમાળા ચતુર્થ પુષ્પ	૨– ૪–૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ (૫ મી આવૃત્તિ)	૧– ૮–૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૨ (૨ જી આ)	૨– ૮–૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૩ (૨ જી આ) .	૨– ૮–૦

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ કાટ સર્કલ સાસુન બિલ્ડીંગ–મુંબઈ

दशकुमारचरितनुं

ગુજરાતી ભાષાંતર

ભાષાંતરકર્તા

શાસ્ત્રી પ્રાણજીવન હરિહર

આવૃત્તિ ૨ જી

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેસાઈએ છાપી પ્રસિદ્ધ કર્યું,
સાસુન બિલ્ડિંગ—સર્કલ કોટ,—મુંબઈ

વિક્રમ સંવત્ ૧૯૭૨ ઇસ્વી સન ૧૯૧૫

કિંમત રૂ. ૧-૮-૦

प्रस्तावना

रचनापद्धति अने दशकुमारचरित्र

કથાસદર્ભ સત્ય હોય કે અસત્ય હોય અથવા તો સત્યાસત્ય મિશ્ર હોય, પરતુ તેદ્વારા સુકુમાર મતિના મનુષ્યોને ધર્મ, અર્થ, કામ, લોકવૃત્ત, રાજવૃત્ત વગેરેનો સદુપદેશ કરીને કલ્યાણનો માર્ગ દર્શાવવો, આ કાવ્યનુ પ્રધાન કર્તવ્ય છે માત્ર મનનો સામયિક આનદ પ્રવર્તાવવાને, આજની પેઠે, કોઈ કાર્ય કરવામા આવતુ નહતુ, અને તે જ ઉદ્દેશથી પ્રાચીન કવિઓએ અનેક આખ્યાયિકાઓ તથા ચરિત્રગ્રથો રચ્યા છે પરતુ તે તે કવિઓએ પોતાના કાવ્યોને રમણીય બનાવવામાટે ભિન્નભિન્ન પદ્ધતિ સ્વીકારી છે કોઇએ વીરરસથી, કોઇએ ભયાનક રસથી, કોઇએ રૌદ્રરસથી, એમ ભિન્નભિન્ન રસથી કથાની ભૂમિકાઓ રચીને, રસિક વાચનારાઓને, પોતાની પ્રતિભાશક્તિનો અનેક પ્રકારે લાભ આપ્યો છે

આરબોની લોકકથાઓના સગ્રહરૂપ અલ્ફ લયલા વ લયલા અથવા અરેબિયન નાઇટ્સનો કર્તા રૌદ્ર અને ભયાનક રસથી પોતાની કથાનો આરભ કરીને પરિણામજિજ્ઞાસુ મનુષ્યોના મનમા કુતૂહલ ઉત્પન્ન કરી મૂકે છે અને વાચનારાઓના મન છેવટ સૂધી પરિણામ જાણવાને ઉત્સુક રહે છે

લેખક કથાનો આરભ કરતા કહે છે કે, હિદનો બાદશાહ શેહેરીયાર પોતાની રાણીનો વ્યભિચાર જોઇને ખિન્ન થાય છે, અને તેને મારી નાખ્યા પછી નિત્ય સાયકાળે નવી નવી સ્ત્રીને પરણે છે અને બીજે દિવસે પ્રભાતમા તે સ્ત્રીનો શિરચ્છેદ કરાવે છે. આવી રીતે ઘણી સ્ત્રીઓની હત્યા થવાની વાત સાભળી, વઝીર-

ની પુત્રી શેહેરાજાદી સ્ત્રીહત્યા અટકાવવામાટે પડે બાદશાહને પરણે છે, અને પોતાની સાથે પોતાની નાની બહેન દીનારજાદીને પણ અતઃપુરમા લઈ જાય છે પાછલી રાત્રે દીનારજાદી ઉઠીને પોતાની બહેન શેહેરાજાદીને કહે છે કે, આજની રાત્રિ છેલ્લી રાત્રિ છે, માટે હવે તુ મને કોઇક વાર્તા સભળાવ. તે ઉપરથી સુલ્તાનની હાજરીમા શેહેરાજાદી દીનારજાદીને એકએક વાર્તા કહે છે, અને સૂર્યોદય થઈ જવા છતા પણ વાતને પૂરી કરતી નથી બાદશાહને તે વાર્તામા રસ પડવાથી, તે વાર્તા પૂર્ણ સાભળવાની ઇચ્છા થાય છે તેથી, તે દિવસે વજીરની પુત્રીને મારતો નથી, અને રાત પડે છે કે, શેહેરાજાદી આગલે દિવસે અધુરી રહેલી વાર્તા પાછી શરુ કરે છે અને સૂર્યોદય થતા તે વાર્તાને પાછી અપૂર્ણ રાખે છે આવી રીતે આરબોની સહસ્રકથાનો લેખક બાદશાહને શ્રોતા અને શેહેરાજાદીને વકતા કલ્પીને પોતાની આખ્યાયિકાનો આરભ કરે છે અને તે એક હજારને એક રાત સુધી સભળાવે છે

કથાસરિત્સાગરનો કર્તા સોમદેવભટ્ટ તેથી નિરાળી જ પદ્ધતિ ઉપર પોતાની આખ્યાયિકાઓની રચના કરે છે દાંપત્યના અલૌકિક પ્રેમથી પરસ્પર વિનોદ કરી રહેલા શ્રીશકર પાર્વતીના સવાદમાથી કથાસરિત્સાગરનો પ્રાદુર્ભાવ થાય છે, અને આગળ વધતા તેની કથારુપ સરિતાઓનો પ્રવાહ અનેક રસકલ્લોલથી રસિકોના મનને આનદમા નિમગ્ન કરતો આગળ વધે છે કથા-સરિત્સાગરની ભૂમિકા આ પ્રમાણે છે-શકર કથાઓ કહે છે અને પાર્વતી કથાઓનુ શ્રવણ કરે છે તે કથા પુષ્પદત નામનો ગણ ગુપ્તપણાથી સાભળીને, પોતાની સ્ત્રી જયાને કહે છે જયા પુન તે કથા પાર્વતીને કહે છે, તે ઉપરથી પાર્વતી શકરે પોતાને સામાન્ય વાર્તાઓ કહી એમ માનીને રુસણુ લે છે, શકર દિવ્ય

નેત્રથી વાત જાણે છે અને કોપાયમાન થઇને, ગુપ્તપણે આ કથા સાંભળવા માટે પુષ્પદંતને તથા તેના મિત્ર માલ્યવાનને શાપ આપે છે. તે પછી પુષ્પદંત વરરુચિ નામ ધારણ કરીને કૌશામ્બીમા જન્મે છે અને માલ્યવાન્ ગુણાઢ્ય નામ ધારીને પ્રતિષ્ઠાન પુરમા જન્મે છે. વરરુચિને નંદનો કારભાર મળ્યો હતો, પરંતુ પોતે નંદ સાથે ઉદાસ થવાથી દેશત્યાગ કરીને વિંધ્યવનમા વસતા કાણભૂતિ નામના પિશાચને મળે છે, અને તેને સપ્તલક્ષ શ્લોકની બૃહત્કથા સંભળાવ્યા પછી કૈવલ્યે જાય છે. તે પછી ગુણાઢ્ય શાલિવાહનનો રાજકવિ હતો, તે કાણભૂતિની પાસેથી સાત વિદ્યાધરોની કથા સાંભળીને તેની પિશાચ ભાષામા રચના કરે છે, અને રુધિરથી તાડપત્ર ઉપર લખી, શિષ્યોને આપીને સાતવાહન રાજાના દરબારમા મોકલે છે સાતવાહન રાજા તે કથા સાંભળતો નથી, અને ગુણાઢ્યના શિષ્યોનો અનાદર કરે છે તે ઉપરથી શિષ્યો તે કથા લઇને પાછા અરણ્યમા ગુણાઢ્યની પાસે આવે છે, અને તેને સર્વ વૃત્તાંત કહે છે. એટલે ગુણાઢ્ય અરણ્યમા એક અગ્નિકુંડ કરી, આસપાસ શિષ્યોને બેસાડીને વિદ્યાધરની કથાનુ એકેકુ પાનુ વાચીને તે અગ્નિકુંડમા હોમી દે છે કથા એટલી બધી રસિક છે કે, વનના પશુપક્ષીઓ પણ આહાર તજી દઇને એ કથા શ્રવણ કરે છે, તેથી તેમના શરીર શુષ્ક થઈ જાય છે. કોઇક દ્વારા તે વાત રાજાને કાને જવાથી રાજા પંડે વનમા આવે છે તે વખતે છ વિદ્યાધરની કથાઓ અગ્નિમા બળીને ભસ્મીભૂત થઈ જાય છે, અને માત્ર એક જ વિદ્યાધરની કથા બાકી રહે છે, જે પ્રાર્થનાપૂર્વક માગવાથી ગુણાઢ્ય સાતવાહનને આપે છે આ એક કથા તે કથાસરિત્સાગર છે આ રીતે ભૂમિકા રચીને સોમદેવભટ્ટ કથાસરિત્સાગરનો આરંભ કરે છે.

કવિ દંડી તેનાથી જૂદી જ પદ્ધતિ ઉપર પોતાના ચરિત્ર

ગ્રથનો આરભ કરે છે. તે દશકુમારચરિત્રનો આરભ વીરરસથી કરે છે, અને રાજવાહનને શોધવા માટે છૂટા પડેલા કુમારોને ભેગા કરીને મગધના રાજકુમાર રાજવાહનને શ્રોતા અને તેના સહચર કુમારોને વક્તાઓ કલ્પી, તેમની પાસે તેના પોતાના ચરિત્રો કહેવરાવે છે. કવિઓએ આવી રીતે પોતાની, આખ્યાયિકાઓને અને ચરિત્રોને રસિક બનાવવામાટે ભિન્ન ભિન્ન પદ્ધતિઓ સ્વીકારી છે, અને તેથી તેઓના કાવ્યો જગતમા ઘણાજ આદરપાત્ર થયા છે. ગદ્ય કાવ્યોમા રસાલકારથી ભરપૂર દશકુમારચરિત પણ આવીજ અલૌકિક કાવ્યકળાને આભારી હોવાથી રસિકજનોમા વિશેષ આદરને પાત્ર થયુ છે કવિ દડીએ આ દશકુમારચરિતનો મૂળ કથાભાગ બૃહત્કથામાથી લીધો છે, અને તેને ઉપદેશક સવાદોથી અને કથાઓથી ગુથી, તેમા રસાલકારનો સભાર ભરીને તેને અત્યત મનોહર બનાવ્યો છે.

આ તો આપણે એક રચનાપદ્ધતિ વિશે વિચાર કર્યો, પરતુ કાવ્યના સ્વરૂપવિશે વિચાર કરીએ તો કાદબરી, હર્ષચરિત્ર, વાસવદત્તા વગેરે ગદ્ય કાવ્યોમા દશકુમાર કેટલીએક બાબતમા ચઢિયાતુ છે કાદબરીકર્તા નગર, અરણ્ય, પર્વત, સરોવર વગેરેના વર્ણનોને પલ્લવિત કરવા તરફ જેટલુ ધ્યાન આપે છે, તેટલુ ધ્યાન કથાવસ્તુને પલ્લવિત કરવા તરફ આપતો નથી. કેટલાએક પ્રસગોમા એક જ પદાર્થનુ અનેક શબ્દોથી વર્ણન કરવા જતા, અતિયોગ પણ તેમા થઈ જાય છે, અને મૂળકથાના કરતા શબ્દોનો ભાર અધિક થઈ જાય છે સુબધુની રચેલ વાસવદત્તામા પણ આવો જ પ્રકાર જોવામા આવે છે આવી પદ્ધતિથી મૂળકથાનો રસ વિચ્છિન્ન થઈ જાય છે કવિ દડી પણ વન, સરોવર, પર્વત, વગેરેનુ વર્ણન કરે છે, પરતુ તેને સક્ષેપમા જ પતાવી દે છે, તેથી કથારસમા વિચ્છેદ થતો નથી. દશકુમારના વર્ણનો જેમ સક્ષિપ્ત છે, તેમ કથાઓ પણ

નાની નાની જ છે. પરતુ કવિએ ઉપદેશાત્મક પ્રસગોથી તથા રસાલકારોથી તે કથાઓને અત્યંત રસિક બનાવી છે

दशकुमारनो कथासंदर्भ.

કવિ દડી મગધ દેશના રાજા રાજહસ અને માલવાના રાજા માનસારના યુદ્ધથી આ દશકુમાર ચરિતનો આરભ કરે છે –

મગધની રાજધાની પુષ્પપુરીમા રાજ્ય કરનાર રાજા રાજહસને તેના પિતાના વારાના ત્રણ પ્રાચીન મત્રી હતા ૧ ધર્મપાલ, ૨ પદ્મોદ્ભવ, અને ૩ સિતવર્મા. તેમાથી ધર્મપાલને ૧ સુમત્ર, ૨ સુમિત્ર, અને ૩ કામપાલ નામના ત્રણ પુત્ર હતા, પદ્મોદ્ભવને ૧ સુશ્રુત, અને ૨ રત્નોદ્ભવ નામના બે પુત્ર હતા, અને સિતવર્માને ૧ સુમતિ અને ૨ સત્યવર્મા નામના બે પુત્ર હતા. આ સાત મત્રિપુત્રોમાથી સત્યવર્મા તીર્થયાત્રા નિમિત્તે પરદેશમા ફર્યા કરતો હતો કામપાલ વિલાસી હોવાથી પરદેશમા મોજ કરતો હતો, તે કાશીના રાજાનો પ્રથમ જમાઈ અને મત્રી થયો હતો, અને પાછળથી કાશીનો રાજા થયો હતો, તથા રત્નોદ્ભવ જળમાર્ગે વ્યાપાર ખેડતો હતો બીજા ચાર મત્રિપુત્રો મગધના રાજા રાજહસના રાજ્યમા રહીને પોતાના પિતાની પેઠે મત્રીનુ કાર્ય કરતા હતા મગધના રાજા રાજહસને માળવાના રાજા માનસારની સાથે યુદ્ધ થયુ. તેમા રાજા રાજહસ છેવટે હાર્યા, અને પોતાની રાણી તથા મત્રીઓને સાથ લઈ સાથે વનમા જઈ રહ્યા. તે સમયે રાણી વસુમતી ગર્ભવતી હતી, તેણે એક પુત્રરત્નને જન્મ આપ્યો તેનું નામ રાજવાહન પાડવામા આવ્યુ આ પુત્રમા ચક્રવર્તી રાજાના લક્ષણ હતા. તે સમયે રાજાના સુમતિ, સુમત્ર, સુમિત્ર અને સુશ્રુત નામના ચાર મત્રીઓને ત્યા પણ અનુક્રમે પ્રમતિ, મિત્રગુપ્ત, મત્રગુપ્ત અને વિશ્રુત નામના પુત્રો જન્મ્યા તેઓ રાજકુમાર રાજવાહનની સાથે બાળક્રીડામા દિવસ ગાળવા લાગ્યા મિથિલાનો રાજા પ્રહારવર્મા પણ મગધના

રાજા રાજહસની રાણીના સીમતોન્નયન ઉપર પુષ્પપુરીમા આવ્યો હતો. તે પણ યુદ્ધનો પ્રસગ આવતા રાજા રાજહસની તરફથી માલવાના રાજા માનસારની સામા યુદ્ધમાં ઉતર્યો હતો. માનસારે તેને પણ યુદ્ધમા હરાવ્યો, પરંતુ દયા કરીને જીવતો છોડી દીધો. તેથી તે સૈન્યની સાથે અરણ્ય માર્ગે મિથિલા તરફ નાસી ગયો, માર્ગમા ભિલ્લોએ તેને લુટી લીધો, અને તેના બે પુત્રોને લઇને તેની બન્ને ધાવો પણ અરણ્યમા નાસી ગઈ હતી. તેમના હાથમાથી તે કુમારો ભિલ્લના હાથમા ગયા તેમાથી એક કુમાર એક તપસ્વીના હાથમા આવ્યો. તેણે તે કુમાર રાજા રાજહસને સોંપ્યો અને રાજાએ તેનુ ઉપહારવર્મા એવુ નામ પાડીને તેને ઉછેરવા માડ્યો બીજો કુમાર રાજાએ પડે એક બાલડીની પાસેથી મેળવ્યો, અને તેને પણ ઉછેરવા માડ્યો, અને તેનુ નામ અપહારવર્મા પાડ્યુ. ત્રીજો કુમાર પુષ્પોદ્ભવ જે વણિક્ શ્રેષ્ઠી રત્નોદ્ભવથી સુવૃત્તાને પેટે અરણ્યમા જન્મ્યો હતો, તે વામદેવના શિષ્ય સોમદેવશર્માને હાથ લાગ્યો, અને તેણે તે રાજહસને ભેટ કર્યો, તેને પણ રાજા ઉછેરવા લાગ્યો. ચોથો કુમાર કામપાલથી કાશીના રાજાની પુત્રીથી જન્મ્યો હતો, અને મણિભદ્ર નામના યક્ષની પુત્રી તારાવલીએ રાત્રિના રાણી વસુમતીને નિદ્રામાથી જાગૃત કરીને સોંપ્યો હતો, તેને પણ રાજા ઉછેરવા લાગ્યો, અને તેનુ અર્થપાલ નામ પાડ્યુ પાચમો કુમાર સોમદત્ત, જે સત્યવર્માથી ગૌરી નામની બ્રાહ્મણીમા ઉત્પન્ન થયો હતો, અને જેને તેની અપર માતાએ કાવેરી નદીમા નાખી દીધો હતો, ત્યાથી તેની ધાવે વામદેવના શિષ્યને સોંપ્યો, અને તેણે રાજા રાજહસને તે સોંપ્યો રાજાએ આ પાચ કુમારોને તથા રાજવાહન, પ્રમતિ, મિત્રગુપ્ત, મત્રગુપ્ત અને વિશ્રુત આ પાચ કુમાર, એમ દશ કુમારોને ઉપનયન સસ્કાર કરીને શાસ્ત્રવેત્તા વિદ્વાનોની પાસે તેઓને વેદ, શાસ્ત્ર, તથા

કળાના ગ્રંથોનો અભ્યાસ કરાવીને સકળવિદ્યામા પારંગત કર્યાં, અને યોગ્ય વયમાં આવ્યા, એટલે તે કુમારો રાજા રાજહસની આજ્ઞાથી રાજવાહનને અગ્રણી કરીને દિગ્વિજય કરવાને નિકળ્યા તે દશ કુમારો આ પ્રમાણે હતા

१ राजवाहन, २ उपहारवर्मा, ३ अपहारवर्मा, ४ पुष्पोद्भव, ५ अर्थपाल, ६ सोमदत्त, ७ प्रमति, ८ मित्रगुप्त, ९ मन्त्रगुप्त, અને १० विश्रुत. તે કુમારો આરભમા વિધ્યાટવીમાથી ઉજ્જયિની તરફ જાય છે, ત્યા રાજવાહન એક બ્રાહ્મણપર ઉપકાર કરવામાટે મિત્રોને કહ્યા વિના જ રાત્રિના ઉઠીને બ્રાહ્મણની સાથે પાતાળમા જાય છે. બીજે દિવસે પ્રભાતમા અન્ય કુમારો રાજવાહનને ન જોવાથી, રાજવાહનની શોધ કર્યા પછી અમુક ઠેકાણે સૌએ મળવુ, આવો સકેત કરે છે, અને રાજકુમાર રાજવાહનને શોધવા માટે જૂદા જૂદા દેશમા નિકળી પડે છે, અને ત્યા વિદ્યા, કળા અને પરાક્રમથી વિજય કરીને છેવટે રાજવાહનને ચપાપુરીમા મળે છે, અને તેને પોતપોતાના પરાક્રમી ચરિત્ર પ્રત્યેક કુમાર કહે છે તે પછી મગધના રાજા રાજહસના સેવકો રાજહંસનો પત્ર લઇને રાજવાહનને બોલાવવા માટે આવે છે તે ઉપરથી રાજવાહન સર્વ કુમારોની સાથે પુષ્પપુરી તરફ જાય છે, અને પુષ્પપુરી જતા પહેલા માલવા ઉપર ચઢાઈ કરી માનસારને મારી નાખે છે, અવતીનગરીને ખાલસા કરે છે, કેદમા પડેલા પુષ્પોદ્ભવને મુક્ત કરે છે, માનસારની પુત્રી અવતીસુદરીને પોતે પરણે છે, અને ત્યા પોતાનો અધિકારી નિમી પોતે પુષ્પપુરીમા જાય છે અને માતાપિતાને મળે છે તે પછી રાજહસ રાજવાહનને રાજ્ય સોપી વાનપ્રસ્થ થાય છે, અને બીજા કુમારો પોતે જિતેલા રાજ્યમા પાછા જઇને રાજધુરા વહન કરે છે, અને રાજવાહનની આજ્ઞા પ્રમાણે વર્તે છે.

राजा अने राज्यनुं स्वरूप

કોઈ પણ કવિના કાવ્યમા તેના સમયના આચાર, વિચાર, નિત્ય બનતા બનાવો વગેરેના ચિત્રો કે છાયા ઉતરે છે. આ પ્રકાર પ્રત્યેક કવિના કાવ્યમા જોવામા આવે છે. તે જ પ્રમાણે કવિ દડીના સમયનુ રાજ્યબધારણ, ધર્મ, વિદ્યા, કળા, ઉદ્યોગ, લોકનીતિ, રાજનીતિ, વ્યાપાર, વિલાસ વગેરે તેના આ ચરિતાત્મક કાવ્યના પ્રસગો વાચતા જાણવામા આવે છે તેનુ અહી કઇક દિગ્દર્શન કરવુ યોગ્ય ગણાશે. દડી કવિએ વર્ણવેલા કુમારોના કથાપ્રસગો વાચતા જણાય છે કે, તેના સમયમા હિદુસ્તાનમા નાનાં નાના માડલિક રાજ્ય હતા, જે સ્વતત્ર હતા તથા પરસ્પર યુદ્ધ કરતા હતા યુદ્ધમા મિત્રરાજ્યો પરસ્પરને સહાય કરતા હતાં તથા રાજાઓ અને રાજકુમારો જાતે યુદ્ધમા ઉતરતા હતા. હાર કબૂલ કરનારા રાજાને તેના રાજ્ય ઉપર પાછો બેસાડવામા આવતો હતો. રાજા, મત્રી, પુરોહિત, દેશ, સેનાપતિ, સભાસદો, દૂત વગેરેની સલહથી રાજ્યતત્ર ચાલતા હતા પરપરાના મત્રીઓનુ તથા પરપરાના સૈન્યનુ રાજ્યમા મોટુ માન હતુ તેઓ રાજ્યને પોતાનુ માનતા હતા તેઓને પોતાના રાજ્યને માટે અભિમાન હતું અને આ જ પદ્ધતિ હિન્દુસ્તાનના જૂના રાજ્યમા આજ સૂધી ચાલુ હતી, પરતુ તે હવે નાશ પામી છે. ગુપ્ત દૂતો સન્યાસી, સિદ્ધ વગેરેના વેષમા શત્રુઓની બાતમી મેળવતા હતા, તેમ રાજાઓને ઝેરથી તથા શત્રુઓની ચઢાઇથી નિત્ય સાવધાન રહેવુ પડતુ હતુ. રાજાઓ અને રાજકુમારો નીતિશાસ્ત્ર ઉપરાત ભિન્નભિન્ન કળાઓનુ પણ જ્ઞાન ધરાવતા હતા આ વાત દશકુમારના કથાપ્રસગોથી આપણે જાણી શકીએ છીએ

विद्याकला

પૂર્વે ભારતવર્ષમા કળાનુ ખાસ શિક્ષણ આપવામા આવતુ હતુ. કૌરવપાડવોએ દ્રોણાચાર્ય પાસેથી કળાનુ શિક્ષણ લીધુ

હતું, શ્રીકૃષ્ણ સાંદીપનિની પાસેથી કળા શિખ્યા હતા, અર્જુને ઉત્તરા કુમારીને નૃત્યકળા શિખવી હતી, વગેરે વાર્તા મહાભારત અને ભાગવત વાચતાં જાણવામાં આવે છે. આ ચરિત્રમા કવિ દંડી કુમારોના કથાપ્રસગોમા ચિત્રકળા, દ્યૂતકળા, ચૌર્યકળા, નૃત્યકળા, જળતરણકળા, કદુકક્રીડા વગેરે કળાનુ વર્ણન કરે છે. ચપાનગરીની રાજકુમારી અબાલિકા ચિત્રકળામાં નિપુણ હતી, એ વાત તેના મહેલમા ચિત્રકળાને લગતી સર્વ સામગ્રી અપહારવર્માને તુરત મળે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે અબાલિકા અને અપહારવર્મા તો એક કવિકલ્પિત પાત્ર છે, પરતુ તેના વર્ણન-દ્વારા કવિ પોતાના સમયની ચિત્રકળાનો ઇતિહાસ રજુ કરે છે. કદુકક્રીડાના વર્ણનમાં ચૂર્ણપદ, ગીતમાર્ગ, પચબિદુ, ગોમૂત્રિકા વગેરે કદુકક્રીડાના અગોનુ વર્ણન કરીને કદુકક્રીડા ઘણી જ વૃદ્ધિગત થયેલી હતી, એમ કવિ દર્શાવે છે દ્યૂતનો પ્રસગ વર્ણવતા કવિ તેના ભેદો, તેના નિયમો, વગેરેનુ વર્ણન કરે છે. ચોરીનુ વર્ણન કરતાં ચોરીને લગતા પ્રાચીનકાળમા ચોર લોકોના વપરાશમા આવતા કેટલાએક પદાર્થોનુ પણ વર્ણન કરે છે નૃત્યના વર્ણનમા નૃત્યકળાના કેટલાએક અગોનુ વર્ણન કરીને નૃત્યકળાની અભિવૃદ્ધિ દર્શાવી છે આ ઉપરથી સિદ્ધ થાય છે કે, કવિના સમયમા કળાનુ શિક્ષણ આ દેશમા સારી રીતે હોવુ જોઇએ. પ્રાચીન ગ્રથોમા ઘણે ઠેકાણે કળાઓનુ વર્ણન અને તેની પ્રશસા જોવામા આવે છે. કામસૂત્રમા કળાશિક્ષણની પ્રશસા કરતા વાત્સ્યાયન કહે છે કે –

“ आभिरभ्युच्छ्रिता वेश्या शीलरूपागुणान्विता ।
लभते गणिकाशब्द स्थान च जनससदि ॥ १ ॥
पूजिता सा सदा राज्ञा गुणवद्भिश्च सस्तुता ।
प्रार्थनीयाऽभिगम्या च लक्ष्यभूता च जायते ॥ २ ॥

योगज्ञा राजपुत्री च महामात्रसुता तथा ।
सहस्रान्त पुरमपि स्ववशे कुरुते पतिम् ॥ ३ ॥
तथा पतिवियोगे च व्यसन दारुण गता ।
देशान्तरेऽपि विद्याभि सा सुखेनैव जीवति ॥ ४ ॥
नर कलासु कुशलो वाचालश्चाटुकारकः ।
असंस्तुतोऽपि नारीणा चित्तमाश्वेव विन्दति ॥ ५ ॥
कलाना ग्रहणादेव सौभाग्यमुपजायते ।
देशकालौ त्वपेक्ष्यासा प्रयोग· सभवेन्न वा ॥ ६ ॥

શીલ, રૂપ તથા પોતાની જાતિના ખાસ ગુણોવાળી વેશ્યા કળાનો અભ્યાસ કરવાથી શ્રેષ્ઠ પદને પામે છે, गणिका એવુ નામ મેળવે છે, મનુષ્યની સભામા તેને બેસવામાટે સ્થાનક મળે છે રાજા સદા (છત્ર, ચામર, મિયાના, પાલખી વગેરેથી) તેનો સત્કાર કરે છે, ગુણવાન્ પુરુષો તેના વખાણ કરે છે, કળા શિખવાની ઇચ્છાવાળા પુરુષો તેની પ્રાર્થના કરે છે, તેની પાસે જઇને કળાનુ શિક્ષણ લે છે, અને વિલાસી પુરુષોની તે લક્ષ્યભૂત થઈ પડે છે

રાજપુત્રી તથા શ્રીમાનની પુત્રી પણ જો કળા જાણે છે તો તે પોતાના પતિને એક હજાર સ્ત્રીઓ હોય, તો પણ તેને પોતાને વશ કરે છે તેમ જ પતિનો વિયોગ થાય ત્યારે અથવા તો વિધવા થવારૂપી દારુણ દુ ખ પડે ત્યારે પરદેશમા પણ શિખેલી કળાઓનુ શિક્ષણ આપીને સુખમા જીવન ગાળે છે.

પુરુષ પણ કળાઓમા કુશળ હોય, બોલવામા ચતુર હોય અને પ્રિય કરનારો હોય તો તે પુરુષ અજાણ્યો હોય તો પણ સ્ત્રીઓના ચિત્તને તુરત જ વશ કરી લે છે વળી કળાઓના જ્ઞાનથી પુરુષને અર્થનો, કામનો અને કીર્તિનો લાભ થાય છે. પરતુ કળાઓનો પ્રયોગ દેશ અને કાળની સગવડ પ્રમાણે થઈ

શકે છે, અથવા તો નથી પણ થઈ શકતો. જ્યા કળાકુશળ નાગરિક રહેતા હોય ત્યા તેનો પ્રયોગ થઈ શકે છે, પરતુ ગુણદ્વેષી અને અભણ લોકો જે દેશમા વસતા હોય, ત્યા કળાનો પ્રયોગ નિષ્ફળ નિવડે છે"

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, પૂર્વે કળાનું ખાસ શિક્ષણ આપવામાં આવતું હતું, અને કળાના ગ્રથો પણ અત્રે ઘણા હતા પરતુ તે ગ્રથો હાલ સર્વથા નાશ પામ્યા છે. માત્ર વિદ્વાનોએ પ્રસગોપાત્ત કળાઓનુ વર્ણન કરતા પ્રાચીન ગ્રથોમાથી જે જે કળાઓના પોતાના ગ્રથોમા ઉતારા કર્યા છે, તે જ માત્ર અવશિષ્ટ રહ્યા છે, અને તે ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે, પૂર્વે કળાના સ્વતત્ર ગ્રથ આ દેશમા લખાયા હતા.

વ્યાપારઉદ્યોગ

વ્યાપાર મોટે ભાગે વૈશ્યોના જ હાથમા હતો. વૈશ્યપ્રજા હિદુસ્તાનમા અને હિદુસ્તાનની બાહેર જળમાર્ગે પણ વ્યાપાર કરતી હતી. કેટલાએક વ્યાપારીઓ તો પરદેશમા જ પોતાના ઘરબાર કરીને રહેતા હતા કાળગુપ્ત નામનો એક વ્યાપારી કાલયવન નામના દ્વીપમા ઘરબાર કરીને રહેતો હતો, એમ પુષ્પોદ્ભવનુ ચરિત્ર વાચતા જણાય છે પરદેશીઓ પણ વ્યાપાર કરવા માટે હિદુસ્તાનમા આવતા હતા ખનતિ નામનો એક યવન હીરાનો વ્યાપારી હતો તે રત્નના વ્યાપારને માટે મિથિલા ગયો હતો, અને ત્યા વિકટવર્માએ તેની પાસેથી મોટી કિમતનો હીરો પડાવી લેવા માટે ખટપટ ઉભી કરી હતી, અને પાછળથી ઉપહારવર્માએ તેને તે ખટપટમાથી મુક્ત કર્યો હતો યવનો વ્યાપાર અને ચાચિયાપણુ કરવા માટે બગાળના સાગરમા તથા અરબીસમુદ્રમા વહાણો લઇને ફરતા હતા મિત્રગુપ્ત યવનોના હાથમા સપડાઈ ગયો હતો, પરતુ દૈવયોગથી પાછો જીવતો આવ્યો હતો.

धर्म तथा वहेमनो प्रचार

કવિના કાળમાં વેદધર્મનો મોટો પ્રચાર હતો, અને તે ઉપરાંત બુદ્ધધર્મ, કાપાલિકધર્મ વગેરે બીજા ધર્મો પણ પ્રચલિત હતા. વેદધર્મીઓ અને બુદ્ધધર્મીઓ પરસ્પર તિરસ્કાર બુદ્ધિથી જોતા હતા. બ્રાહ્મણો પણ બુદ્ધધર્મની દીક્ષા લેતા હતા. બુદ્ધની આર્યાઓ તથા સાધુઓ ઉપદેશ કરીને અને ધન્તરમન્તર કરીને પોતાની આજીવિકા કરતા હતા ચપા, ઉજ્જયિની, કુસુમપુરી વગેરે મોટા મોટા નગરોમા બુદ્ધધર્મના વિહારો પણ હતા કાપાલિકો સ્મશાનમા રહેતા હતા, તેઓ દેવોને મદ્ય માંસના બલિદાનોથી તૃપ્ત કરતા, મલિન વિદ્યાની સાધના કરતા હતા, અને ધતરમતરથી અભણ લોકોમા પોતાની આજીવિકા કરી ખાતા હતા. આ વાત કલિગ નગરના સ્મશાનમા રહેતા એક સિદ્ધની કથા ઉપરથી સિદ્ધ થાય છે.

भूगोल तथा देशसीमा

અર્વાચીન પુરાણોમા અને કાવ્યોમા દેશ, નગરી, નદીઓ, પર્વતો વગેરેના નામો જેમ બહુધા કલ્પિત જોવામા આવે છે, તેમ આ દશકુમાર ચરિત્રમા કલ્પિત નથી, પરતુ મોટે ભાગે ખરા છે. માત્ર દશકુમારોની કથાઓ જ કલ્પિત છે કદાચ તે કલ્પિત ન પણ હોય

હજાર વર્ષનો ગાળો ગયા છતા પણ તે તે દેશોની, તે તે નગરોની, તે તે ગ્રામોની, અને તે તે નદીઓની સીમામા સહેજસાજ હજી સૂધી ફેરફાર થયો છે. કેટલાએક નગરો, નદીઓ અને ઘાટો તેવા ને તેવા જ અને તે જ સ્થાનકે કાળની સામે ટક્કર ઝીલતા ઉભા છે કાશીપુરી કવિના કાળમા જ્યા હતી, ત્યા જ હમણા પણ છે, અને મણિકર્ણિકાનો ઘાટ પણ તે જ ઠેકાણે હજી સૂધી ઉભો છે. માળવામા આવેલી ઉજ્જયિની અને મહાકાલેશ્વરનુ ક્ષેત્ર પણ

તેનુ તે જ છે ત્યારે પુષ્પપુરી, ચપાપુરી વગેરેનાં ખડેરો જ માત્ર ઉભા છે, અને હાલમા તેની પડોશમા પટણા શહેર છે, તેને કેટલાએક પ્રાચીન કાળનુ પુષ્પપુર કહે છે. પૂર્વે જેને મગધ કહેતા હતા, તેને હમણાં બિહાર કહે છે. આવા ફેરફાર કાળને લઇને થવાનો સભવ છે. આ રીતે દશકુમારના કર્તાએ ભૂગોળના વર્ણનમાં દેશસાકર્ય કે નગરસાકર્ય કર્યું નથી, પરતુ યથાર્થ રીતે વર્ણન કર્યું છે.

कविनी शैली अने रचालंकार

આપણે કવિની જે શૈલીનો વિચાર કરીએ છીએ, તેને સસ્કૃત સાહિત્યમા રીતિ કહે છે. આ રીતિ વૈદર્ભી (મધ્ય દેશની), ગૌડી (બગાળાની), (દોઆબ દેશની અથવા ગગા યમુનાના વચલા પ્રદેશની) પાચાલી અને લાટી (ગુજરાત ખાનદેશની) એમ ચાર પ્રકારની છે. સાહિત્યદર્પણમા રીતિવિશે કહે છે કે:

पदसघट्टना रीतिरगसस्थाविशेषवत् । उपकर्त्री रसादीनाम् ।

શરીરમા જેમ અવયવોની યોજના હોય છે, તેમ કાવ્યમા પદની યોજના હોય છે, અને તે પદયોજના કાવ્યના રસોનો અને અલકારોનો ઉપકાર કરે છે. આ ચાર રીતિનું સ્વરૂપ આ પ્રમાણે છે

माधुर्यव्यजकैर्वर्णै रचना ललितात्मिका ।
अवृत्तिरल्पवृत्तिर्वा वैदर्भी रीतिरिष्यते ॥

માધુર્ય દર્શાવવાવાળા અક્ષરોવાળી, સમાસ વિનાની અથવા તો અલ્પસમાસવાળી લલિત રચનાને વૈદર્ભી રીતિ કહેવામા આવે છે.

ओज प्रकाशकैर्वर्णैर्बध आडबरः पुन ।
समासबहुला गौडी ·· · ········ ॥

ગોડી રીતિમા ઉત્સાહને પ્રકાશ કરનારા અક્ષરોવાળા પદ હોય છે. તેની રચના આડબરવાળી અને ઘણા સમાસવાળી હોય છે.

....वर्णै शेषे· पुनर्द्वयो ।
समस्तपचषपदो बध पाचालिका मता ॥

ઉપર કહેલી રીતિથી ભિન્ન ભિન્ન જાતિના અક્ષરોવાળી, અને જેમાં પાચ છ પદ સમાસવાળા હોય, તેવી રીતિને પાચાલી રીતિ કહે છે.

लाटी तु रीतिर्वैदर्भीपांचाल्योरतरे स्थिता ॥

જેમા વૈદર્ભી અને પાચાલી રીતિનાં મિશ્ર લક્ષણ હોય, તે લાટી રીતિ કહેવાય છે

કવિ દડી ઉત્તમ સાહિત્યવેત્તા હતો. તેણે દશકુમાર ચરિતમા વેદર્ભી રીતિનો વિશેષ ઉપયોગ કર્યો છે, અને પોતાના રચેલા काव्यादर्श નામના સાહિત્યગ્રથમા પણ વૈદર્ભી રીતિના તેણે બહુ જ વખાણ કર્યા છે. ગ્રથની ભાષા ગદ્યાત્મક છે, અને સમાસને ગદ્યનુ જીવિત કહેવામા આવે છે, છતા કવિ દડી જ્યા જોઇએ ત્યા જ સમાસવાળા વાકયોનો પ્રયોગ કરે છે, કારણ કે તે વૈદર્ભી રીતિને પસદ કરનારો છે. તેની રચનામા લાલિત્ય છે, કથાઓમા શૃંગારરસનુ અને વીરરસનુ પ્રાધાન્ય છે, અને કરુણા, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભુત વગેરે રસોનુ પણ વર્ણન કરવામા આવ્યુ છે, નાયકનાયિકાનાં સ્વરૂપો સાહિત્યશાસ્ત્રાનુસાર ચિતરવામા આવ્યા છે, રાજવાહન અને અવતિસુદરીનો કથાપ્રસગ શૃગારરસથી ભરપૂર છે કવિ બન્નેનો વિયોગ કરાવીને વિપ્રલભ શૃગારનુ વર્ણન કરે છે, અને બન્નેને પાછા મેળવીને સભોગ શૃગારનુ વર્ણન કરે છે. પુષ્પોદ્ભવ અને દારુવર્માના કથાપ્રસગમા, અપહારવર્મા અને ચડવર્માના કથાપ્રસગમા, વિશ્રુત અને પ્રચડવર્માના પ્રસગમા રૌદ્રરસનુ વર્ણન કરવામા આવ્યુ છે. કલિગ રાજાની કન્યાનો પ્રસગ કરુણારસથી ભરેલો છે, સોમદત્તે લાટ રાજાના ઉપર કરેલી ચડાઇનો પ્રસગ, વિશ્રુતે

ભાસ્કરવર્માં ઉપર કરેલી ચઢાઇનો પ્રસગ વીરરસવાળો છે તે ઉપરાત પડે ઉત્તમ આલકારિક હોવાથી તેણે શબ્દાલકારોથી અને અર્થાલકારોથી કાવ્યને અલકૃત કર્યુ છે પર્વત, નદી વગેરેનાં વર્ણનો કરતા વિદ્યાકળા વગેરેના વર્ણનો તરફ તે વિશેપ ધ્યાન આપે છે શય્યામા સુતેલી અમ્બાલિકાના વર્ણનમા અને કદુકાવતીની કદુકક્રીડાના વર્ણનમા તે એક ઉત્તમ કવિ તરીકેનો જ નહિ, પરતુ ઉત્તમ ચિત્રકાર તરિકેનો પણ પરિચય દર્શાવે છે. તેની વાણીમા પ્રસગે પ્રસગે માધુર્ય, ઓજ, પ્રસાદ વગેરે જોવામા આવે છે, અને જેમજેમ આપણે વાચીએ છીએ, તેમતેમ વિશેપ આનદ આપે છે.

अर्थशास्त्र

કવિએ કુમારોના ચરિત્રદ્વારા અર્થશાસ્ત્રનો ખાસ ઉપદેશ કર્યો છે વાત્સ્યાયન અર્થશાસ્ત્રનુ લક્ષણ બાધતા કહે છે કે –'विद्या भूमिहिरण्यपशुधान्यभाण्डोपस्करमित्रादीनामर्जनमर्जितस्य विवर्धनमथ ॥ વિદ્યા, ભૂમિ, સુવર્ણ, ઢોર–ઢાખર, ધાન્ય, વ્યાપારની વસ્તુઓ, રાચરચીલુ, મિત્ર વગેરેને સપાદન કરવા, અને સપાદન કરેલામા વૃદ્ધિ કરવી, તેનુ નામ અર્થ (અને તેનો જે ઉપદેશ કરે, તેનુ નામ અર્થશાસ્ત્ર), દશે કુમારો પ્રથમ વિદ્યાનુ અને કળાનુ શિક્ષણ લે છે તે પછી તેઓ દિગ્વિજય કરવાને જાય છે, ત્યા નવાનવા મનુષ્યોની સાથે મિત્રતા કરે છે, તથા વિદ્યા અને કળાના પ્રભાવથી પરાક્રમ કરીને રાજકન્યાઓની સાથે વિવાહ કરે છે, અને તે સબધદ્વારા ભૂમિ એટલે રાજ્ય સપાદન કરે છે. આ સર્વ વિષય નીતિશાસ્ત્ર અથવા અર્થ-શાસ્ત્ર સબધી છે. અપહારવર્માં ધનમિત્રની સહાયથી ચપાપુરીમા રહીને અનેક કાર્ય કરે છે. ધનમિત્ર અપહારવર્માને પ્રત્યેક પ્રસગમા સહાય આપે છે. પુષ્પોદ્ભવ અને બાલચદ્રિકા, રાજવાહનને અવતીસુદરીની સાથે મેળવવામા સહાયતા કરે છે, વિશ્રુત વસત-ભાનુને સહાયતા કરે છે. આ રીતે પ્રત્યેક કુમાર દરેક દેશમાં

નવાનવા મનુષ્યોની સાથે મિત્રતા કરે છે. તેઓની સહાયતાથી સ્ત્રી, ધન, રાજ્ય વગેરે અર્થ સપાદન થાય છે. આ રીતે આ ગ્રથમાં અર્થશાસ્ત્રનું પણ વર્ણન કરવામા આવ્યુ છે.

कुमारोनुं जीवन

કેટલાએક દશકુમારોના ચરિત્ર ઉપર અશ્લીલતાનો અને ઉદ્ધતાઇનો આરોપ મૂકે છે, અને કહે છે કે–કુમારો સ્વચ્છદી હતા, અને તેમના ચરિત્રો દોષોથી દૂષિત હતા. પરતુ તેમનું આમ કહેવુ સર્વથા મિથ્યા છે. દશે કુમારોને ક્ષાત્ર ધર્મથી વર્તનારા, છેવટ સૂધી પોતાના સ્વામીની આજ્ઞાને પાળનારા, પ્રભાવ, ઉત્સાહ અને મત્રશક્તિથી સપન્ન અને અતિકુશળ, કવિએ ચિતર્યા છે તેમાથી કોઈ પ્રાજાપત્યવિધિથી અને કોઈ રાક્ષસ-વિધિથી રાજકન્યાઓને પરણે છે. સોમદત્ત લાટ રાજાને માર્યા પછી પાટલીપુરની કન્યાને લગ્નવિધિથી પરણ્યો હતો, અને તેનો વિવાહ પ્રાજાપત્યવિધિથી કરવામા આવ્યો હતો. રાજકુમાર રાજવાહન અને અવતીસુદરી ગાધર્વવિધિથી પરણ્યા હતા. બન્ને ક્ષત્રિય જાતિના હોવાથી તેમને તે લગ્ન ધર્મ્ય હતા પુષ્પોદ્ભવ બાલચદ્રિકાને વિવાહવિધિથી પરણ્યો હતો. અપહારવર્મા ચપાના રાજાની કુમારીને ગાધર્વવિધિથી અને રાક્ષસવિધિથી એમ ઉભય વિધિથી પરણ્યો હતો તે જાતે ક્ષત્રિય હતો, તેથી તેને તે વિવાહ ધર્મ્ય હતો. અર્થપાલ મણિકર્ણિકાને લગ્નવિધિથી, અને પ્રમતિ નવમાલિકાને ગાધર્વવિધિથી પરણ્યો હતો. મિત્રગુપ્ત કદુકાવતીને ગાધર્વવિધિથી પરણ્યો હતો. મત્રગુપ્ત કનકલેખાને ગાધર્વવિધિથી પરણ્યો હતો. વિશ્રુત અનતવર્માની કન્યાને પ્રાજાપત્ય વિધિથી પરણ્યો હતો. માત્ર એક ઉપહારવર્માનુ વર્તન જ શાસ્ત્રવિરુદ્ધ હતુ, પરતુ તેના ઉદ્ગારો ઉપરથી તે વિચારશીલ જણાય છે. અકાર્ય કરતા પહેલા તે પોતાના મનની સાથે ઘણો વિચાર કરે છે. તેનો મુખ્ય આશય

કેદમાં પડેલાં માતાપિતાને છોડાવવાનો અને પોતાના પિતાનુ રાજ્ય પાછુ લેવાનો હતો. તેના સાધન ઉપાય તરિકે તેને અકૃત્ય કરવુ પડ્યુ હતું, પરતુ કલ્પસુદરીને પરણવાની કે રાજા વિકટવર્માને મારવાની તેની સર્વથા ઇચ્છાજ ન હતી તેનો એ આપદ્ધર્મ હતો. કુમારોના જીવન એકદર રીતે શુદ્ધ છે. કોઈ પણ કુમાર કોઈ પણ કુમારીની સાથે બળાત્કારથી વિવાહ કરતો નથી, પરતુ કોઈ પરાક્રમ કરીને, કોઈ કુમારીનુ રક્ષણ કરીને, કોઈ કળાનૈપુણ્ય દર્શાવીને, એમ રાજકુમારીઓને પરણે છે. કુમારો દરેક પ્રસગે ક્ષાત્ર-ધર્મને વળગી રહેલા જોવામા આવે છે. છતા કોઈકોઈ કુમારોએ સકટના પ્રસગમા કુટિલનીતિનો આશ્રય કર્યો છે, પરતુ તે પણ દુષ્ટોને દડ દેવાને માટેજ દારુવર્માને શિક્ષા કરવા માટે પુષ્પો-દ્ભવને સ્ત્રીવેશ ધારણ કરવો પડે છે. આધ્રના રાજાને શિક્ષા કરવામાટે મત્રગુપ્તને સિદ્ધનો વેશ ધારણ કરવો પડે છે.

कविनो देश तथा समय

હવે દડી કવિના દેશનો તથા સમયનો વિચાર કરીએ દડી કવિ દાક્ષિણાત્ય બ્રાહ્મણ અને વિદર્ભ દેશનો રહેવાસી હતો તેણે પોતાના રચેલા काव्यादर्श નામના ગ્રથમા વૈદર્ભી રીતિના બહુ જ વખાણ કર્યા છે, અને પોતાના ગ્રન્થમા તે વાણીનો ઉપયોગ પણ કર્યો છે તેનુ નામ દડી હતુ, પરતુ તેથી તે કઈ સન્યાસી ન હતો, પણ ગૃહસ્થ હતો કાવ્યાદર્શમા તેને 'દણ્ડ્યાચાર્ય' કહે છે તેના સમયને માટે કેટલીએક દતકથાઓ ચાલે છે, પરતુ તે કથાઓને જોઇએ તેવા ઐતિહાસિક પુરાવા મળતા નથી.

કવિચરિત્રમા લખે છે કે, એક સમયે ભગવતી સરસ્વતીદેવી દડાથી રમતાં રમતા દડી કવિની દષ્ટિએ પડ્યા, એટલે દડી કવિએ તેનુ નીચે પ્રમાણે વર્ણન કર્યું

एकोऽपि त्रय इव भाति कन्दुकोऽयम्। कान्ताया· करतलरागरक्तरक्तः।
भूमौ तच्चरणनखांशुगौरगौर.। खस्थ सन्नयनमरीचिनीलनील:॥

"આ દડો એક છે, છતા પણ જાણે ત્રણ દડા હોય તેવો જણાય છે તે જ્યારે કાતાના હાથના તળીયામા હોય છે ત્યારે અત્યત રાતા રંગનો જણાય છે, પૃથ્વી ઉપર પડે છે ત્યારે તે સ્ત્રીના ચરણના નખની ગૌર કાંતિથી અત્યત ગૌર રગનો જણાય છે, અને આકાશમા ઉડે છે ત્યારે તે સ્ત્રીના નેત્રની શ્યામ કાતિથી અત્યત સ્યામ રગનો જણાય છે"

તે પછી ભવભૂતિએ વર્ણન કર્યું કે –

विदित ननु कन्दुक ते हृदय। प्रमदाधरसगमलुब्ध इव।
वनिताकरतामरसाभिहत। पतित पतित पुनरुत्पतसि॥

"ઓ કદુક! તારુ હૃદય મેં જાણી લીધુ તુ પ્રમદાના અધરનુ પાન કરવા માટે લુબ્ધ હોય, તેમ સ્ત્રીના હસ્તકમળના પ્રહારથી વારવાર નીચે પડ્યા છતા પણ પાછો ઉચે ઉછળ્યા કરે છે."

તે પછી કવિ કાલિદાસે વર્ણન કર્યું કે –

पयोधराकारधरो हि कन्दुक। करेण रोषादभिहन्यते मुहु।
इतीव नेत्राकृतिभीतमुत्पलम्। स्त्रिय प्रसादाय पपात पादयो॥

"સ્તનના આકારનો આ દડો છે, તેને દેવી સરસ્વતી વારવાર રોષથી હાથવતી પ્રહાર કરે છે. તે સમયે તેના મસ્તક ઉપરથી એક કમળ તેનાચરણમા પડી ગયું, તે જાણે નેત્રનો આકાર જોઇને ભય પામ્યુ હોય અને સરસ્વતીને પ્રસન્ન કરવા માટે તેના ચરણમા પડ્યુ હોય, એમ જણાય છે"

આ દતકથા પ્રમાણે ત્રણે કવિ એક સમયે હયાત હતા, એમ સિદ્ધ થાય છે

બીજી દંતકથા એવી છે કે –

કવિ કાલિદાસની તથા કવિ દડીની વચ્ચે મોટો કવિ કોણ, આવો વિવાદ ઉભો થયો ત્યારે ભગવતી સરસ્વતીએ કહ્યુ કે –

कविर्दंडी कविर्दंडी कविर्दंडी न सशय ।

એટલે કાલિદાસે ક્રોધમા આવી જઇને કહ્યુ કે –'अहं कः ? હુ કોણ ?' એટલે સરસ્વતીએ ઉત્તર આપ્યો કે –'त्वमेवाहं न सशय. । તું તો મારુજ સ્વરૂપ છો, એમા સશય નથી ' આ તો માત્ર કાલિદાસાદિની બનાવટી કથાઓ જ લાગે છે પરતુ આવી દતકથાઓને આધારે કઈ કવિના સમયનો નિર્ણય થઈ શકે નહિ આ કથાઓ તો માત્ર એક દતકથા છે

કોઈપણ કવિના સમયનો નિર્ણય કરવા માટે બાહ્ય પ્રમાણોની તથા આતર પ્રમાણોની ખાસ જરૂર પડે છે. કવિએ પોતાના કાવ્યમા જે જે દેશ, નગર, રાજાઓ, ગ્રન્થકર્તાઓ વગેરેનુ વર્ણન કર્યું હોય તે તે વર્ણન, તેમ કવિએ પોતાની પૂર્વે થઈ ગયેલા કવિઓના મતથી ભિન્નતા દર્શાવી હોય અથવા નવિન વિચારો દર્શાવ્યા હોય, તે કવિના કાળનો નિર્ણય કરવા માટે આતર પ્રમાણ કહેવાય છે અને બીજા ગ્રથકારોએ પોતાના ગ્રથમા કવિનુ નામ, તેનુ મત, વગેરેનું વર્ણન કર્યુ હોય, તે બાહ્ય પ્રમાણ ગણાય છે. આવા બને જાતનાં પ્રમાણો કવિ દડીના સમયનો નિર્ણય કરવામા સારી રીતે મળી શકે છે. તેનુ હવે આપણે અવલોકન કરીએ

પ્રોફેસર વિલ્સન કહે છે કે, ઇસ્વી સનના ૧૧ મા સૈકાના અન્તમા અથવા તો ૧૨ મા સૈકાના આરભમા કવિ દંડી હોવો જોઇએ. તેના સબધમા તે બે આતર પ્રમાણ દર્શાવે છે, પ્રથમ પ્રમાણ ભોજવશનુ આપે છે, અને બીજુ પ્રમાણ યવનોનુ આપે છે દશકુમારચરિતના આઠમા ઉચ્છ્વાસમાં ભોજવશના રાજાઓનું વર્ણન કરવામા આવ્યુ છે તેમા તેના પિતામહ પુણ્યવર્માની ઘણી

જ પ્રશસા કરવામાં આવી છે. તે ભોજરાજા દશમા શતકના છેલ્લા ભાગમાં થઈ ગયો છે તે ભોજવંશ માહેલા કોઈ એક રાજાના સમયમાં કવિ દડી હોવો જોઇએ વળી પ્રોફેસર વિલ્સન કહે છે કે, આ ચરિતગ્રથમા યવનોના સબધમા કંઈ પણ કહેવામા આવ્યુ નથી. માત્ર તેઓનુ વ્યાપારી તરિકે, વહાણવટી તરિકે, તથા ચાચિયા તરિકે વર્ણન કરવામા આવ્યુ છે આરબ લોકોને માટે પણ હિંદુઓની આવીજ માન્યતા હતી આ ઉપરથી સિદ્ધ થાય છે કે, મુસલ્માનોએ હિન્દુસ્તાન સર કર્યા પહેલા દડી કવિ હોવો જોઇએ. પ્રોફેસર વિલ્સન દડી કવિના સમયનો આધાર ભોજવશના રાજા ઉપર વિશેષ રાખે છે, પરતુ ભોજ નામના રાજા ઘણા થઈ ગયા છે. તેમાથી દશકુમારમા વર્ણવેલો ભોજ કયો, તેનો નિર્ણય કર્યા વિના કવિના સમયનો નિર્ણય કરવો, એ કામ ઘણુ જ કઠિન છે.

વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર દડીના સબધમા કહે કે –દશકુમારના સાતમા પ્રકરણમાના મત્રગુપ્તના ચરિતની અને માલતીમાધવના પાચમા અકના કાપાલિકની અને સિદ્ધની કથાઓ અત્યંત મળતી આવે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, કવિ દડી કા તો ભવભૂતિની પછી અથવા તો તેના સમાન કાળનો હોવો જોઇએ. પરતુ તેના પૂર્વનો તો નહિ જ પરતુ અત્રે પ્રશ્ન એ રહે છે કે, દડીના લેખપરથી ભવભૂતિએ કા ન લીધુ હોય અથવા ઉભયે કોઈ અન્ય સ્વતત્ર કથનનો આધાર પણ કેમ ન લીધો હોય?

ડા. પી પીટર્સન કહે છે કે –કવિ દડી ઇસ્વી સનના આઠમા શતકમા હતો તેના કારણો દર્શાવતા તે કહે છે કે,–દડી કવિએ કાવ્યાદર્શના બીજા ઉલ્લાસના શ્લોક ૨૫૮–૨૫૯ મા પડિત વામનના મતનુ ખડન કર્યું છે, વળી કાવ્યાદર્શના બીજા ઉલ્લાસમા ૧૯૭ મો શ્લોક આ પ્રમાણે છે –

अरत्नालोकसंहार्यमवार्यं सूर्यरश्मिभिः। दृष्टिरोधकरं यूनां यौवनप्रभवं तमः॥
આ શ્લોક બાણભટ્ટની કાદંબરીના એક ગદ્યને અક્ષરશ. મળતો આવે છે. તે ગદ્ય આ પ્રમાણે છે –

केवल च निसर्गत एवाभानुभेद्यमरत्नालोकोच्छेद्य-
मप्रदीपप्रभापनेयमतिगहन तमो यौवनप्रभवम्।

આ બે પ્રમાણો ઉપરથી ડા૦ પીટર્સન એવુ અનુમાન કરે છે કે –કવિ દડી બાણના પછી થવો જોઇએ, બાણ ઇસ્વી સનના સાતમા શતકના આરભમા થયો છે, માટે દડી તેના પછી થવો જોઇએ. વળી પડિત વામન ઈ. સ. આઠમા શતકમા થયો હતો, તેથી કવિ દડી આઠમા શતક પછી થવો જોઇએ કારણ કે કવિ દડી પોતાના કાવ્યાદર્શ નામના ગ્રથમા વામન પડિતના काव्यालङ्कारसूत्रनु ખડન કરે છે.

આર. કૃષ્ણાચાર્ય એમ, એ વિદ્યાનિધિ 'सहृदया' નામની એક સસ્કૃતપત્રિકા બહાર પાડે છે તે વર્તમાન વર્ષના દશમા અકમા કવિ દડીના સમય વિશે લખતા કહે છે કે, દડી કવિના સબધમા કેટલીએક દતકથાઓ છે પરતુ તે પ્રમાણ અને યુક્તિ વિનાની હોવાથી માન્ય થઈ શકે તેવી નથી દડી કવિએ काव्यादर्श નામના ગ્રથમા પ્રસાદના ઉદાહરણમા 'इन्दोरिन्दीवरद्युति'। 'लक्ष्म लक्ष्मी तनोति' 'प्रतीतिसुभग वच' વગેરે વાકયો લખ્યા છે આમાનો लक्ष्म लक्ष्मीं तनोति આ વાકયખડ શાકુતલ નાટકના मलिनमपि हिमाशोर्लक्ष्म लक्ष्मीं तनोति। આ પદ્યના એક ચરણમાથી ગ્રહણ કરેલો હોય, એમ સ્પષ્ટ જણાય છે અને તે ઉપરથી દડી તથા કાલિદાસ એક સમયે હોય એમ સભવતું નથી, પરતુ દડી કાલિદાસના પછી થયો હોય, એમ નિશ્ચય થાય છે.

કેટલાએક કહે છે કે,–" દશકુમારની કથાઓનું નિપુણતાથી

અવલોકન કરતાં મુસલમાનોએ ભારતવર્ષને તાબે કર્યા પછી, કોઈ કવિએ ભારતવર્ષની સપૂર્ણ અધમ અવસ્થા જોઇને, આ ચરિત-ગ્રથની રચના કરી હોય એમ જણાય છે મુસલમાનો ભારતવર્ષમા ઈસ્વીસનના દશમા અને અગ્યારમા શતકની વચ્ચે મોટી ચઢાઈ લાવ્યા હતા. માટે આ દંડી કવિ પણ ઈસ્વીસનના અગ્યારમા સૈકાથી પ્રાચીન નથી. આ દડી કવિ એક બનાવટી સન્યાસી હતો અને તેને વિષયો ઉપર વૈરાગ્ય થયો ન હતો, તેથી તેણે પોતાના ચચલ મનને વિનોદ આપવામાટે સત્પુરુષોના મનમા ગ્લાનિ ઉપજાવનારી કથાઓથી એક કાવ્ય રચ્યુ છે વગેરે, વગેરે ”

ત્યારે બીજાઓ વળી એમ કહે છે કે —દડી કવિએ પ્રાચીન આલકારિક ભામહના મતને પોતાના કાવ્યાદર્શ નામના ગ્રથમા ઘણે ઠેકાણે દૂષણ આપ્યા છે. ત્યારે काव्यालकारसूत्रनो રચનાર વામન પડિત ભામહના મતને પુષ્ટિ આપે છે અને દડીના મતના દોષો બતાવે છે. સહૃદય પુરુષો જો કાવ્યાલકાર અને કાવ્યાદર્શ આ બન્ને ગ્રથોનુ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરશે તો આ વાત નિ સશય તેઓના જાણવામાં આવશે राजतरगिणी વાચતા જણાય છે કે,—काव्यालकारसूत्रनो કર્તા વામન જયાપીડ રાજાનો મત્રી હતો, અને તે ઈસ્વીસનના આઠમા શતકના છેલ્લા ભાગમા હતો. છ પ્રબધનો કર્તા મહાકવિ રાજશેખર ઇસ્વીસનના આઠમા શતકના છેલ્લા ભાગમા થયો હતો. તે એક શ્લોકમા દડી કવિનુ સ્મરણ કરતા કહે છે કે —

त्रयोऽग्नयस्त्रयो वेदास्त्रयोलोकास्त्रयो गुणा ।
त्रयो दडिप्रबधाश्च त्रिषु लोकेषु विश्रुता ॥

અગ્નિ ત્રણ છે, વેદ ત્રણ છે, લોક ત્રણ છે, ગુણ ત્રણ છે અને દડીના ગ્રન્થ પણ ત્રણ છે. આ ત્રિક ત્રણેય લોકમા વિશ્રુત છે.

વળી काव्यादर्शનું કર્ણાટક ભાષામાં એક ભાષાતર પણ ઇસ્વી-સનના નવમા શતકમા થયુ છે. તે ઉપરથી અનુમાની શકાય છે કે, તે સમયમા દડીના काव्यादर्शનો ઘણો જ પ્રચાર હશે. दशकुमारનો કથાભાગ બૃહત્કથામાથી જ મળી શકે છે. મુસલમાનોએ હિદુસ્થાનને તાબે કર્યા પછીનો આ કથાભાગ છે, એમ અનુમાન કરવું એ સર્વથા અનુચિત છે. કારણ કે મુસલમાનોએ હિન્દુસ્થાન તાબે કર્યું, તે પૂર્વે હિન્દના કિનારાપરના પ્રદેશોને ઇરાન, અરબસ્તાન વગેરે મુલકો સાથે વ્યવહાર હતો. આ કવિ ભોજ રાજાની રાજસભામાં હતો. આવી રીતનો 'પ્રવાદ' તથા વિશ્રુતના ચરિત્રના બહાનાથી તે સમયના કોઈ ભોજવશના રાજકુમારનુ ચરિત્ર લખવામા આવ્યુ છે. આવી રીતની 'વાચોયુક્તિ' બીજાં બળવાન્ પ્રમાણોની આગળ જરા પણ ટકી શકે તેમ નથી ઇસ્વીસનના બારમા શતકનુ એક તામ્રપત્ર મળ્યુ છે. તેમાં દડી કવિ શ્રીવર્ધન રાજાની સ્તુતિ કરે છે. તે ઉપરથી પશ્ચિમનો કોઇએક પડિત એવા નિર્ણય ઉપર આવે છે કે, દડી કવિ બારમા શતકમા હતો. પરતુ તે પડિતનું કહેવુ માન્ય થઈ શકે તેવુ નથી, કારણ કે તામ્રપત્રમા લખેલો દડી, આચાર્ય દડીથી જૂદો જ દડી છે, એમ માનવુ જોઇએ આસપાસનાં સર્વ સાધનોનું અવલોકન કરતા દશકુમારનો દડી ઇસ્વીસનના સાતમા શતકના છેલ્લા ભાગમા અને આઠમા શતકના આરભ કાળમા હતો, એવો નિર્ણય થાય છે. काव्यालङ्कारसूत्रનો કર્તા વામન પડિત જયાપીડ રાજાનો મત્રી ન હતો, પરતુ काशिका નામની વ્યાકરણના સૂત્ર ઉપર વૃત્તિ કરનારો વામન તેનો મત્રી હતો. આ તત્ત્વને એકશેષ સમાસના પ્રકરણની કાશિકાની અને પ્રાયોગિકાધિકરણની પરીક્ષા કરનારાઓ પરિશ્રમ વિના સમજી શકશે. કાશિકાવૃત્તિનો કર્તા વામન ઇસ્વી સન ૬૬૦ના વર્ષમાં મરણ પામ્યો હતો, એમ હ્યુનસાંગ નામનો ચીનનો પ્રવાસી

લખે છે. તે વામને પોતાના काव्यालकारसूत्रमा દડીના काव्यादर्शना દોષો દર્શાવ્યા છે. તે ઉપરથી દડી વામનના કરતાં પણ પ્રાચીન ઠરે છે. વળી દડી કવિ પોતાના काव्यादर्शमा પ્રવરસેને રચેલા सेतुबधमहाकाव्यनु સ્મરણ કરે છે. તે પ્રવરસેન ઈસ્વીસનના પાચમા શતકમા થયો હતો. આ સર્વ સદર્ભ ઉપરથી દડી કવિ ઇસ્વીસનના છઠ્ઠા શતકમા હતો, એમ વિશ્વાસથી કહી શકાય છે, અને તે યુક્તિયુક્ત પણ છે. "દશકુમાર"નો કર્તા દડી અને "કાવ્યાદર્શ"ના કર્તા આચાર્ય દડી એક જ હોવા સબધે શક છે, એવો એક મત "ધી ઇન્ડીઅન એન્ટીકવરી" નામના માસિકના ૧૯૧૫ના માર્ચ માસના અકમા મી૦ જી. જે. અધાસેએ દર્શાવ્યો છે. તેનુ કારણ તે એવુ જણાવે છે કે, કાવ્યાદર્શમા જે મત કાવ્યસબધે આચાર્ય દડીએ કહ્યો છે, તેનુ અનુપાલન દશકુમારમા થયેલુ નથી. મી૦ અધાસેએ પોતાની શકા માટે નીચેના કારણો જણાવ્યા છે (૧) કાવ્યાદર્શમા એવુ કહ્યુ છે કે, ઉચ્ચ કાવ્યમા ગ્રામ્યતા કે બીભત્સ હોવુ ન જોઇએ वाक्यस्याग्राम्यता योनिर्माधुर्ये दर्शितो रस । (૨.૨૯૨) (જ્યા સર્વ પાત્રો ઉચ્ચ જ હોય ત્યા આ નિયમ પાળવો જોઇએ, પણ જ્યા કાવ્યમા સામાન્ય જીવનને તેમ જ નૈસર્ગિક જીવનને તદ્રૂપ વર્ણવવુ હોય ત્યા શુ પાત્રાનુસાર વચન જોઇએ કે પાત્રના આધિકાર અથવા સસ્કાર કરતા ઉચ્ચતર વચનાદિ જોઇએ? અને પાત્રાનુસાર ભાષા, વિચારાદિ કવિ મૂકે તો શું કાવ્ય અધમ થઈ જાય? જો એમ માનીએ તો કાવ્યમા કૃત્રિમતાનો દોષ આવ્યા વિના રહે નહિ.) (૨). વળી દડીએ ગ્રામ્યતા નાપસદ કરી છે, તે વિષે કાવ્યાદર્શમાથી વચન ટાકે છે કે,–इति ग्राम्योयमर्थात्मा वैरस्याय प्रकल्पते । (૧.૬૩). તેટલા માટે દંડી कन्ये कामयमान मा न त्व कामयसे कथम् । એ વાકયને દૃષ્ટાત તરીકે આપે છે. વળી તે કહે છે કે, કોઇકવાર અયોગ્યતું સૂચન કરનારા એક શબ્દમા પણ ગ્રામ્ય-

તાનો દોષ આવે છે—शब्देऽपि ग्राम्यतास्त्येव सा सभ्येतरकीर्तनात् (૧.૬૫) તેમ જ પદસધાનથી કે વાક્યાર્થથી પણ અયોગ્યતાનું સૂચન નાપસંદ કરે છે पदसधानवृत्त्या वा वाक्यार्थत्वेन वा पुनः। दुष्प्रतीतिकर ग्राम्यम्। (૧.૬૭). તેમ જ દડીએ કટાક્ષ કે વ્યગમાં ગ્રામ્યતા નાપસદ કરી છે एवमादि न शसन्ति मार्गयोरुभयोरपि। (૧.૬૭). મી૦ અધાસે કહે છે કે, જે ગ્રન્થકારે ઉચ્ચ કાવ્યના આવા કડક નિયમો બાધ્યા છે, તે જ ગ્રન્થકાર દશકુમારમા બીભત્સ પ્રયોગો શા માટે કરે? અર્થાત્ કે કાવ્યાદર્શકાર દડી અને દશકુમારકાર દડી જૂદા હોવા જોઇએ. દડીએ દશકુમાર ચરિત છેલ્લું લખ્યું હતું, અને તેના મરણને લીધે તે અપૂર્ણ રહી ગયુ અને તેના પુત્રે કે શિષ્યે તેને પૂર્ણ કીધુ. એટલે દશકુમાર પ્રથમ લખ્યુ અને કાવ્યાદર્શ જેવો શાસ્ત્રીય ગ્રન્થ લખતા કવિએ વિચાર બદલ્યા, એમ તો કહી શકાય નહિ. પણ કદાચ તાદૃશ્ય ચિત્ર આલેખવાનો પ્રયાસ કરતા, જેમ રેડીકલ મી૦ મોરલીને હિન્દના સ્ટેટ સેક્રેટરી લોર્ડ મોરલીને પોતાના વિચારોનો અમલ કરતા વાધો નડ્યો અને તેથી મોરલી બે જાતના જણાય છે તેમ, દડીને પણ પોતાના સૂત્રોનો સાદ્યત અમલ કરવાની મુશ્કેલી નડી હોય તેમ ડા. બુલરે એક સ્થળે જણાવ્યુ છે, તેમ લહિયાઓએ પાછળથી પોતાની ચતુરાઈ બતાવવાને વગર વિચારે ધાલમેલ ન કરી હોય તેનું શુ પ્રમાણ? દડીના હસ્તાક્ષરનું પુસ્તક મળે ત્યારે દડીપર આક્ષેપ કરવો વાજબી ગણાય. દાખલા તરીકે મી૦ અધાસે કહે છે કે, વ્યાકરણના દોષો ન કરવાનુ દડીએ કાવ્યાદર્શમા કહેલુ છે.-नहि प्रतीतिसुभगाशब्दन्यायविलङ्घिनी। (૧.૭૫), અને પછી देवेन विरच्यार्चनार्हे।; कारुण्येन पुण्येन (च?) विसृष्ट।; वियत्तलव्याकुले धूलिपटले (धूलिपटलव्याकुले वियत्तले જોઇએ), વગેરે દષ્ટાતો દોષ તરીકે આપ્યા છે. આ દોષો લહિયાઓના પ્રમાદના કા ન હોય? વળી જગતમા જે વસ્તુ

એકને દોષરૂપ જણાય તે બીજાને દોષરૂપ ન લાગે, માટે चुम्बयितुम्, आलिङ्गयितुम्, आवोचि, शासनादि જેવા પ્રયોગોને અયોગ્ય ગણી, ગ્રન્થકાર બે હોવાનો વિચાર કરવો ઠીક નથી

भाषा तथा लेखनपद्धति

કવિ દંડી જેમ શાસ્ત્રવેત્તા હતો, તેમ જ કળાના ગ્રથોમા પણ અત્યત નિપુણ હતો તેની બુદ્ધિ પ્રતિભાશક્તિવાળી હતી તેની વાણીમા પ્રસાદ અને માધુર્ય હતુ. કાલિદાસ અને ભવભૂતિના જેવી જ ભાષા ઉપર તેની પ્રભુતા હતી –“ ओज समासभूयस्त्वमेतद्गद्यस्य जीवितम्। ઉત્સાહ ઉપજાવે તેવા તથા ઘણા સમાસવાળા વાક્યો ગદ્યનુ જીવિત કહેવાય છે.” આ સૂત્રને માનનારા ગદ્યલેખકોમાનો દડી પણ એક છે, પરતુ દંડીએ તેનાથી ભિન્ન માર્ગ સ્વીકાર્યો છે. બાણની અને સુબધુની લેખનપદ્ધતિ ઉપમા, ઉત્પ્રેક્ષા, શ્લેષ વગેરે અલકારોથી ભરપૂર, લાબા લાબા સમાસવાળી અને લાબા લાબા વર્ણનોથી ભરપૂર છે ત્યારે દડીની લેખનપદ્ધતિ થોડા સમાસવાળી, સક્ષિપ્ત વર્ણનોવાળી અને સ્વાભાવિક છે. પ્રાચીન કાળની વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમા દર્શાવવી, આ કવિ દડીનો મુખ્ય આશય છે, અને તેજ આશયને કવિ આ ગ્રન્થમા છેવટ સૂધી નીભાવે છે વર્ણનો સક્ષિપ્ત છે, પરતુ રસિક છે. રાજવાહન અને અવતિસુદરીના મેળાપનુ વર્ણન, કદુકક્રીડાનુ વર્ણન, દ્યૂતનુ વર્ણન, નિદ્રાગ્રસ્ત અબાલિકાનુ વર્ણન, પ્રમિતિએ નિદ્રામા અનુભવેલુ નવમાલિકાનુ સમાગમસુખનુ વર્ણન, વિશ્રુતના ચરિતમા રાજનીતિનુ વર્ણન, આ બધા વર્ણનો પ્રાસાદિક ભાષામા ઘણી જ નિપુણતાથી કરવામા આવ્યા છે. વર્ણનોમા કૃત્રિમતા જોવામા આવતી નથી, પણ નિસર્ગતા જોવામા આવે છે, અને જેમ જેમ વાચીએ છીએ, તેમ તેમ તેનુ રહસ્ય સમજાય છે. શબ્દો કવિને વરેલા હતા, અને કવિ પોતાની મરજી પ્રમાણે

શબ્દોનો પ્રયોગ કરતો હતો. એ વાત તેણે મંત્રગુપ્તનું ચરિત નિરોષ્ઠ એટલે ઓષ્ઠસ્થાની અક્ષર વિનાનુ રચીને દર્શાવી આપી છે. દંડી કવિની વિદ્વત્તાના પંડિતો પણ વખાણ કરતા હતા. એક પંડિત દંડી કવિના સંબંધમા કહે છે કે –

जाते जगति वाल्मीकौ कविरित्यभिधाऽभवत् ।
कवी इति ततो व्यासे कवयस्त्वयि दंडिनि ॥

જગતમા વાલ્મીકિ જન્મ્યા પછી कवि એમ એકવચનમા કવિ શબ્દ વપરાતો હતો, તે પછી વ્યાસ થયા, એટલે कवी એમ દ્વિવચનમા કવિ શબ્દનો પ્રયોગ થવા માંડ્યો, અને દંડી કવિ જન્મ્યા પછી कवय એવી રીતે कवि શબ્દનો બહુવચનમા પ્રયોગ થાય છે." કવિ દંડી વિશ્રુતનુ ચરિત્ર લખતા મરણ પામે છે, તેથી તેના અપૂર્ણ રહેલા ગ્રંથને તેના કોઈ શિષ્યે उत्तर-पीठिकाના નામથી પૂર્ણ કર્યો છે. ઉત્તરપીઠિકાની ભાષામા અને વિચારોમા જોઇએ તેવી પ્રૌઢતા જણાતી નથી ગ્રંથકર્તાએ અપૂર્ણ રહેલા કથાપ્રસંગને ત્વરાથી પૂર્ણ કર્યો હોય, એમ જણાય છે. ઉત્તર-પીઠિકામા રાજહંસ રાજા પુષ્પપુરીથી કુમારોના ઉપર પત્ર લખીને કુમારોને બોલાવે છે. પરતુ પૂર્વપીઠિકામા માળવાનો રાજા માનસાર રાજા રાજહંસને હરાવીને તેની રાજધાની પુષ્પપુરીને ખાલસા કરે છે. તે પુષ્પપુરીને રાજહંસે કેવી રીતે પાછી હસ્તગત કરી, તે વિશે કોઈ પણ સ્થળે કંઈ પણ કહેવામા આવ્યુ નથી; તથા ઉત્તરપીઠિકામાં કહે છે કે, રાજહંસે માળવાના રાજા માનસારને મારીને માળવા ખાલસા કર્યું. પરતુ માનસાર તો ઘરડો થયો હતો, તેથી માળવાના રાજ્યાસન ઉપર દર્પસાર હતો, અને તે જ રાજ્યકાર્ય કરતો હતો, માટે દર્પસારને માર્યો, એમ કહ્યુ હોત તો યોગ્ય ગણાત.

ગુજરાતી ભાષાંતર

આજથી ત્રીશ વર્ષ પહેલાં આ દશકુમારચરિત્રનું ગુજરાતી ભાષાંતર મારી જન્મભૂમિ જુનાગઢમાં મેં કર્યું હતું. પરતુ તે સમયે ગ્રન્થના કઠિન પ્રસગો સમજવા માટે જોઇએ તેવી ટીકા મારી પાસે ન હતી, તેમ સદિગ્ધ સ્થળોનુ નિરાકરણ કરે તેવા વિદ્વાનનુ સાધન પણ નહતુ. તેથી કેટલાએક સ્થળોનુ ભાષાતર અર્થપ્રધાન કરવામા આવ્યુ હતું, અને કોઈ ભાગ સદિગ્ધ પણ રહી ગયો હતો. તે ભાષાંતર મુબઇમા આવ્યા પછી મેં સવત્ ૧૯૪૫ ના વર્ષમાં રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇને બતાવ્યુ તેમણે તે ભાષાંતર વાચ્યા પછી તેમાં કેટલોએક સુધારો કરવાનું કહ્યુ. તે પ્રમાણે સુધારો કર્યા પછી સદ્ગત રા. ઇચ્છારામ સૂર્યરામે આ ભાષાંતર છાપ્યુ હતું. તે પછી રા. મણિલાલ ઇચ્છારામ કોલેજમા દશકુમારચરિત્ર વાંચતા હતા ત્યારે દશકુમારનુ ગુજરાતી ભાષાંતર પણ જોતા હતા. તેમણે તે સમયે મને જણાવ્યું હતું કે, દશકુમારચરિત્રનુ ગુજરાતી ભાષાતર શબ્દશ થવાની ઘણી જ જરૂર છે. માટે હવે ફરીને જ્યારે આ ભાષાતર છાપવામા આવે ત્યારે તેને મૂલ ગ્રન્થની સાથે બરાબર મેળવ્યા પછી જ છાપવુ, તથા કઠિન સ્થળો ઉપર નોટો પણ આપવી, કે જેથી વિદ્યાર્થીઓને અભ્યાસમા ઉપયોગી થઈ પડે. તે વાત મેં ધ્યાનમા રાખી હતી, અને આજ ઘણે વર્ષે દશકુમારચરિત્રનું ભાષાતર પુનઃ છાપવાનો પ્રસગ આવ્યો, એટલે ગુજરાતી પત્રના વર્તમાન તત્રી રા. રા. મણિલાલ ઇચ્છારામ બી. એ એ આ ચરિત્રગ્રન્થનુ પુન. શબ્દશ ભાષાતર કરવાનુ મને કહ્યુ. તે ઉપરથી આ ચરિત્રગ્રન્થનુ શબ્દશ ભાષાંતર કરવામાં આવ્યું છે, તથા કેટલાંએક સ્થળો ઉપર ટિપ્પણી પણ આપવામા આવી છે. ભાષાંતર કરવાનું કામ ઘણું જ કઠિન છે. ગ્રન્થકર્તાનો આશય જળવાય,

અને લોકો ગ્રન્થ વાચીને ગ્રન્થકર્તાના વક્તવ્યને યથાર્થ રીતે સમજે, આ બે બાબત તરફ ભાષાતરકારને ખાસ ધ્યાન આપવુ જોઇએ. ભાષાતરકર્તાએ કોઈ પણ ગ્રન્થનું ભાષાતર કરતી વખતે ગ્રન્થમાં જે શબ્દો સમજાય તેવા પ્રચલિત હોય, તેવા શબ્દો તેના તે જ રાખવા, જેમ કે, दैत्य શબ્દ હોય તો તેનો તે જ શબ્દ રહેવા દેવો, પરંતુ તેને બદલે राक्षस શબ્દનો પ્રયોગ કરવો નહિ. સમાસવાળાં વાકયનો અર્થ કરતા સમાસ ઘટિત પદના અર્થ જળવાઈ રહે, તેની ખાસ સભાળ રાખવી. તદ્ધિતના અને કૃદતના પ્રત્યયોના અર્થો તરફ પણ ખાસ ધ્યાન આપવુ. કોઈ શબ્દ કે વાકય, વ્યાખ્યાગમ્ય હોય તો તેને કાઉસમા સમજાવવા, પરતુ અસલ શબ્દ કે વાકય ઉરાડી દેવા નહિ. કેટલાએક ભાષાંતરકર્તા મૂળ ગ્રન્થનો અને તેના ટીકાકારનો એમ બનેનો અર્થ મિશ્ર કરી દે છે, તેથી ગ્રન્થકર્તાનો ગ્રન્થ કેટલો છે અને ટીકાકારનો ગ્રન્થ કેટલો છે, તે સમજાતું નથી આ પદ્ધતિ ઠીક નથી. મેં મૂળ ગ્રન્થનુ શબ્દશ ભાષાતર કર્યું છે, અને તેમા હુ કેટલે દરજ્જે વિજયી થયો છુ, એની પરીક્ષા કરવાનુ કામ વિદ્વાનોનુ છે. કથાઓમા આવેલા પાત્રોના નામો તથા દેશ, ગ્રામ, નગર, નદી વગેરેના નામોની સવિસ્તર ટીપ અતમા આપવામા આવી છે આ ગ્રથમા આવેલા પ્રાચીન કાળના દેશ, નગર, ગ્રામ વગેરેનાં નામોનો હાલમા જે જે નવીન નામોથી વ્યવહાર થાય છે, તે તે નામો રા. રા તનસુખરામ મન સુખરામ બી. એ. એ પરિશ્રમ લઇને લખાવ્યા છે, તથા કવિ દડીના કાવ્ય વિષયક ઈંડીયન ઇન્ટીકવેરીના લેખ ઉપર રા. મણિલાલે ઉહાપોહ કર્યો છે, તેને માટે તેમનો ઉપકાર માનવામા આવે છે.

મુબઈ,
ગુજરાતી કાર્યાલય
શ્રાવણ શુકલ ૧૧
સંવત્ ૧૯૭૧

શાસ્ત્રી પ્રાણજીવન હરિહર.

દશકુમારચરિત્રમાં આવેલાં પાત્રોનાં નામ

રાજહંસ–મગધ દેશનો રાજા.
વસુમતી–તેની રાણી
રાજવાહન–રાજહંસનો કુમાર
માનસાર–માળવાનો રાજા
દર્પસાર–માનસારનો કુમાર
કીર્તિસાર– „ „
અવંતિસુંદરી–માનસારની પુત્રી અને રાજવાહનની રાણી
ચંડવર્મા–માનસારની બેનનો પુત્ર
પ્રચંડવર્મા– „ „ „
દારુવર્મા– „ „ „
બંધુજંધ–દર્પસારનો કાસદ
પ્રહારવર્મા–મિથિલાનો રાજા
અપહારવર્મા–પ્રહારવર્માનો કુમાર.
ઉપહારવર્મા– „ „
ધર્મપાલ–, પદ્મોદ્ભવ–, સિતવર્મા– } રાજહંસના પિતા રિપુંજયના અને પછી રાજહંસના મંત્રીઓ
સુમંત્ર–ધર્મપાલનો પુત્ર
સુમિત્ર– „ „
કામપાલ– „ „
સુશ્રુત–પદ્મોદ્ભવનો પુત્ર
રત્નોદ્ભવ– „ „
સુમતિ–સિતવર્માનો પુત્ર
સત્યવર્મા „ „
પ્રમતિ–સુમતિનો પુત્ર
મિત્રગુપ્ત–સુમંત્રનો પુત્ર.
મંત્રગુપ્ત–સુમિત્રનો પુત્ર
વિશ્રુત–સુશ્રુતનો પુત્ર

અર્થપાલ–કામપાલનો પુત્ર
તારાવલી–કામપાલની સ્ત્રી
મણિભદ્ર–એક યક્ષ અને તારાવલીનો પિતા
પુષ્પોદ્ભવ–રત્નોદ્ભવનો પુત્ર
સોમદત્ત–સત્યવર્માનો કુમાર
વામદેવ–એક તપસ્વી.
સોમદેવશર્મા–વામદેવનો શિષ્ય
કાલગુપ્ત–કાલયવન દ્વીપનો રહેવાસી વૈશ્ય.
સુવૃત્તા–કાલગુપ્તની કન્યા
કાલી–એક બ્રાહ્મણની કન્યા
ગૌરી–કાલીની બહેન
કૌટિલ્ય–અર્થશાસ્ત્રનો રચનાર વિષ્ણુગુપ્ત, વાત્સાયન
કામંદક–નીતિસારનો કર્તા
યમ–યમલોકનો રાજા
ચિત્રગુપ્ત–યમરાજાનો મંત્રી
માતંગ–વિન્ધ્યાટવિમાં રહેનારો એક બ્રાહ્મણ
કાલિંદી–અસુર રાજાની પુત્રી અને પાછળથી માતંગની પત્ની
મત્તકાલ–લાટદેશનો રાજા
વીરકેતુ–પાટલીપુરનો રાજા
વામલોચના–વીરકેતુની પુત્રી
માનપાલ–વીરકેતુનો મંત્રી
સાંબ–પૂર્વજન્મનો રાજવાહન
વિદ્યેશ્વર–ઇન્દ્રજાળ જાણનારો સિદ્ધ પુરુષ

ચન્દ્રપાલ–ઉજ્જયિનીનો એક વૈશ્ય
બંધુપાલ–તેનો પિતા.
બાલચંદ્રિકા–એક વૈશ્યની કન્યા, પુષ્પોદ્ભવની સ્ત્રી અને અવંતિસુંદરીની સખી
સિંહવર્મા–ચંપાનગરીનો રાજા
અંબાલિકા–સિંહવર્માની પુત્રી
સુરતમંજરી–શ્રાપિત થયેલી અપ્સરા
માર્કંડેય–એક મુનિ
વેગવાન્–ઈક્ષ્વાકુ વંશનો રાજા
માનસવેગ–વેગવાનનો પૌત્ર.
વીરશેખર–માનસવેગનો પુત્ર
વત્સરાજ–વિદ્યાધરનો ચક્રવર્તી રાજા.
નરવાહનદત્ત–તેનો પુત્ર
ધનમિત્ર–વસુમિત્ર નામના ધનાઢ્ય વ્યાપારીનો પુત્ર અને અપહારવર્માનો મિત્ર.
વસુમિત્ર–ધનમિત્રનો પિતા
કુબેરદત્ત–ધનમિત્રને આપેલી કન્યાનો પિતા
ઉદારક–ધનમિત્રનું બીજું નામ
મરીચિ–એક તપસ્વી
કામમંજરી–ચંપા નગરીની પ્રખ્યાત ગણિકા
રાગમંજરી–કામમંજરીની બેન
માધવસેના–કામમંજરી ને રાગમંજરીની માતા
પિતામહ–બ્રહ્મા
તિલોત્તમા–એક અપ્સરા
બૃહસ્પતિ–દેવોના ગુરુ
તારા–બૃહસ્પતિની સ્ત્રી
ઉતથ્ય–બૃહસ્પતિનો મોટો ભાઈ.
પરાશર–એક ઋષિ
વ્યાસ–પરાશરના પુત્ર
વિચિત્રવીર્ય–સતનુનો પુત્ર
નિધિપાલ–ચંપાનગરીનો વ્યાપારી.
વસુપાલિત–તેનો પુત્ર
સુંદરક–એક શેઠીઆનો પુત્ર.
વિમર્દક–અપહારવર્માનો મિત્ર
અર્થપતિ–ધનવાન્ સાર્થવાહ (સોદાગર) અને ધનમિત્રનો શત્રુ
ધર્મરક્ષિતા–બુદ્ધધર્મની સાધુડી.
શૃગાલિકા–રાગમંજરીની દાસી
કાંતક–ચંપાપુરીનો પ્રથમનો કોટવાળ
સિંહઘોષ–કાંતકની જગ્યા ઉપર નીમાયેલો નવો કોટવાલ.
બલ–અસુર (રાક્ષસ)
સબલ– „ „
સહારવર્મા–પ્રહારવર્માનો મોટો ભાઈ.
વિકટવર્મા–સહારવર્માનો પુત્ર
કલ્પસુંદરી–વિકટવર્માની રાણી.
પ્રિયંવદા–પ્રહારવર્માની રાણી અને અપહારવર્મા તથા ઉપહારવર્માની માતા
કલિંગવર્મા–કામરૂપ દેશનો રાજા અને કલ્પસુંદરીનો પિતા
પુષ્કરિકા–ઉપહારવર્માની ધાવની પુત્રી અને કલ્પસુંદરીની પરિચારિકા
માનવતી–કલિંગવર્માની રાણી
રમયંતિકા–વિકટવર્માની નૃત્ય કરનારી નાયિકા

વિશાલવર્મા—વિકટવર્માનો નાનો ભાઈ
પાચાલિક—વ્યાપારી.
રક્ષિત— ,,
ખનતિ—યવન જાતિનો હીરાનો એક વ્યાપારી
શતહલિ—ગ્રામાધ્યક્ષ, પટેલ
અનંતશિર—વ્યાપારી
પૂર્ણભદ્ર—એક ગ્રામાધ્યક્ષનો પુત્ર અને પાછળથી કામપાલનો સેવક
રિપુંજય—પુષ્પપુરીનો રાજા અને રાજહંસનો પિતા
ચંડસિંહ—કાશીપુરીનો રાજા
કાંતિમતી—કાશીરાજાની પુત્રી અને કામપાલની સ્ત્રી

શૌનક—, શૂદ્રક—, કામપાલ— } આ ત્રણે જૂદા જૂદા જન્મના પુરુષ હતા, પણ એક જ હતા

બંધુમતી—, વિનયવતી—, કાંતિમતી— } આ ત્રણેય એક જ હતી પરંતુ જન્મ જૂદા જૂદા

વેદિમતી—, આર્યદાસી—, સોમદેવી— } આ ત્રણેય એક જ હતી, પરંતુ જન્મ જૂદા જૂદા

હંસાવલી—, શૂરસેના—, સુલોચના— } આ ત્રણેય એક જ હતી, પરંતુ જન્મ જૂદા જૂદા.

નંદિની—, રંગપતાકા—, ઇંદ્રસેના— } આ ત્રણ પણ એક જ હતી, પરંતુ જન્મ જૂદા જૂદા.

ચંડઘોષ—કાશીના રાજા ચંડસિંહનો મોટો પુત્ર
સિંહઘોષ—કાશીના રાજા ચંદસિંહનો નાનો પુત્ર

શિવનાથ—, સ્થૂણ—, અગારવર્ષ— } સિંહઘોષના મંત્રીઓ

લીલાવતી—કાશીના રાજા ચંડસિંહની રાણી
આચારવતી—ચંડઘોષની રાણી
મણિકર્ણિકા—તેની પુત્રી
ઋદ્ધિમતી—કાશીના રાજાના ઘરની એક વૃદ્ધ ધાવ.
ધર્મવર્ધન—શ્રાવસ્તિનો રાજા
નવમાલિકા—ધર્મવર્ધનની કન્યા.
મેદિની—દામલિપ્ત નગરના રાજાની રાણી
કંદુકાવતી—દામલિપ્ત નગરના રાજાની પુત્રી.
ચન્દ્રસેના—કંદુકાવતીની સખી
કોશદાસ—ચન્દ્રસેનાનો પ્રિયતમ
અર્થદાસ—કોશદાસનો પિતા
વેશદાસ—કોશદાસનુ બીજુ નામ
ભીમધન્વા—દામલિપ્ત નગરના રાજાનો કુમાર
રામેષુ—યવન જાતના ખલાસીઓનો નાયક

ધનક, ધાન્યક, ધન્યક } ત્રણે વૈશ્ય જાતિના ભાઈઓ

ધૂમિની—સૌથી નાના ભાઈ ધન્યકની સ્ત્રી
ગોમિની—એક ચતુર કન્યા

શક્તિકુમાર–એક શેઠીઆનો પુત્ર
નિંબવતી–એક ધનાઢ્ય વાણીઆની પુત્રી.
રત્નવતી–નિંબવતીનું બીજુ નામ
ગૃહગુપ્ત–રત્નવતીનો પિતા
બલભદ્ર–તેનો જમાઈ
કનકવતી–રત્નવતીની સખી
નિધિપતિદત્ત–રત્નવતીનો પિતા
નિતંબવતી–એક વૃદ્ધ વાણીઆની સ્ત્રી
કલહકંટક–મથુરાના રહેવાસી એક ધનવાનનો પુત્ર
અનતકીર્તિ–નિતંબવતીનો પતિ
તુગધન્વા–સુહ્મદેશનો રાજા
કર્દમ–કલિગદેશનો રાજા
કનકલેખા–તેની પુત્રી.
જયસિંહ–આંધ્રદેશનો રાજા
શશાંકલેખા–કનકલેખાની સખી
પુણ્યવર્મા–વિદર્ભદેશનો રાજા
વસુરક્ષિત–તેનો મત્રી
વિહારભદ્ર–પુણ્યવર્માનો બાલ્યાવસ્થાનો સેવક
વિષ્ણુગુપ્ત–ચાણક્ય–ચદ્રગુપ્તનો ગુરુ તથા મત્રી
શુક્ર–અગિરા–વિશાલાક્ષ–બાહુ–દતીપુત્ર–પરાશર– } નીતિશાસ્ત્રના રચનારાઓ

મૌર્ય–ચન્દ્રગુપ્ત.
વસતભાનુ–અશ્મક દેશનો રાજા
ઇદ્રપાલિત–તેનો મત્રી.
ચન્દ્રપાલિત–ઇદ્રપાલિતનો પુત્ર.
ભાનુવર્મા–વાનવાસ્ય દેશનો રાજા
વીરસેન–કુતલ દેશનો રાજા
એકવીર–ઋચીકનો રાજા
કુમારગુપ્ત–કોંકણનો રાજા
નાગપાલ–સાસિકયનો રાજા
ભાસ્કરવર્મા–અનતવર્માનો પુત્ર
મન્જુવાદિની–અનતવર્માની પુત્રી
વસુધરા–અનતવર્માની રાણી
મિત્રવર્મા–અનતવર્માનો ઓરમાન ભાઈ
નાલીજઘ–અનતવર્માનો ખાનગી કાસદ
વૈશ્રવણ–પાટલીપુત્રનો વૈશ્ય
સાગરદત્તા–તેની પુત્રી
કુસુમધન્વા–તેનો પતિ
સિધુદત્ત–પદ્મોદ્ભવનુ બીજું નામ
અર્થકેતુ–મિત્રવર્માનો મત્રી
વસુમતી–વસુધરાનુ બીજુ નામ

દશકુમાર ચરિતમાં આવેલા દેશ, નગર, ગ્રામ, નદી વગેરેનાં નામ.

૧ મગધ—હાલમા આ દેશને બીહાર કહે છે, અને તેની પશ્ચિમ દિશામા શોણ નામની નદી વહે છે પટણાના અને ગયાના પ્રદેશોને હમણા પણ લોકો 'મગા' કહે છે

૨ પુષ્પપુરી—દશકુમારમા કવિ આને પુષ્પપુર, કુસુમપુર એવા જૂદા જૂદાં નામથી પણ લખે છે અને કેટલાએક તેને પાટલીપુત્ર પણ કહે છે તે પૂર્વે મગધદેશની રાજધાની હતી અને હમણા તેને પટણા કહે છે

૩ રામતીર્થ—એક તીર્થનુ નામ છે તે ઉત્તર પ્રદેશમા વિંધ્યની પડોસમા હતુ.

૪ માલવ—હાલનો માળવા દેશ.

૫ મહાકાલક્ષેત્ર—ઉજ્જયિની નગરીના પાદરમા શિપ્રા નદી ઉપર મહાકાલેશ્વરનુ ક્ષેત્ર છે ત્યા મહાકાલેશ્વર નામના શકરની મૂર્તિ છે. બાર જ્યોતિર્લિંગમા તેની પણ ગણના છે.

૬ વિંધ્યાટવી—વિંધ્ય નામના મોટા પર્વતનુ અરણ્ય આ પર્વત નર્મદા નદીના તીર ઉપર આવેલો છે

૭ ઉજ્જયિની—માળવા દેશની રાજધાની હતી હમણા તેને ઉજેણ કહે છે

૮ કાલયવનદ્વીપ—ઝાંઝીબાહાર ડા બ્યુલર કહે છે કે, તે દ્વીપ અરબસ્તાનના કિનારા ઉપર હતો.

૯ કાવેરીનદી—આ નદી મદ્રાસ ઇલાકામા આવેલી છે, અને હમણાં તે નદીના તીર ઉપર શ્રીરગપટ્ટણ છે આ નદી પશ્ચિમથી પૂર્વ દિશા તરફ વહે છે

૧૦ પ્રેતપુરી—યમનો લોક

૧૧ દડકારણ્ય—દક્ષિણ તરફનો નાસિક જીલ્લો.

૧૨ લાટદેશ—નર્મદા અને તાપીની વચ્ચેનો પ્રદેશ પૂર્વે આ દેશની રાજધાની ભરુચ અથવા તો નાદોદ હતી અને આ દેશમા ભરુચ, વડોદરા, નવસારી વગેરે ગુજરાત પ્રદેશોનો સમાવેશ થાતો હતો.

૧૩ વિશાલા—ઉજ્જયિનીનુ બીજું નામ

૧૪ મહાકાલસ્થાન—ઉજ્જયિની નગરી

૧૫ चपापुरी-અગદેશની રાજધાની હતી હમણા બગાળમા જે ભાગલપુરનો પ્રદેશ છે તે ઠેકાણે પૂર્વે ચપાપુરી હતી ચપાપુરીને अगपुरी, लोमपादपुरी, कर्णपुरी અથવા તો मालिनी કહેતા હતા જનરલ કનિગહામ કહે છે કે, ઓનહાગ નામના ચીનના મુસાફરે જે પ્રદેશનુ વર્ણન કર્યુ છે તે ભાગલપુરની પૂર્વ દિશામા ૨૪ મૈલ ઉપર પથરાઘાટને ઉદ્દેશીને કહેલુ હોવુ જોઇએ કારણ કે હમણા ત્યાના કેટલાએક ગામને चपापुर કરીને કહે છે મહાભારતના કહેવા પ્રમાણે મગધની રાજધાની गिरिव्रज હતી તેની પૂર્વ દિશામા અગદેશ આવેલો હતો અને તે દેશનો રાજા પૂર્વે કર્ણ હતો

૧૬ विदेह-હમણા આને તિરહૂત કહે છે આના પૂર્વમા કુશી નદી વહે છે, પશ્ચિમમા ગડકી નદી વહે છે, ઉત્તરમા હિમાલય પર્વત છે અને દક્ષિણમા ગગા નદી વહે છે

૧૭ मिथिला-વિદેહની રાજધાની હતી

૧૮ कामरूप-હમણા આને આસામ દેશ કહે છે પ્રાચીનકાળમા મણિપુર, કચ્ચર, આસામનો પશ્ચિમ ભાગ, મૈમનસિહ અને સીલહટને કામરૂપ દેશ કહેતા હતા

૧૯ सुह्म-પૂર્વ બગાળાની પૂર્વ દિશામા હતો હમણા તેને આરાકાન કહે છે दामलिप्त નગર આની રાજધાની હતી તેનુ બીજુ નામ ताम्रलिप्त પણ છે, અને હમણા તેને તામલૂક કહે છે

૨૦ पुण्ड्र-બગાળનો પૂર્વ પ્રદેશ હાલમા તેને શીરોજાબાદ કહે છે તે માલવાથી ઉત્તરમા છ માઇલ ઉપર આવેલો છે સામાન્યત આ ઉત્તર બગાળ કહેવાય છે અને આમા રાજસાહી, દીનાજપુર, નદીઆ વગેરેનો સમાવેશ થાય છે

૨૧ काशीपुरी-આનુ બીજુ નામ वाराणसी પણ છે

૨૨ मणिकर्णिका घाट-કાશીમા ગગાના તીર ઉપર આ ઘાટ આવેલો છે અને હાલમા પણ તે તેજ નામથી પ્રસિદ્ધ છે

૨૩ मलयपर्वत-આ પર્વત દક્ષિણમા આવેલો છે અને તેના ઉપર ચન્દનના કાષ્ઠ થાય છે

૨૪ श्रावस्ति-આ નગરીને હમણા સાસાહેત માહેતના નામથી કહે છે તે ગોંડ જીલ્લામા, બળરામપુરની પાસે ઈરાવતી નદીના દક્ષિણ તીર ઉપર આવેલી છે અયોધ્યાથી ૫૮ માઈલ ઉત્તરમા છે બૌદ્ધ

ત્યા પચીસ વર્ષ રહ્યો હતો પરતુ દશકુમારમા જે શ્રાવસ્તિ છે તે આથી જૂદી જ છે અને તે પશ્ચિમમા આવેલુ થાણેશ્વર હોય એમ જણાય છે કારણ કે શ્રાવસ્તિમા ત્ર્યબકના ઉત્સવનિમિત્તે સમાજ એકઠો થાય છે અને મણિભદ્રની પુત્રી તારાવલી તે સમાજમા ભાગ લેવાને જાય છે આમ પાચમા ઉચ્છ્વાસમા લખ્યુ છે વળી તેનો રાજા ધર્મવર્ધન હતો એમ લખે છે હર્ષવર્ધન વગેરે રાજાઓ પશ્ચિમની શ્રાવસ્તિમા રાજ્ય કરતા હતા, અને તેઓ શકરના ઉપાસક હતા, તેથી આ શ્રાવસ્તિ પશ્ચિમની હોય એમ જણાય છે

૨૫ दामलिप्त–સુહ્મદેશની રાજધાની

૨૬ त्रिगर्त–પજાબ તરફ લાહોરનો એક ભાગ, જાલધર પ્રદેશ કેટલાએક કહે છે કે, આ દેશ સતલજ નદી ઉપર હતો, અને હમણા તેને કોઈ તીહોરા અને કોઈ કાગરાના નામથી કહે છે

૨૭ कांची–દક્ષિણ દેશમા આવેલી પ્રસિદ્ધ નગરી હાલની કાચીથી કઈક દૂર તેના ખડીએર છે.

૨૮ शिबि–કાવેરીના તીર ઉપર આવેલો દેશ કેટલાએક કહે છે કે, સ્વાત અને કદહારનો પ્રદેશ પૂર્વે તે શિબિ દેશ હતો

૨૯ शूरसेन–મથુરા નગરી અને તેની આસપાસનો પ્રદેશ

30 कलिंग–આ દેશ ઓરીસાની દક્ષિણે અને ગોદાવરીના મુખ આગળ છે તેને નોર્ધન સરકાર પણ કહે છે

31 कलिंग–આ નામનુ નગર પણ હતુ અને તે કલિગ દેશની રાજધાની હતુ

32 आध्र–ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચેનો પ્રદેશ તથા હૈદરાબાદની દક્ષિણે તૈલગણનો પ્રાત

33 विदर्भ–નર્મદાના કિનારાથી કૃષ્ણા નદીના કિનારા સુધીનો દેશ તે દેશ મોટો હોવાથી તેને મહારાષ્ટ્ર દેશ પણ કહે છે તેનુ મુખ્ય નગર કુડિન હતુ હમણા તે દેશને વિરાર પ્રાત કહે છે

3૪ अश्मक–આ દેશ બૃહત્સહિતા પ્રમાણે ઉત્તર પશ્ચિમમા હતો, એટલે વાયવ્ય ખૂણામા હતો અને તે દેશના લોકો છઠ્ઠા સૈકામા ગોદાવરીના તીર ઉપર વસતા હતા

3૫ कुतल–હાલમા બેલારી તાલુકાનો એક ભાગ છે, ત્યા આ દેશ હતો

૩૬ मुरल–તેને બહુધા કેરલ કહેતા હતા, અને તે વિદર્ભને તાબે હતો કેરલ દેશમા મુરલા નદી છે તે ઉપરથી કેરલને મુરલ કહેતા હતા

૩૭ कोशल–એક દેશ દક્ષિણમા હતો અને બીજો ઉત્તરમા હતો. જે ઉત્તરમા હતો, તેને હાલમા નાગપુર કહે છે.

૩૮ ऋचीक–આ દેશ માહિષ્મતી અને વિદર્ભની વચ્ચે હતો રામાયણના ચોથા કાડમા કહે છે કે,–

विदर्भान्नृचीकाश्चैव रम्यान्माहिषिकानपि । આ શ્લોકમા विदर्भ, ऋचीक અને माहिषिक દેશોને સાથે સાથે ભણ્યા છે, તેથી આ બધા દેશો પાસે પાસે હોવા જોઇએ

૩૯ कोंकण–દક્ષિણમા આવેલો એક દેશ

૪૦ सासिक्य–મુબઇની પરબે સુધારેલી પ્રતિમા सासिक्य પાઠ છે, અને મુબઈની સીરીઝમાથી નિકળેલી પ્રતિમા नासिक्य પાઠ છે ત્યારે કોઈ ઠેકાણે साहसिक्य એવો પાઠ પણ છે

૪૧ माहिष्मती-નર્મદાના દક્ષિણ કિનારા ઉપર હાલમા મહેશ નામથી એક ગામડું પ્રસિદ્ધ છે તે ઇદોરથી ૪૦ માઇલ દક્ષિણમા છે

૪૨ वानवास्य–વનવાસી હાલમા તેને મહીસૂર કહે છે. વિદર્ભના રાજા અનતવર્માને વાનવાસ્યના રાજા વસતભાનુની સાથે યુદ્ધ થયુ હતુ. વિદર્ભ તે હાલનો વિરાર પ્રાત

૪૩ नर्मदा–એક નદી છે અને સાત પુડા પર્વતમાથી નિકળીને ભગવાદાડી પાસે ખબાતના અખાતને મળે છે

૪૪ सौराष्ट्र–હાલમા તેને કાઠીઆવાડ કહે છે

૪૫ वलभी–હાલ તે ઠેકાણે વળા નામનુ ગામ છે અને ત્યા હજી પણ વલભીના જૂના ખડીએરો છે

૪૬ पाटलीपुर–એક નગરનુ નામ છે તેના રાજાને અને લાટ દેશના રાજાને યુદ્ધ થયુ હતુ તે ઉપરથી તે લાટની નજદીક હોય એમ જણાય છે યૂરોપિયન પડિતોએ આના વિશે કાઈ પણ લખ્યુ નથી પરતુ જૈન ગ્રથ सम्यक्त्वकौमुदीના બીજા પ્રસ્તાવમા पाटलीपुर ગૌડ દેશમા હતો એમ વર્ણન છે

૪૭ खेटकपुर–પ્રાચીન કાળનુ એક નાનુ ગામડુ.

૪૮ उत्कल–ઓરીસા પ્રાત

૪૯ दर्दुर–કલિગ દેશની પડોસમા આવેલો એક પર્વત

અનુક્રમણિકા

વિષય.	પત્રાંક.

કવિ દંડિકૃત

दशकुमारचरित

ગુજરાતી ભાષાંતર

पूर्वपीठिका

ઉચ્છ્વાસ ૧ લો.

ब्रह्माण्डच्छत्रदण्डः शतधृतिभवनाम्भोरुहो नालदण्डः
क्षोणीनौकूपदण्डः क्षरदमरसरित्पट्टिकाकेतुदण्डः ।
ज्योतिश्चक्राक्षदण्डस्त्रिभुवनविजयस्तम्भदण्डोऽङ्घ्रिदण्डः
श्रेयस्त्रैविक्रमस्ते वितरतु विबुधद्वेषिणां कालदण्डः ॥ १ ॥

બ્રહ્માંડરૂપી છત્રના દંડરૂપ, બ્રહ્માના ઉત્પત્તિસ્થાનરૂપ, કમળના નાળદંડરૂપ, પૃથ્વીરૂપી નૌકાના કૂપદંડરૂપ, વહેતી આકાશગંગારૂપી પતાકાના ધ્વજદંડરૂપ, નક્ષત્રમંડળના મધ્ય-દંડરૂપ, ત્રિભુવનના વિજયના સ્તંભદંડરૂપ તથા દેવના દ્વેષીઓ (અસુરો)ના કાળદંડરૂપ, ત્રિવિક્રમનો ચરણદંડ તમારૂ કલ્યાણ કરો.*

---

* ગ્રન્થકારે ગ્રન્થનો આરભ કરતા ઇષ્ટ દેવને નમસ્કાર કરવા, અથવા તો આશીર્વાદ આપવો, અથવા તો પ્રતિપાદ્યવસ્તુનો નિર્દેશ કરવો, આવો શિષ્ટોનો સપ્રદાય છે તે સપ્રદાયને અનુસરીને કવિ દડી, આ ગ્રન્થનો આરભ કરતા આ શ્લોકમા આશીર્વા-દાત્મક મગલ ભણે છે. આ શ્લોકમા વામનનો ચરણદડ ઉપમેય છે, તેનુ બ્રહ્માંડછત્રદડરૂપ ઉપમાનાદિકરૂપે અભેદપણાથી વર્ણન કર્યું છે, માટે આ શ્લોકમા રૂપક નામનો અલકાર છે રૂપક શબ્દનો અર્થ આ પ્રમાણે છે.–रूपयत्युपमानोपमेययोरभेदारोपे-

સમસ્ત નગરીઓની કસોટી (પરીક્ષા) કરનારી, નિત્ય વેચવાયોગ્ય વિસ્તારવાળી, અગણિત મણિગણ વગેરે વસ્તુઓથી જેનું માહાત્મ્ય રત્નાકર*(સમુદ્ર)ના જેવું ગવાયલું હતું એવી, મગધદેશના મસ્તકના આભૂષણરૂપ, પુષ્પપુરી નામની એક નગરી હતી. તેમાં રાજહંસ નામનો એક રાજા રાજ્ય કરતો હતો શૂરા સુભટોના સમુદાયરૂપી ઉછળતા મોજાવડે તથા ઘોડા અને હાથીરૂપી મઘરમચ્છોવડે ભયંકર એવા સકળ શત્રુગણના કટકરૂપી સાગરને મથન કરવામાં તેના પ્રચંડ ભુજદંડ મંદર પર્વતના જેવા હતા. ઇંદ્રની નગરીના આંગણાના વનમા (નંદનવનમાં) વિહાર કરવામાં પરાયણ એવી દેવોની તરુણ ગણિકા (અપ્સરા)ઓનાં મંડળથી વારંવાર ગવાતી, શરદ્ ઋતુના ચંદ્ર જેવી, ડોલરનાં પુષ્પ જેવી, કર્પૂર, ઝાકળ, મુકતામાલા, કમળ, હંસ, ઐરાવત (ઇંદ્રનો હાથી), જળ, દૂધ, શિવનું અટ્ટહાસ્ય, કૈલાસ અને કાસ (કાસડા)ના જેવી શ્વેત રંગની તથા દિશાઓના મધ્યભાગમા

णेकता नयति इति रूपकम् । ઉપમાનને તથા ઉપમેયને અભેદરૂપે એકપણાને જે પમાડે છે, તેનુ નામ रूपक કાવ્યપ્રકાશમા रूपक અલકારનું લક્ષણ આ પ્રમાણે છે —रूपक स्यादभेदो य उपमानोपमेययो ॥ જેમા ઉપમાનનો તથા ઉપમેયનો અભેદ હોય, તે રૂપકાલકાર આ શ્લોકમા વામનચરણરૂપી દડ ઉપમેયરૂપ છે, તેનુ બ્રહ્માડચ્છત્રદડ વગેરે ઉપમાનરૂપે અભેદપણાથી વર્ણન કર્યું છે, માટે રૂપક અલકાર છે. વળી આ શ્લોકમા કાવ દંડી दड શબ્દથી પોતાના दडी એવા નામની સૂચના પણ કરે છે.

* જેમ સમુદ્રમાં ઘણા રત્નો હોય છે તેમ આ નગરીમા પણ અનેક જાતના મણિઓ અને રત્નો હતા, તેથી આ નગરીનુ માહાત્મ્ય પણ રત્નાકર એટલે રત્નોની ખાણરૂપ સમુદ્રના જેવુ હતું.

ચોપાસાથી પ્રસરેલી અત્યંત મહતી કીર્તિવડે તે રાજા મનોહર લાગતો હતો; મેરુપર્વતના શિખર ઉપર ઉત્પન્ન થયેલા, સ્થૂલ તથા સુંદર એવાં રત્નોથી ભરપૂર રત્નાકરના (સમુદ્રના) તીરરૂપી કટિમેખલાઓથી વિંટાયલી પૃથ્વીરૂપી પ્રમદાના સૌભાગ્યનો ઉપભોગ કરવાથી ભાગ્યવાન્ હતો; વિશિષ્ટ વિદ્યાઓની સામગ્રીથી શોભાયમાન શિષ્ટ બ્રાહ્મણોનું નિત્ય યજ્ઞોમાં દક્ષિણા આપીને રક્ષણ કરતો હતો; શત્રુને સંતાપ ઉપજાવનારા પ્રતાપથી નિત્ય આકાશચારી સૂર્યના જેવો પ્રતાપી હતો; અને તેનું રૂપ અત્યંત ગર્વિષ્ઠ એવા કામદેવના સૌંદર્ય જેવુ મનોહર અને નિર્દોષ હતું. તેને વસુમતી નામની રાણી હતી એ બુદ્ધિમતી હતી અને કળા જાણનારા સ્ત્રીમંડળમાં શિરોમણિ હતી. શંકરે જ્યારે ક્રોધથી લલાટમા રહેલા અને ક્રોધથી રક્ત થયેલા (ત્રીજાં) નેત્રથી જેની પતાકાપર મકર કહેતા મત્સ્યનું ચિહ્ન છે એવા–કામદેવને બાળી નાંખ્યો હતો ત્યારે આ રાણી નિર્દોષ સ્ત્રી છે, આમ માનીને કામનાં શસ્ત્રોમાથી ભ્રમરમંડળ, ભયથી તે રાણીનો કેશપાશ (અંબોડો) થયું હતું, પ્રેમના ભંડારરૂપ ચંદ્ર તેનું કમળવિજયી મુખ થયો હતો, કામની વિજય ધ્વજારૂપે રહેલો મીન (મત્સ્ય) પોતાની સ્ત્રી સાથે તેનાં નેત્રરૂપે થયો હતો, કામના સર્વ સૈનિકોનો મુખ્ય નાયક મલયાચળનો પવન તેનો નિઃશ્વાસ (મુખનો પવન) થયો હતો, પ્રવાસીઓના હૃદયને તરવારની પેઠે ચીરી નાખનારો પ્રવાલ તેનો ઓષ્ઠબિંબ થયો હતો, વિજય (સમયે વગાડવાનો) શંખ તેની લાવણ્યની ધરારૂપ ગોળાકાર કંધરા થયો હતો, ચક્રવાકના આકારના બે પૂર્ણ કુંભ તેનાં સ્તન થયા હતા, કામના ધનુષ્યની દોરીરૂપ અત્યંત કોમળ કમળની લતા તેના બે બાહુ થઈ હતી, જરાક ઉઘ-

ડેલી અને કાનના આભૂષણરૂપ રાતા કમળની કળી ગંગાની ગોળાકાર ઘુમરીના જેવી તેની નાભિ થઈ હતી, યોગીના મનોરથોને દૂર કરનારો વિજયરથ તે રાણીની અત્યંત ઘાટી જંઘારૂપે જન્મ્યો હતો, કામના વિજયના સ્તંભરૂપ અને સંન્યાસીઓના કાર્યોમા વિઘ્ન કરનારી એવી બે સુંદર કદલી તેના બે સાથળ થઈ હતી, કમળનું છત્ર તેનાં બે ચરણ થયું હતું, તથા કામનાં અસ્ત્રભૂત પુષ્પો તે સ્ત્રીના બીજાં અંગ થયા હોય તેવી વસુમતી રાણી સુંદર હતી મગધરાજા સૌન્દર્યમા અમરાવતીને જિતનારી પુષ્પપુરીમાં રહી, નાના પ્રકારના ભોગ ભોગવાવીને લડાવેલી વસુમતીનો વસુમતી (પૃથ્વી)ની પેઠે સુખાનુસાર અનુભવ કરવા લાગ્યો

તે રાજાના પરમ આજ્ઞાપાલક ધર્મપાલ, પદ્મોદ્ભવ અને સિતવર્મા નામના ત્રણ કુલપરંપરાના અમાત્ય હતા. તે ત્રણે ધીર બુદ્ધિથી દેવના આચાર્ય બૃહસ્પતિને પણ મહાત કરે તેવા હતા તથા બૃહસ્પતિને પણ વિચાર કરવા યોગ્ય કાર્યમા સહાય કરનારા હતા તેઓમા સિતવર્માને સુમતિ અને સત્યવર્મા; ધર્મપાલને સુમંત્ર, સુમિત્ર તથા કામપાલ, અને પદ્મોદ્ભવને સુશ્રુત તથા રત્નોદ્ભવ નામના કુમાર થયા હતા. તેઓમા ધર્મશીલ સત્યવર્મા સંસારની અસારતા જાણીને તીર્થયાત્રા કરવાની ઇચ્છાથી પરદેશમા ગયો. કામપાલ વિટ,* નટ અને વેશ્યામા પરાયણ રહેતો હતો, તથા ઘણો

* विट –विटति कथयति वेश्यानागरिकयो परस्पर सदेशमिति विट । इति यशोधर । યશોધર વિટ્શબ્દની વ્યાખ્યા કરતા કહે છે કે –નાગરિકનો (ચતુરપુરુષ) અને વેશ્યાનો સદેશો એકબીજાને કહે તેનુ નામ વિટ

સાહિત્યદર્પણમા વિટનુ લક્ષણ આ પ્રમાણે વર્ણવ્યુ છે –

દુરાચારી હતો, તેથી પિતાની તથા જ્યેષ્ઠ ભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પૃથ્વી ઉપર ભટકવા લાગ્યો. રત્નોદ્ભવ૦ વ્યાપારમાં કુશળ હોવાથી સમુદ્રમાર્ગે પ્રવાસ કરવા લાગ્યો, અને મંત્રીઓના બીજા પુત્રો, જ્યારે પોતપોતાના પિતા સ્વર્ગના અતિથિ થયા (મરણ પામ્યા) ત્યારે, પોતાના પૂર્વજોની પેઠે મંત્રીનું કાર્ય કરવા લાગ્યા

તે પછી એક વખતે નાના પ્રકારના મોટાં આયુધો (શસ્ત્રો)ની નિપુણતાને લીધે અનેક યુદ્ધોમા ક્ષત્રિય રાજાઓના મુકુટોની બેસણી ઉપર તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરનારા મગધદેશના રાજાએ, રમતમાત્રમા સમુદ્રની ગંભીર ગર્જનાના અહંકારનો તિરસ્કાર કરે તેવો ભેરીનો અવાજ કરવા સાથે, અને બળાત્કારથી તે ધ્વનિને સાભળીને અત્યંત ભયભીત થઈ ગયેલા પ્રચંડ એવા દિગ્ગજોના મંડળને કંપાવતો કંપાવતો, પોતાના ભારને લીધે નમતી પૃથ્વીના ભારથી શેષ નાગના મસ્તકને પરિશ્રમ આપનારી ચાર અંગવાળી સેનાની સાથે સંગ્રામ કરવાની ઈચ્છાથી મહાન ક્રોધમા આવીને, નવા સંગ્રામમા શત્રુનો સંહાર કરનારા અને ઉત્કટમાનરૂપી બળવાળા માલવના રાજા માનસાર ઉપર

सभोगहीनसपत् विटस्तु धूर्त कलैकदेशज्ञ. ।
वेशोपचारकुशलो वाग्मी मधुरोऽथ बहुमतो गोष्ठयाम् ॥

જેની પાસે સુખ ભોગવી શકાય તેટલી સપત્તિ ન હોય, જે ધૂર્ત હોય, નૃત્ય, સગીત વગેરે કળાનો થોડોક ભાગ જાણતો હોય, જૂદા જૂદા વેશ કરવામા કુશળ હોય, વાચાળ હોય, વાતચિત કરવામા મીઠો હોય, તથા નાગરિક પુરુષોની મડળીમા જે ઘણો માનીતો હોય, તેને વિટ જાણવો.

ચઢાઈ કરી. માલવનો નાથ માનસાર પણ મૂર્તિમાન્ વિગ્રહ (યુદ્ધ) જેવો હતો. તે અનેક હાથીઓનાં મંડળની સાથે આગ્રહપૂર્વક પુનઃ સામે થઇને લડવાને બહાર નિકળ્યો. તે સમયે તે બન્નેના રથના ઘોડાઓની ખરીથી ખોદાયલી પૃથ્વી ઉપરથી ધૂડનો ઢગ ઉડીને આકાશના તળિયામાં વ્યાપી ગયો, ટોળાંબદ્ધ હાથીઓના ગંડસ્થળમાંથી ઝરતા મદના જળની ધારાથી તેની નીચેનો ભાગ ધોવાઈ ગયો હતો, અને ઉપરનો ધૂલિપટલ નવીન વલ્લભને વરવાને માટે ઉતરી આવેલી દેવ-કન્યાઓના પડદારૂપ તથા પટમંડપરૂપ થઈ પડ્યો હતો. તે સમયે સ્વર્ગના માર્ગમાં ઢોલના ધ્વનિ થતા હતા, તેથી બીજા કોઇનો પણ અવાજ સંભળાતો ન હતો દિશાઓના સર્વ મંડળ બેહેરા બોડ થઈ ગયા હતા અને બન્ને સૈન્યની વચ્ચે હથિયારે હથિયારનુ અને હાથે હાથનું યુદ્ધ થવા લાગ્યું; જેમા બન્ને તરફનાં સૈન્યનો નાશ થઈ ગયો તે યુદ્ધમાં માલવાના રાજાનું સકલ સૈન્યમંડળ નાશ પામ્યું મગધરાજાએ માલ-વાના રાજાને જીવતો પકડી પાડ્યો, અને કૃપાળુપણાથી પુનરપિ તેને તેના પોતાના રાજ્ય ઉપર બેસાડ્યો.

તે પછી મગધરાજા સમુદ્રપર્યંત પોતાની આજ્ઞા ફેલા-વીને રાજ્ય કરવા લાગ્યો અને પોતે પુત્રરહિત હોવાથી સર્વ લોકના કારણરૂપ નારાયણનું નિત્ય પૂજન કરવા લાગ્યો. તે પછી એક દિવસે તેની પ્રથમ પટ્ટરાણીએ પ્રાતઃકાળમાં ‘તું રાજાની પાસેથી કલ્પલતાનું ફળ મેળવીશ’ આવું શુભ સ્વપ્ન દીઠું, અને તેજ દિવસે રાણીએ પોતાના પ્રિય પતિના મનોરથના પુષ્પરૂપ ગર્ભ ધારણ કર્યો. ત્યાર પછી ઇંદ્રની સંપત્તિનો પણ તિરસ્કાર કરે, તેવી સંપત્તિવાળા તે રાજાએ

પોતાના મિત્રમંડળને બોલાવીને પોતાની સંપત્તિના તથા મનોરથના પ્રમાણમાં રાણીનો સીમંતોત્સવ* કર્યો.

---

* સીમંતોત્સવ:—સીમંતોન્નયન નામના સંસ્કારનો ઉત્સવ. સોળ સંસ્કારને માટે સંસ્કારભાસ્કરમાં આ પ્રમાણે લખાયલું છે.

गर्भाधानमतश्च पुंसवनकं सीमंतजाताभिधे
नामाख्यं सह निष्क्रमेण च तथान्नप्राशनं कर्म च ।
चूडाख्यं व्रतबंधकेऽप्यथ चतुर्वेदव्रतानां पुरः
केशान्तः सविसर्गकं परिणयः स्यात्षोडशी कर्मणाम् ॥१॥

ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકર્મ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, ચાર વેદના વ્રત, કેશાંત, સમાવર્તન અને વિવાહ આ સોળ સંસ્કાર છે. તેમાં સીમંતોન્નયન ત્રીજો સંસ્કાર છે અને તે ક્ષેત્રસંસ્કાર એટલે શરીર સંસ્કાર કહેવાય છે. સીમંતોન્નયન એમાં સીમંત અને उन्नयन એવા બે શબ્દ છે. સીમંત એટલે સેંથો અને તેનું उन्नयनम् કહેતાં તેને સ્પષ્ટ કરવો અર્થાત્ સેંથો પૂરવો. સ્ત્રી પ્રથમ ગર્ભવતી થાય છે ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારની પૂર્વે સ્ત્રીએ સેંથો પાડ્યા વગર જ માથાના કેશનો અંબોડો વાળવો, આમ શાસ્ત્રમાં કહ્યું છે. આ સંસ્કાર ગર્ભ રહ્યા પછી છઠ્ઠે અથવા તો આઠમે મહિને કરવો, આમ શાસ્ત્રમાં કહ્યું છે. આ સંસ્કાર કરતી વખતે પતિએ પ્રજાપતિને ઉદ્દેશીને અગ્નિમાં હોમ કરવો, અને પછી અગ્નિની પશ્ચિમ દિશા તરફ મૃદુ આસન ઉપર બેઠેલી સ્ત્રીના મસ્તક ઉપર કાચાં ફળવાળી ઉંબરાની બે ડાખળીઓ, ત્રણ દર્ભનાં પવિત્રાં, ત્રણ ઠેકાણે શ્વેત રંગની સેઢાઇનું એક પીછું, એક બાણ તથા સૂતરથી વીંટેલી એક ત્રાક, આ પાંચ વસ્તુથી નીચેનો મંત્ર ભણીને સેંથો પૂરવો. ॐ भूर्विनयामि ॐ भुवर्विनयामि ॐ स्वर्विनयामि । વિશેષ વિધિ માટે સંસ્કારભાસ્કરમાં જુવો.

એક દિવસે સર્વગુણસંપન્ન રાજહંસ રાજસભામાં સિંહા-સન ઉપર બેઠો હતો અને તેની આસપાસ મિત્રો, મંત્રીઓ અને પુરોહિતો* બેઠા હતા તે સમયે, દ્વારપાલે બે હાથ જોડી, પોતાના લલાટતટ ઉપર મૂકીને વિનતિ કરી કે:-"રાજાજી! કોઈ એક સંન્યાસી મનમા આપનાં દર્શનની અભિલાષા કરીને રાજમહેલની દેવડી ઉપર (આવી) ઉભો છે, માટે આપે તેની પૂજા કરવી યોગ્ય છે." એટલે રાજાએ તેને અંદર આવવાની આજ્ઞા કરી, કે દ્વારપાલ તે સંન્યાસીને રાજાની પાસે લાવ્યો. રાજાએ તે સંન્યાસીને આવતો જોઇને, 'આ તો ગુપ્ત દૂત છે,' આમ સારી રીતે જાણી લીધું, અને સર્વ અનુચરવર્ગને રજા આપીને મંત્રીઓને જ પાસે રાખ્યા

દૂતે પ્રણામ કર્યા પછી રાજાએ મંદમંદ હસતા દૂતને પૂછ્યું:-"હે તાપસ! તુ તપસ્વીના વેશમાં દેશેદેશમા ભમ્યો છે ત્યા ત્યા તે જે જાણ્યું હોય, તે મને કહે

પૃથ્વી ઉપર ભ્રમણ કરવાથી દૃઢ થયેલા તે તાપસે બે હાથ જોડીને કહ્યુ.-"રાજાજી! હું આપની આજ્ઞાને મસ્તક ઉપર ચઢાવી, આ નિર્દોષ વેશ ધારણ કરીને માળવાના રાજાના નગરમા દાખલ થયો હતો, અને ત્યા અત્યત ગુપ્ત રહી તે રાજાનું સર્વ વૃત્તાત જાણીને પાછો આવ્યો છું માની માનસાર યુદ્ધમા પોતાના સર્વ સૈનિકોનો નાશ થવાથી તથા તમારાથી પરાજય પામ્યા પછી મનમા ખિન્ન થઈ ગયો હતો, તેણે નિર્દય થઇને મહાકાલ

* પુરોહિત -ઘરના શાંતિપૌષ્ટિક ધર્મકૃત્યો કરનારો બ્રાહ્મણ; કાર્યપ્રસગ આવે ત્યારે યજમાનવતી તેના ઘરમા અગ્નિહોત્ર, પચમહા-યજ્ઞ વગેરે કરનાર. પૂર્વે રાજાઓ અને શ્રીમંતો પોતાના ઘરમા પુરો-હિતને ખાસ રાખતા હતા. પાડવોના પુરોહિત ધૌમ્ય હતા.

નામના ક્ષેત્રમાં રહેનારા, કાલીના વિલાસી, અવિનાશી મહેશ્વરની સમારાધના કરી હતી. કાલીવિલાસી તેના તપના પ્રભાવથી સંતુષ્ટ થયા છે, અને તે તેમની પાસેથી શૂરા શત્રુઓનો નાશ કરનારી એક ભયંકર ગદા મેળવીને પોતાને જ અનન્ય (એક્કો) સુભટ માને છે, અને તે મોટા અભિમાનથી આપની સામે ચઢાઈ કરવામાટે ઉદ્યોગ કરી રહ્યો છે હવે પછી શું કરવું? તેનો આપ નિશ્ચય કરો

તે સાભળીને અમાત્યોએ શત્રુના કાર્યવિશે વિચાર કરીને, રાજાને વિનતિ કરી કેઃ—રાજાજી! શત્રુ દેવની સહાયતાથી લઢવાને આવે છે; માટે એમાં આપણો ઉપાય ચાલે તેમ નથી; માટે હમણા યુદ્ધ કરવુ અયોગ્ય છે. માટે તુરત જ કિલ્લાનો આશ્રય કરવો યોગ્ય છે”

આવી રીતે મંત્રીઓએ રાજાને બહુ પ્રકારે સમજાવ્યો, છતા મહાગર્વિષ્ઠ રાજહંસે મંત્રીઓના વાક્યનો અકાર્યની પેઠે અનાદર કર્યો અને શત્રુની સામે લડવાનો મનમા વિચાર કર્યો. એવામાં માનને બળ માનનારો માનસાર રાજા, શંકરે આપેલી શક્તિથી બળવાન્ બનીને સંગ્રામની સામગ્રી સાથે, યુદ્ધની ઇચ્છાવાળા યોધાઓને મોખરે થઈને ઉત્સાહથી મગધ દેશમા દાખલ થયો. તેના ચઢી આવવાના સમાચાર સાભળીને મંત્રીઓએ મગધના મહારાજાને માડમાડ સમજાવ્યો, અને શત્રુઓથી જઈ શકાય નહિ તેવા વિંધ્યના અરણ્યમાં મૌલ* સૈન્યના રક્ષણ નીચે રાજાના જનાનાને મૂકયું અને પછી રાજા રાજહંસ પણ ઉત્સાહવાળા

---

* જે સૈન્ય પરપરાથી ઉતરી આવેલુ હોય, તે મૌલ સૈન્ય કહેવાય છે

ઉત્તમ સૈન્યની સાથે ઝડપથી નગરમાંથી બહાર નીકળ્યો અને મહાક્રોધી એવા શત્રુને આગળ વધતાં અટકાવ્યો. તે પછી પરસ્પર વૈરી થયેલા બંને શૂરવીરોની વચ્ચે યુદ્ધ થવા લાગ્યું, અને તે યુદ્ધ જોવાના કુતૂહલથી આવેલા દેવતાઓ (પણ) આશ્ચર્ય પામ્યા. તે પછી માલવ દેશના રક્ષક રાજાએ વિજયની આકાક્ષાથી સંગ્રામમા અનેક જાતના આયુધોના દૃઢતાથી પ્રયોગ કરીને, અમરરાજા—દેવરાજા ઇંદ્રના સમાન મગધરાજાની ઉપર પૂર્વે ત્રિપુરના* શત્રુ શંકરે આપેલી ગદા ફેંકી મગધરાજાએ તીક્ષ્ણ બાણો મારીને તેના કટકા કરી નાખ્યા, તોપણ પશુપતિની આજ્ઞા નિષ્ફળ થવી ન જોઇએ, તેથી તે ગદાએ સારથિને મારી નાખીને રથમાં બેઠેલા રાજાને મૂર્છિત કરી દીધો પરંતુ તેના ઘોડાઓનાં શરીરને જરા પણ ઇજા થઈ નહિ. તે પછી તેના રથના ઘોડાઓ રજ્જુ (લગામ) વિનાના થઈ જવાથી દૈવયોગથી જે મહારણ્યમાં તેનાં અંતઃપુરે (જનાનાએ) વાસ કર્યો હતો, તે અરણ્યમા રથને લઇને દાખલ થયો માલવરાજા વિજયલક્ષ્મીથી સંપન્ન થયો અને સમૃદ્ધિવાળા મગધના રાજ્યને તાબે કરીને પુષ્પપુરમા રહેવા લાગ્યો.

યુદ્ધમા અમાત્યો શસ્ત્રોના પ્રહારથી શ્રમિત થઈ ગયા હતા, પરંતુ દૈવગતિથી જીવતા રહ્યા હતા પ્રભાતના શીતળ પવનના સ્પર્શથી તેઓને ચેતન આવ્યા પછી તેઓ માડ માડ ધૈર્ય ધારણ કરીને ચોતરફ પોતાના રાજાની શોધ કરવા લાગ્યા, પરંતુ રાજાનો કાંઈ પત્તો લાગ્યો નહિ. એટલે

---

* ત્રિપુરના શત્રુ—ત્રિપુર નામના અસુરના શત્રુ એક મહા અસુર ત્રણ નગર લઇને આકાશમાં ફરતો હતો, તેથી તેને ત્રિપુર કહેતા હતા. શકરે તેનો નાશ કર્યો હતો. તેથી શકરને ત્રિપુરના શત્રુ ત્રિપુરારિ કહે છે

તેઓ ખિન્ન થઇને રાણીની પાસે ગયા. રાણી તેઓની પાસેથી સેનાના નાશના તથા રાજાના અદૃશ્ય થઈ જવાના સમાચાર સાંભળીને ઉદ્વેગથી શોકસાગરમાં ડૂબી ગઈ, અને તેણે પોતાના પતિની પાછળ સતી થવાનો વિચાર કર્યો. એટલે 'ઓ કલ્યાણિ ! રાજાના મરણને માટે ખાતરી નથી. વળી ઉદ્ધત શત્રુઓનો નાશ કરનાર, ભવિષ્યમા ચક્રવર્તી થનારો મનગમતો સુકુમાર કુમાર તમારા ઉદરમાં વસે છે, આમ જ્યોતિષીએ જણાવ્યું છે; માટે તમારે હમણાં મરવું અનુચિત છે.' આ રીતે અમાત્યોએ અને પુરોહિતોએ સુંદર ભાષણથી રાણીને સમજાવી, એટલે તે દુઃખી રાણી તે ક્ષણે છાનીમાની બેસી રહી. તે પછી અર્ધરાત્રિનો સમય થયો અને પરિજનો (આસપાસનાં મનુષ્યો) નિદ્રાવશ થયા કે, એકાંતમાં અપાર એવો શોકસાગર તરવાને અસમર્થ થયેલી તે રાણી, નિરવ થયેલા સેનાના પડાવને ધીરે ધીરે ઉલ્લંઘન કરી ગઈ, અને રાજાના રથને ખેંચીને દોડતા દોડતા થાકી ગયેલા અને માર્ગમા જ ગભરાઈ ગયેલા એવા ઘોડાઓ, જે વડના ઝાડની સાથે રાજાનો રથ ભરાઈ જવાથી આગળ વધવાને અસમર્થ થવાથી પ્રથમથી જ જે ઝાડની પાસે ઉભા રહ્યા હતા, તે પાસે રહેલા વડના ઝાડની મરણની રેખા સમાન કોઈ એક શાખામા ઉત્તરીય (સાડી) વસ્ત્રના અર્ધભાગની ફાસી બનાવીને મરવાની ઇચ્છાવાળી, મનોહારિણી, વાણીની મધુરતાથી કોકિલના કંઠને નીરસ કરનારી તે રાણી ગળગળા કંઠથી વિલાપ કરવા લાગી કેઃ—"હે પુષ્પબાણસમાન લાવણ્યવાન્ રાજન્ ! આવતા જન્મમાં પણ આપ જ મારા વલ્લભ (પતિ) થજો !" મગધ રાજા ઘણું લોહી વહેવાથી ભાન વિનાનો થઈગયો હતો, પરંતુ તે સમયે ચંદ્રનાં શીતલ કિરણોનો સ્પર્શ થવાથી

રાજાને ભાન આવ્યું હતું તેથી 'આ રાણીનું જ વાક્ય છે' આમ તેણે નિશ્ચય કર્યો, અને પ્રિય વચનોથી ધીરેધીરે રાણીને બોલાવી. એટલે રાણી ગભરાતી ગભરાતી ત્યા ગઈ હૃદયના અપાર આનંદથી તેનું મુખકમળ પ્રફુલ્લિત થઈ ગયું, અને ઉપવાસી હોય તેમ સ્થિર નેત્રથી રાજાને જોઇને, સ્પષ્ટ અને ઉચ્ચ સ્વરે પુરોહિત, મંત્રી વગેરેને બોલાવીને તેઓને રાજા બતાવ્યો. અમાત્યો પછી પોતાના લલાટતટથી રાજાના ચરણકમળમા પ્રણામ કરી અને દૈવના માહાત્મ્યના વખાણ કરી રાજાને કહેવા લાગ્યા કેઃ–"હે રાજાજી! સારથિના મરણ પછી આપના રથના ઘોડાઓ રથને એકદમ અરણ્યમા ખેંચી લાવ્યા હતા." તે પછી રાજાએ કહ્યુ કેઃ–"તે સંગ્રામમા ઘણા સિપાઇઓ મરણ પામ્યા પછી, શકરની આરાધના કરનારા માલવ રાજાએ નિર્દયતાથી મને ગદા મારી તેનાથી હુ મૂર્છિત થઈ ગયો હતો, પરંતુ આ વનમા પ્રાત.કાળના પવનનો સ્પર્શ થવાથી મને ભાન આવ્યું છે." (રાજાનુ કહેવુ સાભળ્યા પછી) મત્રીમડળે રાજા જીવતા રહ્યા અને તેના પત્તો લાગ્યો, તે નિમિત્તે મહોત્સવ કર્યો, અને દૈવની અનુકૂળતા કરી આપનારા સમયે (શુભ સમયે) રાજાને છાવણીમા લાવીને તેના શરીરમાથી બાણના સર્વ ફળા કાઢી નાખ્યા. તેના ઘાવને પણ એકદમ રુઝાવ્યા અને રાજાને હસતા મુખારવિંદવાળો કર્યો તોપણ દૈવ વિરુદ્ધ હોવાથી મગધરાજાનુ પરાક્રમ પડી ભાગ્યું હતું, તેથી તેના મુખની આકૃતિ ઉદાસ રહેતી હતી, અને તેના મનમાં અત્યત પીડા થયા કરતી હતી તે ઉપરથી, બુદ્ધિમતી વસુમતી રાણીએ, મંત્રીઓની સંમતિથી મૃદુ વચનોવડે રાજાને ઉપદેશ આપ્યો કે – "હે દેવ! તમે સર્વ રાજાઓમા મહાતેજસ્વી છો અને મોટા

છો. છતા હમણા વિંધ્યાચળના વનમાં વાસ કરો છો. શોભાયમાન એવી સંપત્તિ પાણીના પરપોટા સમાન છે. તે વિજળીની પેઠે એકદમ ઉદય પામે છે (પ્રકાશે છે) અને પાછી એકદમ નાશ પામે છે માટે સર્વ કાર્ય દૈવાધીન જ છે, આમ જાણો પૂર્વે હરિશ્ચન્દ્ર, રામચંદ્ર પ્રમુખ અસંખ્ય રાજાઓ મહેન્દ્રસમાન ઐશ્વર્યવાળા હતા, છતા તેઓએ દૈવાધીન એવા દુઃખરૂપી યંત્રનો સારી રીતે અનુભવ કર્યા પછી, પાછળથી ઘણા કાળ સૂધી પોતાનુ રાજ્ય કર્યું હતુ. તમે પણ તેઓની પેઠે જ ભવિષ્યમા રાજ્ય ભોગવશો હમણાં કેટલાએક કાળ સૂધી "આ દુ.ખ દૈવ તરફથી આવ્યું છે," આ રીતે મનનું સમાધાન કરીને માનસિક પીડાને દૂર કરો."

તે પછી રાજહંસ, સર્વ સૈન્યની સાથે પોતાની અભિલાષાને પૂર્ણ કરવામા સાધનરૂપ અને તપથી શોભાયમાન એવા વામદેવ નામના તપોધનની પાસે ગયો, અને તેને પ્રણામ કરીને તેની પાસે બેઠો તપોધને તેનો અતિથિસત્કાર કર્યો તે પછી તે રાજાએ તે તપસ્વિની પાસે પોતાની સત્ય કથા સભળાવી, અને પરિશ્રમને દૂર કરનારા તેના આશ્રમમા કેટલોએક સમય સૂધી રહ્યો તે પછી સોમકુળમા આભૂષણરૂપ, મિતભાષી રાજહંસે પોતાનુ રાજ્ય પાછું મેળવવાની અભિલાષાથી મુનિને કહ્યું.-"ભગવન્! માનસાર, દૈવના પ્રબળ બળથી મને જિતી લઈને, મારે ભોગવવા યોગ્ય રાજ્યનો ઉપયોગ કરે છે તે પ્રમાણે જ હું પણ, "લોકોના શરણરૂપ આપની દયાથી એક ઉગ્ર તપ કરીને તે શત્રુને નિર્મૂલ કરુ," આવા હેતુથી આપ વ્રતધારીની પાસે હું આવ્યો છુ" તે સાભળીને ત્રણ કાળને જાણનારા તપોધને રાજાને કહ્યું:-"઼ઓ સખા! તપ શરીરને દુર્બળ કરનારુ છે, તેનું

(તારે) કંઈ પણ પ્રયોજન નથી. વસુમતીના ઉદરમાંથી સર્વ શત્રુનો સંહાર કરનારા રાજપુત્રનો અવશ્ય જન્મ થશે. માટે થોડો કાળ તું છાનોમાનો બેસી રહે.” તે જ સમયે આકાશવાણીએ પણ કહ્યું કે:–“આ વાત સત્ય છે.” એટલે રાજા પણ મુનિના વાક્યને અંગીકાર કરીને બેસી રહ્યો.

તે પછી ગર્ભના દિવસો પૂર્ણ થયા ત્યારે વસુમતીએ શુભ મુહૂર્તમા સર્વલક્ષણસંપન્ન એક પુત્રને જન્મ આપ્યો અને વૈદિક કર્મને જાણનારા રાજાએ બ્રહ્માસમાન બ્રહ્મતેજસ્વી પુરોહિતને આગળ કરીને તે સુકુમાર કુમારને જાતકર્મ* નામનો સંસ્કાર કર્યો, તથા બાળકોચિત આભૂષણોથી સુંદર લાગતા તે કુમારનું રાજવાહન એવું નામ પાડ્યું. તે જ સમયે સુમતિ, સુમંત્ર, સુમિત્ર અને સુશ્રુત નામના મંત્રીઓને ત્યા પણ પ્રમતિ, મિત્રગુપ્ત, મંત્રગુપ્ત અને વિશ્રુત નામના મહાશોભાયમાન, ઉદય પામતા નવીન ચદ્રના જેવી કાતિવાળા અને દીર્ઘ આયુષ્યવાળા પુત્રોનો જન્મ થયો રાજવાહન પણ પોતાના મિત્ર એવા મંત્રીના પુત્રોની સાથે બાલક્રીડા કરતો મોટો થવા લાગ્યો

ઉપહારવર્માની ઉત્પત્તિની કથા

તે પછી એક દિવસે એક તપસ્વી, રાજાના લક્ષણોથી શોભાયમાન, નેત્રને આનંદ આપનારો, સુકુમાર એક કુમાર

---

*जातकर्म –આ ચોથો સંસ્કાર છે, અને પુત્ર જન્મ્યા પછી નાલચ્છેદનની પૂર્વે કરવામા આવે છે जात એટલે જન્મેલો બાળક, તેના આયુષ્યની વૃદ્ધિને માટે જે સંસ્કાર કરવામા આવે છે, તે जातकर्म કહેવાય છે આ સસ્કાર કરવાથી પુત્ર શ્રીમાન્, યશસ્વી અને બ્રહ્મવર્ચસ્વી થાય છે.

પ્રીતિથી રાજહંસ રાજાને અર્પણ કરીને બોલ્યો:-"હે ભૂમિવલ્લભ! હું દર્ભ તથા સમિધ લેવાને વનમા ગયો હતો. ત્યાં મે સ્પષ્ટ રીતે દરિદ્રી જણાતી કોઈ એક નિરાધાર સ્ત્રીને રડતા દીઠી. એટલે મે તેને પૂછ્યું કે, 'આ નિર્જન વનમા તું શા માટે રડે છે?' આ રીતે પ્રશ્ન કરવાથી તે પોતાના કરકમળથી અશ્રુ લૂછી નાખીને ગળગળા કંઠથી મને કહેવા લાગી.-"હે મુનિ! લાવણ્યથી કામને જિતનારા (કામના જેવા રૂપાળા), અને જેની કીર્તિ સુધર્મા સભામા (દેવસભામા) ફેલાયલી છે એવા મિથિલાના રાજા, પોતાના મિત્ર મગધરાજાની સ્ત્રીના સીમંતમહોત્સવમા પુત્રને તથા સ્ત્રીને સાથે લઈને પુષ્પપુરીમા ગયા હતા અને ત્યાં કેટલોએક સમય રહ્યા હતા એવામા માળવાનો રાજા શંકરનું આરાધન કરીને કૃપા મેળવ્યા પછી મગધદેશના રાજાની સામે યુદ્ધ કરવામાટે ચઢી આવ્યો અને તે બન્ને પ્રસિદ્ધ રાજાની વચ્ચે લાંબા કાળ સૂધી યુદ્ધ ચાલ્યું તેમા વિદેહ રાજાએ મિત્રને સહાયતા કરી, પરંતુ યુદ્ધમાં વિદેહ રાજાનુ સૈન્ય નાશ પામ્યું અને શત્રુનો વિજય થયો કે, માનસારે વિદેહના રાજા પ્રહારવર્માને પકડી પાડ્યો, પરંતુ દયાથી તથા તેના પંડના પુણ્યથી તેને છોડી દીધો. તે પછી તે મરતા બાકી બચેલા નિર્બળ સૈન્યની સાથે પોતાના નગર તરફ જવા લાગ્યો. તે વનના દુર્ગમ માર્ગમા થઈને જતો હતો, એવામા તેના કરતા અધિક બળવાન્ ભિલ્લોની એક સેનાએ તેના ઉપર વેગથી ચઢાઈ કરીને તેને ચોતરફથી મારવા માડ્યો, તે વખતે મૌલ સેનાએ તેના જનાનાનુ (રાણીઓનુ) રક્ષણ કર્યું, અને રાજા ભિલ્લના મોટા ઘેરામાથી પલાયન કરી ગયો. રાજા ઉતાવળથી નાશી ગયો, તેથી તેના બે જોડિયા પુત્રની ધાવ તરીકે યોજાયલી

હું તથા મારી પુત્રી એમ અમે બન્ને તેની પાછળ જઈ શકી નહિ. તે પછી ત્યા વનમા મૂર્તિમાન્ કોપના જેવો એક વાઘ મોઢું ફાડીને એકદમ મને ખાવા માટે આવ્યો, તેથી હું ડરી ગઈ અને ઠેસ વાગવાથી એક ધારવાળા પથરા ઉપર પડી ગઈ, અને કુમાર મારા હાથમાંથી પડી જઈને કોઈ એક કપિલા ગાયના શબના ખોળિયામાં પડ્યો અને તેમા ઢંકાઈ ગયો. તે પછી ક્રોધમા આવેલો પેલો વાઘ તે ગાયના શબને ઘસડીને લઈ જવા લાગ્યો, એટલામા તો ધનુષ્યમાથી છૂટેલા એક બાણે તેના પ્રાણ હરી લીધા, અને ભિલ્લ લોકો ચંચળ કેશવાળા તે બાળકને ત્યાથી કોઈક ઠેકાણે લઈ ગયા, અને બીજા કુમારને સાચવનારી મારી દીકરી ક્યા ગઈ છે, તે હું જાણતી નથી કારણ કે તે પછી મને મૂર્છા આવી હતી તે સ્થિતિમા એક દયાળુ મેષપાળ* મને પોતાની ઝુપડીમાં લઈ ગયો અને ત્યા(તેની સારવારથી) મારા ઘાવ રુઝાઈ ગયા છે, હું સાજી થઈ છુ અને પાછી રાજાની પાસે જવાની ઇચ્છા રાખું છું; પરંતુ સહાય ન હોવાથી, તેમ મારી દીકરી ક્યા ગઈ છે તેના સમાચાર જાણતી નથી તેથી વ્યાકુળ બની ગઈ છું.' આવી રીતે કહીને તથા 'હું એકલી પણ રાજાની પાસે જઈશ' આમ કહીને તે સ્ત્રી તે જ વખતે ત્યાથી ચાલી નિકળી. તમારા મિત્ર વિદેહનાથને વિપત્તિ પડી, તેથી મને પણ ખેદ થયો, અને તેના વંશના અંકુરભૂત તેના કુમારની શોધ કરતો કરતો તે વખતે હું ચંડિકાના એક સુંદર મંદિરમા જઈ ચઢયો ત્યા ભિલ્લ લોકો પોતાના કાર્યના વિજય નિમિત્તે દેવીને એક કુમારનું બલિદાન આપનારા હતા. મેં

* ભરવાડ.

તેઓને આ પ્રમાણે ભાષણ કરતા સાંભળ્યા: "આ બાળકને વૃક્ષની શાખાએ લટકાવીને તરવારના એક ઝટકાથી મારી નાખીએ, અથવા તો રેતીમા ખાડો ખોદી, તેમા તેના બન્ને ચરણને દાટીને, સજ કરેલા બાણોના સમૂહથી તેને નિશાન કરીને મારી નાખીએ, અથવા તો ચારે પગથી દોડતા કુતરાઓ તેને કરડાવીને તેને મારી નાખીએ' એ સાભળીને ઉપર પ્રમાણે ભાષણ કરનારા ભિલ્લોને મેં કહ્યુ.–'ઓ ભલા ભિલ્લો! આ ભયંકર માર્ગવાળા અરણ્યમા હું વૃદ્ધ બ્રાહ્મણ માર્ગ ભૂલી જવાથી, મારા એક નાના બાળકને એક વૃક્ષની છાયામા મૂકીને માર્ગની શોધ કરવામાટે જરા આગળ ગયો હતો, પણ પાછા આવીને મેં ચોતરફ બારીકીથી જોયું તો પણ તે બાળક મારા જોવામા આવ્યો નહિં તો તે ક્યાં ગયો હશે? અથવા તો તેને કોણ લઈ ગયું હશે? તેનું મુખ જોયા વગર આજે મને ઘણા દિવસો વીતી ગયા છે. હુ શું કરુ? ક્યા જાઉ? તમે તો તેને શુ દીઠો નથી? ભિલ્લો બોલ્યા –'ઓ દ્વિજોત્તમ! અહીં એક બાળક છે. જોવો, એ શુ તમારો દીકરો છે?' મે ઉત્તર આપ્યો કે, હા! ભિલ્લો બોલ્યા. 'તો તમે એને લઈ જાઓ!' આમ કહીને દૈવની અનુકૂળતાથી તેઓએ તે બાળક મને આપ્યો. તે પછી હું તેઓને આશીર્વાદ આપી, તે બાળકને લઈ, થંડા પાણીના ઉપચારથી તેની આશ્વાસના કરીને નિ શક રીતે તેને આપની પાસે લાવ્યો છું. પિતાતુલ્ય આપ આ આયુષ્માનની રક્ષા કરો? પોતાના મિત્રને આપત્તિ આવવાથી પોતાને જે શોક થયો હતો તે શોકને, તે રાજાએ તેના પુત્રના અવલોકન-સુખથી જરાક ઓછો કર્યો, અને તેને ઉપહારવર્માના નામથી

બોલાવીને (તેનુ ઉપહારવર્મા એવું નામ પાડીને) રાજવાહનની પેઠે તેને ઉછેરવા માડ્યો

અપહારવર્માની ઉત્પત્તિની કથા

રાજા કોઇએક પર્વને દિવસે ભિલ્લોના રહેઠાણની પાસે આવેલા માર્ગ ઉપર થઇને તીર્થમા સ્નાન કરવા માટે જતો હતો. તે સમયે માર્ગમા એક સ્ત્રી અનુપમ શરીરવાળા એક કુમારને પ્રેમથી રમાડતી હતી (તે નજરે પડી). તે કુમારને જોઇને રાજાએ કુતૂહલથી વ્યાકુળ થઇને તે સ્ત્રીને કહ્યુ –'ઓ ભામિનિ ! *સુંદર શરીરવાળો તથા રાજાના ગુણોથી ભરપૂર એવો આ બાળક તારા વંશમા જન્મેલો હોય એમ જણાતુ નથી આ પુત્ર કોના નેત્રને આનંદ દેનારો છે? (કોનો પુત્ર છે?) અને તારા સ્વાધીનમા કેવી રીતે આવ્યો છે? તું ખરી વાત કહે' પેલી ભિલડી પ્રણામ કરી, લટકો કરીને બોલી 'ઓ રાજાજી! ઇંદ્રના સમાન મિથિલાના રાજા અમારા ગામની પડોસમા આવ્યા હતા તે સમયે ભિલ્લની એક સેનાએ તેનુ સર્વ ધન લુટી લીધુ હતુ. તે સમયે મારો ધણી આ કુમારને હરી લાવ્યો હતો અને મને આપ્યો હતો તેથી હુ તેને ઉછેરુ છુ.' તેના કહેવા ઉપર વિચાર કરીને કાર્યવેત્તા રાજાએ, મુનિએ કહેલો બીજો રાજકુમાર આ જ છે, આવો નિશ્ચય કર્યો, અને સામના વચનોથી તથા ધનદાનથી તે સ્ત્રીને સમજાવીને તે કુમારને પોતાને ઘેર આણ્યો, અને તેનું અપહારવર્મા એવુ નામ પાડી 'આ છોકરાને ઉછેરો,' આમ કહીને તે કુમાર રાણીને સોંપ્યો.

---

* भाम–क्रोधे भाम ધાતુ ક્રોધવાચક છે તેથી भामिनि શબ્દ ક્રોધી સ્ત્રીનો વાચક છે. પરતુ અહી સામાન્ય સ્ત્રીનો વાચક જાણવો, એમ દીપિકાકાર કહે છે.

પુષ્પોદ્ભવની ઉત્પત્તિની કથા

એક દિવસે વામદેવનો શિષ્ય સોમદેવશર્મા એક બાળકને રાજાની આગળ મૂકીને બોલ્યો.–"આ રાજા! હું રામતીર્થ નામના તીર્થમા સ્નાન કરીને પાછો આવતો હતો, એવામા અરણ્યભૂમિમા એક સ્ત્રી એક સુંદર કુમારને તેડીને ઉભી હતી. તે કુમારને જોઇને મેં આદરથી તેને પૂછ્યું,–'આ ડોસી! તું કોણ છે? આ અરણ્યમા બાળકને તેડીને શા માટે ભટકે છે? ને શા માટે પરિશ્રમ વેઠે છે?' તે ડોસીએ પણ ઉત્તર આપ્યો કે,–'આ મુનિવર! કાલયવન* નામના દ્વીપમા કાલગુપ્ત નામનો મોટો ધનાઢ્ય એક વૈશ્ય (વાણિયો) રહે છે નેત્રને આનંદ આપનારી સુવૃત્તા નામની તેની પુત્રીને રત્નોદ્ભવ પરણ્યો હતો. એ રત્નોદ્ભવ આ જ દ્વીપમાથી ત્યા ગયો હતો મગધ રાજાના પુષ્પોદ્ભવ મંત્રીનો તે પુત્ર થતો હતો. તેનામા રમણીય ગુણો હતા તેણે પૃથ્વી ઉપર પ્રવાસ કર્યો હતો તે મનોહારી અને વ્યાપારી હતો તે કન્યાને પરણ્યા પછી તેના સસરાએ, સારી વસ્તુઓ તથા સંપત્તિ ભેટ કરીને તેનો સત્કાર કરીને (તેને પોતાને ત્યા રાખ્યો હતો) કેટલોક કાળ ગયા પછી નમ્ર અંગવાળી તેની સ્ત્રી ગર્ભવતી થઈ. તે પછી રત્નોદ્ભવને પોતાના સહોદર ભાઇના દર્શ-

---

*कालयवनद्वीप જગબાર અથવા તો અરબસ્તાનના કિનારાની નજદીકના કેટલાએક બેટ હોવા જોઇએ. આ વાર્તા ઉપરથી એમ લાગે છે કે, કવિ દંડીના સમયમા વૈશ્યો હિંદુસ્તાનની બહારના યવનોના મુલકોમા જળમાર્ગે વ્યાપાર ખેડતા હતા, ત્યા જ ઘરબાર માંડીને રહેતા હતા, અને ત્યા જ પોતાના સંતાનોના વિવાહાદિક પણ કરતા હતા.

નની ઈચ્છા થવાથી, પોતાના સસરાને મહા મહેનતે સમજાવીને, આ ચંચળનયનાની સાથે એક વહાણમાં બેસીને તે પુષ્પપુર તરફ ચાલ્યો. માર્ગમાં મોજાઓની માળાઓ સાથે અથડાવાથી તેનું વહાણ સમુદ્રના જળમાં ડૂબી ગયું. તે વખતે તેણે ધાવ તરીકે જેને રાખી હતી એવી હું ગર્ભના ભારથી જડ થયેલી તેની સ્રીને બે હાથથી ઉપાડીને એક પાટિયા ઉપર ચઢી બેઠી, અને દૈવયોગથી સમુદ્રના તીરની ભૂમિ ઉપર આવી પહોંચી. મિત્રમંડળથી વિંટાયલો રત્નોદ્ભવ સમુદ્રમાં ડૂબી ગયો હશે કે કોઈ ઉપાયથી સમુદ્રના તીર ઉપર પહોંચ્યો હશે, તે હું જાણતી નથી. સુવૃત્તાને ક્લેશની પરાકાષ્ઠા પ્રાપ્ત થઈ છે, તેણે આજે આ અરણ્યમા પુત્રને જન્મ આપ્યો છે અને પ્રસવની વેદનાથી તે ભાન વિનાની થઈ ગઈ છે,તેથી તે ઝાડની અત્યંત શીતળ છાયા નિચે બેઠી છે. નિર્જન વનમા રહી શકાય નહિ, તેથી હું નગર તરફ જનારો માર્ગ શોધવા નિકળી છુ, અને વિહ્વલ સ્રીની પાસે બાળકને મૂકી જવુ અનુચિત છે, આમ ધારીને આ કુમારને પણ મારી સાથે લાવી છુ' આવી રીતે ત સ્રી વાત કરતી હતી, તે જ ક્ષણે વનનો એક હાથી દૃષ્ટિએ પડ્યો. તેને જોઇને પેલી સ્રી ભય પામી, બાળકને નિચે નાખી દઇને નાશી ગઈ. હું તે સમયે પાસેની એક લતાના જાળામા પેસી ગયો અને ચોતરફ દૃષ્ટિ કરતો ઉભો રહ્યો પેલો હાથી નિચે પડેલા તે બાળકને પાદડાના કોળીયાની પેઠે જેવો લેવા જાય છે, એવામા એક સિંહ ભયંકર અવાજ કરતો મોટા આવેશથી ત્યા ચઢી આવ્યો એટલે હાથી ભયથી વ્યાકુળ થઈ ગયો, અને તેણે તુરત તે બાળકને આકાશમાં ફેંકી દીધો. ત્યાથી તે નિચે પડ્યો, પરંતુ તેનું આયુષ્ય લાંબું હોવાથી, એક ઊંચા વૃક્ષની શાખા ઉપર એક વાનર બેઠો હતો તેણે,

તેને પાકેલું ફળ ધારીને ઝીલી લીધો. પરંતુ તે કંઈ ફળ ન હતું, તેથી એક ઝાડની વિસ્તારવાળી શાખાના મૂળમાં તે બાળકને મૂકીને તે વાનર પણ કોઈક ઠેકાણે ચાલ્યો ગયો. બળવાન્ બાળકે તે સર્વ દુઃખ સહન કર્યું અને કેસરી સિંહ હાથીને મારી નાખીને કોઈક ઠેકાણે ચાલ્યો ગયો. તે પછી હું પણ લતાગૃહમાથી બહાર નિકળ્યો, અને તેજના પુંજરૂપ તે બાળકને મેં ધીરે ધીરે વૃક્ષની શાખા ઉપરથી નિચે ઉતાર્યો અને બીજા વનમાં પેલી સ્રીની શોધ કરી, પરંતુ તે જોવામા આવી નહિ; તેથી આ બાળકને લાવીને ગુરુને નિવેદન કર્યો અને તેમની આજ્ઞાથી આપની પાસે લાવ્યો છું."

તે પછી 'સર્વે સ્નેહીઓને એક જ સમયે દૈવ અનુકૂળ હોતું નથી' આમ જોઇને રાજા મોટા આશ્ચર્યમા પડી ગયો, રત્નોદ્ભવની કેવી સ્થિતિ થઈ હશે તેનો વિચાર કરવા લાગ્યો, અને તેના પુત્રનું પુષ્પોદ્ભવ નામ પાડીને તેનું વૃત્તાત સુશ્રુતને કહ્યું અને રત્નોદ્ભવના ગુમ થવાથી થયેલા ખેદનો તથા તેના પુત્રનો લાભ થવાથી થયેલા સંતોષનો અનુભવ કરવા લાગ્યો અને સુશ્રુતને તેના નાના ભાઇનો પુત્ર સોંપ્યો

અર્થપાલની ઉત્પત્તિની કથા

તે પછી બીજે દિવસે રાણી વસુમતી એક બાળકને પોતાની છાતી ઉપર લઇને પોતાના વલ્લભની પાસે આવી. રાજાએ તેને પૂછ્યું કેઃ—"આ પુત્ર કયાથી આવ્યો છે?" એટલે રાણીએ ઉત્તર આપ્યો·—"રાજાજી! ગઈ રાત્રિએ કોઈ એક દિવ્ય વનિતા એક બાળકને મારી પાસે મૂકી નિદ્રામાંથી મને જાગૃત કરીને વિનયથી બોલી;—એ દેવિ! હું તારા મંત્રી ધર્મપાલના પુત્ર કામપાલની સ્રી છું, યક્ષની કન્યા છું, મારુ નામ તારામતી છે, અને હું મણિભદ્ર નામના યક્ષની પુત્રી

થાઉ છું. સમુદ્રરૂપી વલયથી વિંટાયલા પૃથ્વી મંડળના ભવિષ્યમાં રાજા થનારા, વિશુદ્ધ યશના નિધિરૂપ તમારા પુત્ર રાજવાહનની સેવા કરવા માટે, યક્ષના રાજાની અનુમતિથી મારા આ પુત્રને હું લાવી છું. માટે તું આ કામદેવના સમાન સુંદર પુત્રને ઉછેરીને મોટો કર" તે સમયે મારા નેત્રો વિસ્મયથી વિકસિત થઈ ગયા, મેં વિનયથી સુંદર નેત્રવાળી તે યક્ષપુત્રીનો સત્કાર કર્યો, અને પછી તે સ્ત્રી જોતજોતામા અદૃશ્ય થઈ ગઈ" કામપાલને યક્ષની કન્યા સાથે સમાગમ થયો છે એ સાંભળીને રાજહંસ મનમા વિસ્મય પામ્યો. તે પછી તેણે મિત્રને રંજન કરનારા સુમિત્ર નામના મંત્રીને બોલાવીને તેના ભાઇના પુત્રનું અર્થપાલ નામ પાડી, તેને તેની સર્વ વાર્તા કહીને તે પુત્ર તેને સોંપ્યો

સોમદત્તની ઉત્પત્તિની કથા

તે પછી બીજે દિવસે વામદેવના આશ્રમમા રહેનારો વામદેવનો શિષ્ય દેવતાસમાન કીર્તિવાળા, રૂપથી કામની મૂર્તિનો તિરસ્કાર કરનારા (કામ જેવા રૂપાળા) પુષ્પ જેવા સુકુમાર એક કુમારને રાજાની પાસે લઈ જઇને તેના પ્રતિ બોલ્યો, ઓ રાજા! હું તીર્થયાત્રાના પ્રસંગે કાવેરી નદીના તીર ઉપર ગયો હતો. ત્યા એક વૃદ્ધ સ્ત્રી ચચળ કેશવાળા એક બાળકને પોતાના ખોળામા બેસાડીને રડતી હતી તેને જોઇને મેં પૂછ્યું.-"ઓ ડોસી! તું કોણ છે? આ પુત્ર કોના નેત્રને આનંદ આપનારો છે? તું આ વનમા શા માટે આવી છો? અને તારે શોક કરવાનું કારણ શું છે?" એટલે તે સ્ત્રીએ બે હાથથી પોતાના આસુ લુછી નાંખ્યા, અને મને પોતાના શોકરૂપી શંકુને ઉખેડી નાખવાને સમર્થ માનીને તેણે શોકનું કારણ કહ્યુ;

"હે દ્વિજપુત્ર! રાજહંસના મંત્રી સિતવર્માનો નાનો પુત્ર સત્યવર્મા તીર્થયાત્રાની અભિલાષાથી આ દેશમાં આવ્યો હતો. તેણે કોઈ એક અગ્રહારમાં* કોઈ એક બ્રાહ્મણની કાલી નામની પુત્રીની સાથે વિવાહ કર્યો હતો, પરંતુ તે સ્ત્રીને સંતાન ન થવાથી તેની ગૌરી નામની બેન, જેના શરીરની કાંતિ સુવર્ણના જેવી હતી તેને પરણ્યો, અને તેનાથી તેને એક પુત્ર થયો. તે પછી એક દિવસે કાલી મારી ધાવની સાથે આ બાળકને કંઇક બ્હાનું કહાડીને આ નદીના તીર ઉપર લઈ આવી, અને તે બાળકને આ નદીમાં નાંખી દીધો. એટલે હું નદીમા પડી, અને બાળકને પાણીમાંથી બ્હાર કહાડીને એક હાથથી બાળકને પકડી રાખ્યો અને બીજા હાથથી નદીમા તરવા લાગી એવામા નદીના વેગથી એક વૃક્ષ તણાતું આવ્યું, તેની શાખાને પકડીને તેના ઉપર તે બાળકને મેં મૂકયો અને હું તે ઝાડને પકડીને નદીના વેગમા તણાવા લાગી. તે સમયે ઝાડને એક કાળો સર્પ વળગી રહ્યો હતો તે મને કરડ્યો, અને હું જે ઝાડને વળગી રહી હતી, તે આ ઝાડ આ દેશમા તીર ઉપર આવી પહોંચ્યું છે ઝેરના પ્રબળપણાથી મારા મરી ગયા પછી આ અરણ્યમા આ બાળકનું કોઈ રક્ષણ કરનાર નથી, આમ ધારીને હું શોક કરુ છું' આટલું કહ્યા પછી ઝેરની જવાલાઓ તે સ્ત્રીના શરીરના અવયવોમા વ્યાપી ગઈ, અને તે સ્ત્રી પૃથ્વી ઉપર પડી ગઈ, એટલે મારા હૃદયમા દયાનો સંચાર થયો અને હું મંત્રના બળથી તેના ઝેરના વિકારને મટાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ સમર્થ થયો નહિ ત્યારે પાસેના કુંજમાથી ઔષધિ લેવાને ગયો અને લઇને પાછો આવ્યો, એટલામા મેં તે વૃદ્ધાને મરેલી દીઠી.

---

* રાજા તરફથી બ્રાહ્મણને દાનમા મળેલુ ગામ.

તે પછી આ મેં તે સ્ત્રીને અગ્નિસંસ્કાર કર્યો અને શોકથી વ્યાકુળ ચિત્તે આ નિરાધાર બાળકને લઈ લીધો. સત્યવર્માનું વૃત્તાંત સાભળતી વખતે તેના નિવાસસ્થાનરૂપ અગ્રહારનું નામ મારા સાભળવામાં આવ્યું ન હતું, તેથી તેને શોધવું અશક્ય છે આમ વિચાર કરીને, તમારા અમાત્યનો પુત્ર છે માટે તમે જ તેનું રક્ષણ કરશો! આમ વિચાર કરીને આ બાળકને તમારી પાસે લાવ્યો છું." તે સાભળીને સત્યવર્મા ક્યાં છે? તેનો યથાર્થ નિશ્ચય નહિ થવાથી રાજાના મનમા ખેદ થયો. તે પછી તેણે તે પુત્રનુ સોમદત્ત નામ પાડીને સુમતિ નામના મંત્રીને તેના નાના ભાઇનો પુત્ર સોંપ્યો. તે પણ તેને પોતાનો સહોદર આવ્યો હોય, તેમ માનીને વિશેષ ભાવથી તેનું પોષણ કરવા લાગ્યો.

આ રીતે એકઠા મળેલા કુમારમંડળની સાથે રાજવાહન બાલક્રીડા અનુભવવા લાગ્યો અને અનેક વાહનોના ઉપર ચઢીને ફરવા લાગ્યો તેને અનુક્રમે ચૂડાકર્મ,* ઉપનયન† વગેરે સંસ્કારો કરવામા આવ્યા. તે પછી

---

* चूडाकर्म—આ આઠમો સસ્કાર છે ચૂડા એટલે ચોટલી, તે સબધી જે સસ્કાર તે चूडाकर्म. કેટલાએક આને ચૌલકર્મ પણ કહે છે. કારણ કે ड અને ल એ બન્ને અક્ષરને એક ગણવામા આવે છે આ સસ્કાર જન્મથી પહેલે, ત્રીજે અથવા તો પાચમે વર્ષે કરવામા આવે છે, અથવા તો પોતાના કુલાચાર પ્રમાણે પણ કરવાનુ કહ્યુ છે આ સસ્કાર કર્યા પછી કુમારના માથા ઉપર શિખા રાખવામા આવે છે ગુજરાતીઓ આ સસ્કારને 'બાળમોવાળા ઉતરાવવા' એમ કહે છે.

† उपनयन—આ સસ્કાર નવમો છે. બ્રાહ્મણના પુત્રને આઠમે વર્ષે અથવા તો ગર્ભથી આઠમે વર્ષે, ક્ષત્રિયને અગ્યારમે

રાજવાહને સર્વ જાતની લિપિનું જ્ઞાન, સર્વ દેશની ભાષામાં પાંડિત્ય, છ અંગવાળા* વેદામાં કોવિદપણું,

---

વર્ષે અથવા તો ગર્ભથી અગ્યારમે વર્ષે અને વૈશ્યને બારમે વર્ષે અથવા તો ગર્ભથી બારમે વર્ષે ઉપનયન સસ્કાર કરવાનુ શાસ્ત્રમાં કહ્યુ છે. ઉપનયન સસ્કાર થયા પછી પુરુષ દ્વિજ એટલે બે વાર જન્મેલો કહેવાય છે, એકવાર માતાના ઉદરમાથી અને બીજી વાર સાવિત્રી માતા અને આચાર્યરૂપ પિતાથી જન્મે છે માટે દ્વિજ કહેવાય છે. उपनयनम् એમાં उप અને नयनम् એવા બે શબ્દ છે, उप એટલે પાસે અને नयनम् કહેતાં લઈ જવું. અર્થાત્ શિષ્યને ગુરુની પાસે વેદાધ્યયન કરવા લઈ જવો, આવો उपनयनम् નો અર્થ છે. આ સસ્કાર થયા પછી પુરુષ વેદ ભણવાને તથા વેદોક્ત કર્મ કરવાને અધિકારી થાય છે.

* वेदना छ अग છે –શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છદ, જ્યોતિષ્ અને નિરુક્ત. શિક્ષામા સ્વરાદિકનો કેમ ઉચ્ચાર કરવો તે વિષે ઉપદેશ કર્યો છે, અને પાણિનીય શિક્ષા, યાજ્ઞવલ્કય શિક્ષા વગેરે શિક્ષાના ગ્રથો છે कल्प એટલે શ્રૌતસૂત્રો અને સ્માર્તસૂત્રો; તેમાં વૈદિક અને સ્માર્ત કર્મનો ઉપદેશ કર્યો છે. વ્યાકરણ એટલે વૈદિક તથા લૌકિક શબ્દની સિદ્ધિ કરનારા ગ્રથો, પ્રાતિશાખ્ય વગેરેમાં વૈદિક શબ્દોની સિદ્ધિ કરવામા આવી છે, અને અષ્ટાધ્યાયી વગેરેમા લૌકિક, વૈદિક ઉભય શબ્દની સિદ્ધિ કરવામા આવી છે. छदस् એટલે છદ શાસ્ત્ર, આમા છદની રચનાનો ઉપદેશ કરવામા આવ્યો છે ज्योति –જ્યોતિષ શાસ્ત્રના ગ્રથ, આમા નક્ષત્ર વગેરેની ગતિ વિશે વિચાર કરવામા આવ્યો છે निरुक्त –આ વૈદિક શબ્દોનો કોષ છે, અને આમા વૈદિક શબ્દોના અર્થો વિશે વિચાર કરવામા આવ્યો છે.

કાવ્યમાં,[1] નાટકમાં,[2] આખ્યાનમાં,[3] આખ્યાયિકામાં,[4] ઇતિહાસમાં,[5] વિચિત્ર કથાઓમાં અને પુરાણોમાં[6] નિપુણતા, ધર્મ-

૧ કાવ્ય—સાહિત્યદર્પણમા કાવ્યનુ લક્ષણ આ પ્રમાણે છે –

सर्गबधो महाकाव्य तत्रैको नायक सुर ॥ ३१५ ॥
सद्वश क्षत्रियो वाऽपि धीरोदात्तगुणान्वित ।
एकवंशभवा भूपाः कुलजा बहवोऽपि वा ॥ ३१६ ॥
शृगारवीरशातानामेकोंऽगी रस इष्यते ।
अगानि सर्वेऽपि रसा सर्वे नाटकसधय ॥ ३१७ ॥
इतिहासोद्भव वृत्तमन्यद्वा सज्जनाश्रयम् ।
चत्वारस्तस्य वर्गा स्युस्तेष्वेक च फल भवेत् ॥ ३१८ ॥
आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देश एव वा ।
क्वचिन्निन्दा खलादीना सता च गुणकीर्तनम् ॥ ३१९ ॥
एकवृत्तमयै पद्यैरवसानेऽन्यवृत्तकै ।
नातिस्वल्पा नातिदीर्घा सर्गा अष्टाधिका इह ॥ ३२० ॥
नानावृत्तमय क्वापि सर्ग कश्चन दृश्यते ।
सर्गान्ते भाविसर्गस्य कथायाः सूचन भवेत् ॥ ३२१ ॥

સર્ગના નામથી જેના વિભાગ પાડવામા આવ્યા હોય, જેમા એક દેવ નાયક હોય અથવા તો સારા વશમા ઉત્પન્ન થયેલો ધીર તથા ઉદાત્ત ગુણવાળો ક્ષત્રિય અથવા તો એક વશમા જન્મેલા ઘણા કુલીન રાજા નાયક હોય, જેમા શૃગાર, વીર અથવા તો શાત આ ત્રણમાથી એક રસ અગી હોય, અને બીજા રસ અગ હોય, નાટકની સર્વ સધિઓ પણ જેમા હોય, જેમા ઇતિહાસનુ અથવા તો સત્પુરુષનું વૃત્તાત વર્ણવ્યુ હોય, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર વર્ગનું જેમા વર્ણન હોય, જેમા આ ચારમાથી એકનુ ફળ દર્શાવ્યુ હોય, આરભમા નમસ્કાર, આશીર્વાદ, અથવા તો

શાસ્ત્ર, વ્યાકરણુ, જ્યોતિષ, તર્ક, મીમાંસા આદિ સર્વ શાસ્ત્રોમાં ચાતુર્ય, કૌટિલ્ય (ચાણુકય), કામંદક વગેરેનાં નીતિશાસ્ત્રમાં

અમુક વસ્તુનો નિર્દેશ કરવામા આવ્યો હોય, કોઇ સર્ગમા ખલ વગેરેની નિંદા કરી હોય અને કોઇ સર્ગમા સત્પુરુષોના ગુણો ગાયા હોય, પદ્યો એક જ વૃત્તના હોય, અને સર્ગની સમાપ્તિમા બીજા વૃત્તના પદ્યો હોય, સર્ગ ઘણુા ટુકા તેમ ઘણુા લાબા પણુ ન હોય તેમ આઠથી ઓછા પણુ ન હોય, કોઈ કોઈ સ્થળે અનેક જાતના વૃત્તોવાળા સર્ગ જોવામા આવતા હોય, સર્ગની સમાપ્તિમાં આવતા સર્ગની કથાની સૂચના કરવામા આવી હોય તે મહાકાવ્ય કહેવાય છે.

सन्ध्यासूर्येन्दुरजनीप्रदोषध्वान्तवासराः ।
प्रातर्मध्याह्नमृगयाशैलर्तुवनसागराः ॥ ३२२ ॥
सभोगविप्रलम्भौ च मुनिस्वर्गपुराध्वराः ।
रणप्रयाण[illegible]पुत्रोदयादय ॥ ३२३ ॥
वर्णनीया यथायोग साङ्गोपाङ्गा अमी इह ।

સધ્યાકાળ, સૂર્ય, ચદ્ર, રાત્રિ, પ્રદોષ, અધકાર, દિવસ, પ્રભાત, મધ્યાહ્ન, મૃગયા, પર્વત, ઋતુ, વન, સમુદ્ર, સયોગ, વિયોગ, મુનિ, સ્વર્ગ, પુર, યજ્ઞ, રણુપ્રયાણુ (ચઢાઈ), વિવાહ, મત્ર (રાજકીય વિચાર), પુત્રનો જન્મ આ સર્વે વિષયોને અંગ તથા ઉપાગની સાથે યોગ્યરીતે આમા વર્ણુવવા

૨ નાટકનુ લક્ષણુઃ—

नाटक ख्यातवृत्त स्यात्पंचसधिसमन्वितम् ।
विलासर्द्ध्यादिगुणवद्युक्त नानाविभूतिभि ॥ ७ ॥
सुखदुःखसमुद्भूतिनानारसनिरन्तरम् ।
पञ्चादिका दशपरास्तत्राङ्का. परिकीर्तिता. ॥ ८ ॥
प्रख्यातवशो राजर्षिर्धीरोदात्त प्रतापवान् ।
दिव्योऽथ दिव्यादिव्यो वा गुणवान्नायको मतः ॥ ९ ॥

કુશળતા, વીણા આદિ સર્વ વાદ્યોમાં દક્ષતા, સંગીત સાહિત્યમાં મનોહારીપણું, મણિઓ, મંત્રો, ઔષધિઓ અને

एक एव भवेदङ्गी शृगारो वीर एव वा ।
अङ्गमन्ये रसा· सर्वे कार्यो निर्वहणोद्भुत ॥ १० ॥
चत्वारः पंच वा मुख्या कार्यव्यापृतपूरुषा ।
गोपुच्छाग्रसमाग्र तु बधनं तस्य कीर्तितम् ॥ ११ ॥

નાટકમા પ્રસિદ્ધ ચરિત્ર હોવુ જોઇએ, પાચ સધિઓ હોવી જોઇયે, નાયકના વિલાસ, સપત્તિ, અભ્યુદય, ધૈર્ય, ગાભીર્ય વગેરે ગુણોનુ વર્ણન હોવુ જોઇએ, નાયકનો ઉદય કરે તેવા મોટા સહાયકો હોવા જોઇએ, જોવાથી સુખ અથવા તો દુ.ખની અભિવ્યકિત થાય, જેમા ઘણા રસો ભરપૂર રીતે વર્ણવ્યા હોય, જેમા પાચથી દશ સુધી અંકો હોય, જેમા પ્રખ્યાત વશના ધીર, ઉદાત્ત અને પ્રતાપી એવા રાજાનુ અથવા તો દિવ્ય પુરુષનુ (દેવતાનુ) અથવા તો દિવ્ય તથા મનુષ્ય એમ ઉભય મિશ્ર રામચદ્ર જેવા ગુણવાન્ નાયકનુ વર્ણન હોય, તેને નાટક જાણવુ તેમા એક રસ અગી હોવો જોઇએ, પછી તે શૃગાર હોય કે વીર હોય અને બીજા સર્વે રસ અગરૂપે વર્ણવેલા હોવા જોઇએ. નિર્વહણ નામના સધિમા અદ્ભુત રસનુ વર્ણન હોય. કાર્ય કરનારા ચાર અથવા તો પાચ મુખ્ય પુરુષો હોવા જોઇએ તથા ગાયના પુછડામા જેમ કેટલાએક વાળ ટુકા હોય છે અને કેટલાએક લાબા હોય છે તેમ, કેટલાએક કાર્ય મુખ્ય સધિમા સમાપ્ત કરવાં, કેટલાએક પ્રતિમુખ સધિમા સમાપ્ત કરવા, અને કેટલાએક કાર્ય બીજી સધિઓમા સમાપ્ત કરવા.

૩ आख्याननु લક્ષણ —

આખ્યાનને માટે સાહિત્ય દર્પણમા કહે છે કે,—आख्यान पूर्ववृत्तोक्ति । પૂર્વકાળના વૃત્તાતના વર્ણનને આખ્યાન કહે છે

માયાપ્રપંચમાં કુશળતા, હાથી, ઘોડા વગેરે ઉપર ચઢવામાં કુશળતા, વિવિધ પ્રકારનાં આયુધોના પ્રયોગોમાં નિપુણતા,

૪ आख्यायिका:—

आख्यायिका कथावत्स्यात्कवेर्वंशानुकीर्तनम् ।
अस्यामन्यकवीना च वृत्त पद्य क्वचित्क्वचित् ॥ ३३४ ॥
कथांशाना व्यवच्छेद आश्वास इति बध्यते ।
आर्यावक्त्रापवक्त्राणा छदसा येन केनचित् ॥ ३३५ ॥
अन्योपदेशेनाश्वासमुखे भाव्यर्थसूचनम् ।

જેમાં કથાની પેઠે ઈશ્વરને નમસ્કાર, ખળ પુરુષના ચરિત્રનુ વર્ણન તથા રસિક કથાનું વર્ણન હોય, જેમા કવિના વંશનું તથા બીજા કવિઓનુ પણ વર્ણન હોય, કોઈ કોઈ ઠેકાણે પદ્ય હોય, કથાના વિભાગોને છૂટા પાડવા માટે आश्वास—(उच्छ्वासनी) રચના કરવામા આવી હોય તથા ઉચ્છ્વાસના આરંભમા આર્યા, વક્ત્ર, ઉપવક્ત્ર, એવા કોઈ એક છંદથી અન્યના બાહાનાથી ભાવી વિષયની દાખલા તરીકે, સૂચના કરવામા આવી હોય તેને **આખ્યાયિકા** જાણવી **હર્ષચરિત્ર આખ્યાયિકા** છે.

૫ इतिहास —

પ્રાચીન કાળની સત્ય બનેલી વાર્તા ઇતિહાસ કહેવાય છે. જેમકે, રામાયણ, મહાભારત, રાજતરંગિણી વગેરે ગ્રથો ઇતિહાસના ગ્રથો છે

૬ पुराण:—

જેમા પાચ વિષયોનુ વર્ણન કરવામા આવ્યુ હોય તે **પુરાણ** વિષ્ણુપુરાણમા પુરાણનુ લક્ષણ આ પ્રમાણે વર્ણવ્યુ છે:—

सर्गश्च प्रतिसर्गश्च वशो मन्वन्तराणि च ।
वशानुचरित चैव पुराण पंच लक्षणम् ॥

જેમા પરમાત્માથી સત્વાદિ ગુણોની, અહકારની તથા ઇંદ્રિયોની ઉત્પત્તિ કહી હોય, જેમા વિરાટ્‌ના અભિમાની પુરુષથી

ચોરી, જુગાર વગેરે કપટકળાઓમા[७] પ્રૌઢતા તે તે શાસ્ત્રોને તથા કળાઓને જાણનારા આચાર્યોની પાસેથી સારી રીતે સંપાદન કરી રાજા રાજહંસ પણ, યૌવનથી શોભાયમાન તથા કાર્ય કરવામાં ઉદ્યમી એવા કુમારમંડળને જોઇને 'હુ શત્રુઓથી દુર્લભ થયો છું,' આમ માનીને ઘણા મોટા એવા પરમ આનંદને પામ્યો

ઇતિશ્રી દંડિકવિવિરચિત દશકુમારચરિતમા 'કુમારોની ઉત્પત્તિ' નામનો ઉચ્છ્વાસ ૧ લો સમાપ્ત

ઉચ્છ્વાસ ૨ જો

બ્રાહ્મણનો ઉપકાર

તે પછી એક દિવસે વામદેવ, સકલ કળામા કુશળ, પુષ્પધન્વાના સૌંદર્યમા સંશય ઉપજાવનારા (તેના કરતા વિશેષ સુંદર) સહોદરની પેઠે વર્તનારા, સાહસ કર્મવડે કાર્તિક સ્વામીનો પણ તિરસ્કાર કરનારા, સુકુમાર, જેના હાથમા વિજય પતાકા, છત્ર અને વજ્રના ચિહ્ન છે એવા કુમારમંડળથી વિંટાયલા રાજા રાજહંસની પાસે ગયા રાજાએ મસ્તક નમાવીને તેની સેવા કરી તેની સેવાને સ્વીકાર્યા પછી કુમાર-

---

સ્થાવરજગમની ઉત્પત્તિનુ વર્ણન કર્યુ હોય, જેમા રાજાના વશો, મન્વતરો તથા વશના ચરિત્રો વર્ણવ્યા હોય, આ રીતે પાચ વિષયો જેમા વર્ણવ્યા હોય તેનું નામ **પુરાણ** અઢાર પુરાણ મુખ્ય છે

૭ कला.—

જે ક્રિયાથી થઈ શકે છે તેનુ નામ કલા છે તે બધી મળીને ૬૪ છે. તેને માટે જુઓ "ગુજરાતી" પ્રેસનો "**कलाविलास**".

મંડળે વામદેવના બન્ને ચરણકમળમા પ્રણામ કર્યા; તે સમયે તેઓના મસ્તક ઉપરના કાકપક્ષો (કાનસીયા) એકઠા થયેલા ભમરાના જેવા લાગતા હતા તે પછી શત્રુનો સંહાર કરનારાં કુમારમંડળને વામદેવે ગાઢ આલિંગન કરીને અલ્પ એવી સત્ય વાણીથી આશીર્વાદ આપીને કહ્યું:-હે ભૂમિપતિ! જેમને મિત્રો નમે છે એવો તારો આ પુત્ર તારા મનોરથના ફળ સમાન, સંપૂર્ણ લાવણ્યવાળી તરુણ અવસ્થામા આવ્યો છે. માટે હવે આ કુમારને પોતાના સહચરો (મિત્રો)ની સાથે દિગ્વિજય કરવાનો આ સમય છે માટે સર્વ દુઃખોને સહન કરી શકે એવા આ રાજવાહનને દિગ્વિજય કરવામાટે તમે મોકલો આ કુમારો કામના જેવા સુંદર હતા, રામ પ્રમુખ રાજાના જેવા પુરુષાર્થી હતા, ક્રોધથી શત્રુઓને ભસ્મ કરી નાખે તેવા હતા, વેગમા પવનનો પણ ઉપહાસ કરે તેવા હતા તે કુમારોની ચઢાઇથી અભ્યુદય થશે આવી રાજા રાજહંસને આશા આવી એટલે બીજા રાજકુમારોને રાજવાહનના મંત્રી બનાવી, તેઓને યોગ્ય બુદ્ધિનો ઉપદેશ કરીને, શુભ મુહૂર્તમા કુમારને પરિવાર સાથે વિજય કરવામાટે મોકલ્યો.

રાજવાહન મંગળસૂચક શુભ શકુનો જોતો જોતો કેટલોએક પ્રદેશ ઉલ્લંઘન કરીને વિંધ્યાટવીમા દાખલ થયો ત્યાં તેણે એક પુરુષને દીઠો શસ્ત્રના પ્રહારો થવાથી તેના શરીરમા ઘાવના ચિહ્ન હતા, તેની કાયા ગજવેલના જેવી કઠિન હતી, યજ્ઞોપવીતથી* તે 'બ્રાહ્મણ' છે એમ અનુમાન થતું હતું, પરંતુ તેનામાં ભિલ્લનો પ્રભાવ સ્પષ્ટ દેખાતો હતો, અને તેનાં નેત્ર પણ ક્રૂર દેખાતાં હતાં. તેણે પૂજન કર્યા પછી રાજવાહન

* જનોઈ.

બોલ્યો:—"ઓ માનવી! તું આ મનુષ્યોના સંગરહિત, પશુનું હિત કરનારા, ભયંકર માર્ગવાળા વિંધ્યાટવીના વનમાં એકલો શા માટે રહે છે? તારા ખભા ઉપર રહેલું યજ્ઞોપવીત તારુ બ્રાહ્મણપણું જણાવે છે, પરંતુ શસ્ત્રોના પ્રહારનાં ચિન્હો ઉપરથી તું ભિલ્લની વૃત્તિથી વર્તતો હોય એમ અનુમાન થાય છે," તે પછી 'આ પુરુષ તેજસ્વી છે અને આનું પરાક્રમ ખરેખર કેવળ મનુષ્યના જેવુ નથી" આમ માનીને તે પુરુષે તેના મિત્રના મુખથી રાજવાહનનું નામ તથા જન્મ જાણ્યા પછી તેને પોતાનું વૃત્તાત કહ્યું.—ઓ રાજકુમાર! આ અરણ્યમા કેટલાએક નામના બ્રાહ્મણો વસે છે તેઓ વેદાદિક વિદ્યાનો અભ્યાસ છોડી દઈને, પોતાના કુલાચારને દૂર કરીને, સત્ય, શૌચ વગેરે ધર્મનો ત્યાગ કરીને પાપકર્મ કરે છે, ભિલ્લના તાબામા રહેલા છે અને તેઓનું અન્ન ખાય છે. તે બ્રાહ્મણોમાના એક બ્રાહ્મણનો હું પુત્ર છું. મારુ ચરિત્ર પણ નિંદાપાત્ર છે, અને મારુ નામ માતગ છે ભિલ્લની સેના સાથે દેશોમા દાખલ થઇ, ગામડાઓમાથી સ્ત્રીઓ તથા બાળકોની સાથે ધનવાનોને આ અરણ્યમા પકડી લાવી, કેદમા નાખીને તેઓનું સર્વ ધન હું હરી લઉ છું અને નિર્દય થઇને ઉદ્ધતાઇથી આ અરણ્યમા ફર્યા કરુ છું. એક દિવસે એક વનમાં મારી સાથે ફરનારા ભિલ્લો એક બ્રાહ્મણને મારવા લાગ્યા, તે જોઇને મારા મનમાં દયા આવી અને મેં તેઓને કહ્યું:—'ઓ પાપીઓ! બ્રાહ્મણને મારવો યોગ્ય નથી" એટલે તેઓએ રોષથી લાલ નેત્ર કરીને મારો ઘણો જ તિરસ્કાર કર્યો. હું તેઓના તીક્ષ્ણ વચનોને સહન કરી શકયો નહિ તે બ્રાહ્મણના રક્ષણમાટે હું ઘણો વખત સુધી લઢીને તેઓના મારથી મરણ પામ્યો; ને પ્રેતપુરીમાં (યમ-

પુરીમાં) ગયો. ત્યાં સભા વચ્ચે દેહધારી પુરુષોથી વિંટાઈને રત્નોથી જડેલાં સિંહાસન ઉપર યમ બેઠા હતા. તેને જોઈને મેં દંડવત્ પ્રણામ કર્યા. તે પછી તેમણે, મને જોઈને ચિત્રગુપ્ત નામના પોતાના અમાત્યને બોલાવીને કહ્યું:–'આને મરવાનો આ સમય નથી. આનું ચરિત્ર જો કે નિંદાપાત્ર છે તોપણ આણે બ્રાહ્મણને માટે પ્રાણ તજ્યા છે. માટે હવેથી આનાં પાપ દૂર થયાં છે, અને પુણ્યકર્મ કરવા માટે આની બુદ્ધિનો ઉદય થશે. આ લોકમાં પાપી પુરુષ જે દુઃખ અનુભવે છે તે જોયા પછી આ પાછો પોતાના પૂર્વના શરીરમાં ભલે દાખલ થાય.' (યમની આજ્ઞા થયા પછી) ચિત્રગુપ્તે પણ મને જૂદાં જૂદાં નરકસ્થાનોમાં લઇ જઇને ધગધગતા લોઢાના થાંભલાઓની સાથે બાંધેલા, અત્યંત ગરમ કરેલી તેલની મોટી કઢાઇમા નંખાતા, ધોકાના મારથી જેના શરીરના અવયવો જર્જરિત થઈ ગયા હતા એવા પુરુષો તથા અણીદાર ટાંકણાંઓથી છોલવામાં આવતા પાપીઓ મને દેખાડી, પુણ્યબુદ્ધિનો ઉપદેશ કરીને છોડી મૂક્યો અને હું મારા પ્રથમનાં તે જ શરીરને પાછો પ્રાપ્ત થયો તે સમયે એક મોટા અરણ્યમાં એક શિલા ઉપર હું સુતો હતો, અને એક બ્રાહ્મણ શીતળ ઉપચાર કરીને (હું જીવતો છું કે મરી ગયો છુ) તેની પરીક્ષા કરતો હતો એક ક્ષણ પછી હું ઉઠીને ઉભો થયો, અને મારા વંશના મનુષ્યો આ વૃત્તાત જાણવાથી એકદમ ત્યા આવીને મને ઘેર લઈ ગયા, અને મારા ઘાને રૂઝાવીને મને સાજો કર્યો. તે પછી પેલા કૃતજ્ઞ બ્રાહ્મણે મને અક્ષર શીખવ્યા, અને પછી વિવિધ પ્રકારના આગમ તથા તંત્ર ભણાવ્યાં અને પાપનો ક્ષય કરનાર સદાચારનો ઉપદેશ કર્યો. તે પછી જ્ઞાનદૃષ્ટિથી જાણવામાં આવતા શશિખંડ શેખરની–શકરની પૂજાનો વિધિ

ભણાવ્યા પછી મારી પૂજાનો સ્વીકાર કરીને તે ગયો તે દિવસથી આરંભીને હું ભિલ્લની સાથે સંસર્ગ કરનારા મારા બાંધવવર્ગનો ત્યાગ કરીને, સકલ લોકના એક ગુરુ અને ચંદ્રની કલાને આભૂષણરૂપે ધારણ કરનારા શંકરનું ચિત્તમા સ્મરણ કરતો નિષ્પાપ થઈને, આ વનમા વસું છું. હે દેવ! મારે આપને કંઈક રહસ્ય નિવેદન કરવું છે, માટે આમ આવો.' આમ કહીને મિત્રમંડળમાથી રાજવાહનને એકાંતમા લઈ જઈને તે ભિલ્લ બ્રાહ્મણે ફરીથી કહ્યું·–"હે રાજા! ગયા પ્રભાતમા ગૌરીપતિએ મારા સ્વપ્નમા આવી જેના નેત્ર નિદ્રાથી મુદ્રિત થયા હતા એવા મને નિદ્રામાથી જાગૃત કરીને, પ્રસન્ન કાંતિવાળા વદને, વિનયથી નમેલા એવા મને કહ્યું:–'ઓ માતંગ! દંડકારણ્યના મધ્યમા વહેનારી એક નદીના તીર ઉપર સિદ્ધોથી તથા સાધ્ય પુરુષોથી પૂજાતું સ્ફાટિક મણિનું એક લિંગ છે. તેની પાછળના ભાગમા હિમાચળની કન્યાના (પાર્વતીના) પદપંક્તિના ચિહ્નવાળો એક પત્થર છે તેની પાસે દૈવના દ્વાર જેવી એક ગુફા છે તેમા તુ પ્રવેશ કરીને ત્યા વિધાતાની આજ્ઞા સમાન એક તામ્રપટ્ટ પડ્યું છે તે લઈને, તેમા કહેલા વિધિને ભાગ્યના વિજયરૂપ માનીને તેમા કહ્યા પ્રમાણે કરીશ તો તુ પાતાળ લોકનો અધીશ્વર થઈશ. તને સહાયતા કરનારો રાજકુમાર આજે અથવા તો કાલે આવી મળશે." માટે તમારુ આગમન શંકરની આજ્ઞા પ્રમાણે જ થયું છે. મને સાધનની ઈચ્છા છે, અને હુ સંતોષી છુ માટે તમે મને સહાયતા કરો" રાજવાહને, 'તથાસ્તુ' એમ કહ્યું, અને અર્ધ રાત્રિનો સમય થયો કે નિદ્રાથી પરાધીન થયેલા મિત્રમંડળનો ત્યાગ કરી, મસ્તક નમાવીને પ્રણામ કરનારા માતંગની સાથે બીજા વનમા ચાલ્યો ગયો તે પછી તેના અનુચર મિત્રો

પ્રભાતમાં રાજકુમારને ક્યાંઈ પણ નહિ જોવાથી મનમાં ખિન્ન થઈ ગયા, અને જૂદા જૂદા વનમાં તેની ખૂબ શોધ કરી, પરંતુ રાજવાહન જોવામા આવ્યો નહિ. એટલે એનો શોધ કરવાની બુદ્ધિથી અત્યંત સહનશીલ એવા તે મિત્રોએ દેશાંતરમાં ફરવાની ફરીથી ઈચ્છા કરી, અને અમુક સ્થાન ઉપર સૌએ એકઠા મળવું આવો નિશ્ચયપૂર્વક સંકેત કરી પરસ્પર છૂટા પડીને તેઓ દેશાતરમા નિકળી પડ્યા.

લોકમા એક વીરરૂપ કુમારથી (રાજવાહનથી) રક્ષાતો માતંગ પણ અંતઃકરણમા સંતુષ્ટ થયો, અને શશિશેખરે-શંકરે કહેલા ચિહ્નો ઉપરથી જાણવામા આવેલી ગુફામા નિઃશંકપણે દાખલ થયો; અને ત્યા તામ્રપટ્ટમા લખેલી શિક્ષાને સમજીને તેમા કહેલા માર્ગે થઇને રસાતળ-પાતાળમા ગયો. ત્યા કોઈ એક નગરની પડોસમા એક વિહાર વનનું સરોવર હતું, જેમા ઘણા સારસ પક્ષીઓ બેઠા હતા. તે સરોવરની પાસે શંકરની આજ્ઞા પ્રમાણે અનેક પ્રકારના હુતદ્રવ્ય તયાર કરીને તેનો અગ્નિમા તેણે હોમ કર્યો અને વિસ્મયની સાથે જોતા તથા વિઘ્નનો નાશ કરનારા રાજવાહનના દેખતા માતંગે, કાષ્ઠોથી તથા ઘીથી પ્રજવલિત થયેલા અગ્નિમા મંત્ર ભણીને પુણ્યના ઘરરૂપ પોતાના દેહને હોમીને વિજળીના સમાન કાંતિવાળો દિવ્ય દેહ પ્રાપ્ત કર્યો તે પછી મણિના આભૂષણોથી મંડિત, સર્વ લોકનાં લલનામંડળમા રત્નરૂપ, અનેક વિનીત સખીઓ જેની પાછળ ચાલતી હતી એવી એક કન્યાએ, કલહંસની ગતિથી ધીરે ધીરે આવીને તે ઉત્તમ બ્રાહ્મણને ઉજ્વળ કાંતિવાળો એક મણિ ભેટ કર્યો. પછી તે બ્રાહ્મણે તેને પૂછ્યું કેઃ "તું કોણ છે?" એટલે તે કન્યા બે હાથ જોડીને ઉત્કંઠા સાથે કોકિલના જેવા કંઠથી ધીરે ધીરે બોલીઃ-

"ઓ ઉત્તમ બ્રાહ્મણ! હું અસુરના રાજાની પુત્રી છું, અને મારુ નામ કાલિંદી છે. મારા મહાનુભાવ પિતા આ લોકના રાજા હતા. પરંતુ વિષ્ણુએ દેવોનો પણ પરાજય કરનારાં એવા યુદ્ધમા બીજાથી અસહ્ય એવાં પોતાનાં પરાક્રમથી મારા પિતાને યમના નગરના અતિથિ કર્યા (મારી નાખ્યા), અને હું પિતાના વિયોગથી શોક સાગરમા ડુબી ગઈ. તે પછી મને દુઃખી જોઇને કોઇ એક દયાળુ સિદ્ધ તપસ્વીએ કહ્યું કેઃ— 'ઓ બાલા! એક નવીન મનુષ્ય દિવ્ય દેહ ધારણ કરીને તારો પતિ થશે, અને તે આ સકળ રસાતળનું પાલન કરશે.' તેની આજ્ઞા સાભળી, મેઘની ગર્જના સાભળીને જેમ ચાતકી વર્ષાના આગમનની વાટ જુવે તેમ હું ઘણો કાળ થયા તમારા દર્શનની હું વાટ જોઉં છુ મારા મનોરથના ફળસમાન તમારુ આગમન જાણીને, મારા રાજ્યના અવલંબનભૂત અમાત્યની અનુમતિથી, મદને જેનું સારથિપણુ કર્યું છે એવા મનથી* તમારી પાસે હું આવી છું આપ આ લોકની રાજ્યલક્ષ્મીને અંગીકાર કરીને મને તેની સપત્ની (સોકય) બનાવો" તે પછી માતંગ પણ રાજવાહનની અનુમતિથી તે દિવ્ય સ્ત્રીને પરણીને દિવ્ય સ્ત્રીના લાભથી ઘણોજ પ્રસન્ન થયો અને રસાતળનુ રાજ્ય સ્વીકારીને પરમ આનંદને પામ્યો

રાજવાહન મિત્રમંડળને છેતરીને આવ્યો હતો તેને મિત્રમંડળને જોવાનુ કુતૂહલ થવાથી ભૂલોકમા જવાની ઇચ્છા થઈ તે ઉપરથી કાલિંદીએ ક્ષુધાપિપાસા વગેરે કલેશનો નાશ કરે તેવો એક મણિ માતંગને આપ્યો હતો તે, સહાયતા કરવાથી સંતુષ્ટ થયેલા માતંગની પાસેથી લઇને, કેટલાએક માર્ગ સુધી વળાવવા માટે પાછળ આવેલા માતંગને પાછા

* કામી મનથી.

જવાની રજા આપીને તે જ ગુફાના માર્ગે થઇને રાજકુમાર બહાર નિકળ્યો; અને ત્યાં (જોયું તો) મિત્રમંડળને દીઠું નહિ એટલે પૃથ્વી ઉપર ભમવા લાગ્યો, અને ભમતોભમતો વિશાલા* નગરીની પાડોસમાં આવેલા એક ઉદ્યાનમા દાખલ થઇને વિશ્રાંતિ લેવાની ઇચ્છા કરવા લાગ્યો એવામા ત્યાં ઉદ્યાનમાં હીંડોળા ઉપર વિશ્વાસુ મનુષ્યોથી વિંટાયલા એક પુરુષને સ્રીની સાથે બેઠેલો દીઠો રાજવાહનને જોઇને પેલા પુરુષનું ચિત્ત પરમ આનંદથી પલ્લવિત થઈ ગયું, તેનું મુખકમળ વિકસિત થઈ ગયું. તે પછી 'આ તો મારા સ્વામી (રાજા), સોમકુળના આભૂષણરૂપ અને વિશુદ્ધ યશના ભંડારરૂપ રાજવાહન છે, મોટા ભાગ્યને લીધે મને અકસ્માત્ આમનાં ચરણમૂળ પ્રાપ્ત થયા છે, અને હમણા મોટો નેત્રોત્સવ થયો છે,' આમ બોલતો બોલતો તે આદર સાથે હીંડોળા ઉપરથી નીચે ઉતરી પડ્યો, અને ઉતાવળથી પગલા ભરવાથી વિલાસી જણાતા હર્ષોત્કર્ષથી ભરપૂર ચરિત્રવાળા તે પુરુષે, ત્રણચાર પગલા સામા ચાલીને આવેલા રાજવાહનના બન્ને ચરણ-કમળનો, જેમાથી માલતીના ઉઘડેલાં પુષ્પો વેરાતા હતા એવી માલાવાળા મસ્તકથી સ્પર્શ કર્યો, રાજા હર્ષનાં અશ્રુથી ભરપૂર થઈ ગયો, અને રોમાચિત થયેલા પેલા પુરુષને ગાઢ આલિંગન કરીને બોલ્યો કે, "અરે ઓ મિત્ર સોમદત્ત! (તું અહીં કયાથી?)" તે પછી રાજવાહન એક પુન્નાગવૃક્ષના છાયાથી શીતળ એવા તળીઆ નીચે બેસીને સ્નેહપૂર્વક પૂછવા લાગ્યો: "ઓ મિત્ર! તુ આટલા સમય સૂધી કયા દેશમાં હતો? ત્યાં

---

* આ એક પ્રાચીન નગરી હતી, અને જૈનના ગ્રથમા તેનું ઘણે ઠેકાણે નામ આવે છે.

કેવી રીતે જીવન ગાળતો હતો? હમણાં ક્યાં જાય છે? આ તરુણી કોણ છે? આ પરિજનને તે કેવી રીતે મેળવ્યો? તે કહે.” મિત્રનાં દર્શન કરવાથી સોમદત્તનો ચિંતારૂપી મહાજ્વર દૂર થઈ ગયો અને તેણે બે કરકમળ એકઠા કરીને વિનય સાથે પોતાના ભૂમિભ્રમણનું વૃત્તાંત આ પ્રમાણે કહેવા માંડ્યું.

ઇતિ દંડિવરચિત દશકુમારચરિતમા “બ્રાહ્મણોનો ઉપકાર” એ નામનો બીજો ઉચ્છ્વાસ સમાપ્ત.

ઉચ્છ્વાસ ૩ જો
સોમદત્તનું ચરિત્ર

“હે રાજાજી! હું આપના ચરણકમળની સેવાનો અભિલાષી થઇને ભમતો ભમતો એક વનભૂમિમા જઈ ચઢચો, ત્યા તૃષાથી વ્યાકુળ થવાને લીધે લતાથી ઢંકાયલું ધરાનું શીતળ જળ પીતો હતો ત્યા મેં એક ચળકતું રત્ન દીઠુ તેને લઇને થોડોક માર્ગ ચાલ્યો, પરંતુ સૂર્યની અતિ ગરમીથી આગળ જઈ શકચો નહિ, તેથી આજ વનમા કોઈ એક મંદિરમા દાખલ થયો, ત્યા ખિન્નવદનના એક વૃદ્ધ બ્રાહ્મણને દીઠો તેને ઘણા સંતાન હતાં, એટલે દયા આવવાથી મેં તેને કુશળ સમાચાર પૂછ્યા. એટલે કૃપણતાથી નિસ્તેજ મુખવાળા અને મહાન્ આશાથી ભરપૂર મનવાળા તે બ્રાહ્મણે કહ્યું:–“ઓ મહાભાગ! આ છોકરાઓની માતા મરી ગઈ છે તેથી હું અનેક ઉપાયો કરીને આમની રક્ષા કરુ છુ, અને આ દુષ્ટ દેશમાં ભિક્ષા માગીને આણેલું અન્નાદિક આ છોકરાઓને ખવરાવું છું” તે પછી મેં પૂછ્યું કે:–“ઓ બ્રાહ્મણ! આ કટકનો* અધિપતિ

* સૈન્યના પડાવને સસ્કૃત ભાષામા કટક કહે છે આગળ ગુજરાતમા ગનીમ નામનો એક મુસલમાન સરદાર પણ મોટા

કયા દેશનો રાજા છે? તેનું નામ શું છે? અને તે અહીં શા માટે આવ્યો છે?" બ્રાહ્મણે ઉત્તર આપ્યોઃ-"હે સૌમ્ય! લાટ દેશનો આ રાજા છે અને તેનું નામ મત્તકાલ છે. તેણે, આ દેશના રાજા વીરકેતુની વામલોચના નામની પુત્રી, સ્ત્રીઓમાં રત્નરૂપ છે અને અનુપમ લાવણ્યવતી છે આમ વારંવાર સાંભળ્યું હતું તે ઉપરથી વીરકેતુની પાસે તેની પુત્રીનું માગું કર્યું. પરંતુ રાજાએ તેના માગાનો તિરસ્કાર કર્યો. તે ઉપરથી લાટ રાજાએ તેની નગરી ઉપર ઘેરો ઘાલ્યો. એટલે વીરકેતુએ પણ ભય પામીને મત્તકાલને મોટી ભેટની પેઠે પોતાની પુત્રી અર્પણ કરી તરુણીના લાભથી લાટ રાજા મનમા પ્રસન્ન થયો, અને પોતાના નગરમાં જ તેની સાથે વિવાહ કરવો આવો નિશ્ચય કરીને તે પોતાના દેશ તરફ જવાને નિકળ્યો છે; પરંતુ તેને મૃગયા ઉપર પ્રીતિ હોવાથી તેણે હમણાં આ વનમાં પોતાના સૈન્યનો પડાવ કરાવ્યો છે. અને તે કન્યાને લાટ રાજાની પાસેથી પાછી લાવવા માટે વીરકેતુએ પોતાના મંત્રીને મોકલ્યો છે તે ઉપરથી, માનને ધન માનનારો તેનો મંત્રી માનપાલ, ચાર અંગવાળી* સેના સાથે અહીં આવ્યો છે, અને તેણે પણ પોતાની છાવણી બીજે ઠેકાણે નાખી છે અને પોતાના રાજાના અપમાનથી મનમાં ખિન્ન થયલા તેણે લાટ રાજાની સેનામાં ભેદ પડાવ્યો છે."

"તે પછી મેં, આ બ્રાહ્મણ ઘણા પુત્રવાળો છે, વિદ્વાન્

લશ્કરની સાથે બાદશાહી ખંડણી ઉઘરાવવા નિકળતો હતો તે વખતે તેની સાથેનાં સૈન્યને ગનીમનુ કટક એવા નામથી ગુજરાતની પ્રજા ઓલખતી હતી

* હાથી, ઘોડા, રથ અને પાળા આ રીતે સેનાનાં ચાર અગ કહેવાય છે.

છતાં નિર્ધન છે, વૃદ્ધ વયનો છે અને દાન દેવાને પાત્ર છે આમ માનીને દયાળુ મનથી તે બ્રાહ્મણને રત્ન આપ્યું કે, તે બ્રાહ્મણનું મુખ પરમ આનંદથી વિકસિત થઈ ગયું, અને તે મને અનેક આશીર્વાદો આપીને ત્યાંથી કોઇક ઠેકાણે ચાલ્યો ગયો. હું માર્ગના પરિશ્રમથી ખિન્ન થઈ ગયો હતો તેથી ત્યાં નિદ્રાસુખ લેવા લાગ્યો એટલામા પાંછોડીયાં* બાંધેલા, ચાબકાના મારથી જેના શરીરમાં ઘાવના ચિહ્ન થયાં હતાં, તથા જેની પાછળ ઉઘાડી તરવારવાળા અનેક પુરુષો હતા એવા એક બ્રાહ્મણે આવીને કહ્યું કે: 'આ દસ્યુ† (ચોર) છે', આમ કહીને મને દેખાડ્યો એટલે રાજાના સિપાઇઓએ તે બ્રાહ્મણને છોડી દીધો, અને 'મને રત્ન કેમ મળ્યું હતું' તે વિશેની મે તેઓને વાત કહી, પરંતુ તેઓ તે સાંભળ્યા વગર મને ભયરહિતને દોરીઓથી મજબૂત બાંધીને કેદખાનામા લઈ ગયા, અને ત્યા, 'આ તારા મિત્રો છે,' આમ કહીને હેડમાં પડેલા કેટલાએક પુરુષો મને દેખાડ્યા, અને મારા બન્ને પગને પણ હેડમા નાખ્યા. તે સમયે શુ કરવું તેને માટે હું મૂઢ થઈ ગયો, અને નિરાશાના ક્લેશનો અનુભવ

* જેના હાથ પાછળના ભાગમા બાધ્યા હોય તે

† दस्यु –આ એક ચોરની જાતિ છે, અને તે ભારતવર્ષની અસલ વતની છે. આર્ય લોકોને ભારતવર્ષમા પોતાની સત્તા જમાવતી વખતે દસ્યુઓની સાથે યુદ્ધો કરવા પડ્યા હતા એમ વેદમા કહ્યુ છે આ જાતિ જગલમા રહે છે અને લૂટફાટ કરીને તથા ફળફુલ અને જાનવરોના કાચા તથા પાકા માસ ઉપર પોતાનો નિર્વાહ કરે છે હજી પણ તેના વશજો વિંધ્યાચળ વગેરે પર્વતોના વનમા વાસ કરે છે અને ભિલ્લના નામથી તે ઓલખાય છે.

લેવા લાગ્યો. તે પછી મેં (કેદમા પડેલાઓને) પૂછ્યું:–"હે પુરુષો! તમે મહાન્ પરાક્રમી છો છતાં શા કારણથી કેદખાનાનું દુસ્તર દુઃખ અનુભવો છો? તમે મારા મિત્રો છો એમ રાજાના સીપાઇઓએ કહ્યું તેના કહેવાનો અભિપ્રાય શો છે? "તેપછી તે વીર ચોરોએ, મને કેદ થયેલો જોઇને લાટ રાજાનું વૃત્તાંત જે મેં બ્રાહ્મણની પાસેથી સાભળ્યું હતું તે કહ્યું, અને તેઓ ફરીથી બોલ્યા:–"હે મહાભાગ! અમે વીરકેતુના મંત્રી માનપાલના સેવક છીએ. તેની આજ્ઞાથી લાટ રાજાને મારી નાખવા માટે રાત્રે સુરંગદ્વારા* તેના મહેલમાં દાખલ થયા હતા, પરંતુ ત્યા રાજા ન હતો તેથી ખિન્ન થઈ ગયા. તે પછી તેનું ઘણુંક ધન ચોરીને આ મહાઅરણ્યમાં દાખલ થયા. બીજે દિવસે રાજાના સીપાઇઓ અમારા પગલાં શોધતા શોધતા અમારી પાછળ આવ્યા, અને ઘણુ ધન ચોરનારા એવા અમને ચોતરફથી ઘેરી લઈ, મજબૂત બાધીને રાજાની પાસે લઈ ગયા, અને ત્યાં સર્વ વસ્તુઓની જડતી લીધી. તેમાં સર્વ મલ્યું પણ તે વખતે એક અમૂલ્ય રત્ન મળ્યું નહિ તેથી અમને શિક્ષા કરવા માટે તથા મણિ પાછું લેવા માટે બેડી નાખીને કેદ કર્યા છે"

"અમુક સ્થાનમાંથી રત્નની શોધ ચલાવી હતી તે સાભળીને, "આ તેજ મણિ હતું" આવો મેં નિશ્ચય કર્યો. તે

---

* સુરગ એટલે જમીનમા કરેલુ ભોંયરુ અથવા અવરજવરનો માર્ગ એવા ભોંયરા પૂર્વે રાજમહેલમા તથા શ્રીમતોના ઘરમા કરવામાં આવતા હતા, અને ભયને વખતે નાસી જવાને તે કામ લાગતા હતા પાડવોને મારવા માટે લાક્ષાભવન બધાવ્યુ હતું ત્યારે તેમા પણ એક ભોંયરું કરવામા આવ્યું હતું. જેમાથી પાડવો લાક્ષાભવનને આગ લગાડી ત્યારે બાહાર નિકળી ગયા હતા.

પછી તે બ્રાહ્મણને દાન દેવાથી મારી થયેલી દુર્દશા, મારો જન્મ, મારુ નામ તથા તમારી શોધ કરવા માટે મારુ પર્યટન તેઓને કહીને તથા સમયોચિત વાતો કરીને તેઓની સાથે મિત્રતા કરી. તે પછી અર્ધરાત્રિ થઈ કે તેઓની અને મારી બંનેની બેડીને ભાગી નાખી, નિદ્રાવશ થયેલા દ્વારપાળોના હથિયારોને લઇને આગળ હું અને પાછળ તેઓ ત્યાથી નાઠા. તે સમયે નગરના રક્ષકો નગરમાંથી નાસતાં અમારી સામે થયા તેઓને મેં મહાપરાક્રમ કરીને નસાડી મૂક્યા, અને હું માનપાલની છાવણીમા દાખલ થયો. માનપાલે પોતાના સેવકોની પાસેથી મારા કુલાભિમાનનું વૃત્તાંત તથા તે સમયે મેં કરેલું પરાક્રમ સાભળીને મારો સત્કાર કર્યો બીજે દિવસે મત્તકાલે કેટલાએક પુરુષો માનપાલની પાસે મોકલ્યા તેઓએ માનપાલની પાસે આવી કહ્યુ કેઃ—"હે મંત્રી ! અમારા રાજાના મહેલમા સુરંગદ્વારા દાખલ થઈ ઘણુ ધન ચોરીને વીર ચોરો તમારા કટકમા દાખલ થયા છે તે અમને સોંપો, નહિતર મોટો અનર્થ થાશે" આ રીતે મહાક્રૂર વચન તેઓ બોલ્યા, તે સાભળીને મંત્રીનાં નેત્ર ક્રોધથી લાલ રંગના થઈ ગયા, અને તે બોલ્યો કે 'લાટનો રાજા કોણ છે? તેની સાથે મિત્રતા શી? તેની નીચની સેવાથી શુ મળવાનુ છે?' આ રીતે કહીને તેના સેવકોનો તિરસ્કાર કર્યો તે પછી માનપાલે કહેલા વિરુદ્ધ વચન તેના સેવકોએ મત્તકાલને તે પ્રમાણે જ કહ્યા. તે ઉપરથી લાટ રાજા કોપાયમાન થઈ ગયો અને સ્વ બાહુના વીર્યના ગર્વને લીધે થોડાક સીપાઇઓની સાથે યુદ્ધ કરવા માટે ચઢી આવ્યો. માની માનપાલે પ્રથમથી જ યુદ્ધનો નિશ્ચય કરી રાખ્યો હતો, અને સીપાઇઓને પણ સજ્જ કરી રાખ્યા હતા. તેથી તે પણ યુદ્ધ કરવાની ઇચ્છાથી નિઃશંક થઇને છાવ-

ણીમાંથી બાહાર નિકળ્યો. મેં પણ શરીર ઉપર ઘણું દૃઢ કવચ પહેર્યું. મારાથી ઉપયોગ થઈ શકે તેવુ એક ધનુષ્ય, અનેક જાતનાં બાણોથી ભરેલા બે ભાથા તથા યુદ્ધમા ઉપયોગી એવાં આયુધો લીધાં, યુદ્ધ કરવા માટે તયાર થયો, મારા બળ ઉપર વિશ્વાસ રાખીને ઘણા માનથી મંત્રીએ આપેલા ઘણા ઘોડાઓથી જોડેલા ચતુર સારથિવાળા રથમા બેઠો અને શત્રુનો નાશ કરવાને તત્પર થયેલા મંત્રીની પાછળ ચાલ્યો. બન્ને સૈન્ય પરસ્પર મત્સર હોવાથી તુમુલ યુદ્ધ કરતાં હતાં, તેને ઓળંઘીને બળવાન્ ભુજાના ગર્વથી શત્રુઓના શરીર ઉપર બાણની વૃષ્ટિ કરીને તેઓને હુ મારવા લાગ્યો. પછી ઘણા વેગવાળા ઘોડાથી જોડેલા મારા રથને શત્રુના રથની પાસે લઈ જઈ, ઉતાવળથી કૂદીને શત્રુના રથ ઉપર ચઢી બેઠો, અને શત્રુનુ મસ્તક કાપી નાખ્યું. રાજા જેવો રણમા પડ્યો કે તેના બાકી બચેલા સીપાઈઓ નાશી ગયા તે પછી અનેક જાતના હાથી, ઘોડા, વગેરે વસ્તુઓનો સમુદાય મેળવીને મંત્રી પરમ આનંદ પામ્યો, અને તેણે મારો ઘણો જ સત્કાર કર્યો તે પછી માનપાલે પોતાના રાજાની પાસે જે સેવકોને મોકલ્યા તેઓની પાસેથી આ સર્વ વૃત્તાત સાભળીને રાજા મનમાં સતોષ પામ્યો, અને મારો સત્કાર કરવા માટે સામે આવ્યો, અને મારા પરાક્રમથી આશ્ચર્ય પામીને મોટા મહોત્સવની સાથે, અમાત્યોની તથા બાંધવોની અનુમતિ લઈને તેણે, તે શુભ દિવસે મને પોતાની પુત્રી પરણાવી, અને યુવરાજની પદવી ઉપર મારો અભિષેક કર્યો. હું પણ પ્રતિદિવસ રાજાના મનને પ્રસન્ન કરવા લાગ્યો, અને વામલોચનાની સાથે અનેક પ્રકારનુ સુખ અનુભવવા લાગ્યો. પરંતુ તમારા વિયોગની વેદનારૂપી શલ્યથી સ્વાભાવિક રીતે મારું હૃદય વિહ્વલ રહેવા લાગ્યું. તેથી સિદ્ધ

પુરુષની આજ્ઞાથી મહાકાલ નામના સ્થાનમાં રહેનારા પરમેશ્વરની (મહાકાલેશ્વરની) આરાધના કરવામાટે, મિત્રના દર્શનરૂપી ફળને આપનારા આ પ્રદેશમાં સ્ત્રીની સાથે હું આવ્યો છું, અને ભક્તવત્સલ ગૌરીપતિની કરુણાથી (આજે) તમારાં ચરણારવિંદના દર્શન થવાથી મને મહાન્ આનન્દનો લાભ થયો છે.”

રાજવાહને સોમદત્તની કથા સાંભળીને તેના પરાક્રમને અભિનન્દન આપ્યું, અને નિરપરાધીને દંડ દેવા માટે દૈવને ઠપકો આપીને તેની આગળ પોતાનું ચરિત્ર અનુક્રમથી કહ્યું. એટલા સમયમા પોતાના સન્મુખ પુષ્પોદ્ભવને દીઠો પુષ્પોદ્ભવે હર્ષથી પોતાના બન્ને હાથ ઉંચા કરી, પોતાના લલાટતટ ઉપર રાખીને, તે લલાટથી રાજવાહનના ચરણની આંગળીઓનો સ્પર્શ કર્યો રાજવાહને આદર સાથે તેને ગાઢ આલિંગન કર્યું તેના નેત્રો આનંદાશ્રુથી છલકાઈ ગયાં, અને તે પ્રફુલ્લિત થઈ ગયો તે પછી, “હે સૌમ્ય સોમદત્ત. આ તે જ પુષ્પોદ્ભવ,” આમ કહીને રાજવાહને તેને તે દેખાડ્યો પછી તે બન્ને લાબા સમયના વિયોગનુ દુ:ખ દૂર કરીને એક બીજાના આલિંગનનું સુખ અનુભવવા લાગ્યા તે પછી તે જ ઝાડની છાયા નીચે બેસીને રાજા આદર સાથે બોલ્યો:-“ઓ મિત્ર! મને પેલા બ્રાહ્મણનું કાર્ય કરવાની ઇચ્છા હતી તેથી, મારું મિત્રમંડળ જો આ વાત જાણશે તો સર્વથા મને તેની સાથે (જવામા) અડચણ કરશે, આમ ધારીને, તમને ઉંઘતા તજી દઈને હું નિકળી ગયો હતો તે પછી મારા મિત્રવર્ગે જાગૃત થઈને આ શું થયું આમ કહ્યું હશે, તે મારી શોધ કરવાને ક્યા ગયો હતો?

અને તું એકલો કયાં ગયો હતો ?” પુષ્પોદ્ભવ પણ બે હાથ-વડે લલાટતટનો સ્પર્શ કરીને (નમસ્કાર કરીને) વિનય સાથે કહેવા લાગ્યોઃ–

ઇતિશ્રી દંડિવિરચિત દશકુમારચરિતમા 'સોમદત્તનુ ચરિત્ર' નામનો ઉચ્છ્વાસ ૩ જો સમાપ્ત

ઉચ્છ્વાસ ૪ થો

પુષ્પોદ્ભવનું ચરિત્ર

"હે રાજા ! આપ બ્રાહ્મણનો ઉપકાર કરવામાટે ગયા છો, આવો મિત્રમંડળે નિશ્ચય કર્યો હતો, પરંતુ આપ કયા દેશમાં ગયા છો તેનો નિર્ણય કરી શક્યું ન હતું તે ઉપરથી પરસ્પર છૂટા પડી જઇને આપની શોધ કરવા માટે જુદી જુદી દિશા-ઓમા મિત્રો નિકળી ગયા. તેમા હું પણ આપની શોધ કરવા માટે પૃથ્વી ઉપર ભટકવા લાગ્યો એક દિવસે અંબરમણિ–(સૂર્ય) આકાશના મધ્ય ભાગમાં આવ્યો–મધ્યાહ્નનો સમય થયો તે સમયે સૂર્યનાં કિરણોને સહન નહિ કરી શકવાથી એક પર્વતની તળેટીમા ઉભેલા એક વૃક્ષની અત્યંત શીતળ છાયામાં હું ક્ષણવાર બેઠો. એટલામા મારા આગલા ભાગમાં મધ્યાહ્નને લીધે જેનાં સર્વ અવયવો સંકોચાઈ ગયા હતા, એવી કાચબાના જેવા આકારની એક મનુષ્યની છાયાને નિરખીને મેં ઊંચું મુખ કર્યું કે, આકાશમાંથી મોટા વેગથી એક પુરુષને નિચે પડતાં મેં દીઠો. મારા મનમાં દયા આવવાથી મેં તેને સમયસૂચકતા વાપરી અધરથી જ ઝીલી લઇને ધીરેથી પૃથ્વી ઉપર મુક્યો. તે ઘણે ઊંચેથી પડ્યો હતો તેથી ભાન વિનાનો થઈ ગયો હતો. તેને થંડા ઉપચારથી સાવધાન કર્યો, અને પછી મહાન

દુ:ખથી રુદન કરનારા તે પુરુષને ભૃગુપતન* કરવાનું કારણ મેં પૂછ્યું. તે નખોથી આંસુના કણોને લૂછી નાખીને બોલ્યો:–"હે સૌમ્ય ! મગધરાજાના અમાત્ય પદ્મોદ્ભવનો હું પુત્ર છું, અને મારુ નામ રત્નોદ્ભવ છે વ્યાપારાર્થે હું કાલયવન નામના એક દ્વીપમાં ગયો હતો. ત્યા કોઈ એક વાણિયાની કન્યાને પરણીને તેની સાથે પાછા આવતાં સમુદ્રના તીરની નજદીકમા જ મારુ વહાણ ભાંગી ગયું, અને અમે સર્વે ડુબી ગયાં. તો પણ હું મહામહેનતે દૈવની અનુકૂળતાથી સમુદ્રના તીર ઉપર આવી પહોંચ્યો, પરંતુ મારી સ્ત્રીના વિયોગરૂપી દુ.ખસમુદ્રમાં ગળકાં ખાવા લાગ્યો. એટલામા કોઈ એક સિદ્ધ તપસ્વીએ મને કહ્યુ કે –'તને સોળમે વર્ષે તારી સ્ત્રીનો સમાગમ થશે '

---

* भृगुपतन –એટલે પર્વતની ટેકરી ઉપરથી નિચે પડવુ. મહાપાપના પ્રાયશ્ચિત્ત તરીકે भृगुपतन કરવામા આવે છે જો કોઈ ક્રોધાદિકથી ભૃગુપતન કરે તો તેનુ સૂતક લાગે નહિ, માત્ર સ્નાન જ લાગે. જુઓ પારાશર સ્મૃતિમા–भृग्वग्निमरणे चैव.... सद्यः शौच विधीयते। જે પુરુષ ભૃગુપતન કરે છે અથવા તો અગ્નિમા પડીને બળી મરે છે તેનુ તુરત સ્નાન કરવુ ઘણા અજ્ઞાનીઓ ભાવિ જન્મમા ઉત્તમ ઘેર જન્મવા માટે અથવા તો રાજ્યાદિક મેળવવા માટે ભૃગુપતન કરે છે ભૃગુપતનને હાલમા ભૈરવજપ પણ કહેવામા આવે છે જુનાગઢની પડોસમા આવેલા ગિરનાર પર્વત ઉપર અંબાની ટુક પાસે એક મોટી શિલા ટેકરીને આકારે પડેલી છે તે શિલા પશ્ચિમ દિશા તરફ આવેલી ખાઇના તરફ ઢળતી છે, આ શિલા ઉપર જે બેસે છે તે પર્વતની પશ્ચિમ દિશા તરફ આવેલી ઉડી ખાઇમા પડીને મરણ પામે છે. પૂર્વે ઘણા બાવા સાધુઓ તથા દુ ખી મનુષ્યો આ શિલા ઉપરથી નીચે પડતા હતા, પરંતુ હમણા સરકારે તેનો અટકાવ કર્યો છે.

આ ઉપરથી સિદ્ધ તપસ્વીની આજ્ઞાને આદર આપીને મેં મહા દુઃખમાં સોળ વર્ષ કાઢી નાંખ્યા, પરંતુ દુઃખનો છેડો ન જોવાથી મેં પર્વત ઉપરથી ઝંપાપાત કર્યો છે"

"તે જ સમયે એક સ્ત્રીનો કંઇક અવાજ મારા સાંભળવામાં આવ્યો: "તને પતિનો અને પુત્રનો સમાગમ થાશે આમ સિદ્ધ પુરુષે કહ્યા છતા તું વિરહને સહન નહિ કરી શકવાથી અગ્નિમા પ્રવેશ કરે છે, આ ખરેખર ઉચિત નથી" તે શબ્દ સાંભળીને મેં તે પુરુષને પિતા તરીકે મનથી ઓળખી કાઢયા, અને તેને મેં કહ્યુ:–"ઓ તાત! મારે તમને ઘણી વાતો જણાવવાની છે, પરંતુ તે સર્વ પછી કહીશ હમણા મારે સ્ત્રીના આ સંભળાતા શબ્દની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. આપ ક્ષણ માત્ર અહીં બેસો" એમ કહીને હું ત્વરાથી જરાક આગળ ગયો તો ત્યા એક સ્ત્રીને બે હાથ જોડીને ભયંકર જ્વાળાથી ભરપૂર એવા અગ્નિમા પડવા માટે સાહસિક થયેલી દીઠી એટલે મેં ગભરાટ સાથે તેને અગ્નિના તરફથી મારા તરફ ખેંચી લીધી, અને રુદન કરતી એક વૃદ્ધ સ્ત્રીની સાથે તેને મારા પિતાની પાસે લઈ ગયો અને પેલી વૃદ્ધ સ્ત્રીને પૂછયું:-"ઓ વૃદ્ધ સ્ત્રી! તમે બન્ને ક્યા રહો છો? અને આ વનમા શા માટે દુઃખ ભોગવો છો? તે કહો!" ડોસી ગળગળા સાદે બોલી.–"પુત્ર! કાલયવન દ્વીપમા કાલગુપ્ત નામનો એક વાણિયો રહે છે તેની આ સુવૃત્તા નામની પુત્રી છે તે પોતાના પતિ રત્નોદ્ભવની સાથે આવતી હતી એટલામા સમુદ્રમા વાહાણુ ડુબી ગયું, તેથી મારી ધાવની સાથે એક પાટીયાને પકડીને દૈવયોગથી તીર ઉપર એ આવી પહોંચી તે પછી તેનો પ્રસવનો કાળ પાસે આવી પહોચ્યો હતો તેથી તેણે કોઈ એક અરણ્યમા એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ મારા મંદ ભાગ્યને

લીધે તે બાળકને વનનો એક હાથી ઉપાડી ગયો અને તે મારી સાથે ચોતરફ ભટકવા લાગી. તે પછી, "સોળ વર્ષ પછી તને તારા ભર્તારનો અને પુત્રનો મેળાપ થાશે," આવી રીતે એક સિદ્ધ પુરુષે તેને કહ્યું. તેના વાકય ઉપર વિશ્વાસ રાખીને એક પુણ્યાશ્રમમા આ સ્ત્રીએ તેટલો સમય ગાળી કાઢયો. પરંતુ તે પછી તેનાથી અપાર શોક સહન થઈ શકયો નહિ, તેથી આ સ્ત્રી બળતા અગ્નિમાં પોતાનું શરીર હોમવાને તત્પર થઈ છે." તે વાત સાંભળીને તેને મેં મારી માતા તરિકે ઓળખી કાઢી, અને તેને દંડવત્ પ્રણામ કરીને તેની પાસે સર્વ વૃત્તાંત મેં કહ્યો, તથા ધાવનાં ભાષણથી જેનું મુખ પ્રસન્ન થયું હતું તથા વિસ્મયથી જેના નેત્રો વિકસિત થયા હતાં એવા મારા પિતા મેં તેને દેખાડ્યા. તે માતાપિતા પણ પરસ્પરની ઓળખાણ કરાવનારા એક બીજાના ચિન્હોને જોઇને તથા પરસ્પર પ્રશ્નો કરીને મનમાં પ્રસન્ન થયાં તે પછી મેં વિવેકથી તેઓને પ્રણામ કર્યા, અને તેઓએ આનંદના અશ્રુની વૃષ્ટિથી મારા ઉપર અભિષેક કરીને મને ગાઢ આલિંગન આપ્યું, અને મારુ મસ્તક સુંઘ્યા પછી તેઓ એક વૃક્ષની છાયા નિચે બેઠાં.

"તે પછી મારા પિતાએ મને પૂછયું:—"રાજા રાજહંસની કેવી સ્થિતિ છે?" એટલે મેં તેમને રાજહંસનું રાજ્ય ઉપરથી ભ્રષ્ટ થવું, તમારો જન્મ, સર્વ કુમારોનો લાભ, તમારો દિગ્વિજયનો આરંભ, તમારુ માતંગની પાછળ જવું, અને અમે કરેલી તમારી શોધ, આ સર્વ વાર્તા કહી સંભળાવી તે પછી હું તે બંનેને એક મુનિના આશ્રમમાં રાખીને આપની શોધ કરવા માટે તત્પર થયો, અને સર્વ કાર્યનું સાધન ધન છે આવો નિશ્ચય કરીને, તમારા અનુગ્રહથી મેં

જે સાધકપણું* મેળવ્યું હતુ તેમાં સહાયતા કરવામાં કુશળ એવો શિષ્યગણ એકઠો કર્યો, અને પછી વિંધ્યના વનમાં આવેલાં પુરાતન નગરોના સ્થાનોમા હું ગયો, અને ત્યા વિવિધ જાતના ભંડારને દર્શાવનારાં વૃક્ષોની નિચેના ભાગમાં ધનથી ભરેલા ચરુઓ દાટયા હતા તેઓને મે સિદ્ધાંજનથી† પ્રત્યક્ષ જોયા. તે પછી રક્ષક પુરુષો ચોતરફ ઉભા રહ્યા, અને મે કોદાળી વગેરે હથીઆરોથી જમીનને ખોદીને તેમાથી અસંખ્ય ‡દીનારોને બાહાર કાઢીને તેના ઢગલા કર્યા. અને

* साधक–કિમિયાગર–જમીનમા દાટેલા ધનના ભંડારને જાણનારો.

† सिद्धाजन –મત્રથી તથા ઔષધિથી સિદ્ધ કરેલુ એક જાતનુ અજન, અથવા તો સિદ્ધ પુરષે ઉપદેશ કરેલુ અજન. તે આખમા આજવાથી પુરપ પૃથ્વીમા ગુપ્ત રીતે દાટેલા ધનના ભડારોને પ્રત્યક્ષ જોઈ શકે છે. આ સિદ્ધાજનનુ એંદ્રજાલિક શાસ્ત્રમા વિસ્તારથી વર્ણન કરવામા આવ્યુ છે

‡ दीनार – આ શબ્દ લાટીન देनेरीयस ઉપરથી નિકળ્યો છે, અને તે સુવર્ણનો એક સિક્કો છે વિષ્ણુપુરાણના ૪થા અધ્યાયના ૯મા શ્લોકની ટીકામા નંદ પંડિત કહે છે કે, કાત્યાયન અને બૃહસ્પતિના મત પ્રમાણે એક દીનારના કાર્પાયણ નામના તાબાના બેતાલીસ સીક્કા થાય છે હિદમા આવેલા સિથિયન રાજા કનિષ્કે તથા તેના વશજોએ દીનાર હિદુસ્થાનમાં પ્રથમ દાખલ કર્યા હતા. કેટલાએકનો મત એવો છે કે, આ શબ્દ ફારસી છે, અને ઇરાનીઓ હિદુસ્થાનની સાથે વ્યાપાર કરતા હતા ત્યારે દીનાર નામના સુવર્ણના સીક્કા ઇરાનમાથી હિદુસ્તાનમા આયાત કરતા હતા, અને તેનો વ્યાવહારિક ચોપડાઓમાં તથા સસ્કૃત ગ્રથોમા દીનાર એવા શબ્દથી જ ઉલ્લેખ કરવામાં આવતો હતો.

તે સમયે ત્યાંથી થોડેક દૂર વાણિયાની એક વણજારે આવીને પોતાનો પડાવ કર્યો હતો. ત્યાં હું ગયો, અને તેની પાસેથી મેં અમુક વસ્તુઓ ભરવાની છે આમ કહીને બળવાન્ બળદો તથા કોથળાઓ વેચાતા લીધા, અને તેમાં દીનારો ભરી તે કોથળાઓ બળદોની પાસે ઉપડાવીને ધીરે ધીરે પેલી વણજારમા દાખલ થયો. તે વણજારનો અધિકારી ચંદ્રપાલ નામનો એક વણિકપુત્ર હતો તેની સાથે મિત્રતા કરીને એની સાથે જ હું ઉજ્જયિનીમા દાખલ થયો, અને મારાં માતાપિતાને પણ તે નગરીમા તેડાવી લીધા તે પછી સકળ ગુણના નિવાસસ્થાનરૂપ ચંદ્રપાળના પિતા બંધુપાલ મને માલવરાજાની પાસે લઈ ગયા, અને મેં તેના દર્શન કર્યા (મુલાકાત કરી) તે પછી ચંદ્રપાલની અનુમતિથી હું તે નગરીમા ગુપ્ત રીતે રહેવા લાગ્યો, અને વનની ભૂમિઓમા આપની શોધ કરવામાટે પ્રયત્ન કરવા લાગ્યો તે સાભળીને પરમમિત્ર એવા બંધુપાલે મને કહ્યું કેઃ–'સર્વ ભૂમિ છેડા વિનાની છે, તેની ઉપર શોધ કરવાને તમે સમર્થ નથી. માટે મનમાથી ગ્લાનિને તજી દઇને છાના માના બેસો. તમારા રાજાના દર્શન થાય તેવા શુભ શકુન જોઇને હું તમને કહીશ, તેનાં ભાષણરૂપી અમૃતથી મારા હૃદયને આશા મળી, અને હું દરરોજ તેની પાસે રહેવા લાગ્યો.

"એક દિવસે મેં બાલચંદ્રિકા નામની એક તરુણીરત્નને દીઠી. તેનું મુખ ચંદ્રમાના જેવુ હતું, તેનાં અવયવો નવયૌવનથી ભરપૂર હતા, તે ચંદ્રિકાની પેઠે નેત્રને તાઢક આપનારી હતી અને વૈશ્યના ઘરની મૂર્તિમતી લક્ષ્મીના જેવી હતી તેને જોયા પછી તેના લાવણ્યે મારી ધીરજનો તિરસ્કાર કર્યો, અને હું કામદેવના બાણનુ લક્ષ્ય થઈ પડ્યો (કામા-

તુર થઈ ગયો). ભયભીત થયેલાં એક બાલહરિણનાં નેત્ર જેવાં ચચળ નેત્રવાળી તે તરુણી પણ કામના બાણની ગરજ સારનારા કટાક્ષના અવલોકનથી વારંવાર મને જોઇને ધીમા પવનથી જેમ કોઇ લતા કંપી ઉઠે તેમ કંપવા લાગી. પ્રીતિવડે મનથી જોવાને તત્પર થયેલા, પરંતુ લોકલજ્જાથી પાછાં ખેંચી લીધેલાં, આમ પ્રીતિ તથા લજ્જાના મધ્યભાગમાં ઘૂમનારાં, અને મારાં અંગોને નિહાળનારા અવલોકનોથી તે તરુણીએ પોતાની મનોવૃત્તિ મને કહી બતાવી એ સ્રીની ચતુર અને ગૂઢ એવી ચેષ્ટાઓ ઉપરથી એના મનની પ્રીતિને સારી રીતે જાણ્યા પછી હું તેની સાથે સુખથી સમાગમ થાય તેવો ઉપાય શોધવા લાગ્યો. બીજે દિવસે બંધુપાલ પક્ષીઓની પાસેથી તમારી ક્યાં સ્થિતિ છે તે જાણવાની ઇચ્છાથી નગરની પડોસમાં આવેલા એક વિહારવનમાં મારી સાથે આવ્યો, અને પક્ષીઓના વચનો સાંભળવા માટે એક વૃક્ષની નિચે બેઠો; અને હું સ્રીવિયોગની ઉત્કંઠા દૂર કરવા માટે બીજા વનમાં ફરવા લાગ્યો એટલામાં ચિંતાથી વ્યાકુળ ચિત્તવાળી, દીનવદનવાળી અને મારા મનોરથની ભૂમિરૂપ બાલચંદ્રિકાને મેં એક સરોવરના તીર ઉપર દીઠી. તે તરુણી ગભરાટ સાથે પ્રેમથી, લજ્જાથી અને કૌતુકથી લીલાપૂર્વક મને નિહાળવા લાગી, અને હું તે સુખનો અનુભવ કરવા લાગ્યો તે પછી સુંદર દાંતવાળી તે સ્રીના મુખારવિંદ ઉપર સુરત સંબંધી અનુભવાતો ખેદ જોઇને, તેનું કારણ જાણવાની ઇચ્છાથી ગમત કરતો કરતો તેની પાસે જઇને બોલ્યો:–'ઓ સુમુખિ' તારુ મુખારવિંદ દીન કેમ છે? તે કહે.' એટલે તે તરુણી ગુપ્ત વિષયમાં વિશ્વાસ આવવાથી લજ્જાનો તથા ભયનો ત્યાગ કરીને ધીરેથી બોલી:–હે સૌમ્ય! માલવ-

દેશના રાજા માનસારે પોતાની પ્રબળ વૃદ્ધાવસ્થા થવાથી પોતાના પુત્ર દર્પસારનો ઉજ્જયિની નગરીમા રાજ્યાભિષેક કર્યો છે. તે કુમાર સાત સાગર સૂધીના મહીમંડલ ઉપર રાજ્ય કરવાની ઇચ્છાથી પોતાની ફોઇના પુત્ર, ભયંકર કર્મ કરનારા ચંડવર્માની અને દારુવર્માની પોતાની રાજધાનીના પાલન કરવાના કાર્ય ઉપર યોજના કરીને રાજરાજપર્વત ઉપર (હિમાચલ ઉપર) તપ કરવાને ગયો છે. તેથી હમણા નિષ્કંટક એવા સર્વ રાજ્યનું રક્ષણ ચંડવર્મા કરે છે. અને તેનો ભાઈ દારુવર્મા પોતાના મામાની તથા જયેષ્ઠ ભાઈની આજ્ઞાનું ઉલ્લઘન કરીને પરદારાગમન તથા પરદ્રવ્યનું હરણ વગેરે દુષ્ટ કર્મ કરે છે આપના કામદેવ સમાન લાવણ્યને જોઇને મારુ મન તમારા અધીન થઈ ગયું છે (અર્થાત્ હુ આપના રૂપ ઉપર મોહી પડી છુ). છતા એક દિવસે તે મને જોઈ ગયો છે તેથી, કન્યાને દૂષણ દેવાથી દોષો લાગે છે તે વાતને નહિ ગણુકારીને, મારી સાથે બલાત્કારથી રમવાની ઇચ્છા કરે છે તેની ચિંતાથી હું દીન થઈ ગઈ છુ.' તે સમયે મે તે કન્યાનો મનોભાવ, તેની મારા ઉપર અત્યંત પ્રીતિ તથા મારા મનોરથની સિદ્ધિમા અંતરાયરૂપ પેલા પુરુષને સાભળીને આંસુઓથી છલકાતી આખવાળી તે સ્ત્રીને આશ્વાસના (ધીરજ) આપી, અને દારુવર્માને મારવાના ઉપાયનો વિચાર કર્યા પછી તે વલ્લભાને કહ્યું -'હે તરુણિ ! એ દુરાત્મા તારી અભિલાષા કરે છે, તેને મારવા માટે મેં એક ઉપાય શોધી કાઢ્યો છે. અને તે ઉપાય આ પ્રમાણે છે.–તારા જે સગા સબધીઓ સત્યવાદી હોય તેઓએ શહેરના મનુષ્યોની આગળ આવી રીતે કહેવુ કે –"બાલચંદ્રિકાના શરીરમા એક યક્ષ વાસ કરે છે માટે જે પુરુષનું મન તે કન્યાની રૂપસંપત્તિની આશાથી બંધાયલું હોય તે

સંબંધ કરવાને યોગ્ય સાહસિક પુરુષ, રતિમંદિરમા તે ચક્ષને જીતી લઇને સખીની સાથે રહેલી તે હરિણાક્ષીની સાથે સંભાષણરૂપી અમૃતના સુખનો અનુભવ કરીને કુશલતાથી બાહાર નિકળે તેને ચક્રવાકના* આકારના સ્તનવાળી આ કન્યા પરણાવવી આ પ્રમાણે એક સિદ્ધે કહ્યું છે.” દારુવર્મા જો આવી જાતના વાકયો વારંવાર સાભળીને ભયથી છાનોમાનો બેસી રહે તો ઠીક છે, પરંતુ તે જો દુર્જનપણાથી તારી સાથે સંગ કરવાનું અંગીકાર કરે તો, તે સમયે તારા સંબંધીઓએ તેને આ પ્રમાણે કહેવુ.–‘ઓ ભલા પુરુષ ! તમે દર્પસાર રાજાના અમાત્ય છો, માટે તમારે અમારા ઘરમા આવુ સાહસ કરવુ ઉચિત નથી માટે નગરજનોની સમક્ષમાં તમે તમારે ઘેર તે કમળનયનાને તેડાવીને તેની સાથે ક્રીડા કરો તમે ક્રીડા કરતા જો જીવતા રહો તો તે તરુણીને પરણીને મનોરથોનો ઉપભોગ કરજો ’ તે પણ જો એ વાતને અંગીકાર કરશે તો પછી હું તારી સખીનો વેશ ધારણ કરીશ, અને તુ મારી સાથે તેને ઘેર જજે ત્યા એકાત મદિરમા હું દારુવર્માને મુષ્ટિના, ઘુટણના અને પાટુના મારથી એકદમ મારી નાખીને, સખીના બાહાનાથી તારી પાછળ પાછળ નિઃશંકપણે બાહાર નિકળી જઇશ માટે તુ આ ઉપાયનો સ્વીકાર કર, ભયને તથા લજ્જાને તજી દે, અને તારા માતા-

---

* चक्रवाकसदृशयाकार पयोधरा । चक्रवाके सशयो
येन तादृश आकारो ययोः सा ॥

ચક્રવાક પક્ષી ગોળ આકૃતિના અને સ્તનના જેવા હોય છે, તેથી કવિ દ્દડી કહે છે છે–તે તરુણીના સ્તનને જોઇને, જેનારાઓને આ ચક્રવાક પક્ષી છે આવો સશય થતો હતો.

પિતા અને સહોદરોની આગળ આપણા બન્નેના ગાઢ પ્રેમની વાત કર, અને આપણા બન્નેના સર્વથા વિવાહ કરવા માટે તું તેઓને સંતુષ્ટ કર તેઓ પણ મારો ઉત્તમ વંશ, મારું રૂપ તથા મારુ તરુણ વય જોઈને, તને મારી સાથે જ પરણાવશે તારે તેઓની આગળ દારુવર્માને મારવાનો ઉપાય કહી સંભળાવવો, અને તેઓ જે ઉત્તર આપે તે મને કહેવો.' (તે સાંભળીને) તે સ્ત્રીનું મુખકમળ જરાક પ્રફુલ્લિત થયું, અને તેણે પણ મને કહ્યું:–'ઓ સુભાગી! ક્રૂરકર્મ કરનારા દારુવર્માને તો તમે જ મારવાને સમર્થ છો તેને માર્યા પછી તમારો મનોરથ સર્વથા ફળીભૂત થશે માટે તમે એ કાર્ય કરો હું પણ તમે જે પ્રમાણે સર્વ કહ્યું છે તે પ્રમાણે જ સર્વ કરીશ.' આમ કહી મુખને પાછળ ફેરવીને વારંવાર મને જોતી ધીમે ધીમે તે પોતાને ઘેર ગઈ.

"તે પછી હું પણ બંધુપાલની પાસે ગયો, અને તેણે જે શકુન જાણ્યું હતું તે તેની પાસેથી મે સાભળ્યું કે, 'ત્રિશ દિવસ પછી જ તમારો સમાગમ થશે' તે પછી બંધુપાલ પોતાને ઘેર જવાને નિકળ્યો, અને તેની પાછળ હું પણ ચાલ્યો. બંધુપાલ જેવું પોતાનું ઘર આવ્યું કે મને ઘેર જવાની રજા આપીને પોતાના ઘરમાં દાખલ થયો. દારુવર્મા મારી માયાના ઉપાય રૂપી જાળમાં ફસાઈ ગયો હતો, તેણે પોતાના રતિમંદિરમા રમવા માટે બાલચંદ્રિકાને બોલાવી. બાલચંદ્રિકાએ જતી વખતે મારી પાસે પોતાની એક દૂતી મોકલી એટલે મે પણ મણિના ઝાઝર, કટિમેખલા, કંકણ, કડાં, અકોટા (એરીંગ જેવા આભૂષણ), હાર, રેશમી વસ્ત્ર, કાજળ, આવી રીતે વનિતાને યોગ્ય એવાં આભૂષણો અને વસ્ત્રોને કુશળતાથી તેનાં તેનાં સ્થાનકો ઉપર

ગોઠવી દીધાં અને પહેરી લીધાં, અને સ્ત્રીનો સારી રીતે મનોહર વેશ ધારણ કરીને તે વલ્લભાની સાથે દારુવર્માને ઘેર ગયો, ને તેના બારણાની પાસે જઇને ઉભો રહ્યો. એટલે દ્વારપાલે અમારા આવવાના ખબર દારુવર્માને કર્યા તે ઉપરથી તે પંડે આદર સાથે અમારી સામે આવ્યો, અને બારણાની પાસે ઉભેલાં મનુષ્યોને બાહાર ઉભા રાખ્યા, અને મને અને બાલચંદ્રિકાને સંકેતમંદિરમા (પ્રથમથી નિશ્ચય કરી રાખેલા ઘરમાં) લઈ ગયો. યક્ષની વાર્તા આખા નગરમા ફેલાઈ ગઈ હતી તેથી નગરનાં મનુષ્યો પણ, તે વાર્તાની પરીક્ષા કરવા માટે, કૌતુકથી દારુવર્માના ઘરના બારણા આગળ એકઠાં મળ્યાં હતા. દારુવર્માની બુદ્ધિ વિવેકરહિત થઈ ગઈ હતી. તેણે રત્નોથી જડેલા સુવર્ણના પલંગ ઉપર બીછાવેલા, ધોળા રંગના રૂથી ભરેલા ગાદલા ઉપર અત્યંત પ્રીતિથી તે તરુણીને બેસાડી. મેં પણ સ્ત્રીનો મનોહર વેશ ધારણ કર્યો હતો, અને રાત્રિ અંધારી હોવાથી મારુ પુરુષપણુ યથાર્થ રીતે તેના જોવામાં આવતું નહતું તે પછી તેણે તે સ્ત્રીને અને મને સુવર્ણનાં તથા મણિના આભૂષણો, વિચિત્ર રંગના ઝીણા વસ્ત્રો, કસ્તૂરી સાથે મેળવેલું હરિચંદન, કર્પૂર નાખેલું તાબૂલ, સુગંધી પુષ્પો વગેરે ઘણી વસ્તુઓ અર્પણ કરી, અને બે મુહૂર્ત* સુધી હાસ્યનાં વચનો કહીને વિનોદ કરવા લાગ્યો. તે પછી તે પ્રેમથી આંધળો થઈ ગયો હતો તેથી તેણે તે સુંદરવદનાનાં સ્તન ગ્રહણ કરવાનો વિચાર કર્યો કે, હું ક્રોધથી લાલ-

---

* મુહૂર્ત—બાર ક્ષણનો એક મુહૂર્ત થાય છે. અમરકોશમાં કહ્યું છે કે.—क्षणस्ते तु मुहूर्तो द्वादशास्त्रियाम्। બાર ક્ષણનો એક મુહૂર્ત થાય છે, અને તે પુલ્લિગ તથા નપુસક લિગે છે. બે ઘડીનો એક મુહૂર્ત થાય છે, અને અઢી ઘડીનો એક કલાક થાય છે.

ચોળ થઈ ગયો, અને મેં નિઃશંકપણે દારુવર્માને પલંગ ઉપરથી નિચે પાડી નાખ્યો, અને મુઠીના, ગોઠણના તથા પાટુના મારથી સારી પેઠે માર્યો વેગથી બાહુયુદ્ધ કરવાથી, મારા શરીર ઉપરના જે આભૂષણો ખસી ગયાં હતા, તેને મેં પ્રથમની પેઠે તેના સ્થાનક ઉપર ગોઠવી દીધા, અને નમેલા અંગોવાળી ભયથી કંપતી મારી વલ્લભાને ધીરજ આપતો દારુવર્માના ઘરના આંગણામાં આવ્યો, અને ભયથી કંપતો હોઉ તેમ મેં ઉચા સ્વરથી બૂમ પાડી કે.–'અરેરે બાલચંદ્રિકાના શરીરમા ભરાઈ બેઠેલો ભયંકર દેખાવનો યક્ષ દારુવર્માને મારી નાખે છે અરે એકદમ કોઈ આવો, અને એને જુવો' તે સાંભળીને મનુષ્યો એકઠા થઈ ગયા, તેઓએ આસુ ભરી આખોએ હાહાકાર કરીને દિશાઓને બેહેરી ખોડ કરી મૂકી, અને '"બાલચંદ્રિકાના શરીરમા બળવાન્ યક્ષ વાસ કરી બેઠો છે" આમ સાભળ્યા છતા પણ મદાંધ દારુવર્માએ તેની જ માગણી કરી તેથી એ પોતાના કર્મે કરીને મરણ પામ્યો છે. તેનો વિલાપ કરવાથી શો લાભ છે?' આમ પરસ્પર વાતચિત કરતા તેના ઘરમા દાખલ થયા. તે કોલાહલનો લાભ લઈને તે ચંચળ નયનાની સાથે કુશળતાથી હું એકદમ બાહાર નિકળીને મારે ઘેર ચાલ્યો ગયો તે પછી કેટલાએક દિવસો વીત્યા પછી નગરના મનુષ્યોની સમક્ષમા સિદ્ધપુરુષની આજ્ઞા પ્રમાણે તે ચંદ્રમુખીને પરણીને પ્રથમથી જ સંકલ્પ કરી રાખેલા અનેક જાતના સુરતોનો ઇચ્છાનુસાર અનુભવ કરવા લાગ્યો. અને બંધુપાલે શકુન જોઇને મને જે દિવસ કહ્યો હતો તે દિવસે હું આ નગરમાંથી બાહાર નિકળ્યો; એટલામા નેત્રને આનંદ આપનારુ આપનાં અવલોકનનું સુખ પણ અનુભવું છું."

આ રીતે મિત્રનું વૃત્તાંત સાંભળીને રાજવાહનનું મન પ્રસન્ન થયું, અને તેણે પોતાનું તથા સોમદત્તનું વૃત્તાંત તેને નિવેદન કર્યું અને સોમદત્તને આજ્ઞા કરી કેઃ–“મહા કાલેશ્વરની પૂજા કરીને તું તારી વલ્લભાને તેના પરિવાર સાથે તારા નિવાસસ્થાન ઉપર મૂકીને પાછો આવ” આ રીતે સોમદત્તને આજ્ઞા કર્યા પછી પુષ્પોદ્ભવથી સેવાતો રાજવાહન પૃથ્વી ઉપર સ્વર્ગ તુલ્ય શોભાયમાન અવંતિપુરીમાં દાખલ થયો ત્યાં બંધુપાલ વગેરે બંધુઓની આગળ પુષ્પોદ્ભવે કહ્યું કેઃ–‘આ મારા રાજાના કુમાર છે’ આમ કહીને રાજવાહનનો અનેક પ્રકારે સત્કાર કરાવ્યો. અને નગરીમાં, ‘આ એક ઉત્તમ બ્રાહ્મણ છે અને સર્વ કળામા કુશળ છે,’ આમ જાહેર કરીને એ રાજાને સ્નાન, ભોજન આદિ પ્રતિ દિવસ પોતાના ઘરમા કરાવવા લાગ્યો

ઇતિશ્રી દંડિવિરચિત દશકુમારચરિતમા ‘પુષ્પોદ્ભવનુ ચરિત્ર’
એ નામનો ઉચ્છ્વાસ ૪ થો સમાપ્ત

ઉચ્છ્વાસ ૫ મો

અવંતિસુન્દરીનો વિવાહ

તે પછી કામની સેનાના નાયકરૂપ, મલય પર્વતનાં ચંદન વૃક્ષોમા નિત્ય નિવાસ કરનારા સર્પના ભોજન કરતા બાકી બચેલા હોવાથી અત્યંત સૂક્ષ્મ, હરિચંદનની સુગંધના ભારથી ભરપૂર હોવાથી જાણે મંદગતિવાળા હોય તેવા દક્ષિણ દિશાના પવનથી વિયોગીઓના હૃદયમાં વસતા કામાનલને ઉદ્દીપન કરનારો, આબાના કુંપળિયાના રસનું આસ્વાદન કરવાથી મધુર કંઠવાળા ભ્રમરોના અને કોયલોના અવ્યક્ત કોલાહલથી

દિશાના મંડળને વાચાળ કરનારો, માનવતી સ્ત્રીઓના મનમાં ઉત્કંઠા ઉત્પન્ન કરનારો, આંબાઓમાં, નગડોમાં, રક્તાશોકમાં* પલાશના વૃક્ષોમાં અને તિલક વૃક્ષોમાં કળીઓ ઉત્પન્ન કરનારો, મદનનો મહોત્સવ કરવામાટે રસિક જનોના મનને ઉત્સાહી કરનારો એવો વસંતનો સમય આવ્યો, આ અત્યંત રમણીય એવા વસંતના સમયમાં માન-

---

* रक्ताशोक.—રાતા ફુલવાળુ આસોપાલવનુ વૃક્ષ. આ વૃક્ષ કામને ઉદ્દીપન કરે છે. અશોકકલ્પમા કહ્યુ છે કે –

प्रसूनकैरशोकस्तु श्वेतो रक्त इति द्विधा।
बहुसिद्धिकर श्वेतो रक्तोऽत्र स्मरवर्धन ॥

ધોળા ફુલવાળો તથા રાતા ફુલવાળો એમ બે જાતનો અશોક થાય છે તેમા શ્વેત ફુલવાળો ઘણી સિદ્ધિ આપે છે, અને રાતા ફુલવાળો કામની વૃદ્ધિ કરે છે.

સસ્કૃતમાં અશોક વૃક્ષનું નામ 'रामावामांघ्रिघातक 'આવુ છે. આનો અર્થ એવો છે કે, સ્ત્રી પોતાના ડાબા પગથી અશોકને લાત મારે છે કે તે પ્રફુલ્લિત થાય છે એક સગ્રહ શ્લોકમા આ પ્રમાણે કહ્યુ છે –

पादाघातादशोकस्तिलककुरबकौ वीक्षणालिंगनाभ्या
स्त्रीणा स्पर्शात्प्रियगुर्विकसति बकुल सिधुगडूषसेकात्।
मदारोनर्मवाक्यात्पटुमृदुहसनाच्चपकोवक्त्रवातात्
चूतो गीतान्नमेरुर्विकसति च पुरो नर्तनात्कर्णिकारः ॥

સ્ત્રીના પાદાઘાતથી અશોક પ્રફુલ્લિત થાય છે, તિલકવૃક્ષ સ્ત્રીના દર્શનથી અને કુરબક સ્ત્રીના આલિગનથી પ્રફુલ્લિત થાય છે, સ્ત્રીના સ્પર્શથી પ્રિયંગુ પ્રફુલ્લિત થાય છે, મદિરાનો કોગળો રેડવાથી બકુલ પ્રફુલ્લિત થાય છે, મદાર સ્ત્રીના નર્મવાક્ય કહેવાથી પ્રફુલ્લિત થાય છે, સ્ત્રીના ચતુરતાવાળા મૃદુ હસવાથી ચપક વિકસિત થાય છે; સ્ત્રીના મુખના નિઃશ્વાસથી આમ્ર પ્રફુલ્લિત થાય છે, ગીતથી નમેરુવૃક્ષ વિકસિત થાય છે, અને સંમુખમા નૃત્ય કરવાથી કર્ણિકાર વિકસિત થાય છે.

સારની અવંતિસુંદરી નામની પુત્રી, પ્રિયસખી બાલચંદ્રિકાની સાથે તથા નગરની સુંદરીઓની મંડળી સાથે, નગરની પડોસમાં આવેલા રમણીય ઉદ્યાનમાં વિહાર કરવાની ઉત્કંઠાથી આવી, અને એક નાના આમ્રવૃક્ષની શીતળ છાયાનિચે રેતીવાળા પ્રદેશ ઉપર ચંદન, પુષ્પ, હરદળ, ચોખા, રેશમી વસ્ત્ર, વગેરે નાના પ્રકારના સુગંધી પદાર્થોના સમૂહથી કામનું પૂજન કરતી રમવા લાગી. તે મૂર્તિમતી રતિના જેવી, અવંતિસુંદરીને જોવાની ઇચ્છાથી, કામ જેમ વસંતની સાથે આવે તેમ પુષ્પોદ્ભવની સાથે રાજવાહન પણ તે ઉપવનમા દાખલ થયો. ત્યાં ઠેકાણે ઠેકાણે મલયના પવનથી ડોલતી શાખાઓમાં ખીચોખીચ ફુટી નિકળેલા કુંપાળયાથી, મંજરીઓથી અને ફુળોથી શોભાયમાન એવા આબાના વૃક્ષો ઉપર બેઠેલી કોયલોના, પોપટોના, પાખવાળા ભમરાઓના અને મધુકરોના આલાપનું શ્રવણ કરતો કરતો, જરાક ઉઘડેલા નીલકમળ, રાતા કમળ, શ્વેત કમળ અને રાજીવ (એક જાતના કમળ)ની પંક્તિઓમા ક્રીડા કરવામા ચંચળ એવા કલહંસ,* કારંડવ અને ચક્રવાકના મંડળના મનોહર શબ્દથી ગાજી રહેલાં તથા નિર્મળ અને શીતળ જળથી સુદર લાગતા સરોવરોને જોતો જોતો તથા અનેક જાતની રમત કરતો કરતો અવંતિસુંદરીની પાસે તે જઈ પહોંચ્યો એટલે બાલચંદ્રિકાએ હાથના અણસારાથી રાજવાહનને બોલાવ્યો કે;–'નિઃશંકપણાથી આ તરફ આવો' એટલે પોતાના પ્રભાવથી ઇદ્રનો પરાજય કરે તેવો રાજવાહન પાતળા† પેટવાળી અવંતિસુંદરીની પાસે ગયો.

---

* મનોહર હસની એક જાત

† કવિ અવતિસુદરીને પાતળા પેટવાળી વર્ણવે છે સ્ત્રીનું પેટ પાતળુ હોવુ તે એક તેની શોભા ગણાય છે, અને કવિઓ

રતિનો વિયોગ થવાથી થયેલી ઉત્કંઠાને લીધે વસંતની સહાય લઈને કામે, કેલિશાલભંજિકા (રમવાની પુતળી) બનાવવાની ઇચ્છાથી એક સ્ત્રીને ઘડી કાઢી, અને પછી પોતાનાં ક્રીડાસરોવરના, શરદ્ઋતુના કમળના સૌંદર્યમાથી તે સ્ત્રીના બે ચરણ નિર્માણ કર્યા, ઉદ્યાનના વનની વાવમા વાસ કરતી મદમત્ત હંસિનીની ગતિની ચાલમાથી તે સ્ત્રીનો લીલાવાળો (રમતિયાળ) તથા આળસુ (મસ્તી દર્શાવનાર) ગતિવિલાસ નિર્માણ કર્યો, ભાથાના લાવણ્યમાંથી તેની બે જાંઘ બનાવી, લીલામંદિરના બારણા ઉપર ઉગેલી કેળના લાલિત્યમાથી તેના મનોહર બે ઉરુ (સાથળ) બનાવ્યા, વિજયી રથના ચાતુર્યમાથી તેના ગાઢ જઘન નિર્માણ કર્યા, કાનના સૌંદર્યદાયક આભૂષણરૂપ, જરાક ઉઘડેલા રમત ગમતને માટે કાનના આભૂષણ તરિકે પહેરવામા આવતા રક્ત કમલની કળીના મધ્ય ભાગની આકૃતિમાંથી ગંગાની ઘુમરી જેવી (ગોળાકાર) નાભિ બનાવી, હવેલીના ઉપરના ભાગમા ચઢવા માટે કરેલી પગથિયાંની પરંપરામાથી તેની ત્રણ ત્રિવળી બનાવી, ધનુષની દોરીમાથી અને ભમરાની પંક્તિની કાળાશની શોભામાથી તેની રોમાવલી* બનાવી, જળથી ભરપૂર એવા સુવર્ણના કળશની શોભામાંથી તેનાં

પણ સ્ત્રીઓનુ કૃશોદરી તરિકે કાવ્યોમા વર્ણન કરે છે, કારણ તે તે ખીલતી યુવાવસ્થાનુ ચિહ્ન છે. જે સ્ત્રીને બાળક થયા હોય છે તેનું પેટુ મોટુ હોય છે

* रोमावली –રોમની પક્તિ નાભિની નીચે કેશની હાર હોય છે તેને રોમાવલી, કેશપક્તિ કહે છે, અને તેનુ સ્ત્રીના સાંદર્ય તરિકે વર્ણન કરવામા આવે છે સસ્કૃતમા रोमावली નામનુ એક शतक છે

બે સ્તન બનાવ્યાં, લતામંડપની સુકુમારતામાંથી તેના બે બાહુ બનાવ્યા, વિજય (સમયે વગાડવાના) શંખની શોભામાંથી તેનો કંઠ બનાવ્યો, કાનના સુંદર આભૂષણરૂપ આંબાના પલ્લવના રંગમાંથી બિંબફળને* પ્રતિબિંબરૂપે કરનારો તેનો અધરોષ્ઠ બનાવ્યો, કામના બાણનું આચરણ કરનારા પુષ્પના લાવણ્યમાંથી તે સ્ત્રીનું પવિત્ર હાસ્ય નિર્માણ કર્યું, મુખ્ય દૂતી કોયલના કલાવાળા આલાપના માધુર્યમાંથી તે સ્ત્રીનો વચનસમૂહ નિર્માણ કર્યો, સર્વ સૈનિકોના નાયકરૂપ મલયના પવનના સુગંધમાંથી તેના નિઃશ્વાસને નિર્માણ કર્યો, વિજયધ્વજરૂપ મીનના (મત્સ્યના) ગર્વમાંથી તેનાં બે નેત્રને નિર્માણ કર્યાં, કામના ધનુષના કામઠાની શોભામાંથી તેની બે ભ્રુકુટી નિર્માણ કરી, પ્રથમ મિત્ર સુધાકર(ચંદ્ર)ની કલંકરહિત કાંતિમાંથી તે સ્ત્રીનું વદન નિર્માણ કર્યું, ક્રીડામયૂરના પિછાની શોભામાથી તે સ્ત્રીનો કેશકલાપ નિર્માણ કર્યો, ચંદનના રસમા સર્વ રસોને તથા કસ્તૂરીને મેળવી તેનાથી રાજકુમારીને પખાળીને (ધોઇને) કર્પૂરનો પરાગ (તેના શરીર ઉપર) ચોપડીને જાણે તેને નિર્માણ કરી હોય તેવી તે (અવંતિસુદરી) શોભતી હતી. તેના પોતાથીજ આરાધાતા અને પોતાના મનમા ચિંતવી રાખેલો વર આપવા માટે પ્રકટ થયેલા મૂર્તિમાન્ કામના જેવા રાજવાહનને

* સ્ત્રીના ઓષ્ઠની રચના પહેલા બિંબફળ (ઘોલાનુ ફળ) એક જ હતું પગ્તુ આ સ્ત્રીના ઓષ્ઠને નિર્માણ કર્યા પછી બિંબફળ તેના પ્રતિબિંબરૂપે થયુ છે, અર્થાત્ ગૌણ થઈ ગયુ છે. અહી મળમા प्रतिबिंबीकृतबिंब रदनच्छदम् એમ કહ્યુ છે. અર્થાત્ તે સ્ત્રીના ઓષ્ઠની સ્નાગે બિંબફળને (પાકેલા ઘોલાના ફળને) પ્રતિબિંબરૂપે કર્યું હતુ.

જોઇને મૂર્તિમતી લક્ષ્મીના જેવી માલવ રાજાની તે કન્યા (અવંતિસુંદરી) કામાધીન થઈ ગઈ, અને કામના આવેશથી મંદ પવનને લીધે ડોલતી લતાની પેઠે કંપવા લાગી, અને પોતાની શાંતિપૂર્વક ચાલતી ક્રીડામાથી નિવૃત્ત થઇને લજ્જાથી અનેક જાતના કંઈ કંઈ ભાવો* કરવા લાગી. રાજવાહન આશ્ચર્યથી તથા પ્રીતિથી તેને જોતો જોતો વિચાર કરવા લાગ્યો કે.—"વિધાતાએ સ્ત્રીજાતિને સરજતી વખતે આ સ્ત્રીને ખરેખર ઘુણાક્ષર †ન્યાયથી સરજી છે જો એમ ન હોય, અને કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા જો આવી જાતની સ્ત્રીઓને નિર્માણ કરવામા નિપુણ હોય તો આના સરખી, રૂપવતી બીજી તરુણીને શા માટે સરજતા નથી?" આ રીતે વિસ્મય અને અનુરાગ સાથે રાજવાહન તેનુ અવલોકન કરવા લાગ્યો તે સમયે અવંતિસુંદરી તેના સમક્ષ ઉભી રહેતા લજાઈ ગઈ, અને પોતાના શરીરને જરાક સખીઓની આડુ કરી, પોતાનાં કટાક્ષને જરાક સંકુચિત કરી, ભ્રુકુટિરૂપી લતાને વક્ર

* भाव –निर्विकारात्मके चित्ते भाव प्रथमविक्रिया। લૌકિક વિકારોથી રહિત એવા ચિત્તમા પ્રથમ ઉત્પન્ન થયેલા વિકારને ભાવ કહે છે. નિર્દોષ રાજવાહનને જોઇને અવંતિસુંદરીના મનમાં પણ પ્રથમ વિકાર થયો હતો

† घुणाक्षरन्याय –ઘુણ નામના જીવડાને ભાષામા ઘુણ કહે છે. તે લાકડામા ઉત્પન્ન થાય છે, અને લાકડાને કોરી ખાય છે. તે લાકડાને ખાવા માટે કોરે છે ત્યારે કોઈકોઈ વાર તેમા અક્ષરો પણ કોરાઈ જાય છે તેને 'ઘુણાક્ષરન્યાય' કહેવામા આવે છે. ઘુણથી જેમ કાષ્ઠને કોરતા અજાણતા તેમા અક્ષરો કોરાઈ જાય છે, તેમ બ્રહ્માએ પણ સ્ત્રીઓને નિર્માણ કરતા તેનાથી અજાણતા આ અનુપમ રૂપવતી સ્ત્રી નિર્માણ થઈ ગઈ હતી.

કરી, તે કટાક્ષને રાજવાહનનાં નેત્ર સન્મુખ વાળીને, જેનું લાવણ્ય પોતાના શરીરરૂપી મૃગને જાળ સમાન હતું એવા રાજવાહનને ઉભી ઉભી નિહાળવા લાગી. તે સમયે તે સ્ત્રીએ કરેલા ભાવોની તથા શૃંગારાદિક રસની સામગ્રીથી કામને જાણે બળ મળ્યું હોય, તેમ તેનાથી રાજવાહનનું મન પણ પાંચ* બાણને ધારણ કરનારા કામના બાણનું ભોગ થઈ પડ્યું.

તે પછી રાજકન્યા મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગી કે.—"અનન્ય સાધારણ સૌંદર્યશાળી કઈ નગરીની ભાગ્યવતી તરુણીઓનાં નેત્રને આ પુરુષ આનંદ આપતો હશે! (કઈ નગરીમાં રહેતો હશે!) આ પુત્રરત્ને પતિપુત્રવાળી સ્ત્રીઓમાંથી કઈ સ્ત્રીને સ્ત્રીઓના સેંથાના મુક્તાફળરૂપ કરી હશે! (અર્થાત્ આ પુત્રની માતા કોણ હશે!) આની રાણી કોણ હશે? આને અહીં આવવાનું શું કારણ હશે? ખરેખર લાવણ્યથી (સૌંદર્યથી) કામનો ઉપહાસ કરનારા આ

---

* પાચબાણધારી—કામના પાચ બાણ છે તેથી કામ पंचबाण કહેવાય છે. તે પાચ બાણ આ પ્રમાણે છે –

'अरविंदमशोक च चूत च नवमल्लिका।
नीलोत्पल च पचैते पचबाणस्य सायका ॥'

'કમળ, અશોક, આબો, નવમલ્લિકા, અને નીલકમલ આ પાચ કામના બાણ છે'

કેટલાએક કામના બીજાં પાચ બાણ ગણાવે છે તે નિચે પ્રમાણે છે –

'उन्मादनस्तापनश्च शोषणस्तभनस्तथा।
संमोहनश्च कामस्य पंच बाणाः प्रकीर्तिताः ॥'

ઉન્માદન, તાપન, શોષણ, સ્તભન અને સમોહન આ પાચ બાણ કામના છે.

(રાજકુમાર)ને જોયાથી મન્મથ ઈર્ષાથી મારા મનને અત્યંત મથન કરીને પોતાનાં નામને સાર્થક કરે છે શું કરું? આની સાથે કેવી રીતે ઓળખાણ કરવી?" (રાજકન્યા અને રાજકુમારના મનમાં આવા તરંગો ચાલતા હતા) તે સમયે બાલચંદ્રિકાએ તે બન્નેની મનોવૃત્તિને તેઓના માનસિક વિકારો ઉપરથી જાણી લીધી, અને સ્ત્રીઓના સમાજની સમક્ષમાં રાજકુમારનું વૃત્તાત સંપૂર્ણ રીતે કહેવું અનુચિત છે આમ માનીને લૌકિક વાકયોથી તે કહેવા લાગીઃ– "ઓ રાજકુમારિ! આ બ્રાહ્મણનો કુમાર છે, તે સકળ કળામા પ્રવીણ છે, દેવોને પોતાની પાસે બોલાવી શકે છે, યુદ્ધમા નિપુણ છે, મણિના, મંત્રના તથા ઔષધિઓના પ્રયોગોને જાણે છે, અને સેવા કરવાને યોગ્ય છે, માટે તમે તેની પૂજા કરો." બાલચંદ્રિકાએ પોતાના મનોરથને મળતી વાત કરી, તે સાભળીને રાજકન્યાનુ અંતઃકરણ સંતુષ્ટ થયું, અને મંદ પવનથી જેમ જળતરંગોની પંક્તિ ચલાયમાન થાય, તેમ રાજકુમારી કામથી વ્યાકુળ થઈ ગઈ, અને કામનો પરાજય કરનારા રાજકુમારને યોગ્ય આસન ઉપર બેસાડીને પોતાની સખીના શ્રેષ્ઠ હાથથી ચંદન, પુષ્પ, અક્ષત, કર્પૂર, તાબૂલ, વગેરે અનેક જાતની વસ્તુઓથી તેની પૂજા કરાવી

તે સમયે રાજવાહન પણ મનમા વિચાર કરવા લાગ્યો કે.–"આ સ્ત્રી ખરેખર પૂર્વ જન્મમા મારી યજ્ઞવતી નામની સ્ત્રી હતી નહિતર આ સ્ત્રીના ઉપર મારા મનમા આવી પ્રીતિ થાય નહિ. શાપ પૂરો થઈ રહ્યા પછી તપોનિધિએ (મુનિએ) કહેલું કે પૂર્વ જન્મનું સ્મરણ અમને બન્નેનો સરખી રીતે જ થાશે. તથાપિ વર્તમાન કાળમાં ઉત્પન્ન થયેલા દેહ વિશેષને સૂચવનારા વાકયો કહીને હું આને પૂર્વ જન્મનુ

જ્ઞાન પ્રથમ ઉત્પન્ન કરું." તે આવો વિચાર કરે છે તેજ વખતે કોઇએક મનોહર રાજહંસ રમવાની ઇચ્છાથી તેની પાસે આવ્યો. એટલે રાજકન્યાએ ઉત્કંઠાથી તે હંસને પકડવા માટે બાલચંદ્રિકાને મોકલી તે જોઇને, 'વાત કરવા માટે આ અવસર યોગ્ય છે,' આમ વિચાર કરીને વાત કરવામાં કુશળ એવો રાજવાહન લીલા*સહિત બોલ્યો.—

"સખિ! પૂર્વે સાંબ નામનો એક રાજા હતો, તે પોતાની પ્રાણવલ્લભાની સાથે વિહાર કરવાની ઇચ્છાથી એક સરોવર ઉપર ગયો હતો. ત્યા રક્ત કમળના ઝુંડની પાસે એક રાજહંસ નિદ્રાધીન થઈ ગયો હતો તેણે તેને ધીરેથી પકડી લીધો, અને કમળના તાંતણાથી તેના બંને ચરણને બાંધી લીધા; અને મંદ મંદ હસવાથી જેનો એક કપોલ વિકસિત થયો હતો એવા રાજાએ કાંતાના પ્રીતિભરેલા મુખ તરફ જોઇને કહ્યું:— 'ઇંદુમુખ! મેં આ હંસને બાંધી લીધો છે, અને તે મુનિની પેઠે શાંત થઇને બેઠો છે, હવે એ પોતાની મરજીમા આવે ત્યા ભલે જાય' તે પછી પેલા રાજહંસે સાંબને શાપ આપ્યો કે: 'ઓ મહીપાલ! હું આ કમળના ઝુંડમા ધર્માનુષ્ઠાનમા પરાયણ થઇને પરમાનંદથી રહું છું, અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળું છુ. તે કારણ વગર રાજ્યના ગર્વથી મારુ અપમાન કર્યું છે, માટે આ પાપને લીધે તું સ્ત્રીના વિરહસંતાપનો અનુભવ કર.' તે સમયે સાંબનું મુખ ખિન્ન થઈ ગયું, અને પોતાની જીવિતેશ્વરીના વિયોગની વાર્તા સહન નહિ થઈ શકવાથી તે પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરીને વિનય સાથે બોલ્યો:—'મહાભાગ! મેં અજાણતા જે કર્યું હોય તેને માટે ક્ષમા કરો.' તે ઉપરથી

---

* હસતા હસતા અને કટાક્ષ મારતા બોલવુ તે લીલાસહિત ભાષણ કહેવાય છે.

તે તપસ્વીનું હૃદય કૃપાથી આકર્ષાયું, અને તેણે તેને કહ્યું:–'ઓ રાજન્! આ જન્મમા તને શાપનું ફળ મળશે નહિ, પરંતુ મારુ વચન અમોઘ (નિષ્ફળ ન જાય તેવું) હોવાથી આવતા જન્મમાં આ કમલનયના બીજું શરીર ધારણ કરશે ત્યારે તું પ્રીતિથી તેનો રમણ (પતિ) થઇશ તે સમયે તે મારા બન્ને ચરણને બે મુહૂર્ત સૂધી બાધ્યા છે તેથી તારા બન્ને ચરણને બે મહિના સૂધી બેડીઓથી સાંકળવામા આવશે, અને તું સ્રીના વિયોગનો ખેદ અનુભવ્યા પછી તારી વલ્લભાની સાથે ઘણા કાળ સૂધી રાજ્યસુખ ભોગવીશ' આવી રીતે શાપનો અનુગ્રહ કર્યા પછી તે બંનેને પૂર્વજન્મનુ સ્મરણ થવાનો પણ મુનિએ અનુગ્રહ કર્યો માટે તારે આ હંસને કેદ કરવો નહિ" તેના વચન સાભળીને રાજકુમારીને પણ પોતાના પૂર્વજન્મનો વૃત્તાત યાદ આવ્યો, અને તે કન્યાએ મનમા જાણ્યું કે:–"ખરેખર આ તો મારા પ્રાણવલ્લભ છે," તેથી તેનુ મન પ્રેમથી પલ્લવિત થયું, અને તે મંદમંદ હસતી બોલી:–"હે સૌમ્ય! પૂર્વે મામે યજ્ઞવતીનો સંદેશો પાળવા માટે હંસને કેદ કર્યો હતો ખરો જગતમા બીજાની ઇચ્છાને પૂર્ણ કરવા માટે પંડિતો પણ અકાર્ય કરે છે" આ રીતે વાર્તા કર્યા પછી રાજકન્યાએ અને રાજકુમારે એક બીજાનો પૂર્વજન્મ તથા પૂર્વજન્મના નામ જે એક બીજાને પરિચિત હતા તે અન્યોન્યની જાણ માટે અભિજ્ઞાન* સાથે કહ્યા, અને તે બન્નેના મન કામની પ્રીતિથી પૂર્ણ થઈ ગયાં.

તે સમયે માલવ રાજાની પટ્ટરાણી પરિજનોથી વિટાઇને દીકરીની ક્રીડા (રમત) જોવામાટે તે ઉદ્યાનમાં આવી. બાલ-

---

*બનેલી અમુક અમુક બાબતો કહીને તેના એંધાણ આપવા તેનુ નામ अभिज्ञान.

ચંદ્રિકાએ દૂરથી માતાને, આવતી જોઇને છૂપી વાત ખુલ્લી પડી જવાના ભયથી સંભ્રમ સાથે હાથની સંજ્ઞાથી પુષ્પોદ્‌ભવથી સેવાતા રાજવાહનને વૃક્ષની ઘટામાં સંતાડી દીધો માનસારની પટ્ટરાણી ક્ષણભર ઉભી રહીને સખીઓની સાથે ક્રીડા કરતી પુત્રીની અનેક પ્રકારની ક્રીડા નિહાળવા લાગી, અને પછી પોતાની દીકરીની સાથે પોતાને ઘેર જવાને તૈયાર થઈ. અવંતિસુંદરીએ માતાની પાછળ જતી વખતે રાજકુમારને ઉદ્દેશીને કહ્યું કે.—"ઓ રાજહંસકુલતિલક!* તું વિહારની વાંછાથી આ ક્રીડાવનમાં મારી પાસે આવ્યો હતો, પરંતુ મારે તને એકદમ તજી દઈને મારી માતાની પાછળ જવું યોગ્ય છે, આમ સમજીને હું જાઉં છું આ ઉપરથી તારા મનની પ્રીતિમા ફેરફાર થવો ન જોઇએ" આ રીતે હંસની પેઠે કુમારને ઉદ્દેશીને યોગ્ય વાક્યો બોલતી ,તથા વારંવાર દયામણા નેત્રને પાછા ફેરવીને કુમારનું મુખ નિહાળતી તે પોતાને ઘેર ગઈ ત્યા હૃદય કુમારની–મનમાન્યાની કથાનો પ્રસંગ નિકળતા બાલચંદ્રિકાએ તેનો વંશ તથા તેનુ નામ કહ્યું. તે સાભળ્યા પછી તેનું મન કામના બાણોના પ્રહારથી વ્યાકુળ થઈ ગયું,

---

* राजहसकुलतिलक —આ પદમા શ્લેષ છે અને તે રાજકુમારનુ તથા હંસનુ બન્નેનુ વાચક છે રાજકુમારી રાજકુમારને સબોધીને કહે છે કે —હે રાજરૂપી હસના કુલમા તિલકરૂપ, અને તે હસનું પણ વિશેષણ છે. અને તેનો અર્થ એવો છે કે —હે રાજહસના કુળમા તિલકરૂપ, અર્થાત્ ઉત્તમ રાજહસ! આ પછીના બીજા વાકયો રાજકુમારને અને રાજહસને બનેને લાગુ પડે એવી રીતે શ્લેષથી રાજકન્યા બોલે છે કે, જેથી તેની માતા અને બીજાં રાજકુમારી રાજકુમારને સબોધીને કહે છે એમ સમજી શકે નહિ. આમાં કન્યાની ચતુરાઈ સાથે ભાષાની પણ ખૂબી દાખવી છે.

વિરહની વેદનાથી દિવસે દિવસે કૃષ્ણપક્ષના ચંદ્રની કળાની પેઠે તે અત્યંત દુર્બળ થવા લાગી, અને ભોજનાદિક સર્વ વ્યાપાર તજી દઈને એકાંત મંદિરમાં ચંદનના રસથી ધોયલા કમળનાં પાંદડાંની તથા પુષ્પની પથારી કરાવીને તેના ઉપર જેની શરીરરૂપી લતા દુર્બળ છે એવી રાજકુમારી સૂતી. સુકુમારી રાજકુમારીને ઉપર વર્ણવેલી અવસ્થાનો અનુભવ કરતી તથા કામાગ્નિથી સંતાપ પામતી જોઇને તેનું સખીમંડળ ઉદાસ થઈ ગયું. તે પછી ચંદન, વાળો તથા કર્પૂર ભેળવીને તેનાં સ્નાનને માટે તયાર કરીને સુવર્ણના કળશો (ઘડાઓ)મા ભરી રાખેલા પાણી, કમળનાં તંતુઓથી ગુંથીને બનાવેલા વસ્ત્રો, કમલિનીના પાદડાના પંખાઓ આવી રીતે સંતાપને હરનારી ઘણી વસ્તુઓને એકઠી કરીને તે રાજકુમારીના શરીરને તે મંડળ શિશિર ઉપચાર કરવા લાગ્યું પરંતુ તે શીતળ ઉપચાર પણ ધગધગતા તેલમા પાણી પડવાથી જેમ ચોતરફથી અગ્નિ ઉત્પન્ન કરે, તેમ તેના અંગમાં ચોતરફથી અગ્નિને જ પ્રકટ કરવા લાગ્યો તે સમયે બાલચંદ્રિકા ખિન્ન થઈ ગઈ, અને હવે શું કરવુ તે વિચારમા મૂઢ બની ગઈ તે પછી વિરહાનલના ઉષ્ણ નિ.શ્વાસથી મ્લાન થયેલા ઓઠવાળી અને નમેલી કાયાવાળી રાજકુમારી આસુના કણથી ભરપૂર આંખ જરાક ઉઘાડી, કટાક્ષથી બાલચંદ્રિકાની સામે જોઇને ધીરે ધીરે ગળગળા સ્વરથી બોલીઃ–"પ્રિય સખિ! પુષ્પનુ આયુધ ધારણ કરનારા કામને પાંચ બાણવાળો તથા પુષ્પના બાણવાળો કહેવામા આવે છે, પરંતુ એ વાત ખરેખર અસત્ય છે કામ મને તો લોઢાનાં અસંખ્ય બાણોનો પ્રહાર કરે છે સખિ! હું ચદ્રને વડવાનળના*

* વડવાનલ–આવા નામનો એક અગ્નિ છે, ને તે સમુ-

કરતા પણ અત્યંત તાપ ઉપજાવનારો માનું છું; કારણ કે, ચંદ્ર સમુદ્રમાં જ્યારે પ્રવેશ કરે છે ત્યારે સમુદ્ર સૂકાઈ જાય છે, અને જ્યારે તે બાહાર નિકળે છે તે જ વખતે સમુદ્રમા ભરતી આવે છે. હુ દોષાકરનાં* દુષ્ટ કર્મનું તે શું વર્ણન કરુ? આ પોતાની સહોદરા પદ્માલયાનાં† ઘરરૂપી કમળનો પણ નાશ કરે છે. મલયનો પવન પણ વિરહાનળથી સંતપ્ત થયેલાં મારા હૃદયનો સ્પર્શ કરવાથી ખરેખર ઉનો થઈ જાય છે અને (બળવાથી) ઓછો થઈ જાય છે નવીન પલ્લવની બનાવેલી આ પથારી પણ કામાનલની શિખાના ઢગની પેઠે મારા શરીરમાં સંતાપ કરે છે. શરીરમા લગાડેલું આ હરિચંદન (ચંદન) પણ પૂર્વે પોતાના કાષ્ઠને આલિંગન કરનારા સર્પોના દાંતોમાં રહેલા ભયંકર વિષથી ખરડાયેલું હોય, તેમ મારા શરીરમાં સંતાપ કરે છે. માટે શીતળ ઉપચાર કરવાનો પરિશ્રમ લેવો બંધ કરો. મારો કામજ્વર ઉતારવામાટે લાવણ્યથી

દ્રમા પાણીના મોજાઓના આઘાતથી ઉત્પન્ન થાય છે, અને તે સમુદ્રના પાણીનુ શોષણ કરે છે

* **दोषाकर–दोषा** એ રાત્રિનુ નામ છે. **दोषा करोतीति दोषाकरः** જે दोषाને કરે છે, તે **दोषाकर** કહેવાય છે. અર્થાત્ રાત્રિને કરનારો ચદ્ર. ચદ્રના ઉદયથી સૂર્યવિકાસી કમળ બીડાઈ જાય છે તેથી તેને તેની બહેન પદ્માલયાના ઘરનો નાશ કરનાર તરિકે વર્ણવ્યો છે, અને **दोषाकर** કહ્યો છે. **दोषाकर** એટલે **दोषाणा आकर. दोषाकरः** દોષોની ખાણરૂપ આ રીતે આ શબ્દમા શ્લેષ છે.

† **पद्मालया–पद्मम्** आलय यस्याः सा। જેનુ ઘર કમળ છે તે, અર્થાત્ લક્ષ્મી. દેવોએ અને દૈત્યોએ અમૃતમાટે સમુદ્રનુ મથન કર્યું ત્યારે ચદ્ર અને લક્ષ્મી બન્ને સમુદ્રમાથી સાથે નિકળ્યાં હતા તે ઉપરથી કવિ લખે છે કે –"**निजसोदर्याः पद्मालयाया.।**"

કામનો પરાજય કરનારો રાજકુમાર જ એક વૈદ્ય છે પરંતુ મારે તેને મેળવવો અશક્ય છે. હું શું કરુ?" બાલચંદ્રિકા અવંતિસુંદરીને કામજ્વરની* છેલ્લી દશામાં ગયેલી જોઇને તથા તેના સુકુમાર અંગોને જોઇને, તેનું મન રાજવાહનનાં લાવણ્યને આધીન થઈ ગયું છે, તથા તેને હવે તેના વિના બીજાનો આધાર નથી આવો વિચાર કરીને પોતાના મનમાં વિચાર કરવા લાગી.–'મારે કુમારને હવે ઝટ લાવવો જોઇએ, નહિતર કામ આને મારી નાખશે ઉદ્યાનમા (વિહારવનમા) રાજકુમારના તથા રાજકુમારીના અન્યોન્યનું અવલોકન કરતી વખતે પંચબાણે (કામે) એક સાથે જ બન્નેને બાણનો પ્રહાર કર્યો છે તેથી કુમારને સહેલથી લાવી શકાશે.'

આ રીતે વિચાર કરી અવંતિસુંદરીના રક્ષણ માટે

---

* कामज्वर –કામવિકારથી આવેલો તાવ. સાહિત્યશાસ્ત્રમાં કામની દશ અવસ્થા કહી છે. તેમા છેલ્લી અવસ્થા મરણ છે. સાહિત્યદર્પણમા કામની દશ અવસ્થા આ પ્રમાણે વર્ણવી છે –

अङ्गेष्वसौष्ठव ताप पाण्डुता कृशताऽरुचि ।
अधृतिः स्यादनालम्बस्तन्मयोन्मादमूर्छना ॥
मृतिश्चेति क्रमाज्ज्ञेया दश स्मरदशा इह ॥ २०६ ॥

અંગો મલિન રહેવા, વિરહથી જ્વર આવવો, શરીરનુ ફીક્કુ પડી જવુ, દુર્બળ થઈ જવું, ભોજનાદિક ઉપર અરુચિ થવી, કોઈ પણ ઠેકાણે અધીરતા, આધાર રહિત હોય તેમ મન ઉદાસ રહેવુ, બાહાર તથા અંત કરણમા પ્રિયના અથવા પ્રિયાના દર્શન થવા, ઉન્માદ થવો, મૂર્છા આવવી, અને છેવટે મરણ થવુ આ દશ કામની દશા છે. અવંતિસુદરી કામજ્વરને લીધે જ્યારે મૂર્છિત થઈ ગઈ ત્યારે બાલચદ્રિકાને તેના મરણનો ભય લાગ્યો, અને તે બીજી સખીઓની દેખરેખ નિચે અવતિસુદરીને રાખીને પડે રાજવાહનની પાસે ગઇ.

સમયોચિત કાર્ય કરવામાં ચતુર એવા સખીમંડળની યોજના કરીને પંડે રાજકુમારને મંદિરે ગઈ. રાજવાહનનું મન પણ કામનાં બાણોથી વિંધાયલું હતું, કામથી તપ્ત થયેલા શરીરનાં અવયવોના સ્પર્શથી કરમાઈ ગયેલી પલ્લવની પથારી ઉપર તે બેઠો હતો, અને પ્રાણેશ્વરીને ઉદ્દેશીને પુષ્પોદ્ભવની સાથે વાર્તા કરતો હતો તે જ પ્રાણેશ્વરીની પ્રિય સખીને આવેલી જોઈ, શોધવા યોગ્ય ઔષધિ જેમ પોતાના ચરણમા આવી પડે તેમ બાલચંદ્રિકાને આવેલી જોઇને, મનમા સંતુષ્ટ થયો તે પછી બાલચંદ્રિકાએ લલાટતટમા આભૂષણરૂપ થઈ પડેલા અને કમળની કળીના આકારના કરપુટથી રાજવાહનને નમન કર્યું તે પછી રાજકુમારે, 'અહીં બેસો,' આમ કહીને દેખાડેલા યોગ્ય આસન ઉપર તે બેઠી, અને અવંતિસુંદરીએ મોકલેલુ કર્પૂરવાળું તાબૂલ વિનયથી રાજવાહનને આપ્યુ તે પછી રાજકુમારે તેને કાન્તાનો વૃત્તાત પૃછ્યો એટલે બાલચંદ્રિકા વિનય સાથે બોલી –"દેવ! ક્રીડાવનમા જ્યારથી તેને તમારા દર્શન થયા છે તે સમયથી કામે તેને દળી નાખી છે, પુષ્પની શય્યા વગેરેમા તેનો તાપ શાત પડતો નથી, અને ઠિંગણો પુરુષ જેમ ઉચા વૃક્ષના અલભ્ય ફળની ઇચ્છા કરે, તેમ તે કામાધપણાને લીધે અલભ્ય એવા તમારા ઉર:સ્થળનુ આલિંગનસુખ મેળવવાની ઇચ્છા કરે છે અને તેણે પડે જ પત્રિકા લખીને, 'આ પત્રિકા મારા વલ્લભને અર્પણ કર,' આમ કહીને મારી યોજના કરી છે" (આમ કહીને તે પત્રિકા રાજકુમારના હાથમા આપી) રાજકુમાર તે પત્રિકા લઇને વાચવા લાગ્યો.

"सुभग ! कुसुमसुकुमारं जगदनवद्यं विलोक्य ते रूपम् ।
मम मानसमभिलषति त्वं चित्तं कुरु तथा मृदुलम् ॥"

"ઓ સુભગ! જગતમાં નિર્દોષ અને પુષ્પના જેવું સુકુમાર એવું તારુ રૂપ જોઇને, મારુ મન તેની અભિલાષા કરે છે. તેમ તું તારાં ચિત્તને શરીરના જેવું સુકુમાર કર!"

આ રીતની પત્રિકા વાંચીને આદર સાથે તે બોલ્યો.– "સખિ! છાયાની પેઠે મને અનુસરનારા આ પુષ્પોદ્ભવની વલ્લભા એવી તું જ તે મૃગનયનાના બાહાર ફરનારા પ્રાણની પેઠે છો આ ક્રિયારૂપી લતામાં તારુ ચાતુર્ય એક ક્યારા સમાન થયું છે (અર્થાત્ તારી ચતુરાઇથી આટલે સૂધી કાર્ય થયું છે) હું તે સર્વ કરીશ. (જે તને ગમતું હશે તે તથા જે કરવાથી કાર્ય સંબંધી મનોરથ સફળ થશે તે સર્વ કાર્ય હું કરીશ) નતાગીએ (પત્રિકામા) મારા મનને કઠિન કહ્યું છે, પરંતુ ક્રીડાવનમાં તે મૃગનયના જ્યારથી મારી દૃષ્ટિએ પડી છે ત્યારથી જ તે મારા મનને હરણ કરીને પોતાને ઘેર ચાલી ગઈ છે માટે ચિત્તની મૃદુતાને તથા કઠિનતાને તે પંડે જ જાણે છે. કન્યાના અંત પુરમા પ્રવેશ કરવો એ કાર્ય દુષ્કર છે, માટે તેનો યોગ્ય ઉપાય શોધી કાઢીને કાલે અથવા તો પરમ દહાડે હું નતાગીનો* સમાગમ કરીશ તેને મારુ આ રીતે વૃત્તાત કહીને, શિરીષના પુષ્પ સમાન સુકુમાર શરીરવાળી તે રાજકુમારીને જે પ્રમાણે શરીરમા પીડા ન થાય તે પ્રમાણે તારે ઉપાય કરવા." બાલચદ્રિકા પણ તેનું પ્રેમભરેલું વચન સાભળીને સંતુષ્ટ થઈ, અને પછી કન્યાના અત:પુરમા ગઈ

તે પછી રાજવાહન પણ જે ક્રીડાવનમા હૃદયવલ્લભાના દર્શનનું સુખ લીધું હતું તે ઉદ્યાનમા વિરહ(દુ.ખ)ના વિનોદ માટે (વિરહદુ.ખ ટાળવામાટે) પુષ્પોદ્ભવની સાથે ગયો, અને

* નમેલા અગવાળી.

ત્યાં ચકોરના જેવા નેત્રવાળી અવંતિસુંદરીએ જે વૃક્ષોમાંથી પલ્લવોનો તથા પુષ્પોનો સમૂહ ચુંટયો હતો તે વૃક્ષોનો સમૂહ જોયો, શરદના ચંદ્રસમાન મુખવાળી તે વલ્લભાએ જે સ્થાનમા કામની આરાધના કરી હતી તે સ્થાન જોયું, શીતળ રેતીવાળાં સ્થાનમા જયા નતાગીના પગલાં પડ્યા હતા તે સ્થાન જોયું, તથા સુંદર દાતવાળી રાજકન્યાએ શયન કરીને તજી દીધેલી માધવીલતાના મંડપમા રહેલી પલ્લવની પથારીને જોઈ, તે પછી લલનાઓમા તિલકરૂપ અવંતિસુંદરીને જોતી વખતે ઉત્પન્ન થયેલા ભાવોને વારંવાર સંભારતો, મંદ-પવનથી કંપતા આબાના નવીન પલ્લવોને કામાનળની શિખા હોય તેમ આશ્ચર્ય પામીને વારંવાર જોતો, તથા કામના સૂચક જેવા કોયલ, પોપટ અને ભમરાઓના મધુર ધ્વનિઓને વારં-વાર સાભળતો, કામના વિકારથી એક ઠેકાણે ઉભો રહેવાને અશક્ત હોવાથી ચોતરફ ફરવા લાગ્યો.

તે સમયે દૈવેચ્છાથી એક બ્રાહ્મણ ત્યા આવી ચઢયો. આ બ્રાહ્મણે ઘણું ઝીણુ અને વિચિત્ર રંગનુ વસ્ત્ર પહેર્યું હતું, ચળકતા મણિના કુંડળથી તે શોભાયમાન લાગતો હતો, ચતુરાઇથી પહેરેલા વેશથી તે મનોહર દેખાતો હતો, અને તેની સાથે મુંડિયા મસ્તકવાળો બીજો એક બ્રાહ્મણ હતો. તે, જેના શરીરનુ તેજોમંડળ ચોતરફ પ્રકાશી રહ્યુ હતું એવા રાજવાહનને આશીર્વાદ આપીને મળ્યો, અને રાજાએ આદર સાથે તેને પૂછ્યું કે.–'આપ કોણ છો અને કઈ વિદ્યામા નિપુણ છો?'

તે પુરુષે ઉત્તર આપ્યો કે –'મારુ નામ વિદ્યેશ્વર છે, ઈંદ્રજાળની વિદ્યામા હું કુશળ છુ, અને રાજાઓના મનને રંજન કરવામાટે જૂદા જૂદા દેશોમા ભમતો ભમતો આજે આ ઉજ્જયિનીમા આવી ચઢયો છું.' રાજવાહનને સારી પેઠે

નિહાળી, અભિપ્રાયપૂર્વક હસીને પુનરપિ પૂછવા લાગ્યોઃ–‘આ ક્રીડાવન ફીક્કું કેમ પડી ગયું છે?’ તે ઉપરથી ‘આ આપણું કાર્ય કરશે,’ આમ તર્ક કરીને પુષ્પોદ્ભવે આદરથી એને કહ્યુઃ–‘સત્પુરુષોની સાથે ભાષણ કરવાથી મિત્રતા થાય છે. તમે પણ મધુર ભાષણ કરવાથી થોડા જ સમયમા અમારા પ્રિય મિત્ર થયા છો માટે મિત્રોને નહિ કહેવા જેવુ શુ હોય? આ ક્રીડાવનમા માલવ રાજાની પુત્રી વસતનો મહોત્સવ કરવામાટે (થોડા દિવસપર) આવી હતી. તેને અને આ રાજકુમારને અણચિંતવ્યા દર્શન થઈ ગયા, અને તે ઉપરથી પરસ્પરમા અત્યંત પ્રીતિ થઈ છે પરંતુ તેનો નિત્ય ઉપભોગ થઈ શકે તેવો ઉપાય ન મળવાથી આ કુમાર આવી (દુઃખી) અવસ્થાને અનુભવે છે’ તે પછી વિદ્યેશ્વરે લજ્જાને લીધે મનોહર લાગતું રાજકુમારનુ મુખ જોઈ મંદહાસ્ય કરીને કહ્યુ. ‘દેવ! આ તમારો સેવક બેઠો છે ત્યા તમારુ કયુ કાર્ય અસાધ્ય છે? હું ઇંદ્રજાળની વિદ્યાથી માલવ રાજાને મોહ ઉપજાવીને નગરના મનુષ્યોની સમક્ષમા જ તેની પુત્રીની સાથે તમને પરણાવીને કન્યાના અંતઃપુરમા તમને દાખલ કરાવી દઈશ પરતુ આ વૃત્તાત તમારે પ્રથમથી જ રાજકન્યાને સખીને મોઢે કહેવરાવી દેવો’ (આ સર્વ સાભળીને) રાજા મનમા સંતુષ્ટ થયો, અને નિર્નિમિત્ત મિત્ર થયેલા, કપટના કાર્ય કરવામા કુશળતા દર્શાવનારા, વિયોગના સ્વરૂપને, કૃત્રિમ સ્નેહને તથા સ્વાભાવિક સ્નેહને જાણનારા વિદ્યેશ્વરને ઘણા માનની સાથે ત્યાથી વિદાયગીરી આપી.

તે પછી રાજવાહન વિદ્યેશ્વરની કાર્યકુશળતા ઉપરથી પોતાનો મનોરથ ફલિત થયો હોય એમ માનવા લાગ્યો, અને પુષ્પોદ્ભવની સાથે પોતાને ઘેર જઈને, ‘આપણા સમાગમના

ઉપાય એક બ્રાહ્મણ કરશે,' આ વાતની આદર સાથે બાલચંદ્રિકાને મોંઢે પોતાની વલ્લભાને જાણ કરી તે પછી કૌતુકથી જેનું હૃદય આકર્ષાયલું હતું એવો રાજવાહન, 'કેવી રીતે આ રાત્રિને ગાળી કાઢું,' આવા વિચારમા બેસી રહ્યો. બીજે દિવસે પ્રભાતમા શૃંગાર વગેરે રસો, અભિપ્રાયસૂચક ભાવો તથા ઇદ્રજાળની વિદ્યામાં રહેલી અનેક જાતની રીતિઓમા ચતુર એવો વિદ્યેશ્વર, રસાદિકને જાણુનારા પોતાના મોટા પરિવારને સાથે લઈને, રાજમંદિરની દેવડી પાસે ગયો, અને દ્વારપાળોને પોતાનુ વૃત્તાંત નિવેદન કર્યું એટલે દ્વારપાળો તુરત રાજાની પાસે ગયા, અને પ્રણામ કરીને રાજાને વિજ્ઞપ્તિ કરી કે, "એક ઇદ્રજાળ જાણુનારો બ્રાહ્મણ આવ્યો છે" માલવ રાજાને તે જોવાનુ કુતુહલ થયું, અને અંતઃપુરની રાણીઓને પણ તે જોવાની ઇચ્છા થઈ તે ઉપરથી માલવ રાજાએ વિદ્યેશ્વરને બોલાવ્યો. એટલે તે બીજી ડોઢીમા દાખલ થયો, અને વિનય સાથે આશીર્વાદ આપીને ઉભો રહ્યો તે પછી માલવ રાજાએ ખેલ કરવાની આજ્ઞા કરી, એટલે ઐદ્રજાલિકની આજ્ઞાથી તેના માણસો વાજિંત્ર વગાડવા લાગ્યા તેનો અવાજ થવા લાગ્યો, મદને લીધે સુંદર લાગતી કોકિલાના જેવી મધુર ધ્વનિવાળી ગાનારીઓ મધુર ધ્વનિથી ગાવા લાગી, તે સર્વને લીધે સામાજિક મનુષ્યોના મનની વૃત્તિ અધિક પ્રીતિથી અત્યંત પ્રસન્ન થઈ મોરની પીછીને ધારણ કરનારાઓ (મંત્ર ભણીને) ચોતરફ મોરની પીછી ફેરવવા લાગ્યા, અને ઐદ્રજાલિક બ્રાહ્મણ આ રીતે રાજાને તથા તેના પરિવારને મોહિત કરતો આખ મીચીને ક્ષણવાર ઉભો રહ્યો તે પછી ભયંકર અને તીવ્ર ઝેર ઓકતા અને ફેણરૂપી આભૂષણવાળા સર્પો, ફેણોના ઉપર રહેલી રત્નોની પંક્તિથી રાજમંદિરના પ્રદેશને પ્રકા-

શમાન કરતા તથા ભય ઉપજાવતા આહાર નિકળ્યા, અને ઘણા ગીધ પક્ષીઓ પોતાની ચાંચોમા મોટા સર્પોને પકડીને આકાશમાં ઉડવા લાગ્યાં તે પછી ઐંદ્રજાલિક બ્રાહ્મણે, 'નૃસિંહે દૈત્યના રાજા હિરણ્યકશિપુને ચીરી નાખ્યો હતો' તેનું નાટક કરી બતાવ્યું તે જોઈને રાજા અત્યંત આશ્ચર્ય પામ્યો તે પછી તે બ્રાહ્મણે રાજાને કહ્યું:—'રાજાજી ! આ નાટક સમાપ્ત થયા પછી તમારે શુભસૂચક પ્રસંગ જોવો જોઇએ માટે કલ્યાણની પરંપરાના લાભમાટે તમારી દીકરીના જેવી એક તરુણીનો સર્વલક્ષણસંપન્ન એક રાજકુમારની સાથે વિવાહ કરવો જોઇએ (તે અમે નાટકરૂપે કરીશુ)' રાજાને તે જોવાની ઇચ્છા થઈ, અને તેણે તેમ કરવાની બ્રાહ્મણને આજ્ઞા કરી, એટલે જે કાર્ય કરવાનો તેણે સંકલ્પ કર્યો હતો તે કાર્ય સિદ્ધ થયું છે, આમ જાણીને તે બ્રાહ્મણનુ મુખ પ્રફુલ્લિત થયું. અને તે પછી તે બ્રાહ્મણ પોતાની બન્ને આખમાં સર્વને મોહ ઉપજાવનારુ અંજન આંજીને ચોતરફ જોવા લાગ્યો એટલે સર્વ, 'આ તો ઇંદ્રજાલનું જ કર્મ છે,' આમ (કહેતા) આશ્ચર્યની સાથે જોવા લાગ્યા એટલામા પ્રથમથી કરી રાખેલા સકેત પ્રમાણે અવંતિસુદરી અનેક પ્રકારના આભૂષણોથી શરીરને શણુગારીને ત્યા આવી એટલે તે બ્રાહ્મણે વિવાહના મત્રો ભણીને તથા તત્ર ગ્રથોની કુશળતાથી અગ્નિ (ઉપજાવી તે)ની સાક્ષીએ તેને પ્રીતિથી પલ્લવિત મનના રાજવાહનની સાથે પરણાવી દીધી વિવાહની ક્રિયા સમાપ્ત થઈ એટલે તે બ્રાહ્મણે ઉચા સ્વરથી કહ્યું કે –'ઇંદ્રજાળના પુરુષો તમે સર્વે તમારા સ્થાન ઉપર ચાલ્યા જાઓ,' એટલે સર્વે માયા મનુષ્યો જેમ પ્રકટ થયા હતા તેમ અંતર્ધાન થઈ ગયા રાજવાહન પણ પ્રથમથી ધારી રાખેલા ગુપ્ત ઉપાયના ચાતુર્યથી ઇંદ્રજાળના પુરુષની પેઠે કન્યાના

અંતઃપુરમાં દાખલ થઈ ગયો. માલવ રાજાએ પણ તે દેખાવને અદ્ભુત માન્યો, અને વિદ્યેશ્વર નામના બ્રાહ્મણને ઘણું ધન આપીને, 'હવે જા,' આમ કહીને જવાની રજા આપી, અને પંડે રાજમહેલમા ગયો અવંતિસુંદરી પણ પોતાની પ્રિય સખી, ઉત્તમ પરિવાર તથા પોતાના વલ્લભ (વ્હાલા)ની સાથે સુંદર એવા રાજમંદિરમા દાખલ થઈ ગઈ.

આ રીતે દેવના બળથી તથા મનુષ્યના બળથી (પુરુષાર્થથી) આમ ઉભય બળથી રાજવાહનનો મનોરથ સફળ થયો. તે પછી તે રસભર મધુર રમતો કરીને ધીરેધીરે મૃગનયનાની લજ્જાને દૂર કરીને સુરત ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવા લાગ્યો, એકાંતમાં (વાતચિત કરવાનો) વિશ્વાસ ઉત્પન્ન કરવા લાગ્યો, વાર્તા કર્યા પછી તેના ઉત્તરરૂપી અમૃતનું પાન કરવાને આતુર રહેવા લાગ્યો, તથા ચિત્તને હરણ કરનારુ, ચૌદ ભુવનનું અત્યંત આશ્ચર્યજનક વૃત્તાત તેને સંભળાવવા લાગ્યો.

ઇતિ શ્રીદંડિવિરચિત દશકુમારચરિતમા 'અવંતિસુન્દરીનો વિવાહ' એ નામનો ઉચ્છ્વાસ ૫ મો સમાપ્ત

पूर्वपीठिका समाप्त

दशकुमारचरित

उत्तरपीठिका

ઉચ્છ્વાસ ૧ લો

રાજવાહનનું ચરિત્ર

ચૌદ ભુવનનું વૃત્તાત સાભળીને નાયિકા અવંતિસુદરીના નેત્ર વિસ્મયથી વિકસિત થઈ ગયા, અને મંદ હાસ્ય કરીને તે બોલી.–"વ્હાલા! તમારી કૃપાથી આજે મારા કાન સફળ થયા છે તમે આજે મારા માનસિક અંધકારનો નાશ કરનાર જ્ઞાન-પ્રદીપ પ્રકટાવ્યો છે, તમારા ચરણની સેવાનું ફળ હવે પકવ થયું છે, તમારી આ કૃપાનો બદલો હું તમારો શો ઉપકાર કરીને વાળું? મારી જે કાંઈ વસ્તુ છે તે આપની ન હોય તેમ બને જ નહિ પણ (અથવા તો) આ મનુષ્યની પણ કોઇક વસ્તુ ઉપર પ્રભુતા છે મારી ઇચ્છા વિના સરસ્વતીના* મુખનું ચુંબન કર-

* અવતિસુદરી રાજવાહનને બે વિશેષણો આપીને વિષ્ણુની ઉપમા આપે છે એક વિશેષણથી તેના મુખમા સરસ્વતીનો વાસો કહે છે, અને બીજા વિશેષણથી તેના ઉર સ્થળમા લક્ષ્મીનો વાસો કહે છે શાસ્ત્રમા કહ્યું છે કે –

वागीशा यस्य वदने लक्ष्मीर्यस्य च वक्षसि ।

यस्यास्ते हृदये संवित्त नृसिंहमहं भजे ॥

"જેના મુખમા સરસ્વતીનો અને જેના વક્ષ સ્થળમા લક્ષ્મીનો વાસો છે તે નૃસિહને હુ ભજુ છુ" આ શ્લોકમા કહ્યા પ્રમાણે રાજવાહનને વિષ્ણુની ઉપમા અપાઈ છે, તથા તેનુ ભાવિ સાર્વભૌમપણુ પણ સૂચવાયુ છે

વાથી ઉચ્છિષ્ટ થયેલો તમારો આ ઓષ્ઠ મારા ઓષ્ઠનું ચુંબન કરવાને સમર્થ નથી,તથા પદ્માલયાના (લક્ષ્મીના) સ્તનતટે ભોગવેલું તમારુ આ ઉર:સ્થળ મારા ઉર:સ્થળનુ આલિંગન કરવાને શક્તિમાન્ નથી.” આમ કહેતા કહેતા, વર્ષા(ઋતુ) જેમ આકાશના ઉર:સ્થળ ઉપર પોતાના ગુરુપયોધરમંડળને* પાથરી દે તેમ અવંતિસુંદરીએ પણ પોતાનુ ગુરુપયોધરમંડળ રાજવાહનના ઉર.સ્થળ ઉપર પાથરી દીધું, પ્રૌઢ એવી દ્રોણુપર્ણીની કળી જેમ સ્પષ્ટ લાલાશથી શોભે તેમ, સ્પષ્ટ પ્રીતિથી સુદર લાગતી દૃષ્ટિથી ઉત્કંઠાપૂર્વક રાજવાહનને જોવા લાગી; અને પુષ્પરૂપી ચંદ્રકને† લીધે વિચિત્ર દેખાતા અને તેથી મયૂરની પાછળની પિચ્છાવલીનો તિરસ્કાર કરનારા, મધુકરના કુળથી વ્યાકુલ થયેલા કેશકલાપથી શોભાયમાન અવંતિસુંદરી કદંબની કળી જેમ પ્રકાશમાન રાતા કિરણવાળા કેસરાઓથી ખડબચડી હોય, તેમ પ્રકાશમાન એવા રાતા કિરણુરૂપી કેસરાઓથી ખડબચડા એવા કાતના (પ્રિયતમના) અધરમણિનું, અધીરી થઈ જઈને, ચુંબન કરવા લાગી, અને ચુંબનનો આરંભ થયો કે પ્રીત પ્રકટી નિકળી, અને અનેક જાતના ભોગના વિચિત્ર

---

* મૂલમા गुरुपयोधरमडला પદ છે તેમા શ્લેષ રહેલો છે, અને તે વર્ષાઋતુને તથા અવતિસુદરીને બન્નેને લાગુ પડે છે વર્ષાઋતુના પક્ષમા ‘મોટા મેઘમડળ’ એવો અર્થ થાય છે અને અવતિસુદરીના પક્ષમા ‘ભારે સ્તનમડળ’ આવો અર્થ થાય છે

† અવતિસુદરીએ પોતાના કેશકલાપમા પુષ્પો ખોસ્યા હતા, અને પુષ્પોની આજુબાજુ ભમરાઓ ઉડતા હતા તેથી કવિ તેના કેશકલાપને મયૂરના પિછાની ઉપમા આપે છે કેશકલાપમાં ખોસેલા પુષ્પો મયૂરના પિચ્છમા રહેલા ચદ્રક(ચાદલા)ના જેવાં દેખાતા હતા.

સાધનોથી રમણીય એવો રતિપ્રબંધ ઘણીવાર સુધી ચાલ્યો, અને પછી સુરતના પરિશ્રમથી બન્ને જણા નિદ્રાવશ થઈ ગયા, અને સ્વપ્નામા બન્નેએ, જેના બન્ને ચરણ કમળના નાતણથી બાંધેલા હતા એવા એક વૃદ્ધ હસને દીઠો. તે પછી તે બન્ને જાગૃત થયા તે સમયે ચંદ્રે જાણે કમળની ભ્રાંતિથી પોતાના કિરણરૂપી દોરીથી કેદ કર્યા હોય તેમ, તે રાજકુમારના બન્ને ચરણકમળ રૂપાની બેડીથી કેદ થયેલ હતા. તે જોતા વેંત જ, 'આ શું?' આમ બોલતી રાજકન્યા અતિ ત્રાસથી વિહ્વલ થઈ ગઈ, અને મુક્ત કંઠથી રડવા લાગી; તે ઉપરથી કન્યાનુ આખું અંતઃપુર જાણે અગ્નિથી ઘેરાઈ ગયું હોય, અને પિશાચોથી માર ખાતું હોય તેમ કંપવા લાગ્યું; તે સમયે ભવિષ્યમા શુ કરવુ તેનો નિર્ણય કરવાને પણ તે અસમર્થ થઈ પડ્યુ, તેમ તે સમયે ગુપ્ત વાતને છુપાવવાની પણ કોઇએ દરકાર કરી નહિ. સૌ પોતાના શરીરને પૃથ્વી ઉપર પછાડવા લાગ્યા, બૂમો પાડવાથી સર્વના કંઠ ફાટી ગયા, આસુના પ્રવાહોથી કપોલ પ્રદેશ ભરાઈ ગયા, અને આખું અત.પુર ગભરાટમાં પડી ગયું.

આવા ગભરાટના સમયમા અત.પુરની ચોકી કરનારા પુરુષો, જેઓને અંદર આવવામાટે અટકાવ ન હતો તેઓ "શું છે? શુ છે?" આમ બોલતા એકદમ અંતઃપુરમા દાખલ થયા, અને જુવે છે તો તેઓએ રાજકુમારને કેદીની અવસ્થામા દીઠો તેઓએ રાજકુમારને કેદ કરવાની ઇચ્છા કરી, પરંતુ રાજકુમારના પ્રભાવથી તેઓની ઇચ્છા પૂર્ણ ન થઈ, અને તેઓએ તુરત જ તે વાત ચંડવર્માને નિવેદન કરી

ચડવર્મા પણ ક્રોધને લીધે ત્યા આવ્યો, અને અગ્નિના જેવી લાલ ચોળ દૃષ્ટિથી તેને બાળતો હોય તેમ જોવા લાગ્યો,

અને રાજવાહનને ઓળખતાં જ બોલી ઉઠ્યો કે, "મારા ભાઇને મારી નાખવામા નિમિત્તરૂપ થયેલી પાપિણી પેલી બાલચંદ્રિકાનો ધણી, અને ધનના મદથી ઉદ્ધત થઈ ગયેલા પરદેશી વાણિયાના પુત્ર પુષ્પોદ્ભવનો જે મિત્ર છે, તે જ શુ આ છે? આ રૂપને માટે મત્ત રહે છે, કલાઓના જ્ઞાનનું અભિમાન રાખે છે, વળી આણે છેતરવાના અનેક પ્રકારના ઉપાયોની કુશળતાથી નગરના મૂર્ખ મનુષ્યોને વશ કર્યા છે, અને તેઓએ 'આ દેવસમાન પ્રભાવવાળો છે' આવો આના ઉપર મિથ્યા આરોપ કર્યો છે; આણે કપટ ધર્મનો ઝભ્ભો પહેર્યો છે, પરંતુ આ છૂપો પાપી છે, વિષયલંપટ છે, અને નામનો જ બ્રાહ્મણ છે આ પાપિણી અવંતિસુંદરી મારા જેવા પુરુષસિંહોનું અપમાન કરીને આના ઉપર શા માટે આશક થઈ હશે? કુળને કલક લગાડનારી અને નીચ સ્વભાવની આ સ્રી આજે જ ભલે પોતાના પતિને શૂળી ઉપર ચઢેલો જુએ' આ રીતે તિરસ્કાર કરતી વખતે તેનુ લલાટ ભીષણ ભ્રુકુટીથી દૂષિત થઈ ગયું, અને તે કાળની પેઠે ગજવેલના દંડ જેવા કઠિન બે બાહુદંડથી રાજપુત્રના કમળના તથા ચક્રના ચિહ્નવાળા બે હસ્તકમળને પકડીને તેને જોરથી ખેંચવા લાગ્યો. રાજકુમાર સ્વભાવથી જ ધીર હતો અને સર્વ પુરુષાર્થનુ ધામ હતો તેણે, "દૈવી આપત્તિનો ઉપાય સહિષ્ણુતા છે" આવો વિચાર કરીને પ્રાણનો ત્યાગ કરવાને તૈયાર થયેલી પોતાની પ્રાણપ્રિયાને કહ્યું.–"ઓ હંસગામિનિ! તું પેલા હંસની કથાને યાદ કર. અને, હે બાલા! બે મહિના દુ:ખ સહન કર" આ રીતે (પ્રિયતમાને) ધીરજ આપીને કુમાર શત્રુને વશ થયો.

આ વાર્તા જાણીને માલવરાજાને તથા મહારાણીને ખેદ થયો. તેઓએ જમાઇની સુંદરતાનો પક્ષપાત કર્યો. અને 'તેને

મારશો તો અમે આત્મહત્યા કરીશું' આમ કહીને, શત્રુએ હણવા ધારેલા જમાઇની રક્ષા કરી પરંતુ તેઓની પ્રભુતા (સત્તા) ન હોવાથી તેઓ આપત્તિમાથી તેનો ઉદ્ધાર કરી શક્યાં નહિ પ્રચંડ' સ્વભાવના ચંડવર્માએ આ સર્વ વૃત્તાંત હિમાલય ઉપર તપ કરતા દર્પસારને સદેશારૂપે જાણ કર્યો, અને પુષ્પોદ્દભવની પાસેની સર્વ મિલકત ખાલસા કરીને તેને તથા તેના સર્વ કુટુબને તુરત જ કેદમા નાખ્યું, અને કેસરીસિંહના બચ્ચાંની પેઠે રાજવાહનને લાકડાના પાજરામા કેદ કર્યો, અને અંગરાજાની દીકરીનું માગું કર્યું હતુ તેનો તેણે તિરસ્કાર કરવાથી અંગદેશ ઉપર ચઢાઈ કરવા માટે જતી વખતે બીજાનો વિશ્વાસ ન આવવાથી રાજવાહનને પોતાની સાથે લીધો રાજવાહનની પાસે જે ચૂડામણિ હતો તે તેણે માથાના કેશ-કલાપમા છૂપાવ્યો હતો, તેના પ્રભાવથી તેણે કેદખાનામા તૃષાના તથા ક્ષુધાના દુઃખને દૂર કર્યું ચંડવર્માએ ચપાનગરી ઉપર ઘેરો ઘાલીને મોટી સેનાથી રાજાને કપાવી દીધો ચપાનો રાજા સિંહવર્મા પણ સિંહની પેઠે અસહ્ય પરાક્રમી હતો તે કિલ્લાને તોડી નાખીને મોટા સેનાસમુદાયની સાથે નગરીની બાહાર નિકળી પડ્યો અને પોતે મોકલેલા દૂતોના મંડળે બોલાવી આણેલા અને સહાય આપવા માટે અતિ ત્વરાથી ચઢી આવતા રાજાઓ થોડા જ સમયમા હાજરી આપનારા હતા છતા તેઓની દરકાર નહિ કરતા, સાક્ષાત્ મૂર્તિમાન્ ગર્વના જેવા તે રાજાએ ક્રોધમા આવી જઇને શત્રુની સેના સામે ચઢાઈ કરી, અને બન્ને વચ્ચે મહાયુદ્ધ થયું તેમા સિંહ-વર્માના સર્વ સૈન્યમંડળનો ઘાણ નિકળી ગયો સેંકડો પ્રચડ બાણોના મારાથી સિંહવર્માનુ કવચ ભેદાઈ ગયું, અને ચંડ-વર્માએ અમાનુષિક પરાક્રમ કરીને પોતાના હાથી ઉપરથી

શત્રુના હાથી ઉપર ઠેકડો મારીને સિંહવર્માને પકડી પાડ્યો. પરતુ સ્ત્રીઓમા રત્ન તરિકે કહેવાતી તેની પુત્રી અંબાલિકા ઉપર તેની અત્યંત અભિલાષા હોવાથી એને જીવથી મારી નાખ્યો નહિ; પરંતુ તેના શરીરમાથી સર્વ શલ્ય (બાણ) કાઢી નાખીને, દૃઢ પ્રતિજ્ઞાવાળા ચંડવર્માએ તેને કેદ કર્યો; અને "આજે જ રાત્રિ વીત્યા પછી (પ્રભાતમા) તમારે રાજ-કન્યાને પરણવી," આવી રીતે જ્યોતિર્વિદનાં મંડળની પાસે તેણે ગણિત કરાવ્યું. તેણે (પોતાને હાથે) મંગળકંકણ* આપ્યુ એટલામા હિમાલય ઉપરથી એણજંગ નામના એક કાસદે પાછા ફરીને રાજા દર્પસારનો પ્રત્યુત્તર ચંડવર્માને નિચે પ્રમાણે જણાવ્યો.—

"ઓ મૂઢ! કન્યાના અંતઃપુરને ભ્રષ્ટ કરનારા પુરુષ ઉપર પણ દયા કરવાનો શું કોઈ પણ જાતનો અવસર છે? રાજા તો વૃદ્ધ થયો છે, અને વૃદ્ધાવસ્થાને લીધે તેના મનમાથી માન તથા અપમાન લુપ્ત થયા છે, તેથી તે દુરાચારિણી દીકરીનો પક્ષપાત કરે છે, અને ગમે તેમ બકયા કરે છે. પરંતુ તુ પણ શુ તેને અનુમતિ આપ્યા કરીશ? માટે કામથી ઉન્મત્ત થયેલા તે પુરુષને તુરત જ વિચિત્ર રીતે મારી નાખ, અને તેના ખબર મોકલીને અમારા કાનને આનંદ ઉપજાવ તથા તે દુષ્ટ કન્યાના બન્ને ચરણમા બેડી નાખીને તેના નાના ભાઈ કીર્તિસારની સાથે તેને કેદખાનામા પૂરી દે."

દર્પસારનો આ પ્રતિસંદેશ સાભળીને પ્રચંડવર્માએ પોતાના પાસવાનોની સામે દૃષ્ટિ કરીને તેઓને જણાવ્યું કે.—"પ્રભાતમા જ કન્યાના અંત.પુરને દૂષિત કરનારા તે

---

* મીંઢળ.

દુરાત્માને રાજભવનના બારણા આગળ હાજર રાખવો, તથા માતંગના* રાજા ચંડપોતકને પણ યોગ્ય† સાધનોની સાથે ત્યા જ હાજર રાખવો વિવાહનું કૃત્ય પૂર્ણ કર્યા પછી હું ઉઠીને પ્રથમ તે નીચ સ્વભાવના પુરુષને મારા હાથીનું રમકડું‡ બનાવીશ અને પછી તે જ હાથી ઉપર બેસી, આગળ જઇને શત્રુને સહાય આપવા ચઢી આવનારા ક્ષત્રિયોને કેદ કરીશ, તથા તેના ભંડારોને તથા વાહનોને ખાલસા કરી લઇશ" આ રીતે હુકમ આપ્યા પછી રાજાના સિપાઇઓ બીજે દિવસે ઉષાની લાલાશ પ્રકાશ પામી કે તુરત જ રાજ-પુત્રને રાજમહેલના આગણામા લાવ્યા, અને ગંડસ્થળમાથી મદ ઝરતો ચંડપોતક પણ (ત્યા) હાજર થયો તે સમયે જ રાજવાહનના બન્ને ચરણ રૂપાની બેડીમાથી છૂટા થઈ ગયા, અને તે રૂપાની બેડી, ચંદ્રની રેખા સમાન કાંતિવાળી એક અપ્સરા બની ગઈ રાજવાહનને પ્રદક્ષિણા કરી, બે હાથ જોડીને તે વિજ્ઞપ્તિ કરવા લાગી કે.–

"ઓ દેવ! ચિત્તને અનુગ્રહથી કોમળ કરીને મારા તરફ ધ્યાન આપો હું ચંદ્રના કિરણોમાથી ઉત્પન્ન થયેલી છું, મારુ નામ સુરતમંજરી છે, અને હું સુરસુંદરી છુ એક વખતે કમળમા લોભાયલો એક મુગ્ધ કલહંસ આકાશમા ઉડતો હતો તેના તરફ મે જોયું, અને તે હંસને અટકાવવા જતા ધક્કો લાગવાથી મારી મણિની માળા તુટી ગઈ, અને હિમાલયના છિછરા પાણીવાળી સરસીમા ડુબકી

---

* હાથીનો રાજા, ઉન્મત્ત હાથી.

† उचितकल्पनोपपन्न. એવો ડા બ્યૂલરની પ્રતિનો પાઠ સ્વીકાર્યો છે

‡ રમકડુ બનાવીશ એટલે મારી નાખીશ.

મારતા મુનિ માર્કણ્ડેયના મસ્તક ઉપર તેના શ્વેત મસ્તકને મણિકિરણોથી વિશેષ શ્વેત કરતી, દૈવયોગથી પડી, તેથી માર્કણ્ડેયે ક્રોધ કરીને મને શાપ આપ્યો કેઃ-'ઓ પાપિણી! જા તું ચેતનરહિત થઇને રૂપાની જાતિમાં અવતર ' પછી મેં તેમને પ્રસન્ન કર્યા એટલે તેમણે એ મહિના સૂધી તમારા બન્ને ચરણની મને બેડી બનાવીને, આ આપત્તિમાથી મારો છુટકારો કરવાનું નિર્માણ કર્યું પરંતુ મારી ઇંદ્રિઓની શક્તિને જેવી ને તેવી જ રાખી હતી આ રીતે હું અલ્પ અપરાધથી રૂપાની બેડીરૂપ બની હતી, અને ઇક્ષ્વાકુના વંશમાં જન્મેલા વેગવાન્ રાજાના પૌત્ર અને માનસવેગના પુત્ર વીરશેખર નામના વિદ્યાધરે હિમાચલ ઉપર મને પોતાના તાબામા લીધી હતી. વિદ્યાધરના ચક્રવર્તી રાજા અને વત્સરાજના વંશવર્ધક એવા નરવાહનદત્તે* પોતાના પિતાની

---

* વત્સરાજનો પુત્ર નરવાહનદત્ત, કથાસરિત્સાગરની કથાઓનો, ગુણાઢ્યની બૃહત્કથાનો, તથા ક્ષેમેંદ્રની કથામંજરીનો નાયક છે. આ ગ્રથમા નરવાહનદત્તના સાહસકર્મ તથા વિદ્યાધરની રાજગાદી ઉપર તે કેવી રીતે બેઠો તેનુ વર્ણન કરવામા આવ્યુ છે માનસવેગ નામના વિદ્યાધરના રાજાએ તેને રાજ્યાસન ઉપર આવતા અટકાવ્યો હતો, તેની સ્ત્રી મદનમચુકાનુ હરણ કર્યું હતુ, અને તેનો ઘણી વાર પરાજય કર્યો હતો કથાસરિત્સાગરના ૧૪ મા લબકમા નરવાહનદત્ત તથા માનસવેગની વચ્ચે થયેલા યુદ્ધનુ તથા નરવાહનદત્તના વિજયનુ વર્ણન છે. આ કથા વિશે પદચદ્રિકા નામની ટીકા કરનારાએ કોઈ પણ જાતનો વિચાર દર્શાવ્યો નથી, પરતુ નરવાહનદત્ત એજ રાજવાહન જણાય છે પરતુ તેના જન્મ ભિન્નભિન્ન છે.

સાથે વૈર કર્યું હતું તેથી, તેના ઉપર વીરશેખરના મનમાં દ્વેષ થયો હતો. 'આ દર્પસાર' નરવાહનદત્તનું ભુંડું કરવાને સમર્થ છે, આમ ધારીને તપશ્ચરણ કરતા દર્પસારની સાથે તેણે સંબધ બાંધ્યો હતો, અને દર્પસારે પોતાની બહેન અવંતિસુંદરી તેને આપવાની પ્રતિજ્ઞા કરી હતી. એક સમયે નિર્મળ ચંદ્રિકાથી આકાશ દીપી નિકળ્યું હતું તે સમયે, તે પોતાની મનોરથપ્રિયતમા અવંતિસુંદરીને નિહાળવાની ઇચ્છાથી અધીર મનનો થઇને ઇંદ્રના મંદિર સમાન કાંતિવાળા કુમારીના અંતપુરમાં દાખલ થયો, અને તિરસ્કરણી* નામની વિદ્યાથી અદૃશ્ય રહી, ઝીણી નજરથી જોયું તો જણાવ્યું કે અવંતિસુંદરી તારા ખોળામાં મસ્તક મૂકીને સૂતી હતી, તેના ગાત્રો સુરતના શ્રમથી ઢીલા થઈ ગયા હતા, અને અમૃતને ઝરનારી, ત્રણ ભુવનની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર વિશેની કથાઓથી તેની પ્રીતિમા પાછું પૂર† આવતું હતું. (તે જોઇને) વીરશેખર ઘણો જ કોપાયમાન થયો, અને તમને મારવા વગેરેનો તેણે નિશ્ચય કર્યો પરંતુ તમારા પ્રભાવથી તેનો નિશ્ચય અટકી પડ્યો તે પછી દૈવે જેને ઉત્સાહ આપ્યો છે એવા તે વિદ્યાધરે, એકબીજાને આલિંગન કરીને તમે બન્ને અત્યંત સુખમા સૂતા હતા તેમાંથી તમારા બન્ને ચરણકમળને રૂપાની સાકળના આકારમાં રહેલી એવી જે હું

* તિરસ્કરણી નામની એક વિદ્યા છે. જે પુરુષ આ વિદ્યા સાધી હોય છે તે પુરુષ અદૃશ્ય રહી શકે છે.

† સુરતનો પરિશ્રમ થવાથી પ્રીતિમાં કંઇક ન્યૂનતા થવાનો સભવ છે. પરતુ, રાજવાહનની કથાઓથી અવતિસુદરીની પ્રીતિમા પાછુ પૂર આવતુ હતુ અર્થાત્ વધારો થતો હતો એમ કહેવાનો કવિનો આશય છે

તેનાથી કેદ કરીને રોષ સાથે એકદમ ત્યાંથી તે ચાલ્યો ગયો. આજે મારો શાપ સમાપ્ત થયો છે, ને તમારી પણ બે મહિના સૂધીની પરતંત્રતા સમાપ્ત થઈ છે. હવે પ્રસન્ન થાઓ. તમારુ કયું કાર્ય કરવાનું છે? (તે કહો.) આમ કહીને તેણે પ્રણામ કર્યા, તે પછી, 'તું આ વાર્તાથી મારી પ્રાણસમાન પ્રિયાને ધીરજ આપ,' આમ કહીને મેં તેને જવાની રજા આપી.

તે જ ક્ષણે એવી બૂમો પડવા લાગી કે:–'ચંડવર્માએ સિંહવર્માની દીકરી અંબાલિકાનો પાણિગ્રહણ કરવાની ઇચ્છાથી પોતાનો બાહુદંડ જેવો લાંબો કર્યો કે, દુષ્કર કર્મ કરનારા કોઇ એક ચોરે જોરથી તેને પકડી પાડ્યો, અને વેગથી તેને ઘસડીને નખલાના (છરીના) પ્રહારથી મારી નાંખ્યો છે, રાજ-મહેલના બારણાને સેંકડો શબોથી ભરપૂર કરી દીધા છે, અને તે નિર્ભયપણાથી ફરે છે' આ બૂમ સાભળીને રાજકુમારે પોતાની પાસે ઉભેલા મદમત્ત હાથી ઉપરથી માવતને નિચે પાડી નાખ્યો, ને તેના ઉપર ચઢીને મોટા વેગથી તે રાજ-મહેલ તરફ ચાલ્યો તે સમયે હાથીના વેગથી પાળાઓએ દૂર ખસી જઇને તેને જવા માટે માર્ગ આપ્યો. તે પછી રાજકુમાર રાજમંદિરમાં દાખલ થઇને ઘણા મેઘોની ગર્જના જેવા ગંભીર સ્વરથી તે બોલ્યો:–'આવો તે મહાપુરુષ કોણ છે કે જેણે મનુષ્યમાત્રથી બની શકે નહિ તેવું આ મહાન્ કર્મ કર્યું છે? જે હોય તે અહીં આવો અને મારી સાથે આ મત્ત હાથી ઉપર બેસો દેવોની અને દાનવોની સાથે વિરોધ કરનારો હોય તો પણ મારી પાસે આવ્યા પછી તેને ભય રહેતો નથી.' તે સાંભળીને ચંડવર્માને મારનારો પુરુષ અત્યંત પ્રસન્ન થયો. તેણે બાહાર નિકળીને બે હાથ જોડ્યા, અને રાજકુમારની સંજ્ઞાથી હાથીએ પોતાના અંગને સંકુચિત કર્યું કે, તે તુરત તેના ઉપર ચઢવા

લાગ્યો એ ચઢતો હતો તે સમયે જ તેને નિરખીને જોવાથી, ‘અરે આ તો પ્રિયસખા અપહારવર્મા જ,’ આવી રીતે તેને ઓળખવાથી તેના નેત્ર હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયાં; અપહારવર્મા હાથીના પાછળના ભાગથી હાથી ઉપર ચઢ્યો એટલે તેના બન્ને બાહુદડને પોતાની કાખમા ઘાલી, તેના હાથના આગલા ભાગને પકડી રાખીને પોતાના શરીરનું આલિંગન કરાવ્યું, અને પંડે પોતાના બન્ને હાથને પાછળ કરીને તેનાથી તેનું આલિંગન કર્યું તે પછી અપહારવર્માએ તે જ સમયે રાજકુમારનુ આલિંગન મૂકી દીધુ અને ધનુષ્, ચક્ર, લોહસ્તભ,* કર્પણ,† પ્રાસ,‡ પટ્ટિશ,§ મુસલ,|| અને તોમર¶ વગેરે શસ્ત્રોનો મારો ચલાવતા, બળથી ગર્વિષ્ઠ થઈ પડેલા, અનેક જાતની યુક્તિથી યુદ્ધ કરીને મનુષ્યોનો સંહાર કરનારા શત્રુ તરફના શૂરવીરોને શસ્ત્રોના પ્રહારો કરીને પૃથ્વી ઉપર પાડવા લાગ્યો. એટલામા એક ક્ષણમા બીજુંક મોટું સૈન્ય ચોતરફથી સન્મુખ

---

* લોહસ્તભ=એક જાતનુ લોઢાનુ કોશના જેવુ હથિયાર † કર્પણ=જેનો આગલો ભાગ વાકો હોય એવુ લોઢાનુ શસ્ત્ર ‡ પ્રાસ=ભાલાના આકારનુ હથિયાર §. પટ્ટિશ=પટ્ટો વૈજયન્તી કોશમા પટ્ટિશની ઓળખાણ આ પ્રમાણે આપી છે.- ‘पट्टिश स्याद्विगालाग्र.’ જેનો આગળનો ભાગ વિશાળ હોય તેનુ નામ પટ્ટિશ હિદુસ્તાનમા ઘણા પુરુષો પટ્ટાની રમત રમે છે તે જ આ પટ્ટિશ છે તે લોઢાનુ સીધુ, બન્ને તરફ ધારવાળુ, અને મુખના ભાગમા વિશાળ હોય છે || મુસલ=સાબેલાના આકારનુ હથિયાર. ¶ તોમર=હિદી ભાષામા તેને ગુરજ કહે છે.

ક જે બીજુ મોટુ સૈન્ય ચઢી આવ્યુ હતું, તે ચપાના રાજા સિહવર્માને સહાય કરવા માટે આવ્યુ હતુ, અને તે ચડવર્માના સૈન્યનો સહાર કરતુ હતુ.

ચઢી આવ્યું, અને તે સૈન્ય શત્રુ (ચંડવર્માના) સૈન્યનો સંહાર કરતું જોવામાં આવ્યું.

તે પછી કર્ણિકારના* જેવા ગૌર રંગનો અને નીલમણિના જેવા શ્યામ કેશવાળો, કમળસમાન કોમળ હાથ-પગવાળો, કાન સૂધી લાબા ગયેલાં દૂધ જેવા ગૌર રગના, સ્નિગ્ધ અને શ્યામ રંગના નેત્રવાળો એક પુરુષ કે, જેણે ભેઠમા છરી ખોસી હતી, શરીર ઉપર દૂપટ્ટો ઓઢયો હતો, જેનુ ઉદર દુર્બળ હતું, અને જેની છાતી વિશાળ હતી તે પુરુષ (ધનમિત્ર) કસાયલા હાથથી શત્રુના મંડળ ઉપર ચોતરફથી બાણની વૃષ્ટિ કરવા લાગ્યો, અને પોતાના બન્ને પગના અંગુઠાથી હાથીના બન્ને કાનના મૂળને નિર્દયતાથી એવાં તો ઘસ્યા કે હાથી વેગથી દોડીને રાજકુમારની પાસે જઈ પહોચ્યો તે પછી પૂર્વે જે એધાણ આપ્યું હતું તે ઉપરથી, 'તે રાજવાહન આ જ છે' આમ ઓળખી કાઢી, બે હાથ જોડીને પ્રણામ કર્યા, અને અપહારવર્મા તરફ દૃષ્ટિ કરીને બોલ્યો 'અંગરાજાને સહાય આપવામાટે આવેલા આ ક્ષત્રિય રાજાઓને તમે કહેલા માર્ગેથી અહીં હાજર કર્યા છે, શત્રુનું સૈન્ય નાશ પામ્યું છે, તેનુ નામનિશાન રહ્યું નથી, અને હમણાં સ્ત્રીઓ તથા બાળકો પણ તેના હથિયાર છિનવી લે તેવી તેની સ્થિતિ થઈ પડી છે હવે બીજુ કયું કાર્ય (કરવાનું) છે ?'' અપહારવર્મા પ્રસન્ન થઈને બોલ્યો:- ''દેવ ! દૃષ્ટિદાનથી આ આજ્ઞાધારી પુરુષના ઉપર આપ અનુગ્રહ કરો, અને આને આ શરીરથી તથા ધનમિત્ર એવા નામથી મારાથી ભિન્ન માનજો, અર્થાત્ અમે બન્ને એક જ છીએ આ જ

---

* कर्णिकारने ગુજરાતી ભાષામા પાડરવો કહે છે તેને સફેદ અને રાતા એમ બન્ને જાતના પુષ્પો આવે છે

અંગરાજાને કેદખાનામાંથી બાહાર કઢાવીને તથા આડા-અવળા થઈ ગયેલા રાજ્યના ખજાનાને તથા વાહનોને એકઠાં કરીને આપણા પક્ષના આ રાજમંડળની સાથે (તથા અંગ-રાજ સાથે) એકાંતમાં આપ સુખથી જ્યાં બેઠા હો ત્યાં આપની પાસે હાજર થાય, જો આપને અડચણ ન હોય તો.” રાજ-વાહન પણ, ‘તને જેમ ગમે તેમ કર,’ આ રીતે તેને ઉત્તર આપીને અપહારવર્માએ દેખાડેલા માર્ગે થઇને નગરની બાહાર ગયો, અને ત્યા એક ઘણા જ મોટા વડના ઝાડની નિચે, ક્ષૌમ* વસ્ત્રના જેવી શ્વેત રંગની રેતીવાળા અને ગંગાના તરંગોની સાથે અથડાયલા પવનના વાવાથી શીતળ થયેલા પ્રદેશમા હાથી ઉપરથી નિચે ઉતરી પડ્યો, અને અપહારવર્માએ પ્રથમ-થી જ ઉતરીને તુરત પોતાના હાથથી સરખા કરેલા ભાગીરથીના તટપ્રદેશ ઉપર, રાજવાહન હાથીની ઉપર જેમ બેસે તેમ સુખેથી બેઠો ઉપર કહ્યા પ્રમાણે રાજવાહન બેઠા પછી ઉપહારવર્મા, અર્થપાળ, પ્રમતિ, મિત્રગુપ્ત, મંત્રગુપ્ત, વિશ્રુત, મિથિલાના રાજા પ્રહારવર્મા, કાશીરાજા કામપાલ, અને ચપાના રાજા સિંહવર્માની સાથે ધનમિત્રે હાજર થઇને પ્રણામ કર્યા રાજા પણ હર્ષાવેશમાં આવી જઈને તેઓની સામે ઉભો થયો, અને બોલ્યો કે,–‘શુ આ સર્વ મિત્રમંડળ એકઠું મળ્યું ? આ તે કઇ જાતનો અભ્યુદય?’ આમ કહ્યા પછી મિત્રોએ રાજ-વાહનનો યથોચિત સત્કાર કર્યો, અને રાજવાહને પણ તેઓને અત્યંત દૃઢતાથી આલિંગન કર્યું તે પછી મિત્રોએ કાશીના રાજાની સાથે, મિથિલાના રાજાની સાથે, તથા અંગદેશના રાજાની સાથે તેની ઓળખાણ કરાવી, અને રાજવાહને તેઓને

* ક્ષુમા એટલે અળસી. અળસીના વૃક્ષના રેસામાથી વસ્ત્રો બને છે ને તે શ્વેતરગના હોય છે

પિતાના જેટલું માન આપ્યું. તેઓએ પણ હર્ષથી કંપતાં પળિ-યાની સાથે વેગથી રાજવાહનને આલિંગન આપ્યું, રાજવાહને પણ તેઓને પરિપૂર્ણ રીતે અભિનંદન આપ્યું, તે પછી તેઓમાં પ્રીતિની કથાઓ ચાલૂ થઈ તે સમયે પ્રિય મિત્રમંડળની પ્રેરણા ઉપરથી રાજવાહને પોતાનું, સોમદત્તનું, તથા પુષ્પો-દ્ભવનું ચરિત્ર વર્ણવ્યું તે પછી મિત્રોનું વૃત્તાત પણ અનુ-ક્રમથી સાભળવા માટે પ્રસ્તાવના કરીને મિત્રોને પોતાનું ચરિત્ર કહેવા માટે આજ્ઞા કરી એટલે તે મિત્રોમાંથી પ્રથમ અપહારવર્મા પોતાનું ચરિત્ર કહેવા લાગ્યો

ઇતિ શ્રીદડિવિરચિત દશકુમારચરિતની ઉત્તરપીઠિકામા "રાજવાહનનુ ચરિત્ર" એ નામનો ઉચ્છ્વાસ ૧ લો સમાપ્ત

ઉચ્છ્વાસ ૨ જો

અપહારવર્માનું ચરિત્ર

"મહારાજ! આપ બ્રાહ્મણનો ઉપકાર કરવામાટે પાતા-ળમા ગયા પછી મિત્રમંડળ આપની શોધ કરવામાટે ચોતરફ નિકળી પડ્યું, અને હું પણ પૃથ્વી ઉપર ભટકવા લાગ્યો. એટલામા એક ઠેકાણે મનુષ્યનું ટોળુ પરસ્પર વાત કરતું જોયું. તેની પાસેથી મેં સાભળ્યું કે, "અંગદેશમા ગંગાનદીના તટ ઉપર આવેલી ચંપાનગરીની બાહાર એક આશ્રમમા મરીચિ નામના એક મહર્ષિ રહે છે. તેને તપના પ્રભાવથી દિવ્ય દૃષ્ટિ ઉત્પન્ન થઈ છે" એ સાભળીને એની પાસેથી તમારો પત્તો જાણવાની ઇચ્છાથી હું તેના આશ્રમમા ગયો. ત્યા તે ઋષિના આશ્રમમાં એક આબાના રોપાની છાયા તળે ઉદ્વિગ્ન મનના તથા નિસ્તેજ કોઇ એક તપસ્વીને બેઠેલા મેં દીઠા. એ

ઋષિએ (મારો) અતિથિની પેઠે સત્કાર કર્યો. ક્ષણભર વિશ્રાંતિ લીધા પછી મેં પૂછ્યું:–'એ ભગવાન્ મરિચિ કયાં છે? તેમની પાસેથી પ્રસંગને લઇને પરદેશ ગયેલા મારા મિત્રનો પત્તો જાણવાની મને ઇચ્છા છે; કારણ કે તે મહાષનો જ્ઞાનવિભવ (સામર્થ્ય) આશ્ચર્યકારક છે, અને તે પૃથ્વી ઉપર પ્રખ્યાત છે' તે પછી પેલા તાપસે ઉષ્ણ અને લાંબો નિઃશ્વાસ નાખીને કહ્યુ –'આ આશ્રમમા તેવા એક મુનિ હતા; પરતુ એક દિવસે અવંતિપુરીની આભૂષણરૂપ કામમંજરી નામની એક વેશ્યા આસૂનાં ટીપાંથી પોતાના પયોધર ભીંજવતી, નિર્વેદ સાથે ઋષિની પાસે આવી, અને ફેલાયલા કેશપાશથી ભૂમિને ઢાંકી દઇને (અર્થાત્ કેશપાશને પૃથ્વી ઉપર પાથરી દઇને) ઋષિને પ્રણામ કર્યા તે જ સમયે તેની માતા માધવસેના વગેરે સંબધી વર્ગ પણ દયા સાથે તેની પાછળ દોડતો દોડતો એકદમ ત્યા જ જઈ પહોંચ્યો તે મુનિ કૃપાળુ હતા તેમણે આવેલા મનુષ્યોને કોમળ વાણિથી આશ્વાસન આપીને પેલી ગણિકાને પીડાનું કારણ પૂછ્યું એટલે તે ગણિકા* જાણે

---

* કામસૂત્રમા ગણિકાનુ વર્ણન કરતા કહે છે કે

आभिरभ्युच्छ्रिता वेश्या शीलरूपगुणान्विता ।
लभते गणिकाशब्द स्थान च जनससदि ॥
पूजिता सा सदा राज्ञा गुणवद्भिश्च सस्तुता ।
प्रार्थनीयाभिगम्या च लक्ष्यभूता च जायते ॥

વેશ્યા જો ચોસઠ કળામા કુશળ હોય, શીલ, રૂપ અને ગુણસપન્ન હોય, તો તે ગણિકા એવા નામને મેળવે છે, મનુષ્યોના સમાજમા તેને સ્થાનક મળે છે, રાજા ધનાદિકથી સદા તેનો સત્કાર કરે છે, ગુણવાનો પણ તેના વખાણ કરે છે, એટલુ જ નહિ પરતુ તે પ્રાર્થનાયોગ્ય, અને કળા શિખનારા-

લજ્જાતી હોય તેવો, જાણે ખિન્ન હોય તેવો, અને ગૌરવવાળી હોય તેવો *ભાવ કરીને બોલી:–'ભગવન્! આ મનુષ્ય (હું) સાંસારિક સુખ ભોગવવાને યોગ્ય નથી. તેથી પારલૌકિક કલ્યાણને માટે દુ:ખી મનુષ્યોના ઉપર અનુગ્રહ કરવામાં પ્રખ્યાત થયેલાં આપના ચરણમાં શરણે આવી છું.' તે પછી તેની માતા, જોડેલા બે હાથ ઊંચા કરી, પળિયાને લીધે વિચિત્ર દેખાતા કેશપાશથી ભૂમિનો સ્પર્શ કરીને (પ્રણામ કરીને), ઉભી થઇ અને બોલી:–'ભગવન્! આ તમારી દાસી (મારી પુત્રી) મારા દોષો જણાવે છે મારા અધિકાર પ્રમાણે કર્મ કરવામાટે તેને પ્રેરણા કરવી આ મારો દોષ છે! ગણિકાની માતાનો અધિકાર (કર્તવ્ય) આ પ્રમાણે છે:–દીકરીનો જન્મ થાય ત્યારથી આરંભીને તેની †અંગક્રિયા કરવી; શરીરનું તેજ,

---

ઓને સમાગમ કરવા યોગ્ય થઈ પડે છે, અને રતાર્થી વિદગ્ધ પુરુષોને લક્ષ્યરૂપ થઈ પડે છે

* ગણિકાએ તપસ્વીની સાથે વાત કરતી વખતે તેને વશ કરવાને લજ્જા, ખેદ તથા ગૌરવ (મોટાઈ) આ ત્રણ ભાવ દેખાડ્યા હતા. તેમાં પોતે ઉત્તમ છે એમ દર્શાવવામાટે તે વાત કરતાં કરતાં લજ્જાનો ભાવ દર્શાવતી હતી, પોતાને સંસારના સુખ તરફ તિરસ્કાર છે એમ જણાવવાને ખેદ દર્શાવતી હતી, અને તપસ્વીને વશ કરવામાટે પોતાનું ગૌરવ દેખાડતી હતી

† अंगक्रिया=સ્નાન કર્યાં પહેલાં શરીર ઉપર તેલનું તથા હળદરનું મર્દન કરવું તેનું નામ અંગક્રિયા છે વાત્સ્યાયન કામસૂત્રમાં કહ્યું છે કે –'अङ्गक्रिया यदङ्गेषु हारिद्रातैलमर्दनम्। શરીરના અવયવો ઉપર હળદર તથા તેલનું મર્દન કરવું તેને અંગક્રિયા કહે છે' આથી શરીર સુંવાળું અને તેજસ્વી થાય છે, અને ગુમડાં વગેરે થાતાં નથી

શરીરનું બળ, શરીરનો વર્ણ અને મેધા (ધારણાવાળી બુદ્ધિ) ની વૃદ્ધિ કરનારા; વાત, પિત્ત તથા કફ આ ત્રણ દોષને, અગ્નિને તથા ધાતુને,* સમાન કરનારા મિત (પ્રમાણસર) આહારથી તેના શરીરનું પોષણ કરવું, કન્યા પાંચ† વર્ષની થયા પછી તેના પિતાની પણ વિશેષ નજરે તેને પડવા દેવી નહિ (અર્થાત્ પિતાને બહુ મળવા દેવી નહિ), તેના જન્મ દિવસે તથા (સંક્રાન્તિ વગેરે) પુણ્ય દિવસે મહાન્ ઉત્સવ તથા માંગલિક વિધિ કરવો, કામને પ્રતિપાદન‡ કરનારી વિદ્યાઓનું તથા તેની અંગ (પેટા) વિદ્યાઓનું અધ્યયન કરાવવું. નૃત્ય, ગીત, વાદ્ય, નાટ્ય, ચિત્ર, સ્વાદિષ્ટ ભોજન તયાર કરતાં શિખવવું, સુગંધિ પદાર્થો બનાવવા, પુષ્પોની માળાઓ ગુંથવી વગેરે કળાઓનું અક્ષરજ્ઞાન અને વચનની કુશળતા (શ્લેષ-વાળું બોલવું) વગેરેનું સારી પેઠે શિક્ષણ આપવું, વ્યાક-

---

* અન્નનો રસ, રુધિર, માસ, મેદસ્, હાડકા, મજ્જા અને શુક્ર (વીર્ય) આ સાત અનુક્રમે ધાતુઓ છે, અને તેની ઉત્તરોત્તર ઉત્પત્તિ થાય છે. હેમચદ્રકોશમા કહ્યુ છે કે –'रसासृङ्मांसमेदोऽस्थिमज्जाशुक्राणि धातवः। सप्त'

† બાળક પાચ વર્ષનુ થાય છે ત્યા સુધી અજ્ઞાન હોય છે તે પછી સબધીઓને ઓળખવાનુ જ્ઞાન તેને થવા માડે છે, માટે ગણિકાઓ પોતાની કન્યા પાચ વર્ષની થયા પછી તેને તેના પિતાની નજરે પડવા દેતી નથી. તેથી કન્યાઓ પોતાના પિતાનો પરિચય થોડો હોવાથી ધીરે ધીરે તેને ભૂલી જાય છે, અને તેથી તેને તેના તરફથી ભય રહેતો નથી.

‡ કામને પ્રતિપાદન કરનારા કામશાસ્ત્રો. ભૂષણટીકાકાર કહે છે કે:–'अनंगविद्याना वात्स्यायनसूत्रादीना વાત્સ્યાયનસૂત્ર વગેરે અનગવિદ્યાને પ્રતિપાદન કરનારા ગ્રથો છે'

રણુશાસ્ત્રનું, તર્કશાસ્ત્રનું, અને જ્યોતિઃ શાસ્ત્રનું વાર્તા કરી શકે તેટલુ જ્ઞાન આપવું; પોતાની આજીવિકા કરવાનું જ્ઞાન આપવું, રમતગમતમાં કુશળ બનાવવી, સજીવ* તથા નિર્જીવ એવી જુગારની કળામાં જાણીતી કરવી; સુરતની કળાના પ્રયોગો વિશ્વાસુ† મનુષ્યની પાસે પ્રયત્નથી શિખવવા. કન્યાને આદરપૂર્વક શણગારવી, અને તેના સેવકોને પણ સારા પોશાક પહેરાવીને શણગારવા; અને પછી તે કન્યાને તેના મનુષ્યોની સાથે યાત્રા ઉત્સવ વગેરે પ્રસંગોમાં જાહેર રીતે દેખાડવી; પ્રથમથી પોતાને ત્યાં રાખેલા શિક્ષકોની પાસે પ્રસંગ ઉપર ઉપયોગી થઈ પડે તેવી સંગીતાદિક ક્રિયામાં કુશળ કરવી જૂદી જૂદી કળામા કુશળતા ધરાવનારા પુરુષોદ્વારા દિશાઓમા પોતાની કન્યાનો યશ પ્રખ્યાત કરાવવો, કાર્તાતિક આદિ પુરુષોદ્વારા કન્યાનાં કલ્યાણકારક‡

---

* કુકડા, બાઝ, તેતર વગેરેને લડાવીને તેની હારજીત ઉપર જુગાર રમવો તે સજીવ જુગાર કહેવાય છે, અને લાકડાના સોગઠા વગેરે માડીને તેની હારજીત ઉપર જુગાર રમવો તે નિર્જીવ જુગાર કહેવાય છે

† વિશ્વાસુ મનુષ્યની પાસે કન્યાને રતિના પ્રયોગો શિખવવાથી અશુભ પરિણામ આવતું નથી આને માટે કામસૂત્રમા વિસ્તારથી લખ્યુ છે.

‡ કલ્યાણકારક એટલે અભ્યુદય કરનારા, ધન સુખ વગેરે આપનારા લક્ષણ જે સ્ત્રીના હાથપગ વગેરેમા શખ, ચક્ર, પદ્મ વગેરેની શુભ રેખાઓ પડેલી હોય છે તે જેના ઘરમા જાય છે તેને પણ ધનાદિકનો લાભ થાય છે તેથી ગણિકાએ પોતાની કન્યાના ઉત્તમ લક્ષણો લક્ષણ જાણનારા જોશીઓદ્વારા પ્રસિદ્ધ કરાવવાં, જેથી શ્રીમત પુરુષોના મનમા તેને માટે ભાવ ઉપજે.

લક્ષણ પ્રસિદ્ધ કરાવવાં; પીઠમર્દ,* વિટ, વિદૂષક,† ભિક્ષુકી‡ વગેરેની પાસે નાગરિક પુરુષોના સમુદાયમાં કન્યાના રૂપના, શીલનાં, શિલ્પજ્ઞાનના, સૌંદર્યના અને માધુર્યના વખાણ કરાવવા, જે કન્યાના ઉપર તરુણ પુરુષો પોતાના મનોરથો બાંધી બેઠા હોય તે કન્યાનું મૂલ્ય ઘણું જ મોટું રાખવું; પોતાની મેળે જ પ્રીતિથી આંધળો થઈ ગયો હોય, અથવા તો તેના ભાવો જોઈને ઉન્મત્ત થઈ ગયો હોય તેવો પુરુષ જો બ્રાહ્મણાદિ જાતિ, રૂપ, વય, ધન, શક્તિ, નિષ્કપટપણું, દાનશીલતા, દાક્ષિણ્ય,§ શિલ્પ, શીલ, માધુર્ય વગેરે ગુણોથી સંપન્ન અને સ્વતન્ત્ર હોય તો તેવા પુરુષને કન્યા આપવી; તેના કરતા અધિક ગુણવાળો કદાચ પરતંત્ર હોય, પરંતુ વિશેષ બુદ્ધિમાન્ હોય તો તેની પાસેથી થોડુંક ધન લઈને પણ તેને કન્યા આપવી; અને કહેવું કે તેણે વિશેષ ધન આપ્યું છે; કોઈ પુરુષ સ્વતત્ર ન હોય તો તેની સાથે ગાધર્વ સમાગમ કરાવવો, અને તેના વડીલોની પાસેથી કન્યાનું મૂલ્ય વસૂલ કરવુ તે જો ધન આપે નહિ તો મૈત્રી વગેરેથી વશ કરેલા ગામના અધિકારી દ્વારા, અથવા તો રાજસભામાં (કોર્ટમાં) ફરિયાદ કરીને ધન મેળવવુ; કોઈ પ્રિયતમ પ્રીતિવાળો હોય તો પોતાની પુત્રીની પાસે પતિવ્રતાનું વ્રત પળાવવું; નિત્ય તરિકે (પગાર તરિકે), નૈમિત્તિક તરિકે (ઉત્સવના પ્રસંગોમાં), તથા પ્રીતિદાન (ઇનામ–બક્ષિસ)

---

* પીઠમર્દ=જેના ઉપર નાયકની પ્રીતિ હોય અને જે અત્યત ધૃષ્ટ હોય તે. ભૂષણકાર લખે છે કે–કોપાયમાન થયેલી સ્ત્રીને પ્રસન્ન કરનારો. † વિદૂષક=વિકૃત અગવાળો તથા હાસ્ય ઉપજે તેવો વેષ પહેરનાર અને તેવુ બોલનાર ‡ ભિક્ષુકી=બુદ્ધધર્મની સાધુડી. § પરિચયમા આવેલા અથવા તો અગીકાર કરેલા પુરુષને નહિ તજવો તે.

તારકે જાર પુરુષની પાસેથી ધન હરણ કરવું, અને હરણ કરતાં બાકી બચેલું ધન પણ અનેક જાતના ઉપાયોથી હરણ કરવું; કોઈ લોભી પુરુષ ધન આપતો ન હોય તો તેની સાથે કજિયો કરીને તેને કાઢી મૂકવો; કોઈ વિલાસી (પુરુષ) લોભી હોય તો પડોસની કોઈ વેશ્યાના પ્રિયતમનાં વખાણ* કરીને તેને પ્રોત્સાહન આપવું, ને તે દ્વારા લોભી પ્રિયતમની ત્યાગશક્તિ (દાનશક્તિ)ને સંધરુકવી (ઉત્પન્ન કરવી); નિર્ધન પુરુષને કટુ વચનો કહીને, લોકોમાં તેની નિંદા કરીને, પોતાની પુત્રીને (તેની પાસે જતી) અટકાવીને, તેને લજ્જા ઉપજે તેવા કર્મ કરીને, કોર્ટમાં ફરિયાદી કરીને તથા અપમાનો કરીને કાઢી મૂકવો, ધન આપનારા અને આપત્તિઓને દૂર કરનારા, યશસ્વી એવા ધનાઢ્ય પુરુષોની પાસેથી થનારા ધનના લાભ વિષેનો તથા હાનિના સંશયનો વિચાર કરીને, વારવાર તેઓની સાથે કન્યાને મેળવવી; ગણિકાએ જાર પ્રતિ સજ્જ (સેવામાં તત્પર) રહેવુ, પરંતુ (તેની સાથે) સંગ (અચળ સંબંધ) બાંધવો નહિ. પ્રીતિ હોવા છતા પણ માતાની તથા માની માની (નાનીની) આજ્ઞાને ઉલ્લંઘન કરવી નહિ. આ ગણિકાનો ધર્મ છે

‘છતા મારી આ પુત્રીએ પ્રજાપતિએ નિર્માણ કરેલા પોતાના ધર્મનું ઉલ્લંઘન કરીને કેવળ રૂપવાન્ કોઇએક પરદેશી તરુણ બ્રાહ્મણની સાથે પોતાના જ ધનનો ખર્ચ કરીને વિલાસ કરવામા એક મહિનો કાઢી નાંખ્યો છે ઘણા ધનાઢ્ય તથા યોગ્યતાવાળા જાર લોકોને આણે તિરસ્કાર કરીને સારી

* ફલાણી વેશ્યાને તેના પ્રિયતમે મોતીની માળા, હીરાનો હાર વગેરે આપ્યુ, અને તમે તો મને કઈ પણ આપતા નથી, વગેરે વચનો કહીને લોભી વિલાસીને દાન દેવામાટે ઉત્સાહી કરવો.

પેઠે કોપાવ્યા છે, અને પોતાના કુટુંબને અતિ દુઃખી કર્યું છે. 'આ કલ્યાણ કરનારી બુદ્ધિ નથી, પરંતુ કુમતિ* છે.' આમ કહીને મેં મારી દીકરીને અટકાવી, એટલે તે કોપ કરીને વનવાસ કરવા માટે ચાલી નિકળી છે જો આ પોતાનો નિશ્ચય ફેરવશે નહિ તો જેને બીજાનો આધાર નથી એવાં આ અમે સર્વ મનુષ્યો અહીં જ ઉપવાસ કરીને મરણ પામશે.' આમ કહીને તે રડવા લાગી.

તે પછી તે તપસ્વીએ દયા સાથે તે ગણિકાકન્યાને કહ્યુ –'ઓ ભલી બાઈ! આ વનવાસ ખરેખર દુ.ખદાયક છે, અને તેનું ફળ મોક્ષ અથવા તો સ્વર્ગ છે તે બેમાથી મોક્ષ ઉત્તમ પ્રકારના જ્ઞાનથી મળી શકે તેવો છે, અને ઘણું કરીને તે દુર્લભ જ છે બીજુ ફળ સ્વર્ગ છે, અને એ પોતાના કુળનો ધર્મ પાળનારા સર્વને જ સુલભ છે માટે અશકય એવા તપના આરંભથી ઉપરામ પામીને માતાના કહેવા પ્રમાણે તું વર્ત્ય' આ રીતે દયા સાથે તેણે કહ્યુ એટલે, 'જો આપ મને આપના ચરણમા શરણે રાખશો નહિ તો મારે રાંકડીને હવે દેવ અગ્નિદેવ જ શરણ છે,' આમ કહીને તે મનમા ઉદાસ થઈ ગઈ તે પછી તે મુનિએ વિચાર કરીને તે ગણિકાની માતાને કહ્યુ.–'હમણા તમે ઘેર જાઓ, અને કેટલાએક દિવસો સૂધી વાટ જૂઓ એટલામા સુખ ભોગવવાને યોગ્ય આ સુકુમાર કન્યા અરણ્યવાસના દુ ખથી ઉદ્વેગ પામશે, તથા અમે પણ તેને વારંવાર સમજણ આપીશું તેથી તે પોતાના મૂળ સ્વભાવમા જ આવશે (ઠેકાણે આવશે)'

'તથાસ્તુ,' એમ કહીને તે ગણિકાના સંબંધી મનુષ્યો પાછાં ગયા પછી તે ગણિકા ઋષિની મહાન ભક્તિ કરવા

* કુમતિ–નઠારી બુદ્ધિ, હલકા વિચાર

લાગી, ધોયેલાં બે વસ્ત્ર પહેરવા લાગી, શરીરને શણગારવામાં અતિ આદર આપવો છોડી દીધો, વનનાં નાનાં વૃક્ષોના ક્યારાઓમાં પાણી સિંચવા લાગી, દેવના પૂજનને માટે પુષ્પોના ઢગ ચૂંટી લાવવાનો પરિશ્રમ કરવા લાગી, અનેક જાતનાં બલિદાનો તયાર કરવા લાગી; કામશાસનને (શંકરને) માટે ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૃત્ય, ગીત, વાદિત્ર વગાડવા વગેરે ક્રિયા કરવા લાગી, તથા એકાતમા ધર્મ, અર્થ અને કામ આ ત્રણ વર્ગની કથાઓ કરીને તથા આત્મજ્ઞાન વિષેની યોગ્ય કથાઓ કરીને થોડા જ સમયમા તે ઋષિને તેણે રંજન કર્યો. એક દિવસે એકાતમાં તે ઋષિને પોતાના ઉપર રંજન થયેલા જાણીને, “લોક ખરેખર મૂર્ખ છે, કારણ કે, તે અર્થને અને કામને પણ ધર્મની સાથે ગણે છે,” આમ બોલીને તે ગણિકાપુત્રીએ અલ્પ હાસ્ય કર્યું એટલે ઋષિએ તેને પૂછ્યું.—

‘બાલે! બોલ, તું ધર્મને અર્થથી તથા કામથી કયા અંશમાં ઉત્તમ માને છે?’ આ રીતે મરીચિએ ઉત્તર આપવામાટે પ્રેરણા કરી કે, તે ગણિકા લજ્જાને લીધે ધીરે ધીરે કહેવા લાગી –‘મારા જેવા એક સાધારણ મનુષ્યની પાસેથી આપ ત્રિવર્ગનાં (ધર્મ, અર્થ અને કામના) બળનુ તથા નિર્બળપણાનું જ્ઞાન મેળવો આ આશ્ચર્યકારક ગણાય! અથવા તો દાસજનના ઉપર અનુગ્રહ કરવાનો આ પણ એક પ્રકારાંતર છે’ ભલે ત્યારે સાભળો: ધર્મ વિના અર્થની તથા કામની ઉત્પત્તિજ થતી નથી. પરંતુ ધર્મ તો અર્થની અને કામની અપેક્ષા વિના જ નિવૃત્તિસુખને ઉત્પન્ન કરવામાં કારણ છે, અને તે પોતાની બુદ્ધિની એકાગ્રતાથી જ સાધી શકાય છે. અર્થ સંપાદન કરવામાં જેમ વ્યાપારાદિ બાહારના સાધનોની જરૂર પડે છે, તેમ જ કામ (સુખ) સંપાદન કરવામાં

પણ વનિતા, સંગીતાદિક સાધનોની જરૂર પડે છે,* તેમ ધર્મ સંપાદન કરવામાં બાહ્ય સાધનોની ઘણી જરૂર પડતી નથી. તત્ત્વજ્ઞાનથી ધર્મની વૃદ્ધિ થયા પછી, અર્થનો તથા કામનો ગમે તે રીતે ઉપયોગ કરવામાં આવે તો પણ તેનાથી ધર્મનો નાશ થતો નથી. કદાચ ધર્મને બાધ નડે છે તોપણ તે પાછો થોડા પરિશ્રમથી પોતાની અસલ સ્થિતિમાં આવે છે, અને દોષને દૂર કરીને મોટું કલ્યાણ કરે છે

'જેમ કેઃ–પિતામહને (બ્રહ્માને) તિલોત્તમા †અપ્સરાને વિશે અભિલાષા થઈ હતી, ભવાની પતિએ (શંકરે) મુનિઓની હજારો સ્ત્રીઓને દૂષિત કરી હતી, પદ્મનાભે (શ્રીકૃષ્ણે) સોળ હજાર સ્ત્રીઓની સાથે વિહાર કર્યો હતો, પ્રજાપતિએ પોતાની પુત્રી ઉપર કામેચ્છા કરી હતી, ઇંદ્રે અહલ્યાની સાથે વ્યભિચાર કર્યો હતો, ચંદ્રે બૃહસ્પતિની સ્ત્રી તારાની સાથે વ્યભિચાર કર્યો હતો, સૂર્યે વડવાની‡ સાથે સમાગમ કર્યો

---

* ધર્માચરણ કરવા માટે માળા, દર્ભાસન, એકાંત સ્થલ વગેરે સાધન સિવાય બીજા સાધનોની જરૂર પડતી નથી. માળા ન હોય તો મનમા પણ નામનુ સ્મરણ થઈ શકે છે

† બ્રહ્માએ પ્રત્યેક વસ્તુમાથી તલતલ જેટલી સુંદરતા લઇને તિલોત્તમા નામની અપ્સરાને ઉત્પન્ન કરી, તે પછી તે અપ્સરા બ્રહ્માને પ્રદક્ષિણા કરવા લાગી એટલે બ્રહ્મા તેને ચાર દિશામાં નિહાળવા લાગ્યા તેથી બ્રહ્માને ચાર મુખ થયા હતા, બ્રહ્માને તિલોત્તમામા અભિલાષા થઈ હતી.

‡ સૂર્યની સ્ત્રી સૂર્યનુ તેજ સહન કરી શકી નહિ તે ઉપરથી તેણે વડવાનુ એટલે ઘોડીનુ રૂપ ધારણ કર્યું, અને સૂર્યે તેની નાસિકામા વીર્ય રેડ્યું તેમાથી અશ્વિનીકુમાર જન્મ્યા હતા.

હતો, અનિલે (વાયુએ)* વાનરની સ્રી સાથે સમાગમ કર્યો હતો, બૃહસ્પતિએ† (મોટા ભાઈ) ઉતથ્યની સ્રીની સાથે સમાગમ કર્યો હતો, પરાશરે મચ્છીમારની કન્યાને દૂષિત કરી હતી, પરાશરના પુત્રે (વ્યાસે) પોતાના (આંગળિયાત) ભાઈ વિચિત્રવીર્યની સ્રી સાથે સમાગમ કર્યો હતો, અત્રિએ મૃગલીની સાથે સમાગમ કર્યો હતો દેવોએ ઉપર દર્શાવેલાં કાર્યોમા અકૃત્યો કર્યાં હતા, પરંતુ તેઓના જ્ઞાનનાં બળને લીધે તેઓનાં અકૃત્યો તેઓના ધર્મને હાનિ પહોચાડી શકયાં નથી. ધર્મથી મન પવિત્ર થયા પછી, ધૂળ જેમ આકાશનો કોઈ પણ દિવસ સ્પર્શ કરી શકતી નથી તેમ, રજોગુણ પણ કોઈ દિવસ શુદ્ધ મનનો સ્પર્શ કરી શકતો નથી માટે હું માનુ છું કે-અર્થ અને કામ ધર્મની સોળમી કળાનો પણ સ્પર્શ કરી શકે તેવા નથી.'

જેની રાગવૃત્તિ વૃદ્ધિ પામી હતી એવા ઋષિ આ સાંભળીને બોલ્યાઃ-'હે વિલાસિનિ ! તારા વિચાર યોગ્ય છે.

---

* પુજીકસ્થલી નામની અપ્સરા પૃથ્વી ઉપર જન્મી હતી. તે એક વખતે પર્વતના શિખર ઉપર બેઠી હતી તે સમયે તેના શરીર ઉપરથી વસ્ત્ર ખસી ગયુ, અને વાયુદેવ તેનુ સૌંદર્ય જોઈ તેના ઉપર મોહી પડ્યા અને મૂર્તિમાન્ થઈ તેને દર્શન આપ્યા, અને તેની આગળ પોતાની કામેચ્છા દર્શાવી એટલે પેલી અપ્સરા જે વાનરની સ્રી હતી તેણે તેની પ્રાર્થનાને સ્વીકારી, પરતુ એવી શરત કરી કે પોતાનું પાતિવ્રત્યનો ભગ થાય નહિ વાયુદેવે 'હા' પાડી, અને તેને એક પુત્ર થવાનો આશીર્વાદ આપ્યો, જે મારુતીને (હનૂમાન્) નામે પ્રસિદ્ધ થયો. જુઓ-"ગુજરાતી પ્રેસ"નુ રામાયણ.

† ઉતથ્ય અંગિરાનો પુત્ર હતો, અને બૃહસ્પતિનો મોટો ભાઈ થતો હતો.

વિષયોનો ઉપભોગ કરવાથી તત્ત્વવેત્તાઓના ધર્મને હાનિ પહોચતી નથી. કિંતુ અમે જન્મથી આરંભીને અર્થની તથા કામની વાર્તાથી અજાણ્યા છીએ, માટે અર્થ તથા કામનુ સ્વરૂપ કેવું છે? તેના સાધન શાં છે? તથા તેનુ ફળ કેવુ છે? તે જાણવું જોઇએ'

ગણિકા બોલીઃ-'ધન મેળવવુ, મેળવેલાં ધનની (વ્યાપારાદિકથી) વૃદ્ધિ કરવી, અને વૃદ્ધિ પામેલા ધનનું રક્ષણ કરવું (આ અર્થનું સ્વરૂપ છે), ખેતીવાડી, પશુઓનું પાલન (ઢોર ઢાખરને ઉછેરવાં તે), વ્યાપાર,* સંધિ† તથા વિગ્રહ‡ વગેરે તેનો પરિવાર (સાધન) છે; અને સુપાત્રને આપવું તે આનું ફળ છે જેનું ચિત્ત વિષયમાં અત્યંત આસક્ત થયું હોય એવાં સ્ત્રીપુરુષનો અત્યંત શ્રેષ્ઠ એવો જે સુખભોગ તેનું નામ કામ, આ જગતમા જેટલા રમણીય પદાર્થો છે તથા જેટલા ઉજ્વલ પદાર્થો છે તે તેમનો પરિવાર ગણાય છે, તથા પરમ આનંદ આપનારુ પરસ્પર આલિંગન, ચુંબન વગેરેથી ઉત્પન્ન થનારુ, સ્મરણ કરવાથી મધુર લાગનારુ, પોતાના સાર્થકપણાને કહેનારુ, સર્વ કરતા ઉત્તમ, કેવળ પોતાનાથી જ જાણી શકાય તેવું અપરોક્ષ§ સુખ, આ કામનુ ફળ છે. મનુષ્યો તે જ સુખને માટે ઉત્તમ તીર્થસ્થાનમાં રહીને, કષ્ટદાયક તપ કરે છે, મોટાં દાનો કરે છે, દારુણ યુદ્ધો કરે છે, અને ભયંકર એવા સમુદ્રનાં ઉલ્લંઘન વગેરે કરે છે. ગણિકાનું આવુ કહેવુ સાંભળીને, જાણે ભાગ્યના બળથી અથવા તો ગણિકાની ચતુરાઇથી અથવા તો પોતાની બુદ્ધિની મંદતાને લીધે, પોતાના નિયમનો (મુનિધર્મનો) અનાદર કરીને એ

* જળમાર્ગનો તથા સ્થળમાર્ગનો વ્યાપાર. † સલાહ. ‡ કજીઓ. § પ્રત્યક્ષ.

મુનિ કામમંજરીમાં બંધાઈ ગયા (આસક્ત થઈ ગયા) તે પછી કામમંજરી અત્યંત મૂઢ મનના થઈ ગયેલા તે મુનિને માફાવાળા એક રથમા બેસાડીને નગરમાં લઈ ગઈ, અને ઉત્તમ શોભાવાળા રાજમાર્ગે થઇને પોતાને ઘેર ગઈ તે પછી તેણે સાદ પડાવ્યો કે:–'આવતી કાલે કામોત્સવ છે' તે પછી બીજા દિવસે તે મુનિએ સ્નાન કરીને શરીર ઉપર ચંદન ચોપડ્યું, અને મનોહર માળા પહેરી, કામી પુરુષની પેઠે તે વર્તવા લાગ્યા, પોતાના ધર્માચરણની અભિલાષાથી નિવૃત્ત થયા, કામમંજરી વિના એક ક્ષણ જાય તો પણ દુભાઈ જવા લાગ્યા તે પછી કામમંજરી સમૃદ્ધિવાળા રાજમાર્ગ ઉપરથી જ્યાં કામોત્સવ નિમિત્તે સમાજ મળ્યો હતો ત્યાં એક ઉપવનના પ્રદેશમાં સેંકડો તરુણ સ્ત્રીઓથી વિંટાયલા રાજાની પાસે તે ઋષિને લઈ ગઈ તે પછી રાજાએ મંદ હાસ્યવાળા મુખથી કહ્યુ –'હે કલ્યાણિ ! આ ભગવાનની સાથે તું બેસ' આ રીતે (રાજાએ) આજ્ઞા કરી કે, તે ગણિકા વિલાસ સાથે પ્રણામ કરીને મંદ મંદ હસતી મુનિની સાથે બેઠી તે પછી તે સભામાં કોઇ એક નાયિકા ઉભી થઈ બે હાથ જોડીને બોલી:– 'દેવ! આ ગણિકાએ મને જીતી છે, અને આજથી માંડીને હું એનું દાસ્ય અંગીકાર કરુ છું' એમ કહીને તેણે રાજાને પ્રણામ કર્યા. તે સમયે લોકોએ વિસ્મયમૂલક* તથા હર્ષમૂલક કોલાહલ કરી મૂક્યો, અને રાજાએ પ્રસન્ન થઇને મોટી કિંમતનાં રત્નનાં આભૂષણો આપી તથા ઘણા સેવકો આપી અનુગ્રહ કરીને ઘેર જવાની તેને રજા આપી, અને મુખ્ય વારાંગનાઓ તથા

---

* ગણિકાનુ આવુ પરાક્રમ જોઇને નગરના મનુષ્યોને વિસ્મય થયો હતો, અને કામમજરીનો વિજય થવાથી તેના પક્ષના મનુષ્યોને હર્ષ થયો હતો.

નગરના મુખ્ય પુરુષો ટોળે મળીને તેનાં વખાણ કરવા લાગ્યા. તે પછી તે ગણિકાએ પોતાને ઘેર જતાં પહેલાં જ તે ઋષિને કહ્યું:–'હે ભગવન્! હવે આપને પ્રણામ છે આ દાસજન ઉપર આપે લાંબા કાળ સૂધી અનુગ્રહ કર્યો છે. હવે આપ સ્વાર્થ સાધો (તપ કરો).' તે મુનિ રાગરક્ત થયા હતા, તેથી વજ્રનો પ્રહાર થયો હોય તેમ ચમકી જઇને બોલ્યા.–'પ્રિયે! આ શું? તને આવું ઉદાસીનપણું શા માટે થયું? તારો મારા ઉપરનો અસાધારણ પ્રેમ ક્યાં ગયો?' એટલે પેલી ગણિકા મંદ હસીને બોલી–'હે ભગવન્! જે ગણિકાએ આજે રાજાની સભામાં મારા તરફથી પરાજય સ્વીકાર્યો છે તેને અને મારે કોઈ એક વૈરનો પ્રસંગ પડતાં 'તું તો મરીચિને વશ કરનારી હો તેમ તારાં વખાણ કરે છે.' આમ બોલીને તેણે મારો તિરસ્કાર કર્યો હતો તે પછી, 'જે હારે તેણે બીજાનું દાસ્ય કરવું,' આવી રીતે પણ કરીને હું આ કાર્ય કરવામાટે પ્રવૃત્ત થઇ હતી, અને તમારા પ્રસાદથી મારુ કાર્ય સિદ્ધ થયું છે.' ઉપર પ્રમાણે ગણિકાએ તે દુર્મતિનો તિરસ્કાર કર્યા પછી તે મુનિ પશ્ચાત્તાપ કરતો હૃદયહીનની પેઠે આશ્રમ તરફ પાછો આવ્યો "હે મહાભાગ! તે ગણિકાએ આ પ્રમાણે જેને તપસ્વી (દયાપાત્ર) બનાવ્યો હતો તેજ હું પોતે છું એમ માનજો તે વેશ્યાએ પોતાનાં સામર્થ્યથી મારા વિશે જે પ્રીતિ નાખી હતી તે, તે વેશ્યાએ જ પાછી હરી લઇને મને મહાન્ વૈરાગ્ય અર્પણ કર્યું છે. હવે થોડા જ સમયમાં મારુ શરીર તારુ કાર્ય સાધવામાટે સમર્થ થશે. હે વત્સ! તું હમણા આ અંગદેશની રાજધાની ચંપાપુરી-માં જ નિવાસ કર."

'તે પછી મરીચિના મનમાંથી ભ્રષ્ટ થયેલા તમનો* જાણે પોતાને સ્પર્શ થશે આવો ભય લાગ્યો હોય તેમ સૂર્ય અસ્ત પામ્યો, ઋષિએ ત્યાગ કરેલો રાગ† સંધ્યાકાળરૂપે પ્રકાશવા લાગ્યો, મુનિની કથાએ જાણે વૈરાગ્ય અર્પણ કર્યું હોય તેમ સૂર્યવિકાસી કમળનાં વનો સંકોચાઈ ગયાં, મેં મુનિની આજ્ઞાને માન આપ્યું, અને મુનિની સાથે જ સંધ્યાવંદન કરીને તથા અનુકૂળ કથાઓ કરીને ઋષિ સૂતા પછી હું પણ સૂઈ ગયો, અને રાત્રિ ગાળી કાઢી તે પછી ઉદયાચળ ઉપર દાવાનળના સમાન દેખાતા, કલ્પદ્રુમનાં કુંપળિયાંનો પણ તિરસ્કાર કરે તેવા રાતા કિરણોવાળા સૂર્યનો ઉદય થયો કે, તેને નમસ્કાર કરીને હું નગર તરફ ચાલ્યો.

'જતાં જતાં માર્ગની પડોસમાં બુદ્ધનો એક વિહાર‡ હતો. તેની બહાર રક્તાશોકની§ નિર્જન ઝાડીમાં બુદ્ધના કોઈ એક સાધુને બેઠેલો મેં દીઠો. તેને સમાધિનું (ધ્યાનનું) જ્ઞાન ન હતું, મનની પીડાથી તેનું શરીર ક્ષીણ થઈ ગયું હતું, તે કુરૂપડાઓનો સરદાર હતો (અત્યંત કદ્રૂપો હતો), અને કૃપણ દેખાવનો હતો, જેમાથી કફ વગેરે મેલ બાહાર પડતો હતો એવા તેના મુખ ઉપરથી છાતી ઉપર આંસુનાં ટીપાંઓ પડતાં મારા જોવામાં આવ્યાં.' એટલે તેની પાસે બેસીને મેં પૂછ્યું -'તપ કયાં અને રડવું કયાં? જો તારી વાર્તા છુપી ન હોય તો હું તારા શોકનું કારણ જાણવાને ઇચ્છું છું.' તે બોલ્યો.-'ઓ ભલા પુરુષ! સાંભળ. આજ

* ઋષિના પક્ષમા અજ્ઞાન અને સૂર્યના પક્ષમા અધારું.

† ઋષિના પક્ષમા પ્રીતિ અને સધ્યાકાળના પક્ષમાં રતાશ.

‡ મઠ. § એક જાતનું આસોપાલવનુ ઝાડ.

ચંપાનગરીમાં રહેનારા નિધિપાલ નામના એક શેઠિયાનો હું જ્યેષ્ઠ પુત્ર છું, અને મારુ નામ વસુપાલિત છે. કદરૂપાપણાને લીધે મારી વિરૂપકના નામથી પ્રસિદ્ધિ થઈ હતી. આ નગરીમાં સુંદરક નામનો એક બીજો પુરુષ રહે છે જે યથાર્થનામા છે, કળાકુશળ છે, અને ગુણોથી સંપન્ન છે, પરંતુ તેની પાસે ઘણુ ધન નથી આ નગરીમા પરસ્પર વૈર ઉત્પન્ન કરીને આજીવિકા કરનારા નગરના ધૂર્ત પુરુષોએ તેની અને મારી વચ્ચે, શરીર અને ધનને નિમિત્ત કરીને, વૈર ઉત્પન્ન કરાવ્યું હતું. તે પછી એક દિવસે ઉત્સવનિમિત્તે મળેલા સમાજમા અમે બન્ને એક બીજાનુ અપમાન કરે તેવાં તિરસ્કારનાં વચનો બોલવા લાગ્યા તે પછી જેઓએ તે કલહ ઉત્પન્ન કરાવ્યો હતો તેઓએ જ તેને શાત પાડ્યો, અને આ પ્રમાણે વ્યવસ્થા કરી કે –'પુરુષપણાનુ મૂળ શરીરે નથી તેમ ધને નથી, પરંતુ ઉત્તમ ગણિકા જેના યૌવનની પ્રાર્થના કરે તે પુરુષ છે માટે તરુણીઓમા રત્નરૂપ કામમંજરી જે પુરુષના ઉપર આસક્ત થાય, તે પુરુષે સુભગપતાકાને* હરણ કરવી ' અમે બન્નેએ તે વાત અંગીકાર કરી, અને તે ગણિકાની પાસે દૂતો મોકલ્યા કે તે આવી, અને હું જ તે ગણિકાના કામોન્માદનું કારણ થઈ પડ્યો (ગણિકા મારા ઉપર આસક્ત થઇ) અમે બન્ને બેઠા હતા તેમાથી તે ગણિકાએ મારી પાસે જ આવીને શ્યામ કમળના જેવી કટાક્ષની દોરી મારા અંગ ઉપર નાખીને (મને વશ કર્યો), અને પેલા મનુષ્યને લજ્જાથી અધોમુખવાળો કર્યો. તે પછી હું પોતાને સુભગ (સુંદર) માનવા લાગ્યો, અને મેં તેને

---

* આ સુભાગ્યશાળી છે આવી રીતનુ ચિહ્ન ધારણ કરવુ.

મારા ધનની, મારા ઘરની, મારા પરિવારની, મારા શરીરની અને મારા જીવિતની ઈશ્વરી બનાવી, અને એ ગણિકાએ મારુ સર્વ ધન લુંટી લઈને મને લંગોટીભેર કરી મૂકયો, કાઢી મૂકયો અને હું લોકોનાં ઉપહાસપાત્ર થઈ પડ્યો, તે પછી હું નગરના વૃદ્ધ પુરુષોના ધિક્કારોને સહન કરવાને અસમર્થ હોવાથી જૈનના આ મંદિરમા આવીને રહ્યો છું ને એક મુનિએ મને મોક્ષમાર્ગનો ઉપદેશ કર્યો છે મેં પણ વિચાર કર્યો કે 'વેશ્યાના ઘરમાંથી કાઢી મૂકેલા પુરુષોને માટે આ વેષ સુલભ છે' આવો વિચાર કર્યા પછી મારો વૈરાગ્ય વધ્યો એટલે મે તે કૌપીનનો પણ ત્યાગ કર્યો. તે પછી મારા શરીર ઉપર મેલના થપેડા જામી ગયા હતા, કેશનો લોચ* કરવાથી મને પ્રબલ પીડા થતી હતી, ક્ષુધાની તથા તૃષા વગેરેની અત્યંત પીડા થતી હતી, નવીન પકડેલો હાથી જેમ ઉભા રહેવામાં, બેસવામાં, નિદ્રા કરવામા તથા ભોજન કરવામા પરાધીન હોવાથી બળવાન્ દુ:ખથી ઉદ્વિગ્ન રહે છે તેમ હુ પણ ઉભા રહેવામા, બેસવામા, શયનમાં તથા ભોજનમા પરાધીન હોવાથી મહાન્ દુ:ખને લીધે ખિન્ન થઈને વિચાર કરવા લાગ્યો કે,–'હું દ્વિજાતિ (વૈશ્ય) છું પાખંડી ધર્મ પાળવો આ મારો પોતાનો ધર્મ નથી. મારા પૂર્વજો શ્રુતિમાં તથા સ્મૃતિમાં નિર્માણ કરેલા માર્ગમા જ વર્તતા હતા, પરંતુ મારે મંદભાગ્યવાળાને મહાન્ દુઃખકારક નિંદાપાત્ર વેશ ધારણ કરવો પડ્યો છે, અને હરિ, હર તથા હિરણ્યગર્ભ વગેરે દેવતાઓની નિત્ય નિંદા સાંભળવાથી બીજા જન્મમા પણ મને નરકનુ ફળ મળશે નિષ્ફળ તથા ઘણું કરીને

* લોચ એટલે ઉખેડવુ. માથાના કેશને ચપટીથી ઉખેડવા તેને લોચ કહેવામા આવે છે.

ઠગનારા એવા આ અધર્મના માર્ગનું મારે ધર્મના માર્ગની પેઠે આચરણ કરવું પડે છે.’ આ રીતે મારા અન્યાયનો વિચાર કર્યા પછી હું આ મનુષ્ય વિનાની અશોક વૃક્ષની ઝાડીમાં બેસી પેટ ભરીને આસુ પાડું છું. આ સાંભળી અનુકંપા કરીને હું બોલ્યોઃ—‘ભાઈ! (દુઃખને) સહન કર, અને કેટલોક સમય સૂધી અહીં જ રહે. આ વેશ્યા જ તારુ પોતાનું ધન તને જે પ્રમાણે પાછું આપી જાશે તે પ્રમાણે હું યત્ન કરીશ. તેવા ઘણા ઉપાયો છે.’ આ રીતે તેને ધીરજ આપ્યા પછી હું ઉભો થયો, અને ત્યાંથી નગરમાં દાખલ થતાં જ મેં લોકોની વાણીથી સાભળ્યું કે,—‘લોભિયા ધનવાનોથી આ નગર ભરપૂર છે’ તે ઉપરથી મેં ધનનું નાશવંતપણું દર્શાવીને તે લોકોને ધનના ઉન્માદથી રહિત કરવામાટે કર્ણીસૂતે*

* કર્ણીસૂત જેનુ બીજુ નામ મૂળદેવ હતું. તે ચૌર્યશાસ્ત્રનો પ્રથમ કર્તા છે. તેણે એક ‘ચૌર્યશાસ્ત્ર’ લખ્યુ છે તેમાં ચોરી કરવા જતી વખતે પ્રથમ કયા દેવને નમસ્કાર કરવા, સાથે કયા કયા પદાર્થો રાખવા, પ્રથમ ભીતમા કેવી રીતે બાકોરુ પાડવુ, વગેરે તેમા વિસ્તારથી લખ્યુ છે મૃચ્છકટિક નાટકમા શર્વિલક નામનો ચોર ચારુદત્તને ઘેર ખાતર પાડવા જાય છે ત્યારે ભીતમા બાકોરું પાડતા પહેલા કાર્તિકસ્વામીને નમસ્કાર કરીને કહે છે — नमो वरदाय कुमारकार्तिकेयाय। અને પછી પોતાના ગુરુ યોગાચાર્યને નમસ્કાર કરતા કહે છે કે —नमो योगाचार्याय यस्याह प्रथम शिष्यः। યોગાચાર્યને હુ નમસ્કાર કરું છુ કે જેનો હુ પ્રથમ શિષ્ય છુ. तेन च परितुष्टने योगरोचना मे दत्ता। તેણે પ્રસન્ન થઈને મને યોગરોચના આપી છે. આ યોગરોચના, અગરાગના જેવો એક પદાર્થ થાય છે, સિદ્ધ ગુરુઓ મંત્રથી તે મત્રીને આપતા હતા. જે તેને શરીર ઉપર ચોળે તેને બીજાઓ જોઈ શકે નહિ, તેમ તેના શરીર ઉપર હથિયારનો પ્રહાર કરવામા આવે તોપણ તેને લાગે

(મૂળદેવે) ચલાવેલો ચોરીનો ધંધો કરવાનો વિચાર કર્યો. તે પછી હું દ્યૂતશાળામાં દાખલ થયો, અને જુગારમાં કુશળ એવા પુરુષોનો મેં સમાગમ કર્યો (તેઓને મળ્યો). જુગાર રમવાની પચીસ પ્રકારની સર્વ કળાઓમાં તેઓની કુશળતાનો અનુભવ કર્યો, અક્ષભૂમિ* ઉપર (પ્યાદા વગેરે માંડવાના વસ્ત્ર ઉપર) પાસાઓ પાડવામાં તથા મોહોરાંઓ ફેરવવામા હાથની કુશળતા વગેરેમાં અત્યંત કષ્ટથી જાણી શકાય તેવાં કપટકર્મોનો અને તેને લીધે ગર્વથી ભરેલાં તિરસ્કારના વચનોનો અનુભવ કર્યો, પ્રાણની પણ દરકાર વિનાના ક્રોધથી કરવામાં આવતાં કર્મોનો અનુભવ કર્યો, ન્યાયથી, બલથી, તથા પ્રતાપથી બહુધા ભરેલા અને આપવાને કબૂલ કરેલું ધન અપાવવા માટે સમર્થ એવા દ્યૂતશાળાના ઉપરીના સત્ય વ્યવહારોનો અનુભવ કર્યો, બળવાનોના કરેલાં સાત્વનોનો, દુર્બળોના કરેલા તિરસ્કારોનો, પોતાનો પક્ષ બનાવવાની નિપુણતાને ચઢતા પ્રકારની તથા ઉતરતા પ્રકારની લાલચોનો, આટમાં મૂકવામાં આવનારા ધનના અનેક જાતના ભેદોનાં વર્ણનોનો, ધનના વિભાગ પાડતી વખતે કરવામા આવતી ઉદારતાનો, વચ્ચે

નહિ. આવો તે યોગરોચનનો પ્રભાવ છે. કથામજરી, કથાસરિત્સાગર, કળાવિલાસ, વગેરે પ્રાચીન આખ્યાયિકા, કાવ્યો ને નાટકોમા મૂળદેવનુ નામ લખવામા આવ્યુ છે. હારાવલીકોશમાં મૂળદેવના આ પ્રમાણે નામ લખ્યા છે, कर्णीसूतो मूलदेवो मूलभद्र कलांकुर । કર્ણીસુત, મૂળદેવ, મૂળભદ્ર, અને કલાકુર.

* ભૂષણ ટીકાકાર અક્ષભૂમિનો અર્થ લખતા કહે છે કે — अक्षा. पाशा । भूमिस्तत्प्रक्षेपकभूमिः । અર્થાત્ પાસા નાખવાનુ સ્થાનક. પદચદ્રિકાકાર કહે છે કે —अक्षभूमि शारीरस्थापनगृहम् । પ્યાદા વગેરે માડવાનુ જે ઘર તે અક્ષભૂમિ.

વચ્ચે બીભત્સ શબ્દોથી ભરેલા કોલાહલોનો તથા બીજી બાબતોનો અનુભવ કરવા લાગ્યો, પરંતુ તેનાથી હું ધરાયો નહિ.

'તે પછી કોઇ એક જુગારીએ પાસો ફેંકવામાં જરાક ભૂલ કરી એટલે મને હસવું આવ્યું. તે જોઈને સામો જુગારી ક્રોધથી લાલચોળ આંખો કરીને જાણે મને બાળતો હોય તેમ મારી સામે જોઈને બોલ્યો:–'અરે એ ! હસવાના બાહાનાથી મને જુગારનો માર્ગ શિખવે છે કે ? આ વગર શિખેલો બિચારો ભલે એક બાજુએ બેસી રહે. (આવ) હું તું શાણાની સાથે જ જુગાર ખેલીશ.' આમ કહી દ્યૂતના અધ્યક્ષની અનુમતિ લઈને, મારી સાથે તે જુગાર રમવા લાગ્યો. તેમાં હું એની પાસેથી સોળ હજાર દીનાર જીત્યો. તેમાંથી અર્ધા સભાપતિને* તથા સભાસદોને વહેંચી આપ્યા, અને બાકીનો અર્ધભાગ લઈને

---

* પૂર્વે હિંદુસ્તાનના મોટા મોટા નગરમા જુગાર રમાતો હતો, અને તે રમવામાટે દ્યૂતશાળાઓ (જુગારખાનાઓ) હતી તેમા એક સભાપતિ તથા બીજા સભ્યો જુગારીઓની દેખરેખ રાખતા હતા, તેમા જે હારતો તે જીતનારને ઠરાવેલા પૈસા આપતો. કદાચ તેઓમા તકરાર થાય તો સભાપતિ અને સભાસદો તેનો નિર્ણય કરીને બન્નેનો કજીઓ પતાવતા હતા, અને જુગારીઓ પણ તેઓની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા સભાપતિ ને સભાસદો પણ જુગારીઓને પહોંચી વળે તેવા જ હતા, ને વખતપર મારામારીનો સમય આવતો તો તેમા પણ વિજય મેળવતા મૃચ્છકટિકના બીજા અકમા જુગારની વાત છે. ત્યા દર્દુરક જુગારના વખાણ કરતા કહે છે કે –भो द्यूत हि नाम पुरुषस्य असिंहासन राज्यं। દેશ વિના તથા સૈનાદિક વિના પણ અકસ્માત્ ઉત્તમ ધનનો લાભ કરાવનારુ હોવાથી જુગાર, સિંહાસન વિનાનુ એક રાજ્ય ગણાય છે.

હું ત્યાંથી ઉઠયો. તે સમયે ત્યા બેઠેલા સભાપતિ અને સભ્યો હર્ષથી મારી પ્રશંસા કરવા લાગ્યા. પછી દ્યૂતાધ્યક્ષની પ્રાર્થના ઉપરથી તેને ભલું લગાડવાને માટે તે દિવસે અતિ આદર સાથે મેં તેને ઘેર ભોજન કર્યું.

'તે પછી હું જેને માટે જુગારના ધંધામાં પડ્યો હતો તેનું નામ વિમર્દક હતું, અને તે મારો અત્યંત વિશ્વાસપાત્ર મિત્ર અને બીજું હૃદય હતો. તેના મુખથી મેં આખા નગરનું બળ, કર્મ, અને સ્વભાવ જાણી લીધાં. તે પછી શંકરના કંઠની કાળાશ જેવું અત્યંત શ્યામરંગનું અંધારુ ચોતરફ ફેલાઈ ગયું કે (અર્થાત્ રાત્રિ થઈ કે) મેં કાળા રંગની ચોરણી પહેરી લીધી, કેડ ઉપર તીક્ષ્ણ તરવાર બાંધી લીધી, અને સર્પમુખ,* કાકલી,† સદશક,‡ પુરુષશીર્ષક,§ યોગચૂર્ણ,||

---

* सर्पमुख—આ હથિયારનુ મુખ સર્પના મુખ જેવુ હોય છે, અને તેને ભાષામા ગણેશીઓ કહે છે. સુરગ વગેરે ખોદવાના કામમા તથા ભીતમા બાકોરુ પાડવાના કામમા તેનો ઉપયોગ કરવામાં આવે છે. † काकली—ઘરમાના મનુષ્યો ઉઘી ગયા છે કે જાગે છે તે જાણવામાટે મધુર તથા અસ્ફુટ અવાજ કરનારુ એક વાજીત્ર. તેનો અવાજ સાભળીને ઘરની અદરના મનુષ્યો જો તે વિશે વાત કરવા માડે તો જાણવુ કે જાગે છે. ‡ सदंशक—સાડસો. § पुरुषशीर्षक—લાકડાનુ બનાવેલુ પુરુષનુ મસ્તક ખાતર દીધા પછી એટલે ભીંતમા બાકોરુ પાડ્યા પછી તેમા પ્રથમ તે મસ્તક ખોસવામા આવે છે જો તે મસ્તકને ઘરનાં મનુષ્યો પકડી રાખે છે તો ચોર તે મસ્તકને ત્યાં જ મૂકીને ચાલતા થાય છે || योगचूर्ण—આખમા આજવાનુ ચૂર્ણ, જે આખમા આંજવાથી જમીનમા દાટેલુ ધન જોવામા આવે છે.

યોગવર્તિકા,* માનસૂત્ર,† કર્કટક,‡ રજ્જુ,§ દીપભાજન,‖ ભ્રમરકરંડક¶ વગેરે ચોરી કરવાની અનેક સામગ્રી લઈને (ચોરી કરવાને નિકળ્યો) ને કોઈ એક લોભી ધનવાનના ઘરની ભીતમાં બાકોરુ પાડીને તે બાકોરાંના સૂક્ષ્મ છિદ્ર-માથી ઘરની અંદરનો વ્યવહાર જાણી લીધો. તે પછી પરિ-શ્રમ વગર પોતાના ઘરમા જેમ પ્રવેશ કરવામાં આવે તેમ તે ઘરમા પ્રવેશ કરીને હીરા, માણેક વગેરે માલદાર ધન લઈને હું બાહાર નિકળ્યો તે સમયે શ્યામરગના મેઘમંડળના જેવા ઘાટા અંધારાથી ઢંકાઈ ગયેલા રાજમાર્ગ ઉપર એકાએક વિજળીના ઝબકારા જેવો પ્રકાશ (ઉજાસ) ક્ષણવાર મારા જોવામા આવ્યો, અને, નગરમા ચોરી કરવાથી રોષે ભરા-યેલી નગરની અધિષ્ઠાત્રી દેવતા જેમ એકાંત સમયે (મનુ-ષ્યોની ભીડ ન હોય તે સમયે) બાહાર નિકળે તેમ, એકાત

---

* योगवर्तिका—આ એક વાટ છે. તેને બાળવાથી ચોતરફ સર્પો જોવામા આવે છે, અને મનુષ્યો તેના પ્રકાશથી મોહિત થઈ જાય છે † मानसूत्र—લબાઈ પહોળાઈ માપવાની દોરી જે ઘરમા ખાતર પાડવુ હોય તે ઘર ઉપર ચઢવાનો પ્રસગ આવે ત્યારે આ દોરીનો ઉપયોગ કરવામા આવે છે ‡ कर्कटक—સાણસીના જેવુ એક યત્ર, આમા દોરી પણ ભેરવી શકાય છે § रज्जु—દોરી, જેને પકડીને ઉપર ચઢવામા આવે છે તે ‖ दीपभाजन—ફાનસ, ચોર ફાનસ—વગેરે ¶—भ्रमरकरण्डक—ભમરાથી ભરેલો કરડીઓ જેના ઘરમા ખાતર પાડવુ હોય તેના ઘરમા જો દીવો બળતો હોય તો કરડીઆમાથી ભમરાઓને બાહાર કાઢીને તેનાથી દીવો હારી નાખવો ચોરીને માટે આ ખાસ ઉપયોગી પદાર્થો ગણાવ્યા છે, પરતુ આ ઉપરાત બીજા પણ ઘણા પદાર્થો છે, અને તેનો ઉપયોગ કરવામાટે સ્તેય શાસ્ત્રમા વર્ણન કર્યુ છે

સમયે ઉજ્વળ આભૂષણોવાળી એક તરુણ સ્ત્રી મારી પાસેના ભાગમાં પ્રકટ થઈ (દૃષ્ટિએ પડી), એટલે મેં તેને દયાથી આ પ્રમાણે પૂછ્યું:–'હે બાલે! તું કોણ છે? અને ક્યાં જાય છે?' તેણે ભયથી ગળગળા અવાજે ઉત્તર આપ્યો:–'હે આર્ય! આ પુરીમાં કુબેરદત્ત નામનો એક શ્રેષ્ઠ વાણીઓ રહે છે તેની હું કન્યા છું. હું જન્મી ત્યારથી જ મારા પિતાએ આ નગરના રહેવાસી એક ધનાઢ્યના પુત્ર ધનમિત્ર નામના પુરુષની સાથે મારુ વેશવાળ કર્યું હતું. પરંતુ પોતાના માતા-પિતાના મરણ પછી અતિ ઉદારતાથી પોતાનાં ધનથી યાચક વર્ગની પાસેથી જાણે દરિદ્રતા ખરીદ કરી હોય તેમ તે દરિદ્ર થઈ ગયો છે. આમ છતાં પ્રસન્ન થયેલા લોકોએ તેનુ પ્રશંસા કરવાયોગ્ય 'ઉદારક' એવું બીજું નામ પાડ્યું છે. હું તરુણી થઈ છું, અને તે મને પરણવાને તૈયાર છે. પરંતુ તે નિર્ધન છે આમ માનીને તેને નહિ પરણાવતાં અર્થપતિ નામના કોઈ બીજા યથાર્થ નામવાળા સાર્થવાહને મારા પિતા મને દેવાની ઇચ્છા કરે છે (મને પરણાવવાની ઇચ્છા રાખે છે), અને તે અમંગળ કર્મ આજે જ પ્રભાતમા થવાનું છે. આમ જાણીને મારા પ્રિયતમે પ્રથમથી કરી રાખેલા સંકેત પ્રમાણે મારા સંબંધીઓને છેતરીને (તેમનાથી છુપી રીતે) હું બાહાર નિકળી છું, અને બાલ્યવયથી જાણેલા માર્ગે થઇને કામરૂપી સહાયકની સાથે મારા પ્રિયતમને ઘેર જાઉં છુ. માટે તું મને છોડી દે, અને આ ઘરેણાં લે.' એમ કહી શરીર ઉપરથી ઘરેણાં ઉતારીને મને અર્પણ કર્યાં. મેં દયા લાવીને કહ્યું:–'હે સાધ્વી સ્ત્રિ! ચાલ, હું તને તારા પ્રિયતમને ઘેર પહોંચાડું.' આમ કહીને ત્રણચાર પગલાં હું ચાલ્યો એટલામાં હાથમાં લાકડીઓ અને તરવાર લઇને રોન ફરનારા સિપાઇઓનું એક મોટું ટોળું

ફાનસના અજવાળાથી અંધારાને ચોતરફથી દૂર કરતું સામેથી આવ્યું. તેને જોતાં વેંત જ પેલી કન્યા ધ્રુજવા લાગી; એટલે તેને મે કહ્યુ:–'ઓ ભલી બાઈ! તું ડરીશ નહિ. મારા હાથમા તરવાર છે, પરંતુ મેં તારે માટે એક સરળ ઉપાય શોધી કાઢ્યો છે હું સૂઈ જઈને શરીરમા ઝેરના* વેગના વિકાર દેખાડીશ, અને તારે પણ સિપાઇઓને કહેવું કે,–'અમે રાત્રે આ નગરીમાં દાખલ થયાં છીએ, અને આ ધર્મશાળાના ખૂણામાથી મારા આ વરને સર્પ કરડ્યો છે માટે જો તમારામા કોઈ કૃપાળુ મંત્રવેત્તા હોય તો આને જીવતો કરીને મને અનાથને પ્રાણદાન કરો.' તે બાળા પણ બીજો ઉપાય ન હોવાથી ધ્રુજતાં ધ્રુજતા માંડ માંડ તેઓની પાસે ગઈ, અને ભયથી ગળગળા સ્વરથી, આસુઓથી આંખ ભરીને મારા કહેવા પ્રમાણે બોલી. હું પણ સુઈ જઈને ઝેરનો વિકાર પ્રકટ રીતે દેખાડવા લાગ્યો. તેઓમાં એક વિષવૈદ્યનુ અભિમાન રાખનારો હતો તેણે મારી બારીકાઈથી તપાસ કરી, અને મુદ્રાથી,† તંત્રથી,‡ મંત્રથી તથા ધ્યાનથી મારી ચિકિત્સા કરી, પરંતુ તેમા તે નિષ્ફળ થયો. એટલે તેણે કહ્યું કે:–'કાળો સર્પ કરડવાથી આ મરી જ ગયો છે, કારણ કે તેનું શરીર ક્રિયારહિત થઈ ગયું છે, ને શ્યામ પડી ગયું છે, આંખો ખોટી પડી ગઈ છે, અને શ્વાસ બંધ પડી ગયો છે. બાલે! શોક કર મા, આવતી કાલે અમે તેને અગ્નિદાહ કરીશું. દૈવને કોણ

* ઝેરના વેગ આઠ પ્રકારના છે, એમ ચરકમા કહ્યુ છે.

† હાથથી અનેક જાતની મુદ્રાઓ કરવામાં આવે છે. મત્રશાસ્ત્રીઓ મુદ્રાથી વિષ ઉતારે છે.

‡ તંત્ર એટલે ઋષિમુનિ વગેરે સિદ્ધ પુરુષોએ કહેલી ક્રિયાઓને લોકમા તાન્ત્રિકી ક્રિયા કહે છે.

ઉલ્લંઘી શકે છે!" આમ કહીને બીજાઓની સાથે તે ચાલ્યો ગયો. તે પછી હું ઉઠયો, અને તેને ઉદારકની પાસે લઈ જઈને કહ્યું:–'હું કોઈ એક ચોર છું. આ સ્ત્રી તારા વિષે રહેલા ચિત્તરૂપી સહાયકની સાથે જ તારી પાસે આવતી હતી એટલામાં માર્ગમાં તે મને મળી, તેથી હું દયાથી તારી પાસે તેને લાવ્યો છું. આ આના આભૂષણો' આમ કહીને કિરણોના સમુદાયથી અંધારાનો નાશ કરતા આભૂષણો પણ મેં તેને અર્પણ કર્યાં. ઉદારકે તે લીધાં, અને પછી પોતાનું રહસ્ય મેં જાણ્યું તેથી થયેલી લજ્જાથી અને પોતાની પ્રિયાનો મેળાપ થયો તેથી થયેલા હર્ષથી ગભરાટ સાથે મને તે કહેવા લાગ્યો:–'ઓ આર્ય! આ રાત્રિમા તે જ મારી પ્રિયા મને અર્પણ કરીને મારી વાણીને હરી લીધી છે, માટે મારે તારી સ્તુતિ કેવી રીતે કરવી તે મને સૂઝતું નથી. તારુ આ કર્મ મને અદ્ભુત લાગે છે. તે મારુ ધન તથા મારી પ્રિયા મને પાછાં આપ્યાં આ તારો ચોર તરિકેનો સ્વભાવ નથી; તારો આ સ્વભાવ અદ્ભુતકારક જણાય છે બીજા ચોરે પૂર્વે આ પ્રમાણે કર્યું જ નથી. વસ્તુમા રહેનારી શક્તિ તે તે વ્યક્તિમાં જ નિયમ પ્રમાણે રહે છે તારામા બીજા લોભાદિક દોષો જોવામાં આવતા નથી. તેં આજે સાધુપણાને પ્રકટ કર્યું છે, આમ કહેવું એ તારાં પૂર્વના મહાન્ કર્મને શોભા આપનારુ નથી. (અર્થાત્ તેં પૂર્વે પણ સાધુતા દર્શાવી છે.) મેં હમણા જ ઉદારતાનું આ સ્વરૂપ દીઠુ હવે તારો અભિપ્રાય લીધા વગર આ વિષયમા નિશ્ચય કરવો યોગ્ય લાગતો નથી. તેં આ ઉત્તમ કર્મ કરીને આ દાસજનને ખરીદી લીધો છે. તું ઘણી જ મોટી વસ્તુ મને આપીને તેના બદલામા નિસ્સાર વસ્તુને વેચાતી લે છે તે તારી બુદ્ધિની એક જાતની

નિર્બળતા છે. તેં મને મારી પ્રિયાનું દાન કર્યું છે તેના બદલામાં હું તને આ શરીરનું દાન કરુ છુ. મને જો પ્રિયા મળત નહિ તો આ શરીર પણ મરણ પામત. માટે આ શરીર પણ તેં જ મને આપ્યું છે. અથવા તો આ વખતે એટલું જ ઉત્તમ કર્તવ્ય છે કે, તું આજથી આ દાસજનનું ભરણપોષણ કર' આમ કહીને તે મારા ચરણમાં પડ્યો. મેં તેને ઉઠાડીને ઉભો કર્યો, અને છાતી સાથે આલિંગન આપીને કહ્યુ:–'ભાઈ! હવે તારે શું કરવું છે?' તેણે ઉત્તર આપ્યો:–'આ કન્યાનાં માતપિતાની રજા વગર આ કન્યાને પરણીને હું આ નગરીમા જીવતો રહી શકું તેમ નથી. માટે આજ રાત્રિમાં આ દેશનો ત્યાગ કરવાની ઇચ્છા રાખું છુ અથવા તો હું તે વળી કોણ? તમે મને જેમ આજ્ઞા કરશો તેમ હું કરીશ' તે પછી મેં કહ્યુ:–'એ વાત ખરી છે પરંતુ વિદ્વાન્ પુરુષને આ સ્વદેશ છે અથવા પરદેશ છે એવી ગણના હોતી નથી. પરંતુ આ કન્યા છે, બાળક છે, અત્યંત સુકુમાર છે, અને અરણ્યના માર્ગોમાં અનેક દુઃખો તથા અનેક પ્રકારનાં વિઘ્નો હોય છે. આ પ્રમાણે વિચાર કરતા દેશનો ત્યાગ અનર્થકારક છે. વળી દેશનો ત્યાગ કરવાથી બુદ્ધિની* અને બળની† કંઈક શિથિલતા જાણવામાં આવે છે. માટે તારે આ કન્યાની સાથે આ નગરમાં જ સુખથી રહેવું. ચાલ આપણે બન્ને આને તેને પોતાને જ ઘેર લઈ જઈએ' તેણે વિચાર કર્યા વિના જ મારા મતને પુષ્ટિ આપી, અને તેની

---

* ઘર છોડીને દુખકારક વનમા જવુ એથી બુદ્ધિની શિથિલતા જણાય છે.

† અસાધારણ સકટથી ડરીને વનમાં નાશી જવું તેથી ધૈર્યની અથવા તો પરાક્રમની શિથિલતા જણાય છે.

સાથે તુરત જ હું એ કન્યાને તેને ઘેર લઈ ગયો, અને ત્યા તે કન્યાને જ દૂત બનાવીને તેના ઘરમાંથી સર્વ ધન ચોરી લીધું; માત્ર માટીનાં વાસણ બાકી રાખ્યા. ચોરી કર્યા પછી તેના ઘરમાંથી બાહાર નિકળીને ચોરેલું ધન કોઈ એક સ્થાનમાં દાટીને અમે આગળ ચાલ્યા. ત્યાં નગરના મનુષ્યોના ટોળાની વચ્ચે માર્ગના એક પડખા ઉપર એક મદમત્ત હાથી બેઠો હતો તેના ઉપર બેઠેલા માવતને નિચે પાડી નાખીને અમે બન્ને તેના ઉપર ચઢી બેઠા, અને મે હાથીના ગળામાં ભેરવેલા દોરડામાં બે પગ ઘાલીને હાથીને જેવો ઉઠાડવા માડ્યો કે, હાથીએ નિચે પાડી નાખેલા માવતના વિશાળ ઉર:સ્થલમા વાંકા વળીને દંતુશળનો પ્રહાર કર્યો તેથી માવતનાં આંતરડાંરૂપી લતા તેના દંતુશળની આસપાસ વિંટલાઈ ગઈ, અને તે હાથીએ ત્યા ઉભેલી સિપાઇઓની ટોળીને મારી નાંખી તે પછી અમે બન્નેએ એ હાથીની પાસે જ અર્થપતિના ઘરને પડાવી નંખાવ્યું, અને પછી ત્યાંથી તે હાથીને એક જીર્ણ બગીચામાં દોડાવી લઈ ગયા, અને ત્યા એક વૃક્ષની શાખા પકડીને નિચે ઉતરી પડ્યા, અને હાથીને છોડી, પોતાને ઘેર જઈ, સ્નાન કરીને શય્યામાં સુઈ ગયા.

'તે પછી થોડીવારમા જ સમુદ્રમાંથી ઉદયાચળ પર્વતના પુખરાજના શિખર સમાન અને કલ્પદ્રુમનાં સુવર્ણના પાદડાના જથ્થા જેવું પાટલરંગ*નું સૂર્યબિંબ ઉદય પામ્યું. (સૂર્યોદય થયો કે) અમે બન્ને ઉઠીને મુખ ધોઈ પ્રભાતનાં માગલિક કર્મ કરીને અમારા રાત્રિના કર્મથી વ્યાકુળ થયેલા નગરમાં (શું કહેવાય છે તે જોવાને) ફરવા નિકળ્યા. તે સમયે અમે વરના તથા વધૂના ઘરમા કોલાહલ સાભળ્યો.

---

* અર્ધ ધોળુ અને અર્ધ રાતા રગનુ.

અર્થપતિએ પૈસા આપીને કુબેરદત્તને મનાવ્યો, અને તેની કન્યાનો વિવાહ એક માહના પછી કરવાનો ઠરાવ કર્યો. તે પછી મેં એકાંતમા ફરીથી ધનમિત્રને આ રીતે શિખવ્યું કે.–'મિત્ર! તું આ ઉત્તમ ચર્મરત્નભસ્ત્રિકા (ઉત્તમ ચામડાની રત્નથી ભરેલી પેટી) લઇને એકાતમાં અંગરાજાની હજુરમા જા, અને તેને કહે કે,–'આપ તો મને ઓળખો જ છો કે, કરોડો રૂપિયાવાળા વસુમિત્રનો હું એકનો એક પુત્ર છું, અને મારુ નામ ધનમિત્ર છે મારી મૂળ મૂડીનો નાશ થયા પછી યાચકવર્ગ પણ મારુ અપમાન કરે છે, અને મારે માટે ઉછેરીને મોટી કરેલી પોતાની દીકરીને કુબેરદત્ત, મારી દરિદ્રતાના દોષને લીધે, અર્થપતિને આપવાની ઇચ્છા કરે છે, તે ઉપરથી હું ઉદાસ થઇને પ્રાણત્યાગ કરવા માટે નગરની પાડોસમાં આવેલા એક જીર્ણ વનમાં ગયો હતો, ને ત્યા મેં મારા ગળા ઉપર જેવું હથિયાર મૂકયું કે, કોઈ એક જટાધારીએ મને અટકાવીને કહ્યુ કે.–'તું સાહસ કર્મ શામાટે કરે છે?' મેં કહ્યુ કે.–'અપમાન કરાવનારાં દારિદ્ર્યને લીધે.'

પછી તે કૃપાળુએ મારા ઉપર આ પ્રમાણે અનુગ્રહ કર્યો કે.–'ઓ તાત! તું મૂઢ છો આત્મહત્યા જેવું બીજું એક મહા પાપ નથી સત્પુરુષો પોતાના આત્માને દુઃખ દીધા વગર જ પડે તેનો ઉદ્ધાર કરે છે ધન મેળવવાના ઘણા ઉપાયો છે, પરંતુ કાપી નાંખેલું માથું સાંધીને પ્રાણ મેળવવાનો એક પણ ઉપાય નથી. આત્મહત્યા કરવાથી શો લાભ છે? હું મંત્રો સાધીને સિદ્ધ થયો છું, અને લાખ સોનામહોર આપનારી આ ચર્મરત્નભસ્ત્રિકાને* પણ મેં સાધી છે આ ચર્મરત્ન-

* ચર્મરત્નભસ્ત્રિકા–એક મજબૂત સુવાળા ને ઉંચી જાતના ચામડાની ધમણના આકારની રત્ન, પૈસા વગેરે ભરવાની કોથળી અથવા તો પેટી.

ભસ્ત્રિકાના પ્રસાદથી મેં કામરૂપ દેશમાં પ્રજાઓની કામના-ઓને પૂર્ણ કરી હતી, અને ઘણા વખત સુધી ત્યાં હું રહ્યો હતો. પરંતુ મત્સર ઉત્પન્ન કરનારી વૃદ્ધાવસ્થા થયા પછી પૃથ્વી ઉપરના સ્વર્ગમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી હું આ પ્રદેશમા આવ્યો છું. તું આ ચર્મરત્નભસ્ત્રિકાને લે. આ ચર્મરત્ન-ભસ્ત્રિકા મારા સિવાય વાણિયાઓની તથા વારાંગનાઓની કામનાઓને પણ પૂર્ણ કરે છે. આવી આ ચર્મરત્નભસ્ત્રિકાને માટે ખાતરી છે; પરંતુ તેઓએ જેની પાસેથી અન્યાયથી ધન લીધુ હોય તે ધન તેને પાછું આપવુ જોઇએ, અને ન્યાયથી મેળવેલું ધન દેવોને તથા બ્રાહ્મણોને આપવું. વળી આ ચર્મરત્નભસ્ત્રિકાને દેવતાની પેઠે પવિત્ર સ્થાનમાં પધરાવીને તેની પૂજા કરવામાં આવે તો તે દરરોજ પ્રભાતમાં સુવર્ણોથી ભરપૂર જ જોવામા આવે છે. આ પ્રમાણે આનો વિધિ છે’ ‘આ પ્રમાણે કહીને જેણે બે હાથ જોડ્યા હતા એવા મને આ ચર્મરત્નભસ્ત્રિકા આપીને એક પર્વતની ગુફામા તે પેસી ગયા ‘આપ રાજાને જાણ કર્યા વગર આ ચર્મરત્ન-ભસ્ત્રિકાનો ઉપયોગ કરવો યોગ્ય નહિ,’ આમ માનીને (આપની પાસે) મેં તે આણી છે હવે આપને જે નિર્ણય કરવો હોય તે કરો.’ તે સાંભળીને રાજા અવશ્ય કહેશે કે:– ‘ઓ ભલા મનુષ્ય! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. જા, તારી ઇચ્છાનુસાર તેનો તું ઉપભોગ કર’ એટલે તું ફરીને કહેજે કે, ‘આને કોઈ પણ ચોરી ન જાય તે પ્રમાણે તમે મારા ઉપર અનુગ્રહ કરો.’ તે વાતને પણ એ અવશ્ય કબૂલ કરશે. તે પછી તારે પોતાને ઘેર આવી ઉપર કહ્યા પ્રમાણે ધનનુ દાન કરીને દરરોજ ચર્મરત્નભસ્ત્રિકાની પૂજા કરવી, અને ચોરીમાથી મેળવેલા ધનથી રાત્રે તેને ભરી દઇને પ્રભાતમાં તે લોકોને

દેખાડવી. તે ઉપરથી કુબેરદત્ત, અર્થપતિને તૃણસમાન માનશે, અને તારા ધનમાં લોભાઇને પડે જ કન્યાની સાથે તારી સેવામાં હાજર થાશે. તે ઉપરથી અર્થપતિને કોપ ચડશે, અને ધનના ગર્વથી તે રાજસભામાં ફરીયાદ કરશે. તે પછી આપણે અનેક ઉપાયોથી તેને લંગોટીભર કરી મૂકીશું. આ ઉપાયથી આપણી ચોરી પણ સારી રીતે છુપી રહેશે. તે પછી ધનમિત્રે પ્રસન્ન થઇને મારા કહેવા પ્રમાણે કર્યું. બીજી તરફ મારી આજ્ઞાથી તે જ દિવસે વિમર્દક અર્થપતિની સેવા કરવામાટે તેને ત્યા રહ્યો, અને ઉદારકની સામે અર્થપતિનુ વૈર વધારવા લાગ્યો. કુબેરદત્ત ધનનો લોભી હતો તેણે, અર્થપતિને ત્યાથી પોતાની કન્યાને ટાળીને, ધનમિત્રને જ કાલાવાલા કરીને આપી, એટલે અર્થપતિએ તેને તેમ કરતા અટકાવ્યો

આ જ દિવસોમા કામમંજરીની નાની બહેન રાગમંજરી તે નગરીના નગરમંદિરમા* સંગીત† કરવાની છે આવા

---

* નગરમદિર —જેને ઇંગ્રેજીમા "ટાઉન હોલ" કહે છે તે. આવા સાર્વજનિક નગરમદિરો પૂર્વે હિંદુસ્તાનમા પ્રત્યેક નગરમા ને ગામમા હતા, ને હાલમા પણ નાના નાના ગામોમા તથા નગરોમા છે. સસ્કૃત ભાષામા તેને पचवीरगोष्ठ કહે છે નગરના મનુષ્યો એટલે પચ પૂર્વે તે સ્થાનમા એકઠા મળીને નગર સબધી કાર્ય કરતા હતા, તથા કોઈ કોઈ વાર નાગરિક મહોત્સવ પણ ઉજવતા હતા હમણા પણ ગુજરાત અને કાઠિયાવાડના મોટા મોટા નગરોમા તથા નાના નાના ગામોમા સાર્વજનિક સ્થાનો છે, અને તે 'ચોરા'ના નામથી ઓળખાય છે કોઈ કોઈ ચોરાઓમા રામ, કૃષ્ણ, નૃસિહ વગેરેની મૂર્તિ બેસાડેલી હોય છે, બાવા અથવા મહત અથવા તો બ્રાહ્મણ તે દેવતાની પૂજા કરે છે, ચોરાની

સમાચાર સાંભળીને તે નગરીના મનુષ્યો મોટા આદર સાથે ત્યાં એકઠા થયા; મેં પણ તે મંદિરમાં મિત્ર ધનમિત્રની સાથે હાજરી આપી. રાગમંજરીએ નૃત્યનો આરંભ કર્યા પછી મારુ મન તેનું બીજું રંગપીઠ થયું, અર્થાત્ તે મારા મનમાં વસી ગઈ, અને તેની દૃષ્ટિના વિલાસ (કટાક્ષ) રૂપી કમળના વનમા ગુપ્ત રીતે આશ્રય કરનારા પંચબાણનુ (કામનુ) વિભાવાદિક ભાવોની તથા શૃંગારાદિક રસોની સામગ્રીથી બળ વધ્યુ હોય તેમ કામ મને અત્યંત દુઃખ દેવા લાગ્યો,

---

જગ્યાને વાળીઝાડીને, તથા લીપીગુપીને સાફ રાખે છે, ને તેના બદલામા તેને ગામ તરફથી વર્ષાસન તથા દાણા વગેરે મળે છે પ્રભાતમા, બપોરે તથા સાયકાળે તે ચોરામા ગામના બ્રાહ્મણ, વાણિયા, પટેલિયાઓ, મહેતા, મુત્સદ્દી બેસે છે અને કાવા કસૂબા કાઢે છે ગામ નાનુ હોય તો ગામની તપાસ કરવા માટે આવેલા મહેતા, મુત્સદ્દીઓ ત્યા જ ઉતારો કરે છે. વર્ષાઋતુમા પૌરાણિકો તથા માણભટો ત્યા જ બેસીને કથા કરે છે ગામના પચ પણ ત્યા જ એકઠા થઇને ગામના લોકોના કજિયાનો નિવેડો કરે છે નાતિલાઓ પણ ત્યા જ પોતાની નાતનો નિર્ણય કરે છે ઉત્સવોપર લોકો ઉત્સવો પણ ત્યા જ ઉજવે છે, અને કોઇવાર કસરતબાજ નટો તથા ભવૈયાઓની ભવાઈ પણ તે જ ચોરાના મેદાનમા થાય છે. કવિ દડીએ ચપાનગરીના પચવીરગોષ્ઠ વિશે જે લખ્યુ છે, તે હાલના કાળના ચોરા જાણવા. જેના ઉપર આખા ગામનુ સરખી રીતે સ્વામિત્વ હોય છે

† સગીત—જેમા નાચનારી સ્ત્રી નૃત્ય કરે, ગીત ગાતી જાય, અને મૃદગ, સારગી વગેરે વાદિત્રો વાગતા જાય તેનું નામ સગીત કહેવાય છે. સગીતસર્વસ્વ નામના ગ્રથમા કહ્યુ છે કે—गीत वाद्य च नृत्य च त्रिभि. सगीतमुच्यते। ગીત, વાદિત્ર તથા નૃત્ય આ ત્રણ જ્યા એકઠા કરવામા આવે છે તે સગીત કહેવાય છે.

અને નગરમાં ચોરી કરવાથી રુષ્ટ થયેલી નગરની દેવતાની પેઠે શ્યામ કમળના પાંદડાંના જેવી શ્યામ રંગની લીલા કટાક્ષની માળારૂપી શૃંખલાથી મને બાંધી લીધો (કેદ કર્યો.) નૃત્યમાંથી પરવાર્યા પછી ધનનો લાભ થવાથી તે શોભાયમાન દેખાવા લાગી. તે પછી હું સમજી શકતો નથી કે, તેણે તે શું વિલાસથી, કે શું અભિલાષાથી, અથવા તો શું અકસ્માત્ જ સખીઓ પણ જાણે નહિ તેમ વિલાસપૂર્વક ભ્રુકુટી રૂપી લતાને વાંકી કરીને કટાક્ષથી મારા સામે જોયું, અને અભિપ્રાય સાથે દાંતની કાંતિ જરાક પ્રકટ થાય તેવી રીતે મંદ હાસ્ય કરતી લોકોનાં નેત્રોને અને મનને આકર્ષણ કરતી ત્યાંથી ચાલી ગઈ તે પછી હું મારે ઘેર ગયો, અને અટકાવી શકાય નહિ તેવી ઉત્કંઠાથી મેં ભોજનની ઇચ્છાનો ત્યાગ કર્યો, અને માથામા શૂલ નિકળે છે એવું બહાનું કહાડીને એક એકાત સ્થાનમા ખાટલા ઉપર શિથિલ થયેલા અંગો સાથે સુતો. ધનામત્ર મદનતંત્રમા* અતિનિપુણ હતો તેણે એકાતમાં મારી પાસે આવીને મને કહ્યુ કે– "મિત્ર! પેલી ગણિકાની પુત્રી ભાગ્યશાળી છે, કારણ કે તારુ મન તેના ઉપર આસક્ત થયું છે મે તેના મનની વૃત્તિને પણ સારી રીતે જાણી છે કામદેવ તેને પણ થોડા જ સમયમા બાણશય્યામા શયન કરાવશે (કામાતુર કરશે), અને યોગ્ય આગ્રહ કરનારા તમારા બન્નેનો સમાગમ પ્રયત્ન વિના થશે તે વેશ્યાની કન્યા (ગણિકા)એ પોતાના ધર્મથી વિરુદ્ધ જાય તેવા ભદ્ર અને ઉદારતાવાળા અભિપ્રાયથી કહ્યું હતું કે, 'મારુ મૂલ્ય ધન નથી પરંતુ ગુણ છે. પાણિ ગ્રહણ વિના મારા યૌવનને બીજો ભોગવી શકશે નહિ' તેની બહેન કામ-

---

* કામ શાસ્ત્રમા.

મંજરીએ તથા માતા માધવસેનાએ તેને વારંવાર અટકાવી છે, પણ તેમાં તેઓ કૃતાર્થ થઈ નહિ તેથી તે બન્નેએ રાજાની પાસે આંસુ પાડીને વિનતિ કરી કે, 'ઓ દેવ! તમારી દાસી રાગમંજરી રૂપાળી છે, તેને અનુસરતું તેનામાં શીલ છે, શિલ્પકર્મમાં પણ તે કુશળ છે, ને તે અમારા મનોરથોને પૂરશે એવી અમને મોટી આશા હતી પરંતુ તે આશા આજે મૂળમાંથી કપાઈ ગઈ છે આ કન્યા પોતાના કુળ-ધર્મનો ત્યાગ કરીને, ધનની દરકાર કર્યા વિના પોતાનુ યૌવન ગુણોથી જ વેચવાની ઇચ્છા રાખે છે, તથા કુલીન સ્ત્રીના આચારને જ અખંડ રીતે પાળવાની ઇચ્છા રાખે છે માટે, આપ મહારાજાની આજ્ઞાથી પણ તે જો પોતાના અસલ સ્વભાવને સ્વીકારે તો સારુ થાય ' તે પછી રાજાએ ગણિકા-ઓને ભલુ લગાડવામાટે રાગમંજરીને ઉપદેશ આપ્યો પરંતુ તેણે જ્યારે રાજાનું કહેવુ માન્ય કર્યું નહિ ત્યારે તેની બહેને તથા માતાએ રડીને આગ્રહથી રાજાને કહ્યુ કે, 'જો કોઈ જાર પુરુષ અમારી ઇચ્છા વગર આ બાલાને છેતરીને તેને ભ્રષ્ટ કરે તો તમારે તેને ચોરની પેઠે શિક્ષા કરવી ' આ પ્રમાણે વાત છે, અને તેના સંબંધી ધન વિના તેને આપ-વાનું કબૂલ કરતા નથી, અને આ રાગમજરી ધન આપ-નારાની પાસે જતી નથી માટે આ વિષયમા કયો ઉપાય લેવો તેનો તમે વિચાર કરો ' તેને મેં કહ્યુઃ–'એમા વિચાર શો કરવાનો છે; રાગમંજરીને ગુણથી વશ કરીશુ, અને તેના સંબંધીઓને ગુપ્ત રીતે ધન આપીને પ્રસન્ન કરીશું, એટલે કાર્ય સિદ્ધ થાશે.'

તે પછી રાગમંજરીની એક મુખ્ય દૂતી 'ધર્મરક્ષિતા' નામની બુદ્ધધર્મની ભિક્ષુકી (સાધુડી) હતી. તેને વસ્ત્ર આપીને

તથા ભોજનાદિક કરાવીને વશ કરી, અને તેના દ્વારા કામમંજરીની સાથે પૈસામાટે એવો કરાર કર્યો કે, 'તું જો મને રાગમંજરી આપે તો હું તને તેના બદલામા ઉદારકને ત્યાંથી ચર્મરત્નભસ્ત્રિકા ચોરીને આપુ' તેણે તેમ કરવા અંગીકાર કર્યું, એટલે મે તે કાર્ય તે પ્રમાણે કરી આપીને મારા ગુણોથી ઉન્મત્ત થયેલી રાગમંજરીનો કરકમળ ગ્રહણ કર્યો જે રાત્રિમા ચર્મરત્નભસ્ત્રિકાની ચોરી થયાની વાત પ્રસિદ્ધ થઈ હતી તે જ રાત્રિના આરંભમા એટલે (સાયંકાળે) કંઈ કાર્યના બહાનાથી મે નગરના મુખ્ય મનુષ્યોને બોલાવ્યા હતા તેઓના સાભળતા જ મારા છૂપા દૂત વિમર્દકે અર્થપતિના પક્ષનો થઇને ધનમિત્રનુ ઉલ્લંઘન કરીને તેનુ બહુ અપમાન કર્યું, તે ઉપરથી ધનમિત્રે તેને કહ્યું કે, 'ભાઈ! તુ પારકાને માટે મારી નિંદા કરે છે તેમા તને શો ફાયદો છે? મેં તારો નાનામા નાનો પણ અપરાધ કર્યો હોય એમ મને સાભરતુ નથી' એટલે તે ફરીથી તિરસ્કાર કરતો હોય તેમ બોલ્યોઃ–'તને ધનનો ગર્વ થયો છે કારણ કે મૂલ્યથી ખરીદ કરેલી પારકાની ભાર્યાને, તેના માતાપિતાને ધનથી લોભાવીને પોતાની ભાર્યા કરવાની ઇચ્છા રાખે છે, અને વળી કહે છે કે, મેં તારો શો અપરાધ કર્યો છે? આ વાત તો પ્રસિદ્ધ જ છે કે, વિમર્દક સાર્થવાહ અર્થપતિના બાહાર ફરનારા પ્રાણ છે હુ તેને માટે પ્રાણ પણ તજી દઉ, બ્રહ્મહત્યાને પણ છોડું નહિ ચર્મરત્નભસ્ત્રિકાના અહંકારથી તને જે આ દાહજ્વર થયો છે તે મારા એક રાત્રિના ઉજાગરાથી દૂર થઈ શકે તેમ છે' તે પ્રમાણે તે બોલવા લાગ્યો એટલે નગરના મુખ્ય મુખ્ય પુરુષોએ ક્રોધ કરીને તેને

---

* સાર્થવાહ –સઘવી વણઝાર લઇને ગામે ગામ ફરનારો.

બોલતાં અટકાવ્યો, અને ત્યાંથી કાઢી મૂક્યો, તે પછી બીજે, દિવસે ધનમિત્રે રાજાની પાસે બનાવટી શોક દેખાડીને ચર્મરત્નભસ્રિકાની ચોરીની વાર્તા આરંભથી જ પ્રસ્તાવના કરીને કહી એટલે રાજાએ અર્થપતિને એકાંતમા બોલાવીને પૂછ્યું —'ઓ ભાઈ! વિમર્દક નામનો તમારો કોઈ પુરુષ છે?' ઉત્તરમાં તે મૂર્ખાએ કહ્યું:-'રાજાજી! તે મારો પરમ મિત્ર થાય છે તેનુ આપને શું પ્રયોજન છે?' આમ કહ્યું એટલે રાજાએ કહ્યું:—'તમે તેને બોલાવી શકશો?' 'હા, તેને બોલાવવાને શક્તિમાન્ છુ,' આમ કહીને રાજમંદિરમાથી બાહાર નિકળીને પોતાને ઘેર વેશ્યાવાડામા, જુગારની સભામાં, અને બજારમા સારી રીતે તેણે શોધ કરી, પરંતુ તે મળ્યો નહિ. તે બીચારો કેવી રીતે મળે? તે વિમર્દક તો મારી પાસેથી તમારી ઓળખાણનું એંધાણ લઇને મારી આજ્ઞાથી તમને શોધવામાટે તે દિવસે જ ઉજ્જયિની તરફ રવાના થયો હતો અર્થપતિએ તેને જોયો નહિ એટલે તેણે કરેલો અપરાધ પંડે જ કર્યો છે આમ માની લઈ, ગભરાટને લીધે અથવા તો ભયને લીધે રાજાની પાસે પ્રથમ જે વાત કરી હતી તેનાથી વિપરીત વાત કહી, અને ધનમિત્રે ફરીથી પોતાની વાત પુરાવાથી સિદ્ધ કરી આપી, અને રાજાએ કોપાયમાન થઈ તેને પકડીને બેડીમાં નાખ્યો.

તે જ દિવસોમા કામમંજરીને કલ્પમા કહેલા વિધિ પ્રમાણે ચર્મરત્નભસ્રિકાને દોહવાની ઇચ્છા થઈ આવી તે ઉપરથી તે, પૂર્વે ધન છીનવી લેવાથી સાધુ થઈ ગયેલા વિરૂપકની પાસે ગઈ, અને તેની પાસેથી હરી લીધેલું સર્વ ધન તેને પાછું આપ્યું, અને વિનયપૂર્વક બહુ સમજાવીને પાછી ઘેર આવી. વિરૂપકે પણ માંડમાંડ બૌદ્ધધર્મના સિદ્ધાંતરૂપી ઝુડમાંથી

પોતાનાં શરીરને મુક્ત કર્યું, અને મારી આજ્ઞાથી અત્યંત પ્રસન્ન થઈને પાછો સ્વધર્મનો જ સ્વીકાર કર્યો કામમંજરીએ પણ ચર્મરત્નભસ્ત્રિકાને દોહવાની ઇચ્છાથી થોડા જ દિવસોમાં (પોતાના ઘરમાંથી) ચૂલા સિવાય સર્વ વસ્તુઓ આપી દઈને પોતાનો અભ્યુદય કરવાનો વિચાર કર્યો એ પછી મારી પ્રેરણાથી ધનમિત્રે રાજાની પાસે વિનતિ કરી કે, "રાજાજી! કામમંજરી નામની જે ગણિકા છે તે ઘણી લોભી હોવાથી લોકોમા લોભમંજરીના નામથી નિંદાપાત્ર થયેલી છે પરંતુ હમણા તે ઘરમાંથી મુસલ (સાંબેલું), ઉલૂખલ (ખાણિયો) વગેરે પણ બેદરકારીથી બીજાઓને આપી દે છે તે ઉપરથી હું માનુ છુ કે, મારી ચર્મરત્નભસ્ત્રિકા તેને મળી હોવી જોઇએ ચર્મરત્નભસ્ત્રિકાને દોહવાનો વિધિ પણ ખરેખર તેવો જ છે તે વાણિયાઓને તથા મુખ્ય વેશ્યાઓને ધન આપે છે, બીજાઓને આપતી નથી આવી તેને માટે ખાતરી છે. માટે (મારી ચર્મરત્નભસ્ત્રિકાની ચોરીને માટે) મને તેના ઉપર શંકા આવે છે" એટલે રાજાએ તે ગણિકાને તેની માતાની સાથે તુરત બોલાવી એટલે મેં બનાવટી ખેદ દર્શાવીને ગણિકાને એકાતમા કહ્યુ કે:–"આર્યા! તમે અત્યંત જાહેર રીતે સર્વ ધન બીજાઓને આપી દીધું છે તે ઉપરથી તમને ચર્મરત્નભસ્ત્રિકા મળી છે, આવી શંકા થઈ છે, અને તે વિશે પ્રશ્ન પૂછવામાટે અંગરાજા તમને બોલાવે છે રાજા તમને વારંવાર આગ્રહથી પૂછશે એટલે તમારે મારા તરફથી તે મળી છે આમ તમારે મારુ નામ અવશ્ય કહેવુ પડશે ને ઉપરથી મારો વિચિત્ર રીતે વધ કરવામાં આવશે, હુ મરી જઇશ એટલે તારી બહેન જીવશે જ નહિ, તું ધન વિનાની દરિદ્ર થઈ પડશે અને ચર્મરત્નભસ્ત્રિકાનો ઉપયોગ ધનમિત્ર

જ કરશે. આવી રીતે આ આપત્તિ ચોતરફથી અનર્થ-કારિણી થઈ પડશે. માટે હવે આ બાબતમાં શો ઉપાય લેવો ?” એટલે કામમંજરીએ અને તેની માતાએ આંસુ પાડીને કહ્યું:–‘આ રહસ્ય ઘણું કરીને અમારી મૂર્ખતાથી જ ઉઘાડું પડ્યું છે. બે ત્રણ અને ચાર દિવસ છૂપાવ્યા છતાં પણ, રાજાના આગ્રહથી, તમે ચોરીને આણી છે અને તમારી પાસેથી મને મળી છે આમ કહેવું જ પડશે તમારુ નામ કહેવાથી અમારુ સર્વ કુટુંબ દુઃખી થશે માટે એક ઉપાય છે. તે એ કે ચર્મરત્નભસ્રિકા ચોરવાનો અપયશ અર્થપતિના ઉપર રૂઢ થયો છે, અને તે નીચની સાથે અમારે સોબત છે એ વાત આખા અંગપુરમાં પ્રસિદ્ધ છે, માટે એણે જ અમને ચર્મરત્નભસ્રિકા આપી છે, આમ કહીને પોતાનો બચાવ કરવાની જરૂર છે ’ આ રીતે મારી પાસે કહેવાનુ કબૂલ કરીને તે બન્ને જણી રાજસભામા (કચેરીમા) ગઈ ત્યાં રાજાએ તેઓને પૂછ્યું કે, ‘તમને કોણે ચર્મરત્નભસ્રિકા આપી?’ એટલે ગણિકા બોલી:–‘આપનારનું નામ લેવું એ વેશ્યાના કુલને છાજતું નથી પુરુષો ન્યાયથી મેળવેલા પદાર્થો જ વેશ્યાને આપતા નથી (અન્યાયથી મેળવેલું ધન પણ આપે છે).’ રાજાએ વારંવાર ઘણા પ્રશ્નો પૂછીને તેના નાક તથા કાન કાપવાની વાત કરીને તે બન્ને લુચ્ચી વેશ્યાને બીવરાવી એટલે તેમણે પેલા બીચારા અર્થપતિનું ચોર તરીકે નામ લઈને તેને પકડાવ્યો. તે રાજાએ કોપ કરીને તેને દેહાંત દંડની શિક્ષા ફરમાવી, એટલે ધનમિત્રે જ બે હાથ જોડીને રાજાને અટકાવ્યો, અને કહ્યુ:–‘ઓ આર્ય! મૌર્યે *વાણિયાઓને એવો વર આપ્યો

---

* મોરી વંશનો રાજા અને ચાણાક્યનો શિષ્ય ચન્દ્રગુપ્ત તેણે પોતાના સમયમા જૂદા જૂદા કાયદાઓ કર્યાં હતા જે અર્થશાસ્ત્રમા છે.

છે કે,–'આવા અપરાધોમાં દેહાંત દંડની શિક્ષા કરવી નહિ. આપ જો કોપાયમાન થયા હો, તો એ પાપીનું સર્વસ્વ હરી લઇને એને દેશપાર કરો ' આમ કહેવાથી ધનમિત્રની કીર્તિ પ્રખ્યાત થઈ, અને રાજા પ્રસન્ન થયો.

તે પછી રાજાએ ધનને લીધે મદમત્ત થયેલા અર્થ-પતિનું સર્વ ધન ખાલસા કરી લઈ, તેને માત્ર જૂના વસ્ત્રનો એક કટકો આપીને સર્વ નગરવાસી મનુષ્યોના સમક્ષમાં નગરમાંથી બાહાર કાઢી મૂક્યો, અને તેના ધનમાંથી થોડોક ભાગ બીચારી કામમંજરી કે જેણે ચર્મરત્નભસ્ત્રિકાસ્વરૂપી ઝાંઝવાના પાણીથી મોહિત થઇને પોતાનું સર્વસ્વ આપી દીધું હતું તેને, ધનમિત્રના કહેવા ઉપરથી, દયાવડે આપીને તેના ઉપર અનુગ્રહ કર્યો, ધનમિત્ર પણ શુભ દિવસે પેલા વાણિયાની કન્યા સાથ પરણ્યો. આ પ્રમાણે મારો સંકલ્પ સિદ્ધ થયો, અને મે રાગમંજરીનું ઘર સુવર્ણથી તથા રત્નોથી ભરપૂર કરી દીધું

આ નગરમાં લોભિયા ધનવાન્ વર્ગના મનુષ્યોના ઘર-માંથી એટલું ધન ચોર્યુ કે, મેં દાન તરિકે આપેલા ધનથી યાચક વર્ગ એવો તો પૈસાદાર થઈ ગયો કે ભગવાન્ શંકર હાથમાં ખપ્પર લઇને ભિક્ષાને માટે તેઓને ઘેર ભટકવા લાગ્યા.

પુરુષ અતિનિપુણ હોય તોપણ તે ભાગ્યે લખેલા લેખને ઉલ્લઘન કરવાને શક્તિમાન્ થઈ શકતો નથી. એક દિવસે મેં રાગમંજરીનો પ્રણયકોપ શમાવવામાટે તેને વિનયપૂર્વક મદિરાનું પાન કરાવ્યું. તે પછી તેણે વારંવાર પ્રણયથી સમર્પણ કરેલી તેના મુખની મદિરાના કોગળાનો વારવાર સ્વાદ લેવાથી (પીવાથી) મને મદ ચઢયો. મદનો

અને ઉન્માદનો એવો સ્વભાવ હોય છે કે, તે અવળે માર્ગે પ્રવૃત્તિ કરાવે છે, પરંતુ નિત્ય કરવામાં આવતાં કર્મોમાં જ પ્રવૃત્તિ કરાવે છે. મને મદ ચઢયો એટલે મેં રાગમજરીને કહ્યુ કે, 'એક રાત્રિમાં જ આખાં નગરને નિર્ધન કરીને તારુ ઘર ભરી દઈશ.' તે સાંભળીને મારી પ્રિયતમાએ અત્યંત ખિન્ન થઈને મને પ્રણામ કર્યાં તથા સેંકડો સોગન આપ્યા. પરંતુ મદમત્ત હાથી જેમ વેગથી સાંકળને તોડી નાંખીને મોટા વેગથી દોડે તેમ થોડાંક મનુષ્યોની સાથે હાથમાં તરવાર લઈને મોટા વેગથી હું દોડ્યો એટલે શૃગાલિકા નામની એક ધાવ દોડતીદોડતી મારી પાછળ આવી. તે સમયે રાત્રે ફરનારા રાજાના સિપાઈઓ મારી સામે ચઢી આવ્યા, અને તેઓની સામે હું નિઃશકપણાથી જ લઢયો પછી તેઓએ મને ચોર માનીને ચારે તરફથી મારવા માડ્યો; છતા પણ મને બહુ ક્રોધ ચઢયો નહિ જ, પરંતુ હું રમતો હોઉ તેમ ફરવા લાગ્યો તે વખતે મદને લીધે શિથલ થયેલા મારા હાથમાંથી નિચે પડતી તરવારવડે બે ત્રણ સીપાઈઓને મારી નાંખ્યા પછી જ જેની આખ મદથી વિહ્વલ તથા લાલ થઈ ગઈ હતી એવો હું પૃથ્વી ઉપર પડી ગયો તે પછી શૃગાલિકા દુઃખને લીધે બૂમો પાડતીપાડતી મારી પાસે આવી, અને શત્રુઓએ મને બાંધીને કેદ કર્યો તે આપત્તિથી મારો મદ ઉતરી ગયો, મને તુરત જ ભાન આવ્યું, અને મને તે જ ક્ષણે પ્રતિભાશક્તિ (વિચારશક્તિ) ઉત્પન્ન થઈ એટલે હું વિચાર કરવા લાગ્યો કે,–'અરેરે દારૂના મદને લીધે મને મોટી આપત્તિ આવી પડી છે મારી સાથે ધનમિત્રની મિત્રતા વિશેષ પ્રખ્યાત છે, અને રાગમંજરી મારી સ્ત્રી તરિકે પ્રખ્યાત છે તે બન્ને મારા અપરાધથી અપરાધી ઠરશે, અને રાજા તેઓને આવતી

કાલે અવશ્ય શિક્ષા કરશે. માટે હવે મારે અહીં એવી રીતે કાર્ય કરવું જોઇએ, કે જે કાર્ય કરવાથી મારી યોજના પ્રમાણે તે બન્નેનો બચાવ થઈ જાય જો તે બન્ને બચી જશે, તો કદાચ આ પીડામાંથી તે બેમાંથી એક મારો બચાવ કરશે.' આ રીતે મે પોતે જ કોઇએક ઉપાયનો નિર્ણય કરીને શૃગાલિકાને કહ્યુઃ—'ઓ બુઢ્ઢી' અહીંથી દૂર ખસ ચર્મરત્નભસ્ત્રિકાને લીધે મદમત્ત થઈ ગયેલા અને ઉપરથી મારી સાથે મિત્રતાનો ડોળ કરનારા મારા શત્રુ ધનમિત્રની સાથે તેં, પેલી ધનની લોભી, લુચ્ચી રાગમંજરી નામની ગણિકાની મુલાકાત કરાવી આપી છે, માટે હવે તારુ પણ મોત આવ્યું છે. તે પાપિની ચર્મરત્નભસ્ત્રિકાને ચોરીને અને તારી દીકરીનાં કિંમતી આભૂષણો ચોરીને આજે હું મારા શલ્યરહિત (દુ ખ–રહિત) જીવિતનો ત્યાગ કરીશ' શૃગાલિકા મહા ધૂતારી હતી, તે મારી સૂચનાનો (કહેવાની મતલબનો) અર્થ સમજી ગઈ, અને તે પુરુષોની પાસે હાજર થઇને આંસું પાડતી ગળગળી બની જઇ, બે હાથ જોડીને તેઓને પગે લાગી, અને મારા સન્મુખ તેઓને સામના વચનો કહીને યાચના કરવા લાગીઃ "ઓ ભલા પુરુષો! તમે થોડોક સમય ઉભા રહો એટલામા આણે અમારુ જે ધન ચોરેલું છે તે સર્વ ધનની હું તપાસ કરી લઉં." તેઓએ, 'ઠીક,' આમ કહીને તેનું કહેવું સ્વીકાર્યું એટલે તે ડોસી ફરીને મારી પાસે આવી, અને બોલી.—"ઓ ભલા પુરુષ! આ દાસીના એક અપરાધને ક્ષમા કર. તારી સ્ત્રીની સાથે વ્યભિચાર કરનારો ધનમિત્ર ભલે તારો શત્રુ હો, પરંતુ દાસી રાગમંજરીએ તારી ચિરકાળ સૂધી સેવા કરી છે તેને સંભારીને તારે તેના ઉપર અનુગ્રહ કરવો યોગ્ય છે ગણિકાનું બળ

તેનાં આભૂષણો ઉપર હોય છે. માટે બોલ, એનાં આભૂષણો તેં ક્યાં મૂક્યાં છે!" આમ કહીને તે મારા પગમાં પડી એટલે હું જાણે તેના ઉપર દયા કરતો હોઉં તેમ બોલ્યો:-ભલે. "હું મૃત્યુના મુખમાં પડ્યો છું, માટે મને હવે એની સાથે વૈર કરવાથી શો ફાયદો છે?" એ વાત જ કહેતો હઉં તેમ તેના કાનમાં જ એને શિખામણ આપી કે, 'તારે આ પ્રમાણે કરવું.' તે પછી પેલી મારી વાતને સમજી ગઈ હોય તેમ બોલી:-'તું ઘણા કાળ સૂધી જીવતો રહે, દેવતા તારા ઉપર પ્રસન્ન થાઓ, અને રાજા અંગરાજ પણ તારા પુરુષાર્થથી પ્રસન્ન થઈને તને છોડી મૂકો, અને આ ભદ્રમુખો (પ્રિયદર્શીઓ) પણ તારા ઉપર દયા કરો.' આમ કહીને એક ક્ષણ પછી તે ત્યાંથી ચાલી ગઈ, અને મને કોટવાલની આજ્ઞાથી કેદખાનામાં લઈ ગયા

તે પછી બીજે દિવસે કાંતક નામનો એક તરુણ કોટવાલ આવ્યો તે ઘણો જ ગર્વિષ્ઠ હતો, પોતાને ભાગ્યશાળી તથા સુંદર માનતો હતો, બાપના મરણને લીધે થોડા સમય થયા તે અધિકાર ઉપર આવ્યો હતો, અને જુવાનીના મદથી તેની બુદ્ધિ અતિપાકટ ન હતી. તેણે જરાક તિરસ્કાર કરીને મને કહ્યુ -'તું જો ધનમિત્રની ચર્મરત્નભસ્રિકા પાછી આપીશ નહિ તથા નગરનાં મનુષ્યોનુ ચોરેલું ધન પાછું આપીશ નહિ તો તારે અઢાર જાતની શિક્ષા ભોગવવી પડશે, અને છેવટે મૃત્યુનું મુખ જોવું પડશે.' મેં મુખ મલકાવીને કહ્યુ:-'ઓ ભલા આદમી! જન્મથી માંડીને ચોરેલું ધન કદાચ હું આપી દઉં, પરંતુ અર્થપતિની સ્ત્રીનું હરણ કરનારા અને મારા મોઢાના મિત્ર, પરંતુ શત્રુ એવા ધનમિત્રની ચર્મરત્નભસ્રિકાની આશાને પૂર્ણ કરીશ નહિ. ચર્મરત્નભસ્રિકા

ન આપવાથી મને દશ હજાર દુઃખો પડશે તો તેનો પણ અનુભવ કરીશ. આ મારી દૃઢતર પ્રતિજ્ઞા છે.' મને પ્રતિદિવસ તે જ ક્રમથી બહુધા સમજણવાળા તથા તિરસ્કારવાળા એમ મિશ્ર પ્રશ્નો પૂછવામાં આવતા હતા, અને અનુકૂળ અન્નપાન આપવામાં આવતું હતું તેથી કેટલેક દિવસે મારા શરીરના ઘાવ રૂઝાઇ ગયા, અને હું સાજો થઈ ગયો.

તે પછી એક દિવસે સૂર્યના તડકાની કાંતિ વિષ્ણુના વસ્ત્રની પેઠે પીળા રંગની થઈ ગઈ, અને દિવસ ક્ષીણ થવા આવ્યો (અર્થાત્ સાયંકાળ થવા આવ્યો) તે સમયે શૃગાલિકા નવો પોષાક પહેરીને હરખ ભરી મારી પાસે આવી, ને નોકરોને દૂર રાખી છેક મારી પાસે આવીને બોલીઃ– 'આર્ય! સુખી છો કે? તારી સુનીતિ સફળ થઈ છે' તે જે પ્રમાણે આજ્ઞા કરી હતી તે પ્રમાણે મેં ધનમિત્રની પાસે જઈ કહ્યુ કે, આર્ય! તારો મિત્ર આ પ્રમાણે દુઃખમાં આવી પડ્યો છે, અને તેણે તને કહાવ્યું છે કે.–'હું આજે વેશ્યાના સમાગમમા સુલભ એવા મદિરાપાનના દોષથી કેદી થઈ ગયો છુ' તારે હવે આજે જ નિઃશંકપણાથી રાજાને જણાવવુ કે, 'મહારાજ! પહેલા પણ ચર્મરત્નભસ્ત્રિકાને અર્થપતિએ ચોરી હતી. તે આપના પ્રસાદથી જ મને પાછી મળી હતી. હમણા રાગમજરીનો એક ભર્તાર છે જે જુગારમા કુશળ છે તથા કળાઓમાં, કવિપણામા અને લૌકિક વ્યવહારમા અતિકુશળ છે તેથી મેં તેની સાથે મિત્રતા કરી હતી, અને તેના સંબંધને લઇને હું પ્રતિદિવસ તેની ભાર્યાને વસ્ત્રો, આભૂષણો વગેરે મોકલીને તેને અનુકૂળ રહેતો હતો. તે ઉપરથી તે નીચ મનના જુગારીના મનમાં મારે માટે શંકા ઉત્પન્ન થઈ, અને તે ઉપરથી તેણે કોપા-

યમાન થઈને મારી ચર્મરત્નભસ્ત્રિકા તથા આભૂષણોનો દાબડો, ચોરી લીધો છે, અને તે વારંવાર ચોરી કરવા માટે ભટકતો હતો તેને કોટવાલના સિપાઇઓએ કેદ પકડ્યો છે, એ કેદમાં પકડાયા પછી રાગમંજરીની દાસી તેની પાછળ જઇને રડવા લાગી, એટલે તેણે પ્રથમના પ્રેમને વશ થઇને ગણિકાનાં આભૂષણો જે સ્થાનમાં ડાટયાં હતા તે સ્થાનક તેને કહ્યું છે. તેને જો સામદામ વગેરે ઉપાયોથી વશ કરવામાં આવે તો તે મારી ચર્મરત્નભસ્ત્રિકા પણ મને પાછી આપે, માટે આ બાબતમાં આપ દેવપાદે* મારા ઉપર પ્રસાદ કરવો યોગ્ય છે." તે પ્રમાણે રાજાને નિવેદન કર્યા પછી રાજા મને "મારી નાંખશે નહિ, પરંતુ સામના વચનોથી જ તારુ ધન અપાવવા માટે પ્રયત્ન કરશે, તે કાર્ય આપણું હિત કરનારુ છે" તારુ કહેવું સાંભળતાં વેંત જ તારા પ્રભાવની ધનમિત્રને ખાતરી હતી તેથી તેણે કિંચિત્ ડર રાખીને તે પ્રમાણે જ કાર્ય કર્યું છે; વળી તેં આપેલી એંધાણી ઉપરથી મે રાગમંજરીને વિશ્વાસુ બનાવી, અને તેની પાસેથી મારી ઇચ્છા પ્રમાણે ધન લઇને રાજપુત્રી અંબાલિકાની ધાવ માંગલિકાને તેં કહેલા માર્ગ પ્રમાણે રંજન કરી છે, અને માગલિકા દ્વારા જ રાગમજરીના અને અંબાલિકાના સખીપણામાં પરમ વધારો કરી દીધો છે વળી હું રોજ રોજ અંબાલિકાને નવી નવી ભેટો અર્પણ કરીને તથા મનને આનંદ આપનારી અનેક કથાઓ કહીને તેની પરમ પ્રસાદપાત્ર થઈ પડી છું.

"એક દિવસે રાજકુમારી પોતાના રાજમંદિરમાં બેઠી

---

* મોટા પુરુષનુ નામ લેતા તેના નામને અતે ચરણ, પાદ વગેરે શબ્દો ઉમેરવાનો પ્રાચીન સપ્રદાય છે, તેથી અહિયા દેવને બદલે દેવપાદના નામથી પ્રયોગ કર્યો છે.

હતી, અને તેના કાન ઉપરનું કમળ બરાબર સ્થાનક ઉપર રહેલું હતું, છતાં તે ખસી ગયું છે, આમ માનીને તેને મેં સરખું કર્યું, અને પ્રમત્તની પેઠે તેને પાછું નીચે પાડી નાંખ્યું, અને પાછું પૃથ્વી ઉપરથી ઉપાડી લઈને, મૈથુન કરતાં પારેવાને ત્રાસ ઉપજાવવાનું બહાનું કરીને ખડખડાટ હસતાં, કન્યાના અંતઃપુરની પાસે આવેલા રાજમહેલના આગણામાં કોઈ કાર્યને માટે આવેલા કાતકને તે કમળનો પ્રહાર કર્યો. કાંતક પણ તે રાજકન્યાના કર્ણાભરણરૂપ કમળના પ્રહારથી પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો, અને મુખને જરા ઉંચું કરીને મુખ મલકાવવા લાગ્યો તે સમયે રાજકન્યા મારુ કાર્ય જોઈને ખડાખડાટ હસી પડી. મેં પણ અણસારો કરીને એવી તો અનિર્વચનીય ચતુરાઈ વાપરી, કે જેથી રાજકુમારીનો વિલાસથી ભરેલો આકાર પોતાના ઉપરની અભિલાષાને લીધે છે, આમ કાંતક મનમાં જાણે. તે સમયે કામદેવે પણ ધનુષ ખેંચીને ઝેરી ફળાવાળા બાણથી કાતકને વિંધી નાંખ્યો, અને તે અત્યંત મુગ્ધ થઈને (કામાતુર થઈને) માડ માડ ઘેર ગયો. તે પછી સાયંકાળે સુગંધી* પદાર્થોથી ભરેલું પાનનુ બીડું, બે ઝીણા વસ્ત્ર, તથા આભૂષણ, નેતરની એક પેટીમા ભરીને તેના ઉપર રાજકન્યાની વિંટીની છાપ મારીને, એક કન્યાની પાસે તે પેટી ઉપડાવીને, 'આ પેટી રાગમંજરીની† છે,' આમ કહીને હુ કાંતકને ઘેર

---

* આબાનો મોર, અત્તર, કર્પૂર વગેરેથી સુગધિત કરેલી પાનની બીડી † જે છોકરીની પાસે પેટી ઉપડાવી હતી તેને એવુ કહ્યુ કે 'આ પેટી રાગમજરીની છે' અને તે કાતકને દેવાની છે એમ કહેવાથી રહસ્ય ગુપ્ત રહે, કારણ કે 'षट्कर्णो भिद्यते मन्त्र' છૂપી વાત ૬ કાને જવાથી ઉઘાડી પડી જાય છે.

ગઈ. તે સમયે કાંતક અગાધ એવા રાગસમુદ્રમાં ડુબી ગયો હતો. તે જેમ નૌકા મળે ને આનંદ પામે તેમ મને પ્રાપ્ત કરીને પરમ હર્ષમાં આવી ગયો. તે પછી મે રાજકન્યાની અત્યંત દારુણ એવી મદનની ઘણી અવસ્થાઓનું વર્ણન કરીને દુષ્ટબુદ્ધિના કાતકને ઘણો જ મદોન્મત્ત કરી દીધો. તે પછી તેણે મારી પાસે રાજકન્યાના તાબૂલાદિકની પ્રાર્થના કરી તે ઉપરથી મેં, 'તારી પ્રિયાએ આ મોકલ્યું છે' આમ કહીને મારા જ મુખનું ઉચ્છિષ્ટ તાબૂલ, ઉચ્છિષ્ટ અંગરાગ (શરીર ઉપર ચોપડતાં વધેલું ચંદન), પહેરેલી પુષ્પની માળા, અને મેલું કપડું બીજે દિવસે કાતકની પાસે હું લઈ ગઈ, અને કાતકે આપેલાં 'રાજકન્યાને માટે લઈ જાઉ છું' આમ કહીને તેને લઈ જઈને ગુપ્ત રીતે જ નાખી દેવા લાગી આ રીતે કરવાથી તેનો કામાગ્નિ વૃદ્ધિ પામ્યો એટલે એકાતમાં મેં તેને જ ઉપદેશ આપ્યો કે, 'આર્ય! તારા લક્ષણો જ તને (કાર્ય સિદ્ધિમાં) અનુકૂળ છે' મારા પડોસમા એક કાર્તાતિક* રહે છે તેણે મને કહ્યું છે કે:–'આ રાજ્ય કાંતકના હાથમાં આવશે એવા તેના લક્ષણ છે' માટે આ રાજકન્યા તારી જે કામના કરે છે તે તારા લક્ષણને અનુકૂળ છે રાજાને સંતાનમા એક રાજકન્યા છે તે કન્યાની સાથે તને સમાગમમાં આવેલો જાણીને તે કોપાયમાન થશે તોપણ પુત્રી, મરણ પામે એવા ભયથી, તને મારી નાંખશે નહિ, પરંતુ ઉલટો તને યુવરાજનું પદ જ આપશે આવી રીતે આ કાર્ય રાજ્યના લાભરૂપી કાર્યની સાથે સંબંધ ધરાવે છે માટે, હે તાત! તું આ કાર્ય શા માટે કરતો નથી? તું જો રાજકન્યાના અંતઃપુરમાં દાખલ થવાનો ઉપાય ન જાણતો હોય તો (સાંભળ),

---

* લક્ષણ જાણનારો જોશી

કેદખાનાની ભીંતની વચ્ચે અને બગીચાના કિલ્લાની વચ્ચે ત્રણ વાંમનો અંતરાય છે. કોઈ કેળવાયેલા હાથવાળા (સુશિક્ષિત) ચોરની પાસે તેની વચ્ચે સુરંગ કરાવો, અને તેમાં થઈને અંતઃપુરના ઉપવનમાં દાખલ થાઓ તે પછી આગળ તમારી રક્ષા કરવી અમારા આધીન જ છે રાજકન્યાના માણસો અત્યંત સ્નેહાળ છે તે આપણું રહસ્ય ઉઘાડું પાડશે નહિ" (આ બધું સાંભળીને) તે બોલ્યો-"ઓ બાઈ! તેં ઠીક ઉપાય બતાવ્યો (તુરગમાં) એક ચોર છે જે સુરંગ ખોદવાના કામમા સગર રાજાના પુત્રોમાનો એક હોય તેવો છે તેને જો આપણે આ કામમા લઇશું તો તે એક ક્ષણમાં આ કાર્ય કરી આપશે" "એ ચોર કોણ છે? તમે શા માટે તેને મેળવતા નથી?" એમ મેં પૂછ્યું એટલે તેણે મને કહ્યુ કે-"જેણે ધનમિત્રની ચર્મરત્ન-ભસ્રિકા ચોરી હતી તે" એમ કહીને તારુ જ નામ લીધું પછી મેં કહ્યું કેઃ-"જો એમ હોય તો ચાલો. આપણે સોગનપૂર્વક તેની પાસે પ્રતિજ્ઞા કરીએ કે 'તું આ કામ કરી આપીશ એટલે તને અનેક ઉપાયોથી છોડી મૂકીશું' તે પછી કાર્ય સિદ્ધ થઈ જાય એટલે ફરીથી તેને કેદ કરીને રાજાને વિનતિ કરવી કે, 'આ ચોરની સર્વથા તપાસ કરી છે, પરંતુ તે નિર્લજ્જ છે અને મહાન્ વૈર રાખનારો છે, તેથી તે ચર્મરત્નભસ્રિકા દેખાડશે નહિ' આવી રીતે રાજાને વિજ્ઞપ્તિ કરીને એને અનેક ઉપાયથી મારી નખાવજો આવી રીતે કરવાથી આપણુ કાર્ય સિદ્ધ થશે, અને રહસ્ય ઉઘાડું પડશે નહિ" આમ મેં કહ્યુ એટલે તે ઘણો જ હર્ષમાં આવી ગયો છે, અને તે વાત કબૂલ કરીને તને લોભાવવા માટે તેણે મારી જ યોજના કરી છે, અને તે બહાર ઉભો છે અહીં સૂધી વાત આવી છે હવે પછી જે કરવુ હોય તેનો વિચાર કરો"

મેં પ્રસન્ન થઈને કહ્યું:—"મેં તો તને થોડું કહ્યું હતું, પરંતુ એણે તો આ વિષયમાં ઘણી જ મોટી નીતિ ચલાવી છે. એને બોલાવી લાવ." એટલે દાસી તેને બોલાવી લાવી. તે પછી તેણે મને છોડી મૂકવાના સોગન લીધા, અને મેં છૂપી વાત ઉઘાડી ન પાડવાના સોગન લીધા. તે પછી મને બેડીમાંથી તેણે મુક્ત કર્યો એટલે મેં સ્નાન કર્યું, ભોજન કર્યું, શરીર ઉપર ચંદન લગાડ્યું, અને પછી જયા નિત્ય અંધારુ રહેતું હતું એવી કેદખાનાની ભીંતના ખુણામાથી ગણેશીઆવડે સુરંગ ખોદવા માંડી, અને આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે, 'એણે જ્યારે મને મારી નાખવાની ઇચ્છાથી જ મને છોડવા માટે સોગન લીધા છે, (અર્થાત્ ખોટા સોગન લીધા છે) તો એને હણવાથી પણ મને અસત્ય બોલવાનો દોષ લાગશે નહિ ' આવી રીતે વિચાર કર્યા પછી સુરંગ ખોદીને હું કેદખાનામાંથી જેવો બાહાર નિકળ્યો કે, તેણે મને કેદ કરવા માટે પોતાના હાથ લાંબા કર્યા, એટલે મે તેની છાતીમા લાત મારીને તેને નિચે પાડી નાખ્યો, અને તેની છરીથી જ તેનું મસ્તક કાપી નાખ્યું તે પછી શૃગાલિકાને કહ્યુ:—'બો બાઈ! કહે કન્યાનું અંતઃપુર કઈ તરફ છે? આ મહાન્ પ્રયાસ નિષ્ફળ ન જ થવો જોઇએ એમાંથી કંઈક ચોરી લઈને હુ પાછો ફરીશ.' એટલે દાસીએ મને કન્યાના અત.પુર તરફ જવાનો વિભાગ (પ્રદેશ) દેખાડ્યો કે, હું કન્યાના અંતઃપુરમા દાખલ થયો. ત્યાં મણિના દીવાઓ બળતા હતા, અને અનેક પ્રકારની રમતો રમવાથી લાગેલા પરિશ્રમથી નિદ્રાવશ થયેલા પરિજનની વચ્ચે રાજકન્યાને એક પલંગ ઉપર પોઢેલી મેં દીઠી. તે પલંગના પાયા સૂતેલા સિંહના આકારના હાથીદાંતના હતા, અને મોટી કિંમતનાં સ્થૂલ રત્નોથી જડેલા હતા; તેના ઉપર હંસનાં

પીછાંથી ભરેલું ગાદલું તથા ઓસીકું બીછાવેલું હતું, અને પલંગના છેવટના ભાગમા થોડાક પુષ્પો વેરેલાં હતાં. તે કન્યા પલંગ ઉપર એવી રીતે સૂતી હતી કે, તેના જમણા પગની પાનીના નીચલા ભાગથી તેના ડાબા પગનો આગલો ભાગ ઢંકાઈ ગયો હતો, ઘુંટીનો મનોહર સંધિભાગ જરાક ખુલ્લો હતો, જાંઘરૂપી સ્તંભ પરસ્પર મળી ગયા હતા, બન્ને કોમલ જાનુ પ્રદેશ (ગોઠણ) સંકુચિત થઈ ગયા હતા, બન્ને ઉરુદંડ (સાથળ) જરાક વાકા હતા, નિતબ ઉપર શિથિલતા સાથે મૂકેલી એક ભુજલતાના અગ્રભાગને લીધે તે સુંદર લાગતી હતી જરાક વાકો એવો બીજી ભુજલતાનો ચત્તા તળિયાવાળો કરકિસલય મસ્તકની પાસે મૂકયો હતો, નિતંબ મડળ જરાક વાકું હતુ, રેશમી વસ્ત્રનો ચણિયો તેના શરીરની સાથે અત્યંત ચોટી ગયો હતો, તેનું અત્યંત પાતળું પેટ અતિ નમેલું હતું, મોટા નિઃશ્વાસો લેવાથી તેની કઠોર એવી કુચકળીઓ કંપતી હતી, અગ્નિમા તપાવેલા હોવાથી ચળકતા રંગના સોનાની સાંકળીમા જડેલો પોખરાજમણિ તેના જરાક વાકા અને સુંદર એવા કંઠપ્રદેશમા દેખાતો હતો, નિચેના કાનમાં પહેરેલું સ્થિર એવું કુડળ અર્ધું દેખાતું હતુ, ઉપરના ભાગમા જે ચત્તો કાન હતો, તેમા રત્નનું આભૂષણ પહેરેલું હતું, તેના કિરણોની મંજરીથી ગમે તેમ બાધેલો માથાનો દૃઢ કેશકલાપ (અંબોડો) પીળા રંગનો થઈ ગયો હતો, ઓષ્ઠની પ્રભાના પટલથી પાટલ રંગના ઉપરના અને નિચેના ઓષ્ઠની વચ્ચેનો અવકાશ (બન્ને ઓષ્ઠ વચ્ચેનું છિદ્ર) સ્પષ્ટ રીતે જોવામાં આવતો ન હતો, ગાલની ઉપર મૂકેલો હસ્તપલ્લવ કાનના આભૂષણનું કાર્ય કરતો હોય એમ દેખાતું હતું, ઉપરના કપોલ (ગાલ)રૂપી

અરીસાના તલમાં પ્રતિબિંબરૂપે પડતા ચંદ્રવાનાં ચિત્રથી ગાલ ઉપર જાણે તમાલના પત્રનાં ચિત્રો કાઢયાં હોય તેમ જણાતું હતું, તેનાં બન્ને નેત્રરૂપી શ્યામ કમળ મીંચાઈ ગયાં હતાં, ભ્રુકુટિરૂપી પતાકા નિશ્ચલ હતી, પરિશ્રમથી થયેલા પરસેવાના પાણીનાં બિંદુઓથી ભીંજાઈ જવાને લીધે તેના લલાટમાં કરેલું ચંદનનું તિલક શિથિલ થઈ ગયું હતું, તેના મુખરૂપી ચન્દ્રની સન્મુખ કેશલતા છાઈ રહી હતી, તે વિશ્વાસથી ગાઢ નિદ્રામાં સૂતી હતી, તે ઘણો વખત સૂધી રમતગમત કરવાના પરિશ્રમથી નિશ્ચલ થઇને સૂતી હતી, અને ધોળા રંગના ઓછાડમાં તેનું એક પડખું બહુધા ખુચી ગયું હતું, તેથી શરદ્ ઋતુના જલધરના ઉત્સંગમાં શયન કરનારી વિજળીના જેવી તે દેખાતી હતી

તે રાજકન્યાને જોતા વેંત જ મારામાં કામનો રાગ પ્રકટી નિકળ્યો, હું ચકિત થઈ ગયો, ચોરી કરવા યોગ્ય પદાર્થો ઉપર નિસ્પૃહ થઈ ગયો, તે કન્યાએ જ મારાં હૃદયને ચોરી લીધું. તેથી 'હવે શું કરવું' તે વિશે હું મૂઢ થઈ ગયો, અને ક્ષણ ભર ઉભો રહીને વિચાર કરવા લાગ્યો કે, 'જો આ સુંદરનયના મને મળશે નહિ તો વસંતબંધુ (કામ) મને જીવતો સહન કરી શકશે નહિ તેમ સંકેત કર્યા વગર જો આ બાલાનો સ્પર્શ કરીશ તો આ અતિબાલા છે, તે જાહેર રીતે ચીસ પાડીને મારા મનોરથનો નાશ કરશે તો પણ હું જ માર્યો જઇશ. માટે હવે અહીં આ પ્રમાણે કરવુ યોગ્ય છે.'

આ રીતે વિચાર કર્યા પછી ખીંતી ઉપરથી અળતાના રંગથી રંગેલી એક પાટી લીધી, અને મણિના દાબડામાંથી રંગવાની પીંછીઓ બાહાર કાઢી, અને પછી તે જે પ્રમાણે

સૂતી હતી તે પ્રમાણે તેને ચિતરી કાઢી; અને તેના ચરણમાં પડેલો તથા જેણે બે હાથ જોડયા છે એવી મારી છબી ચિતરીને નિચેની આર્યા લખીઃ–

"त्वामयमाबद्धांजलि दासजनस्तमिममर्थमर्थयते ।
स्वपिहि मया सह सुरतव्यतिकरखिन्नेव मामैवम् ॥"

"આ દાસજન બે હાથ જોડીને તારી પાસે આ વિષયની પ્રાર્થના કરે છે કે; તું આ પ્રમાણે શયન કર મા, પણ સુરતના સમાગમથી શ્રમિત થઈ ગઈ હોય તેમ મારી સાથે શયન કર."

આ રીતે આર્યા લખ્યા પછી સોનાના કરંડિયામાંથી સુવાસિત કરેલા તાબૂલની બીડી કાઢી તેમા કપૂરનો કટકો અને કાથો નાખીને, તે પાનની બીડીને ચાવી, અને તેના અળતા જેવા લાલ રંગના રસથી, ચુનો છાટેલી ભીંત ઉપર ચિતરેલાં ચક્રવાક પક્ષીના જોડા ઉપર, હું થૂંકયો તે પછી અમારી બન્નેની વિંટીને અદલ બદલ કરીને હું ત્યાથી માંડ માડ બાહાર નિકળ્યો, અને સુરંગને માર્ગે થઈને કેદખાનામાં આવ્યો ત્યા સિંહઘોષ નામના એક મોટા કોટવાલને કેદ કર્યો હતો, તેની હું જે દિવસથી કેદખાનામા પડ્યો હતો તે દિવસોમા મેં મિત્ર તરિકે સેવા કરી હતી તેને મે કહ્યું કે, 'મેં નિર્માલ્ય એવા કાતકને મારી નાંખ્યો છે. માટે હવે તેનું ભોપાળું ઉઘાડું પાડીને તું કેદખાનામાંથી છુટકારો મેળવ.' આ રીતે તેને ઉપદેશ કરીને શૃગાલિકાની સાથે ત્યાથી બાહાર નિકળીને જેવો રાજમાર્ગ ઉપર હું આવ્યો કે, ચોકી કરનારા સિપાઇઓ મારી ઉપર ચઢી આવ્યા, અને મને પકડ્યો. એટલે હું વિચાર કરવા લાગ્યો કે, 'હું તો આ સિપાઇઓ પકડી શકે નહિ તે પ્રમાણે વેગથી નાસી

શકવાને શક્તિમાન્ છું, પરંતુ બિચારી આ શૃગાલિકા પકડાઈ જાશે, માટે હવે નિચે પ્રમાણે કરવું યોગ્ય છે.' આવો વિચાર કરીને તેઓની જ સામે હું વેગથી દોડ્યો, અને મારી બન્ને કોણીને મારી પીઠ પાછળ કરી દઈ અવળે મુખે ઉભો રહીને બોલ્યો:–'ઓ ભલા માણસો! હું જો ચોર હઉં તો તમે મને કેદ કરો આ તમારો અધિકાર છે, પરંતુ આ ઘરડી ડોસીને કેદ કરશો મા' આટલું કહેતાંને વારમાં જ પેલી ડોસી મારો અભિપ્રાય સમજી ગઈ, અને તે સિપાઇઓની પાસે જઈ પ્રણામ કરીને બોલી કે:–'ઓ ભલા પુરુષો! મારા આ પુત્રને વાયુનો રોગ લાગુ પડ્યો હતો (ગાંડો થઈ ગયો હતો), ને ઘણા વખત થયા તેની ચિકિત્સા (દવા) કરતી હતી તે ગઈ કાલે સાજો થઈ ગયો છે એવી મને ખાતરી થવાથી મેં તેને કેદખાનામાથી બાહાર કાઢીને નવરાવ્યો, તેને શરીરે ચંદન ચોપડ્યું, નવા બે વસ્ત્રો પહેરાવ્યાં, દૂધપાક જમાડ્યો અને આજે તેને ગમે ત્યાં સુવા બેસવાની રજા આપતી હતી, પરંતુ આજે અર્ધરાત્રે ફરીથી તેને વાયુરોગ થઈ આવ્યો છે, અને તે કાંતકને મારી નાખીને, 'રાજકન્યાની સાથે રમીશ,' આમ બોલતો બોલતો મોટા વેગથી દોડતો રાજમાર્ગ ઉપર આવ્યો છે મારા પુત્રની આવી સ્થિતિ જોઈને હું હમણા તેની પાછળ પાછળ દોડું છું માટે, તમે મારા ઉપર મેહરબાની કરો, અને આને બાંધીને મને સોંપો' આમ કહીને પેલી દાસી બૂમ પાડવા લાગી, કે મેં તેને કહ્યું:–

"ઓ બુઢિયા! પવન દેવને પૂર્વે કોણે કેદ કર્યો હતો? આ કાગડાઓ મને શકરાને કેદ કરનારા કોણ? પીડા પતી ગઈ," આમ કહીને હું દોડ્યો. એટલે તેઓએ દાસીને કહ્યું

કે:-“તું જ ગાંડી છે, કારણુ કે જે તે આ ગાંડાને ડાહ્યો માનીને છૂટો મૂકયો, હવે તેને કોણુ બાંધે?” આ રીતે તેની નિંદા કરી ને તેનો તિરસ્કાર કર્યો તે પછી તે રડતી રડતી મારી પાછળ દોડી, હુ દોડતોદોડતો રાગમજરીને ઘેર ગયો, અને ઘણા દિવસના વિરહના ખેદથી વિહ્વલ થયેલી રાગમંજરીને અનેક પ્રકારે ધીરજ આપીને બાકીની તે રાત્રિ ગાળી કાઢી, અને પરોઢીઆમા પાછો ઉદારકને મળ્યો

તે પછી ભગવાન્ મરીચિ, જેણે વેશ્યાના પંઝામાંથી છૂટા થઈને ફરીથી તપ કરીને, તેના પ્રભાવથી દિવ્ય ચક્ષુ મેળવ્યા હતાં તેની પાસે ગયો, અને તેમણે મને તમારાં દર્શન આ પ્રમાણે થશે એવી વાત કહી સિંહઘોષે કાંતકનો અપરાધ રાજાની પાસે ઉઘાડો પાડ્યો એટલે રાજાએ પ્રસન્ન થઈને તેની કાંતકના અધિકાર ઉપર યોજના કરી, અને તેણે જ કેદખાનામા કરેલી સુરંગના માર્ગેથી મને ફરીથી રાજકન્યાના અંત:પુરમા દાખલ કર્યો શૃગાલિકાના મુખથી સાંભળેલી મારા વિશેની વાતોથી મારા ઉપર આસક્ત થયેલી રાજકુમારિકાની સાથે મેં મેળાપ કર્યો.

તે જ દિવસોમા ચંડવર્માએ સિંહવર્માની આગળ તેની પુત્રીની પ્રાર્થના કરી હતી તે પ્રાર્થનાનો તિરસ્કાર કરવાથી ચંડવર્માને ક્રોધ ચઢ્યો હતો, અને તેણે ચઢાઈ કરીને ચંપાપુરીને ઘેરો ઘાલ્યો હતો અંગરાજા (સિંહવર્મા) અત્યંત ક્રોધી હતો તે, શત્રુ પોતાના નગરને ઘેરો ઘાલવાની ઇચ્છા કરતો હતો એટલામા તો, પંડે જ કિલ્લાને તોડી પાડીને નજીક આવી લાગેલા, સહાય કરનારા રાજાઓની પણ વાટ જોયા વગર નગરની બહાર નિકળ્યો, અને અધિક સૈન્યવાળા શત્રુની સાથે મહાન્ યુદ્ધ થયું તેમા શત્રુએ સિંહવર્માના

કવચના કટકા કરી નાંખ્યા, અને સિંહવર્માને બલપૂર્વક પકડી પાડ્યો. તે પછી ચંડવર્મા સિંહવર્માની પુત્રી અંબાલિકાને પરાણે પકડીને હઠથી પરણવા માટે પોતાના સ્થાનક ઉપર લઈ ગયો; અને રાત્રિ વીત્યા પછી પ્રભાતમાં તેની સાથે વિવાહ કરવો છે એમ ધારીને તેણે પોતાને કાંડે મંગલસૂત્ર બાંધ્યું, મેં પણ ધનમિત્રના ઘરમા રાજકન્યાને પરણવા માટેજ મારે હાથે મંગલસૂત્ર બાધ્યું, અને ધનમિત્રને કહ્યુ કે, 'મિત્ર! અંગરાજાને સહાય કરનારુ રાજમંડલ આવી પહોંચ્યું છે, માટે તું અત્યંત ગુપ્ત રીતે નગરના વૃદ્ધ પુરુષોની સાથે રહીને તેને નગરની પડોસમા દાખલ કર તું પાછો ફરીશ ત્યારે શત્રુનુ મસ્તક કપાયલું જ જોઇશ' 'તથાસ્તુ,' એમ કહી તે વાતનો સ્વીકાર કરીને (તે ત્યાથી રાજમંડળને બોલાવવા માટે ગયો)

તે પછી જેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું એવા ચંડવર્માનું ઘર વિવાહના ઉત્સવથી વ્યાકુળ થઈ ગયું હતું, વિવાહમાં ઉપયોગી એવા પદાર્થોને ત્યા એકઠા કરવામા આવ્યા હતા, આમતેમથી દાખલ થતા તથા બાહાર નિકળવામાં પ્રવૃત્ત થયેલા મનુષ્યોની ભીડવાળું હતું, તે ઘરમા હું મંગળપાઠ ભણનારા બ્રાહ્મણોની સાથે મારી પાસે શસ્ત્ર છે એમ કોઈ જાણે નહિ તેમ શસ્ત્ર લઇને પેસી ગયો ત્યા અથર્વવેદની વિધિથી અગ્નિની સાક્ષીએ અર્પણ કરવામા આવનારા અંબાલિકાના પાણિપલ્લવને અર્પણ કરવામા ગ્રહણ કરવાની ઇચ્છાથી ચંડવર્માએ પોતાનો લાંબો બાહુદંડ લાંબો કર્યો કે, મે તેને ખેંચીને તેની છાતીમાં છરીનો પ્રહાર કર્યો. તે સમયે બીજા કેટલાએક મારી સામે ચઢી આવ્યા તેઓને પણ મેં યમના લોકમાં મોકલી દીધા તેના ઘરમા ઘણા મરણ પામ્યા,

અને ઘણા ઘાયલ થયા, અને હું તે ઘરમાં ફરવા લાગ્યો. એટલામાં મેં સન્મુખ કંપતાં સુંદર ગાત્રોવાળી અને વિશાળ નેત્રવાળી એક રાજકન્યાને દીઠી કે તેના આલિંગનના સુખનો અનુભવ કરવાની ઇચ્છાથી તેને લઇને જેવો ઓરડામાં હું દાખલ થયો, કે એ જ ક્ષણે તમારા નવા મેઘની ગર્જના જેવા ગંભીર સ્વરે મારા ઉપર અનુગ્રહ કર્યો.

રાજા રાજવાહન પણ આ વૃત્તાત સાંભળી મંદ હાસ્ય કરીને બોલ્યો:–"તું તો કઠિન કર્મો કરીને કર્ણીસૂતના (મૂળ દેવના) કરતાં પણ આગળ વધી ગયો કેમ ?" આ રીતે કહીને પુનઃ ઉપહારવર્મા તરફ જોઇને બોલ્યો કે:–"હવે તારો વારો આવ્યો છે. માટે તારુ ચરિત્ર તું કહે." તેણે પણ મંદ હાસ્ય કરી, પ્રણામ કરીને પોતાનું ચરિત્ર કહેવાનો આરંભ કર્યો

ઇતિ શ્રીદંડિવિરચિત દશકુમારચરિતમા "અપહારવર્માનુ ચરિત્ર" એ નામનો ઉચ્છ્વાસ ૨ જો સમાપ્ત

ઉચ્છ્વાસ ૩ જો

ઉપહારવર્માનું ચરિત્ર

હું ફરતો ફરતો એક દિવસે વિદેહ દેશમાં ગયો, અને વિદેહની રાજધાની મિથિલા નગરીમાં દાખલ નહિ થતા બાહાર એક નાના મઠમા વિશ્રાંતિ લેવા માટે ગયો. ત્યાં કોઈ વૃદ્ધ તાપસીએ પગ ધોવા માટે જળ આપ્યું–(તેનાથી પગ ધોઇને) ક્ષણવાર ઓટલા ઉપર બેઠો. તે તાપસી મને જોતાં જ વર્ણવી શકાય નહિ તેવી રીતે ધારાબદ્ધ આંસુ પાડવા લાગી. એટલે મે પૂછ્યું:–"માજી! આ શું? રડવાનું કારણ કહો?" તેણે દયા સાથે કહેવા માડ્યું:–

"આયુષ્મન્! આ મિથિલા નગરીનો પ્રહારવર્મા નામનો રાજા હતો એમ સંભળાય છે. તેનો મગધદેશનો રાજા રાજહંસ પરમ મિત્ર હતો તે બન્નેની વસુમતી તથા પ્રિયંવદા નામની રાણીની વચ્ચે બલ તથા સંબલ નામના અસુરની પેઠે અનુપમ સહીપણા હતાં. પ્રિયસખી વસુમતી પ્રથમ ગર્ભ રહેવાથી ભાગ્યશાળી થઈ, ત્યારે તેને જોવાની ઇચ્છાથી પ્રિયંવદા પોતાના ભર્તારની સાથે (મગધની રાજધાની) પુષ્પપુરીમાં* ગઈ હતી તે જ સમયે મગધના રાજાને માળવાના રાજાની સાથે મહાન્ યુદ્ધ થયું હતું. તે યુદ્ધમાં મગધનો રાજા લેશભાર પણ જાણી શકાય નહિ તેવી સ્થિતિમાં આવી પડ્યો, સર્વથા ગુમ થઈ ગયો મિથિલાનો રાજા પ્રહારવર્મા માલવાના રાજાના પ્રયત્નથી† જીવતો રહ્યો હતો તે પોતાના દેશમાં પાછો ફર્યો, તે સમયે તેણે સાભળ્યું કે, પોતાના જ્યેષ્ઠ ભાઈ સંહારવર્માના વિકટવર્મા વગેરે પુત્રોએ પોતાનું રાજ્ય તાબે કરી લીધું છે તે ઉપરથી તે સુહ્મનો‡ રાજા જે પોતાનો ભાણેજ થતો હતો, તેની પાસેથી થોડુંક સૈન્ય માંગવાની ઇચ્છાથી સુહ્મ દેશમા જવામાટે અરણ્યના માર્ગમાં દાખલ થયો ત્યાં ભિલ્લોએ તેનું સર્વ ધન લુંટી લીધું. તે સમયે તેનો નાનો પુત્ર મારા હાથમા હતો; તેની સાથે હું વનચર=ભિલ્લના બાણના મારાના ભયથી નાસી જઈને એક વનમાં દાખલ થઈ. ત્યા સિંહના પંઝામાં

---

* મગધની રાજધાની–હાલનું પટણા.

† માળવાના રાજા માનસારે પોતાના સિપાઇઓને આજ્ઞા કરી હતી કે, તેને જીવથી મારવો નહિ તેથી તે જીવતો રહ્યો હતો.

‡ સુહ્મદેશ પૂર્વ બંગાળાની પૂર્વ દિશામા છે, અને તેને હમણા આસામ કહે છે.

સપડાઈ જવાથી નિચે પડી ગઈ, અને મારા હાથમાંથી તે બાળક પડી ગયો. તે કોઇક કપિલા ગાયના શબના વક્ષ.સ્થળ ઉપર પડ્યો તથા તેમા પેસી ગયો. તે પછી તે સિંહ પેલી ગાયના શબને ખેચવા લાગ્યો એટલામા તો ધનુષમાંથી છૂટેલા એક બાણે ક્ષણમા તેના પ્રાણ લીધા, અને ભિલ્લના છોકરાઓ તે બાલકને ત્યાથી લઈ ગયા હું મૂર્છા આવવાથી બેભાન થઈ પડી ગઈ હતી, તથા મને કોઈએક ગોવાળ ઉંચકી પોતાની ઝુંપડીમાં લઈ ગયો, અને દયાથી મારા ઘાવને પાટાપિંડી કરીને સારા કર્યા. સાજી થયા પછી મને મારા રાજાની પાસે જવાની ઇચ્છા થઈ, પરંતુ કોઈ સહાયક ન હોવાથી હું ગભરાવા લાગી. એટલામાં મારી જ દીકરી કોઇએક તરુણ પુરુષની સાથે તે જ પ્રદેશમા આવી અને અત્યંત રડવા લાગી, અને રુદન કર્યા પછી સથવારામાંથી છૂટી ગયા પછી પોતાના હાથમા રહેલા રાજપુત્રનું ભિલ્લના રાજાના હાથમા જવુ, કોઇએક ભિલ્લે પોતાના ઘાવને સારા કરવા, હું સાજી થયા પછી તે ભિલ્લે મારી સાથે પરણવાનો કરેલો વિચાર, હલકી જાતિના પુરુષની સાથે વિવાહ કરવાનો તિરસ્કાર આવવાથી તેને ના પાડવારૂપી કઠોરતા વાપરવી, એનાથી તે સહન ન થવાથી એકાંત વનમા મારુ માથું કાપવાની તયારી કરવી, એટલામા દૈવેચ્છાથી આ તરુણનું દૃષ્ટિએ પડવું, અને તેણે તે દુરાત્માને મારી નાંખવો અને મારી સાથે વિવાહ કરવો વગેરે કહી સંભળાવ્યું તે પછી પેલા પરણનારાને પૂછ્યું કે 'તું કોણ છે?' એટલે તેણે કહ્યુઃ—'હું મિથિલાના રાજા પ્રહારવર્માનો જ એક સેવક છું, અને કોઈ કારણને લીધે પાછળ રહી ગયો હતો. હવે તે રાજાની પાછળ જાઉં છું.' તે પછી હું તેની સાથે મિથિલાના રાજા પ્રહા-

રવર્માની પાસે ગઈ, અને અમે બન્ને જણીએ તેના પુત્રનું વૃત્તાત કહીને રાજાના તથા રાણી પ્રિયંવદાના કાનને બાળી નાંખ્યા.

તે રાજાએ પોતાના મોટાભાઇના પુત્રોની સાથે ઘણો વખત સૂધી યુદ્ધ કર્યું, તેમ તેના જ્યેષ્ઠ ભાઈના પુત્રોએ પણ અસહનપણાથી ઘણો વખત સૂધી અત્યંત યુદ્ધ કર્યું, અને ભાગ્યના દોષને લીધે તેના ભાઇના પુત્રોએ રાજા પ્રહાર વર્માને અને તેની રાણીને પણ કેદ કરી હું હીણભાગિણી આ વૃદ્ધાવસ્થામા પણ મારા આ ભાગ્યહીન જીવનનો ત્યાગ કરી શકી નહિ. તેથી મે સંન્યાસ ગ્રહણ કર્યો છે, અને મારી દીકરીએ, પોતાના ભાગ્યહીન જીવન ઉપર પ્રીતિ હોવાથી, વિકટવર્માની* મહારાણી કલ્પસુંદરીનો આશ્રય કર્યો છે (તેની નોકરીમા રહી છે) જો તે બન્ને રાજપુત્રો (મારા હાથમાથી તથા મારી પુત્રીના હાથમાથી ભિલ્લોએ છીનવી લીધેલા) વગર પીડાએ ઉછરી ગયા હોય તો આટલા સમયમા તારી આ ઉમ્મરના હોય, અને તે બન્ને કુમાર જીવતા હોય તો ભાગીદારો† પ્રહારવર્માના રાજ્યને બળાત્કારથી ભોગવી શકે નહિ.”

આમ કહીને તે અત્યંત શોકથી રડવા લાગી તે તાપસીની વાણી સાભળીને હું પણ સારી પેઠે રડ્યો, અને પછી મેં તેને ગુપ્ત રીતે કહ્યુ·–“માજી! આવી સ્થિતિ છે તથાપિ તમે ધીરજ ધરો. તમે જ્યારે વાઘના પંઝાના પ્રહારથી નિચે પડી ગયા હતા, તે અવસ્થામા તમે તે પુત્રને મેળવવા માટે કોઇએક મુનિની પ્રાર્થના કરી હતી. તે મુનિએ તે પુત્રને ભિલ્લની પાસેથી મેળવ્યો છે, અને તેને ઉછેરી મોટો કર્યો છે. આ વાર્તા ઘણી મોટી છે, એ કહેવાથી શો ફાયદો છે” તે હું પોતે

* પ્રહારવર્માના જ્યેષ્ઠભાઇનો પુત્ર

† વિકટવર્મા વગેરે ભાઇના પુત્રો

ઉપહારવર્મા છુ. હું હરકોઈ પણ રીતે વિકટવર્માની પાસે જઇને તેને મારી નાંખવા શક્તિમાન્ છું. પરંતુ તેના નાના ભાઇઓ ઘણા છે, અને નગરના તથા દેશના પુરુષો પણ તેઓની સાથે મળી જઇને તેઓને મદદ કરે છે પરંતુ મને આ નગરીનો કોઈ પણ પુરુષ પ્રહારવર્માના પુત્ર તરિકે જાણતો નથી મારાંપિતા પણ મને ઓળખતા નથી તો પછી બીજાઓ તો કેમ જ ઓળખે? (માટે) હું આ કાર્યને ઉપાયથી (વખત આવે) સાધીશ" આ રીતે મેં કહ્યુ

તે પછી પેલી વૃદ્ધાએ રુદન કરતા કરતાં મને આલિંગન કર્યું, વારંવાર માર મસ્તક સૂઘવા લાગી, તેનાં સ્તનમાથી દૂધ ઝરવા લાગ્યુ, અને તે ગળગળા અવાજે બોલીઃ- "ઓ પુત્ર! લાબા સમય સુધી જીવતો રહે! તારુ કલ્યાણ થાઓ! આજે ભગવાન્ ભાગ્યદેવ પ્રસન્ન થયા છે, અને આજે જ વિદેહ દેશ પ્રહારવર્માન આધીન થયો છે કારણ કે અત્યંત લાંબા અને સ્થૂળ બાહુવાળો તુ આજે આ છેડા વિનાના શોકસાગરમાથી પ્રહારવર્માને તારવામાટે હાજર થયો છો અહોહો!! દેવી પ્રિયંવદાના પણ મહાભાગ્ય છે!" આ રીતે કહીને હર્ષથી પરિપૂર્ણ થયેલી તે વૃદ્ધાએ ભોજન વગેરેથી મારી સેવા કરી તે પછી હુ તે મઠના એક ભાગમાં રાત્રે સાદડી ઉપર સૂઈ રહ્યો (સુતા સુતા) મેં વિચાર કર્યો કેઃ-'આ કાર્ય કપટ વગર સાધી શકાશે નહિ, અને સ્ત્રીઓ કપટોની ઉત્પત્તિનું એક ક્ષેત્ર હોય છે માટે આ વૃદ્ધ તાપસીની પાસેથી, રાજાના અંત.પુરનુ વૃત્તાત જાણી લઉ, અને તેના દ્વારા કંઇક જાલ (કપટ) રચું'

હું આ રીતે વિચાર કરતા હતો, એટલામાં જ મહાસાગરમાથી બહાર નિકળતા સૂર્યના ઘોડાઓના શ્વાસના વેગે

જાણે તિરસ્કારી કાઢી હોય તેમ રાત્રિ નાસી ગઈ, અને સમુદ્રમાં વાસ કરવાથી જાણે શીતળ હોય તેમ મંદ પ્રતાપવાળો સૂર્ય ઉદય પામ્યો. એટલે મેં ઉઠીને પ્રભાતનો સર્વ નિયમ વિધિ પૂર્ણ કર્યો, અને મારી તે માતાને પૂછયું;–'માજી! તું લુચ્ચા વિકટવર્માના અંતઃપુરનાં વૃત્તાંતને જાણે છે?' આ રીતે મારૂ બોલવું પૂર્ણ થયું ન હતું, એટલામાં જ કોઈ એક સ્ત્રી દૃષ્ટિએ પડી. તેને જોઈને તે મારી ધાવ હર્ષના આંસુથી રુધાયલા કંઠે બોલી:–'પુત્રિ પુષ્કરિકા! જો આ આપણા રાજાનો પુત્ર. મેં દયાવિનાનીએ વનમા આનો ત્યાગ કર્યો હતો, છતા તે ફરીને પણ આ પ્રમાણે અહીં આવ્યો છે.' તે સાંભળીને પેલી ધાવની પુત્રી ઘણા જ હર્ષમા આવી ગઈ, અને ઘણા સમય સૂધી રડી, ઘણો વિલાપ કર્યો અને પછી શાત પડી, એટલે તેની માતાએ તેને ફરીથી રાજાના અંતઃપુરનું વૃત્તાત કહેવા માટે આજ્ઞા કરી એટલે તે બોલી.–

"કુમાર! કામરૂપ દેશના રાજા કલિંગવર્માની પુત્રી કલ્પસુંદરી કળાઓના જ્ઞાનમા તથા રૂપમા અપ્સરાઓના કરતાં પણ ચઢિયાતી છે, અને તેણે પતિને તાબે કર્યો છે. વિકટવર્માને ઘણી રાણીઓ છે, છતા તેને એક કલ્પસુંદરી જ વહાલી છે." તે પછી મેં તેને કહ્યુ કે:–"હું તેને સુગંધી પદાર્થો અને પુષ્પો મોકલું છુ, તે લઈને તું એની પાસે જા, અને તારો પતિ તારા સમાન નથી એમ કહીને તેના દોષો દેખાડીને તથા તેની નિંદા વગેરે કરીને તેના પોતાના ભર્તાર ઉપર દ્વેષ ઉત્પન્ન કરાવ. યોગ્ય ભર્તારને પરણનારી વાસવદત્તા* વગેરેનાં વર્ણન કરીને તેના મનમાં પશ્ચાત્તાપ ઉત્પન્ન

* કથાસરિત્સાગર, બૃહત્કથામજરી, અને બૃહત્કથામા તેની કથા છે. જુઓ ગુજરાતી પ્રેસનો 'કથાસરિત્સાગર'

કરાવ. રાજા બીજી રાણીઓની સાથે અત્યંત ગુપ્ત વિલાસ કરતો હોય તે વિલાસોને પણ પ્રયત્નથી શોધી કાઢીને તે કલ્પસુંદરીની પાસે જાહેર કર, અને કલ્પસુંદરીના અભિમાનમાં વધારો કર ’ તે પછી મેં ફરીને તેની માતાને આ રીતે કહ્યુઃ–‘તારે પણ બીજા સર્વ કાર્ય તજી દઈને આ રાણીની સેવામા હાજર રહેવું, અને પ્રતિ દિવસ ત્યાં જે જે બનાવ બને, તે તારે જ મને જાણ કરવા, અને મારા કહેવાથી તારી આ પુત્રી પણ પરિણામે મધુરા ફળ આપનારા મારા આ કાર્યને સિદ્ધ કરવા માટે અવિનાશી છાયાની પેઠે કલ્પસુંદરીને અનુસરે ’ તે પછી તે બન્ને જણી તે પ્રમાણે જ તે કાર્ય કરવા લાગી

કેટલાએક દિવસો વીત્યા પછી મારી માતાએ મને કહ્યુ.–‘બેટા ! માધવીલતા જેમ લીમડાનું આલિંગન કરીને પોતાના આત્માને શોક કરવાયોગ્ય માને, તે પ્રમાણે જ યુક્તિથી તે રાણીને સમજણ આપીને મેં કરી મૂકી છે. અધિક કયું કાર્ય કરવાનુ છે ? (તે મને કહે) ’ તે પછી મેં મારી એક છબી આલેખીને (તેને આપી, અને કહ્યું.) ‘આ છબી રાણીની પાસે લઈ જવી રાણી આ છબીને નિરખીને અવશ્ય આ પ્રમાણે કહેશે કે –‘આવા આકારવાળો કોઈ પુરુષ છે ?’ એટલે તારે એને પ્રત્યુત્તર આપવો કે, ‘જો હોય તો તેથી શો ફાયદો ?’ તેનો તે જે ઉત્તર આપે તે તારે મને જણાવવો.’ તે વૃદ્ધ તાપસી ‘તથાસ્તુ’ એમ કહી રાજમહેલમાં ગઈ, અને રાણીને ચિત્રપટ દેખાડીને પાછી આવી, અને મને એકાંતમાં નિવેદન કરવા લાગી.–‘બેટા ! ! યૌવનમદથી સુંદર લાગતી તે સ્ત્રીને મે આ ચિત્રપટ દેખાડ્યો એટલે એ સ્ત્રી આશ્ચર્ય પામીને બોલી કે·–‘આણે આ લોકને નાથવાળો કર્યો છે, કારણ કે, કામ-

દેવના શરીરની પણ શોભા આવી નથી (એમ મને લાગે છે). આ ચિત્ર વિશેષ આશ્ચર્ય ઉપજાવનારુ છે. આ નગરીનો રહેવાસી આવું ચિત્ર આલેખતો હોય, એમ હું જાણતી નથી. આ ચિત્ર કોણે આલેખ્યું છે?” આ રીતે રાણીએ ચિત્રનો સત્કાર કર્યો અને પૂછ્યું એટલે મેં હસીને કહ્યુઃ–‘દેવિ! તમે યોગ્ય આજ્ઞા કરો છો. ભગવાન્ કામ પણ આવો સુંદર છે એમ સુંદરતામાં આની સાથે સરખાવી (કહી) શકાય નહિ. છતાં આ પૃથ્વી વિસ્તારવાળી છે. દૈવની શક્તિથી કોઈ ઠેકાણે આવું રૂપ પણ સભવે જો આવો રૂપાળો, અને રૂપ પ્રમાણે શિલ્પ* જાણનારો, શીલસંપન્ન†, વિદ્યામા‡ તથા લીપિ (અક્ષરવિદ્યા) વગેરેના જ્ઞાનમા કુશળ, તરુણ અને મહાકુલીન કોઈ પુરુષ સમીપમાં હોય તો તેને શો લાભ થાય?” રાણી બોલી.–“માજી! શું કહું? આ શરીર, આ હૃદય, અને આ જીવતર આ સર્વ તેને માટે અલ્પ અને અયોગ્ય છે. તેથી તેને કોઈ પણ જાતનો લાભ થશે નહિ. આ જો ઠગાઈ ન હોય, તો તે પુરુષના દર્શનનો અનુભવ કરાવીને આ નેત્ર જે પ્રમાણે સફળ થાય, તે પ્રમાણે તારે અનુગ્રહ કરવો યોગ્ય છે.” મેં ફરીને પણ તેને વધારે દૃઢ કરવાને માટે વાર્તાનો આરંભ કર્યોઃ–‘કોઈ એક રાજપુત્ર છે, તે છૂપી રીતે (અત્રે) ફરે છે. વસંતોત્સવમા સખીઓની સાથે મૂર્તિમતી રતિના જેવી તું આ નગરના ઉપવનમાં વિહાર કરતી હતી, તે સમયે દૈવેચ્છાથી એની દૃષ્ટિએ પડી હતી, તેથી તે કામના બાણોથી ઘાયલ

* ચિત્ર, કોતરકામ વગેરે કારીગરીને શિલ્પ કહે છે

† તેર પ્રકારના શીલ છે.

‡ પુરાણ, ન્યાય, મીમાસા, ધર્મશાસ્ત્ર, ચારવેદ અને તેના છ અગ આ અઢાર વિદ્યા કહેવાય છે

થઈ ગયો છે, અને મને અનુસર્યા કરે છે. તે ઉપરથી તમારા બન્નેનાં પરસ્પરમાં યોગ્ય અને બીજાને દુર્લભ એવાં રૂપાદિકથી તથા ઉત્તમ ગુણોથી પ્રેરાઈને તેણે જ ગુંથેલા પુષ્પના મુકુટો, પુષ્પની માળાઓ, અનુલેપનો (ઉદ્વર્તન) વગેરેથી ઘણો વખત થયા હું તારી સેવા કરૂ છું વળી એ પુરુષે પંડે જ પોતાની છબી ચિતરીને તારા હૃદયની સ્થિરતા જાણવા માટે મોકલી છે તેં પ્રથમ કહેલી વાર્તા જો સત્ય હોય તો (તું તારો આત્મા તેને સમર્પણ કરતી હોય તો) એના બળ, પરાક્રમ, અને બુદ્ધિ અલૌકિક છે. તેથી તેને કોઈ પણ કાર્ય કરવુ કઠિન નથી તને તેના આજે જ દર્શન કરાવું, માટે સંકેત* કર' રાણીએ થોડાક વિચાર કરીને ફરીથી કહ્યું.–'મા! હવે તારી પાસે આ વાત વિશેષ છૂપાવવી યોગ્ય નથી, માટે કહું છુ. મારા પિતાને રાજા પ્રહારવર્માની સાથે ઘણી પ્રીતિ હતી, અને મારી માતા માનવતીની દેવી પ્રિયંવદા પરમ સખી હતી પોતાને સંતાન થયા ન હતાં, ત્યારે જ તે બન્નેએ એવો ઠરાવ કર્યો હતો કે, 'આપણા બેમા જેને પુત્ર આવે, તેના પુત્રને દીકરીવાળીએ પુત્રી આપવી' હુ જન્મી કે મારા પિતાએ પ્રિયંવદાનો પુત્ર ખોવાઈ ગયો છે, એમ જાણીને વિકટવર્માની માગણીથી દૈવયોગે તેની સાથે મારો વિવાહ કર્યો. આ વિકટવર્માં સ્વભાવે ક્રૂર છે, કાકાનો દ્રોહી છે, તેના શરીરના અવયવો ઘણા સારા નથી, તેણે કામશાસ્ત્રમાં નિપુણતા મેળવી નથી, કળાઓમા તથા કાવ્ય નાટકાદિકમાં તેનો થોડો પ્રવેશ છે, શૌર્યને લીધે ઉન્મત્ત રહે છે, પોતાને વખાણનારો છે, અસત્યવાદી છે, અને અયોગ્ય ઠેકાણે ધન વર્ષ-

* પ્રથમથી અમુક ઠેકાણે મળવુ, આવો વિચાર કરવો તેનુ નામ સંકેત.

નારો (આપનારો) છે. આ ભર્તાર મને બહુ ગમતો નથી, તેમાં પણ આ વસંતના દિવસોમાં તો વિશેષે કરીને ગમતો નથી. ઉદ્યાનમાં મારી અંતરંગ[૧] પરિચારિકા પુષ્કરિકા તેની પાસે ઉભી હતી, તેનો પણ અનાદર કરીને, શોક્યના સંબંધથી મારી સાથે મત્સરતા રાખનારી, અનાત્મજ્ઞા (મુર્ખી) એવી પોતાની નાચનારી રમયંતિકાને, મેં સંતાન પ્રમાણે ઉછેરીને મોટી કરેલી ચંપાની લતાનાં પુષ્પોને પંડે વીણીને તેનાથી આણે તેને શણગારી, અને પછી મેં ભોગવીને તજી દીધેલા, ક્રીડા-પર્વત ઉપરની ગુફાની વેદિકા ઉપર ઢાળેલા રત્નના પલંગ ઉપર તેની સાથે વિહાર કર્યો. એ પુરુષ અયોગ્ય છે, અને મારુ અપમાન કરવાને તૈયાર થયો છે, માટે મારે તેની હવે શા માટે દરકાર કરવી જોઇએ ? આલોકના દુઃખની આગળ પરલોકનો ભય ઢંકાઈ ગયો છે, અર્થાત્ મને પરલોકનો ભય ઓછો લાગે છે ખરેખર જેઓનુ ચિત્ત કામનાં બાણને રહેવાનું સ્થાનરૂપ થયેલુ છે, એવી સ્ત્રીઓને અણગમતા પુરુષના સહવાસમાં રહેવારૂપી તાબેદારીથી જે દુઃખ થાય છે, તે દુ.ખ અસહ્ય હોય છે માટે તું આ પુરુષની સાથે મને આજે જ ઉદ્યાનમા આવેલા માધવીલતાના મંડપમા સમાગમ કરાવ તે પુરુષની વાર્તા સાભળતા જ મારુ મન અત્યંત પ્રીતિવાળું થયું છે આ ધનનો ઢગલો છે, તેનાથી વિકટવર્માના સ્થાનક ઉપર એને સ્થાપન કરીને તેની જ અત્યંત સેવા કરીને હુ જીવન ગાળીશ હું પણ તે વાત સ્વીકારીને પાછી આવી છું. હવે પછી શુ કરવું, તેને માટે આપ રાજકુમાર પ્રમાણ છો (માન્ય છો)

---

[૧] સર્વ રહસ્ય જાણનારી ખાસ ચાકરડી

તે પછી મેં તે વૃદ્ધાની પાસેથીજ અંતઃપુરના પ્રદેશને, અંતઃપુરના અધિકારીઓનાં સ્થાનોને, તથા પ્રમદવનના પ્રદેશોને પણ વિભાગવાર જાણી લીધા; અને અસ્તાચલ પર્વતના શિખર ઉપરથી પડવાને લીધે નિકળતા રુધિરથી જાણે લાલ રંગનુ થઈ ગયું હોય, તેમ સૂર્યનુ બિંબ લાલ* રગનું થઈ ગયું, અને પશ્ચિમ સમુદ્રના પાણીમાં પડવાથી ઠરી ગયેલા સૂર્યરૂપી અંગારાના ધૂમાડાના સમુદાય જેવા જણાતા અધારાથી આકાશ ભરપૂર થઈ ગયુ, અને પોતાના ગુરુની પત્ની(તારા) ની ઇચ્છા કરનારો અને ગ્રહોનો અગ્રેસર ચંદ્ર, પરસ્ત્રીની સાથે ગમન કરવામા ઉત્કંઠાવાળો જે હું, તેનુ જાણે ગુરુપણુ કરવાને તત્પર થયો હોય તેમ ઉદય પામ્યો, અને કલ્પસુદરીના મુખકમળ જેવા દેખાતાં, મારાં દર્શનની અતિ ઇચ્છા હોવાથી પ્રથમથી જ હાજર થયેલા, મદ હસતાં ચંદ્રના મંડળથી જગતને જિતવાની ઇચ્છાથી તત્પર થયેલા કામદેવના પરાક્રમમા વૃદ્ધિ થઈ તે સમયે હુ યોગ્ય શય્યામા સૂતો અને વિચાર કરવા લાગ્યો કે –'આ કાર્ય ઘણુ કરીને સિદ્ધ જ થઈ ગયું છે કિંતુ પરસ્ત્રીની સાથે સમાગમ કરવાથી ધર્મને હાનિ પહોંચે, પરતુ જો અર્થનો અને કામનો બન્નેનો લાભ થતો હોય તો શાસ્ત્રકારોએ ધર્મની હાનિને પણ માન્ય જ કરી છે ગુરુજનને કેદખાનામાથી છોડાવવાના ઉપાય તરિકે હું જો આ પાપ કરીશ તો, તે પાપકર્મ પણ પાપનો નાશ કરીને ધર્મના કેટલાએક અંશથી મને સંપૂર્ણ બનાવશે પરંતુ આ વાર્તા સાભળીને રાજા રાજવાહન અથવા તો મિત્રો શું કહેશે ?' આ રીતે ચિંતાપરાધીન હું નિદ્રાવશ

* કવિ અહીંથી સાયકાળનુ વર્ણન કરે છે સૂર્યનો અસ્ત થાય છે, અને રાત્રિનો આરભ થાય છે.

થઈ ગયો. સ્વપ્નમાં મને ભગવાન્ ગણપતિનાં દર્શન થયાં. તેમણે કહ્યું:-'ઓ સૌમ્ય ઉપહારવર્મા! તારે મનમાં ખરાબ વિચાર કરવા નહિ. કારણ કે તું મારા અંશમાંથી ઉત્પન્ન થયો છો, અને આ સુંદરાંગી શંકરના જટાસમુદાયના લાડને સેવવાયોગ્ય ઉત્તમ દેવનદી (ગંગા) છે એક દિવસે મેં ગંગા નદીને ડોળી નાખી હતી તે સહન નહિ કરવાથી તેણે મને શાપ આપ્યો કે,-'તું મનુષ્યયોનિમા અવતર!' એટલે મેં પણ તેને શાપ આપ્યો કે:-'જેમ આલોકમા તને ઘણા ભોગવે છે, તેમ મનુષ્યનો જન્મ પામ્યા પછી પણ અનેક મનુષ્યો તારો ઉપભોગ કરશે' તે પછી એણે મારી પ્રાર્થના કરી કે,-'એક પુરુષની સાથે વિવાહ કર્યા પછી યાવજ્જીવિત તમારી જ સેવા કરીને તમારી સાથે વિહાર કરુ, આવો અનુગ્રહ કરો' માટે તારે આ કલ્પસુંદરીનો ઉપભોગ ઉત્તમ જ માનવો. તેને માટે શંકા કરવી નહિ' આ રીતે સ્વપ્ન પૂરુ થયું, અને હું જાગૃત થયો. તે પછી મેં પ્રસન્ન થઇને પ્રિયાની સાથે કેવી રીતે સંકેત કરવો તથા સમાગમ કરવો, વગેરેના વિચારમાં તે દિવસ પણ ગાળી કાઢયો.

બીજે દિવસે કામદેવ એકલો મારી જ પાછળ પડ્યો હતો. તેથી તે મારા ઉપર જ બાણની વૃષ્ટિ કરવા લાગ્યો. તે પછી સૂર્યનું પ્રભામય તળાવ સૂકાઈ ગયું, અંધારારૂપી કાદવ ફેલાઈ ગયો; એટલે મેં શ્યામરંગનાં વસ્ત્રો પહેર્યાં, મજબૂત કમર કસી હાથમાં તરવાર લીધી, વર્તમાન કાર્યમાં ઉપયોગી એવી સામગ્રી લઈ લીધી, અને ધાવે કહેલાં એંધાણને સંભારતો સંભારતો ઉંડા પાણીથી ભરેલી રાજમંદિરની એક ખાઇની પાસે ગયો; અને માતાના (ધાવના) ઘરના બારણા આગળ પુષ્કરિકાએ પ્રથમથી જ મૂકી રાખેલી વાંસની લાકડી લઈ

ગયો હતો, તેને ખાઇની ઉપર લાંબી સુવરાવી, તેના ઉપર થઇને ખાઇને ઓળંગી ગયો; તે પછી લાકડીને ઉભી કરીને તેના ઉપર ચઢીને કિલ્લાની ભીંતને ઓળંગી ગયો; તે પછી રાજમહેલના દરવાજા ઉપર ચઢ્યો, અને ત્યાં દરવાજાની ઉપરના માળ ઉપર ચઢવામાટે પાકી ઇંટનાં પગથિયાં બાંધ્યા હતા, તે માર્ગે થઇને જમીન ઉપર ઉતરી પડ્યો; જમીન ઉપર ઉતર્યા પછી બોલસરીની વીથીને* માર્ગે જરાક આગળ ગયો અને પછી ચંપકની વૃક્ષઘટાના માર્ગે સહજ આગળ ગયો કે, ઉત્તર દિશામા દૂર ચકુવાકના જોડાનો એક કરુણાજનક અવાજ સાભળવામા આવ્યો; તે પછી ઉત્તર દિશા તરફ આવેલા પાટલીવૃક્ષની† વીથીમાં થઇને એક બાણ ફેંકે અને તે જેટલે દૂર જાય તેટલે દૂર, મોટા રાજમહેલની ભીંતના પેટાળનો સ્પર્શ કરતો કરતો ગયો ત્યાથી પાછો પૂર્વ દિશા તરફ ગયો. ત્યા માર્ગના બન્ને ભાગને રક્ત અશોકથી તથા મલ્લિકાથી શોભાયમાન કર્યા હતા, અને માર્ગ ઉપર રેતી પાથરી હતી. તે માર્ગેથી જરાક ઉત્તર દિશા તરફ જઇને દક્ષિણ દિશા તરફ આવેલી આંબાના વૃક્ષોની વીથીમા દાખલ થયો, અને પછી દાબડાના આકારના એક ફાનસને જરાક ઉઘાડ્યું કે તેમાંથી દીવાની વાટનો પ્રકાશ બહાર નિકળ્યો તેનાથી મે અત્યંત ગહન એવો માધવીલતાનો મંડપ જોયો તે મંડપમા રત્નની વેદિકા (ઓટલી) રચેલી હતી. તે માધવીલતાના મંડપમાં હું દાખલ થયો. ત્યા એક ભાગ ઉપર એક ઓરડો હતો.

* વીથી–બે બાજુએ બોલસરીના વૃક્ષો વાવીને વચ્ચે જવા માટે કરેલા નાના માર્ગને વીથી કહેવામા આવે છે.

† પાટલિવૃક્ષ કાકચીયાનુ ઝાડ.

પ્રફુલ્લિત થયેલાં પુષ્પોથી ભરપૂર એવા બપોરિયાના રોપાઓથી આ ઓરડાની ભીંત કરવામાં આવી હતી તે ઓરડાના બારણાઓ પૃથ્વી ઉપર ફેલાયલી રક્તાશોકની લતાનાં બનાવેલાં હતા, પુષ્પોની નવીન કળીઓરૂપી રોમાંચથી તે રોમાચિત હતા, અર્થાત્ ખડબચડા હતા, અને નવીન પલ્લવના જથ્થાથી પાટલ* રંગના હતા તેને ઉઘાડીને તેમાં હું દાખલ થયો ત્યાં સુંદર ઓછાડથી ઓછાડેલું પુષ્પનુ શયન રચેલુ હતું, કમલિનીના પાદડાના પડીઆઓમા સુરતક્રિયામા ઉપયોગી થઈ પડે તેવી સામગ્રીઓ ભરી હતી, પાસે દાતના હાથાવાળો તાલનો પખો પડ્યો હતો, સુગધી જળથી ભરેલી ઝારી પડી હતી ત્યા બે ઘડી બેસીને હું વિશ્રાંતિ લેવા લાગ્યો, અને અત્યંત સુગધી પદાર્થને સુઘવા લાગ્યો એટલામા પગનો ધીમો ધીમો અવાજ સાભળવામા આવ્યો તે સાભળતાવેંત જ હું સકેતના ઘરમાથી બહાર નિકળ્યો અને રક્તાશોકના સ્કંધના પડખાથી (મારા) શરીરને છૂપાવીને ઉભો રહ્યો એટલામાં સુદર ભ્રુકુટિવાળી અને અત્યંત કામાતુર બનેલી તે સ્ત્રી ધીરે-ધીરે માધવીલતાના મંડપમા આવી, પરતુ ત્યા મને દીઠો નહિ, એટલે તે અત્યત ખિન્ન થઈ ગઈ, અને મદમત્ત રાજહંસીની પેઠે કંઠના રાગને લીધે મધુર લાગતી ગળગળી વાણીથી બોલી ઉઠી –“અરેરે! મને સ્પષ્ટ રીતે ઠગવામા આવી છે હવે જીવવાનો ઉપાય રહ્યો નથી ઓ હૃદય! આ અકાર્યને કાર્યના જેવુ ખાતરીપૂર્વક માની લીધુ, પરતુ તે કાર્ય ન થવાથી આમ ઉતાવળું શા માટે થાય છે? ઓ ભગવન્ કામ! મેં તારો

---

* શ્વેત તથા રાતો રગ એકઠો હોય ત્યારે તે પાટલ રગ કહેવાય છે.

શો અપરાધ કર્યો છે, કે જેથી તું મને આ પ્રમાણે બાળ્યા કરે છે, પરંતુ ભસ્મ કરતો નથી ?”

એટલામા હું જાહેર થયો, અને (મારાં) ફાનસને ઉઘાડું કરીને બોલ્યોઃ–“ભામિનિ ! તે કામનો ઘણો અપરાધ કર્યો છે, કારણ કે તે તારા રૂપથી તેની જીવિત સમાન રતિનો તિરસ્કાર કર્યો છે, ભ્રુકુટિની બે લતાથી કામના ધનુષના કામઠાનું અપમાન કર્યું છે, શ્યામ રંગના કેશપાશની કાતિથી ભ્રમરની માળાવાળી કામના ધનુષની દોરીનું અપમાન કર્યું છે, કટાક્ષપૂર્વક અવલોકનથી કામના અસ્રોનુ અપમાન કર્યું છે, અધરના (ઓઠના) કિરણોથી કામની કુસુંબા રંગની ધ્વજાના વસ્ત્રનું અપમાન કર્યું છે, અત્યંત સુગંધી એવા મુખના પવનથી તેના મુખ્ય મિત્ર મલયના પવનનુ અપમાન કર્યું છે, અતિ મધુર પ્રલાપોથી કોયલના ટૌકાનુ અપમાન કર્યું છે, ભુજલતાથી તેની પુષ્પની પતાકાનો પરાજય કર્યો છે, સ્તનરૂપી બે કુંભવડે દિગ્વિજયના આરંભમા મૂકવામા આવતા તેના પૂર્ણ કુભનું અપમાન કર્યું છે, નાભિમંડળથી તેનાં ક્રીડા સરોવરનુ અપમાન કર્યું છે, તારા નિતંબમંડળે કામના સંગ્રામ માટે સજ્જ કરેલા રથના ચક્રનુ અપમાન કર્યું છે, તારા બન્ને સાથળે કામદેવના ભવનના રત્નોથી જડેલા છજાના સ્તંભનું અપમાન કર્યું છે, ચરણના તળિયાની કાતિથી કામે વિલાસાર્થે કાન ઉપર ખોસેલા નવપલ્લવનુ અપમાન કર્યું છે, માટે મીનકેતુ* (કામ) તને દુઃખ દે છે તે યોગ્ય જ છે. પરંતુ એ મને નિરપરાધીને અધિક પરિશ્રમ આપે છે, એ જ તેનો દોષ છે. માટે, હે સુંદરિ ! મારા ઉપર પ્રસન્ન થા, અને જીવનની ઔષધિના

* જેની ધ્વજામા માછલાનુ ચિહ્ન છે તે અર્થાત્ કામ.

જેવાં કટાક્ષોથી કામરૂપી સર્પે કરડેલા આ પુરુષને જીવાડ." આમ કહીને મેં તેને આલિંગન કર્યું, અને પછી હું કામની ઇચ્છાથી મનોહર લાગતાં વિશાળ નેત્રોવાળી તે સ્ત્રીની સાથે રમવા લાગ્યો. તે સ્ત્રીનું કાર્ય પૂર્ણ થઈ ગયું (અર્થાત્ તે સ્ખલિત થઈ ગઈ;) તેનાં નેત્ર લાલ રંગના અને વક્રાકાર થઈ ગયાં, તેના કપોલનો મૂળપ્રદેશ પરસેવાનાં અલ્પ બિંદુથી ખડબચડો થઈ ગયો, તે અટક્યા વગર આનંદના અવ્યક્ત શબ્દો ઉચ્ચારવા લાગી, તેના શરીર ઉપર કરેલા દાતના તથા નખના રાતા ક્ષતો દેખાવા લાગ્યા, તેનાં અંગો (શરીરના અવયવો) અત્યંત શિથિલ થઈ ગયા, અને તેને પીડિતા થઈ હોય તેવી જોઇને હું પણ મારી માનસિક*

* જ્યા સુધી મનની અને શરીરની ધારણા એક હોતી નથી ત્યા સુધી કોઈ પણ કાર્ય સિદ્ધ થાતું નથી મન એ ઇંદ્રિયોનુ નેતા છે. મન બીજા વિષયમા રોકાયુ હોય ત્યા સુધી ઇંદ્રિયો પોતાનુ કાર્ય કરી શકતી નથી, પરતુ મન જ્યારે તે તે ઇંદ્રિયને સહાય કરવા માડે છે ત્યારે જ તે તે ઇંદ્રિય પોતાનુ કાર્ય કરી શકે છે પુરુષ વિષયમા પ્રવૃત્ત થાય, પરતુ જ્યા સુધી તેમા તેણે મન આપ્યુ ન હોય ત્યા સુધી તે સ્ખલિત થતો નથી. ઉપહારવર્મા કલ્પસુદરીની સાથે વિહાર કરતો હતો, પરતુ તેણે પોતાના મનની ધારણાને શરીરની ધારણાથી ભિન્ન જ રાખી હતી, તેથી કલ્પસુદરી સ્ખલિત થઈ ગઈ, પણ ઉપહારવર્મા સ્ખલિત થયો જ નહિ પરતુ જ્યારે તેણે મનની ધારણાને શરીરની ધારણા સાથે એકત્ર કરી દીધી ત્યારે તે સ્ખલિત થયો. આ જ વિષય ઉપર વાત્સ્યાયનકૃત કામસૂત્રમા પણ આ પ્રમાણે કહ્યું છે:—

"शरीरधारणा यत्तु भौतिक तु निरीक्षणम् ।
मानसं तु मुनीना स्यादाश्रमेषु विसर्पणम्
अभ्यासाद्धारयेद्रेतो यावत्स्यात्कृतिनिर्वृतिः ॥

ધારણાને તથા શારીરિક ધારણાને શિથિલ કરી દઈને સ્ખલિત થઈ ગયો; અને પછી તેજ ક્ષણે અમે બન્ને છૂટાં પડી ગયાં, અને સુરતને અંતે* કરવાનું કાર્ય કર્યું તે પછી અમે બન્ને જાણે ઘણા સમયના ઓળખીતાં હોઈએ તેમ અત્યંત ગુહ્ય બાબતમા એક બીજાનો વિશ્વાસ રાખીને ક્ષણભર બેઠાં તે પછી મેં ફરીને ઉષ્ણ અને લાંબો નિઃશ્વાસ નાખી, દૃષ્ટિને જરાક દીન કરી, આશ્ચર્ય સાથે બે હાથ લાબા કરીને બહુ દબાય નહિ તેવી રીતે કલ્પસુંદરીને આલિંગન કરીને આછુ ચુંબન કર્યું તે પછી તે સ્ત્રી આખમા આસુ આણીને બોલી:– "નાથ ! જો તમે જશો તો, મારુ જીવન પણ ગયું જ જાણજો ! મને પણ સાથે લઈ જાવ નહિતર આ દાસજન (દાસી) નકામી છે" આમ કહી તે સ્ત્રીએ બે હાથ જોડી મસ્તક ઉપર મૂકીને મને પ્રણામ કર્યા એટલે તેને મેં કહ્યુ:–"અલિ મુગ્ધે ! કયો સહૃદય પુરુષ સામી ચહાનારી સ્ત્રીને અભિનંદન આપતો નથી? જો તારો અભિપ્રાય મારો ઉદ્ધાર કરવા માટે ખાતરી ભર્યો હોય તો હું તને જે કહું, તેનો તારે વિચાર કર્યા વગર અમલ કરવો"

—ભૌતિક પદાર્થોને જોયા કરવા એટલે ઈંદ્રિયોદ્વારા સેવવા, તેનુ નામ શરીરધારણા, અને મુનિઓના આશ્રમમા મનને લઈ જવુ તેનુ નામ માનસિક ધારણા. શારીરિક અને માનસિક ધારણાનો અભ્યાસ કરીને તેથી સામી સ્ત્રી સ્ખલિત થાય ત્યાસુધી પોતાના વીર્યને ધારણ કરી રાખવુ, એ મહત્તા છે." ઉપહારવર્મા કામશાસ્ત્રવેત્તા હતો, તેથી તેણે પણ પોતાના વીર્યને કામશાસ્ત્રોક્ત ધારણાથી અટકાવી રાખ્યુ હતુ, એમ ઉપરની કથાથી સ્પષ્ટ થાય છે

* મૈથુનને અતે કેટલાએક સ્નાન કરે છે, ત્યારે કેટલાએક વીર્યવર્ધક પૌષ્ટિક પદાર્થ ખાય છે

"સાંભળ, તું રાજાને એકાતમાં મારી છબી જેવી છબીવાળો ચિત્રપટ દેખાડ, અને તેને પૂછ કે:-'આ છબી પુરુષના સૌદર્યની સીમાને પહોંચી છે કે નથી પહોંચી?' તે ખાતરીથી કહેશે, 'હા, સૌંદર્યની સીમાને પહોંચી છે' એટલે તારે તેને ફરીને પ્રશ્ન કરવો કે.-'જો એમ હોય તો (સાભળો) કોઈ એક તપસ્વિની છે જે મારી ધાવ થાય છે, અને તેણે દેશાતરમાં ભટકીને કલાકૌશલ્ય સંપાદન કર્યુ છે તેણે આ ચિત્ર મારી સન્મુખ મૂકીને મને કહ્યુ છે કે -'એવો એક મંત્ર છે, કે જે મંત્રથી તું ઉપવાસ કરીને પર્વને દિવસે એકાત પ્રદેશમા પુરોહિતોની પાસે અગ્નિમા હોમ કરાવ, અને તે જ અગ્નિમાં રાત્રે તુ એકલી સો ચંદનના કાષ્ઠ, સો અગરુના કાષ્ઠ, એક મુઠીભર કપૂર, અને ઘણા ઉત્તમ વસ્ત્રોનો હોમ કરે તો તારુ રૂપ પણ આવુ થાય' તે પછી તારે ઘંટા વગાડવી, અને ઘંટાપુટના (ઘંટાના પડના) અવાજથી તારા પતિને બોલાવવો તે સમયે તારો ભર્તાર જો તારી પાસે પોતાનુ સર્વ રહસ્ય કહી, આખો મીંચીને તારુ આલિંગન કરે તો એની આકૃતિ આવી થાય, અને તારુ રૂપ તો પ્રથમ જેવું હતું તેવુ જ રહેશે. આ વાત જો તને અને તારા વરને ગમતી હોય તો, આ વિધિમા તારે શંકા કરવી નહિ'

'તમને આવુ શરીર જો પસંદ હોય તો તમે તમારા બાધવોની સાથે, મંત્રીઓની સાથે, નાના ભાઇઓની સાથે, નગરવાસીઓની અને દેશના વાસીઓની સાથે આ વિશેનો નિર્ણય કરો, અને તેઓની અનુમતિથી આ કાર્ય કરવામાં આગળ પડો.' રાજા આ વાતને અવશ્ય સ્વીકારશે. તે પછી આ જ પ્રમદવનની વાડીના ચૌટામા અથર્વવેદમાં કહેલા વિધિ પ્રમાણે પુરોહિતની પાસે મારેલાં બકરાનો હોમ કરાવવો હોમનો

ધૂમાડો શાંત પડ્યા પછી હું આ વનમાં દાખલ થઇને આ જ લતામંડપમાં ઉભો રહીશ તે પછી પ્રદોષનો પ્રગાઢ સમય થાય અને અંધારુ ફેલાઈ જાય ત્યારે તારે પણ નર્મ હાસ્ય કરીને વિકટવર્માના કાનમાં કહેવું કે, 'તું ધૂર્ત અને કૃતઘ્ની છો, મારા અનુગ્રહથી લોકોના નેત્રને આનંદ આપનારુ આ રૂપ પ્રાપ્ત કર્યા છતાં પણ તે જ રૂપથી મારી સોકચોને તું રમાડીશ માટે હું મારો પોતાનો નાશ કરવામાટે વેતાળનુ ઉત્થાપન કરીશ નહિ.' તારુ આ વચન સાભળીને તે જે ઉત્તર આપે, તે તું એકલી મારી પાસે આવીને મને કહેજે તે પછી શું કરવુ, તે હું જ જાણી લઇશ હાલ ઉપવનમા મારા પગના ચિહ્નો પડ્યા હોય તેને પુષ્કરિકાની પાસે ભુસાવી નંખાવજે." તે પછી તેણે, 'ઠીક છે' એમ કહીને મારા કહેવાને શાસ્ત્રના ઉપદેશની પેઠે આદર(માન) આપ્યો, અને જેની સુરતની ઇચ્છા પૂર્ણ થઈ ન હતી એવી કલ્પસુંદરી ઉપવનમાથી માડમાડ અંતઃપુરમા ગઈ, અને હું પણ ઉપવનમા જેમ દાખલ થયો હતો, તેમ જ બહાર નિકળીને મારા ઉતારા ઉપર ગયો

પછી તે સર્વાંગસુંદરીએ મારા કહેવા પ્રમાણે તે કાર્ય કર્યું પેલા દુષ્ટબુદ્ધિએ તેના મતને માન્ય કર્યો, અને નગરવાસી તથા દેશવાસી લોકોમા આશ્ચર્ય ઉપજાવનારી વાર્તા નિચે પ્રમાણે ફેલાઈ ગઈ:–'રાજા વિકટવર્મા રાણીના મંત્રના પ્રભાવથી દેવના સમાન શરીરને મેળવશે. ખરેખર આ છેતરપિંડી નથી, પણ અતિ કલ્યાણકારક છે. આમાં ભૂલની તો વાત જ શી કરવી? કારણ કે આ કાર્ય પોતાના જ અંત.પુરના ઉપવનમા પોતાની મુખ્ય રાણી કરવાની છે. વળી બૃહસ્પાતના જેવા બુદ્ધિમાન્ મંત્રીઓએ પણ વિચાર કરીને આ કાર્યને અનુમતિ પણ આપી છે. જો એ પ્રમાણે

થાય તો નિઃસંશય આના કરતાં બીજું કોઈ પણ અદ્ભુત કાર્ય નથી. મણિ, મંત્ર તથા ઔષધિઓનો પ્રભાવ અચિંત્ય હોય છે.' આ રીતે લોકોની વાતો ચોતરફ ફેલાઈ ગઈ, ઠરાવેલા પર્વનો દિવસ આવી લાગ્યો, પ્રદોષનો સમય બરાબર થયો, અને ચોતરફ ગાઢ અંધકાર છવાઈ ગયો કે, અંતઃપુરના ઉદ્યાનમાંથી શંકરના કંઠ જેવો ધુમરા રંગના ધૂમાડો નિકળવા માંડ્યો, અને અગ્નિમાં હોમેલા દૂધ, ઘી, દહીં, તલ, ધોળા સર્ષવ, ચરબી, માસ, અને રુધિરની આહુતિઓનો સુગંધ પવનની પાછળ અનુસરતો ચારેય દિશામા ફેલાઈ ગયો. તે પછી ધૂમાડો એકદમ નિકળતો બંધ પડી ગયો કે, હું તે ઉપવનમા દાખલ થયો, અને પેલી ગજગામિની પણ તે રાજમંદિરના ઉપવનમા દાખલ થઈ, મને આલિંગન કરીને મંદ મંદ હસતી બોલી.–

"ધૂતારા! તમારી મનઃકામના સિદ્ધ થઈ છે, અને એ પશુ* મૃત્યુ પામ્યો છે (ફસાયો છે). એને લોભાવવા માટે તમે ઉપદેશેલી રીત પ્રમાણે મેં કહ્યુઃ 'કપટી! હું તારુ રૂપ સુંદર કરીશ નહિ. તમે જો આવા સુંદર થશો તો અપ્સરાઓ પણ તમારી ઇચ્છા કરશે, તો પછી મનુષ્ય જાતિની સ્ત્રીઓને માટે તો કહેવું જ શું? તમારા જેવો ક્રૂર પુરુષ મધુકરની પેઠે સ્વભાવથી જ ચપલ હોય છે, તે હરકોઈના ઉપર આસક્ત થાય' તે સાભળી તેણે મારા બે ચરણમાં પડીને કહ્યુઃ–"ઓ રંભોરુ (કેળના સ્તંભ સમાન સાથળવાળી)! મારાં કરેલા દુષ્ટ ચરિત્રોને સહન કર (ક્ષમા કર). હવે પછી હું મનમાં પણ પરસ્ત્રીનો વિચાર કરીશ નહિ. આરંભેલાં કાર્યને માટે ઉતાવળ કર"

---

* અહીં વિકટવર્માને પશુ કહીને તેને યજ્ઞમા હોમવામાં આવતા બકરાની સાથે સરખાવ્યો છે.

આટલું કહીને તે બોલી કે, “હવે હું આ વિવાહનો શણગાર સજીને તારી પાસે આવી છું, પ્રથમ પણ પ્રીતિરૂપી અગ્નિની સાક્ષીએ અનંગ (કામ)ગુરુએ આ (હું) સ્ત્રી તમને (ઉપહારવર્માને) અર્પણ કરી હતી, અને ફરીથી પણ આ અગ્નિને સાક્ષી કરીને મારુ પોતાનું હૃદય તમને અર્પણ કરે છે” આમ કહીને પોતાના પગના ફણાથી મારા ચરણના ઉપરના ભાગને દબાવીને (એટલે મારા પગની ઉપર તેણે પોતાના પગના ફણા મૂકયા) અને પછી પોતાના પગની પેનીને ઉચી કરીને પોતાની બન્ને ભુજલતાની કોમળ અંગુલિરૂપી પલ્લવોને પરસ્પર જોડી દઈને તેનાથી મારી કાધને આલિંગન કરી, ગમત સાથે મારા મુખને નીચું કરીને અને પોતાના મુખકમળને ઉચું કરીને, ગભરાયલી તથા વિશાળ દૃષ્ટિવાળી તે સ્ત્રી વારંવાર (મને) ચુંબન કરવા લાગી

તે પછી મેં તેને કહ્યુ કે, “તુ અહીં જ આ કુરંટકની* જાળમાં ઉભી રહે એટલામાં હું બહાર નિકળીને મારુ કાર્ય સારી રીતે સાધી આવું” આમ કહી તેને ત્યાથી વિસર્જન કરીને જ્યા હોમાગ્નિને સ્થાપન કરવામા આવ્યો હતો તે પ્રદેશમા જઈને અશોક વૃક્ષની શાખાએ લટકતી ઘટા વગાડવા લાગ્યો, અને તે સ્ત્રી કાળની દૂતીની પેઠે વિકટવર્માને બોલાવવા માટે અવાજ કરવા લાગી હું અગરુ, ચદન વગેરે પદાર્થોનો અગ્નિમા હોમ કરવા લાગ્યો એટલામા રાજા વિકટવર્મા ઉપર કહેલા સ્થાનકમાં આવ્યો અને શંકામા પડી ગયો હોય એમ આશ્ચર્ય સાથે કંઈક વિચાર કરતો ઉભો રહ્યો, એટલે તેને મેં કહ્યુ.–‘તું ફરીથી પણ ભગવાન્ અગ્નિને સાક્ષી કરીને ખરી વાત કહે તું જો આ મેળવેલા રૂપથી મારી શોકયોની

* પીળા રગનો કાટાસળીયો.

સાથે રમે નહિ તો હું તારામાં આ રૂપને નાંખું.' 'તે સાંભળતાં વેત જ તેને ખરી રીતે ખાતરી થઈ કે, આ રાણી જ છે, કપટ નથી ' તેથી તે તે જ વખતે સોગન ખાવા માટે તત્પર થયો. એટલે મેં મંદ હસીને ફરીથી કહ્યુ:-'સોગન ખાવાથી શો ફાયદો છે? મનુષ્યજાતિની સ્ત્રી મારો પરાભવ કરનારી કોણ? તમારે જો અપ્સરાઓની સાથે સમાગમ કરવો હોય તો ઇચ્છાનુસાર કરજો પરંતુ તમારા ગુપ્ત કાર્ય કયાં છે, તે મને કહો. તે કહ્યા પછી તમારા સ્વરૂપમા ફેરફાર થશે '

એટલે તે (પોતાના રહસ્ય કહેતા) બોલ્યો: "મે મારા પિતાના નાના ભાઈ પ્રહારવર્માને કેદ કર્યો છે. તેને, ઝેરી અન્ન ખવરાવીને મારી નાખવો અને તે અજીર્ણના દોષથી મરી ગયો છે આમ જાહેર કરવુ આ રીતે મે મંત્રીઓની સાથે નિશ્ચય કર્યો છે નાના ભાઈ વિશાલવર્માને સેનાનો સમુદાય આપીને પુંડ્ર* દેશ તાબે કરવા માટે આજ્ઞા આપી છે નગરના વૃદ્ધ પુરુષ પાંચાલિક તથા રક્ષિત નામના† સાર્થવાહે એકાંતમાં મારી સાથે એવો વિચાર કર્યો છે કે, ખનતિ નામના યવનની‡ પાસેથી, જેની કિંમત આખી પૃથ્વી થાય છે એવો હીરો ઓછી કિંમતે ખરીદ કરી લેવો ગામના અધ્યક્ષ, મારા અતરંગરૂપ, અને દેશમા મહાન્ ગણાતા શતહલિ નામના પુરુષે અસત્ય ભાષણ કરનારા, ગર્વિષ્ઠ, અને દુરાત્મા એવા અનંતશીર નામના પુરુષની સામે આખા દેશને કોપાયમાન કરીને તેનો નાશ કરવાની ધારણાથી, મારી આજ્ઞાથી તેને મારવાના કાર્યમાં સેનાપતિઓની યોજના કરવા માટે સ્વીકાર

---

* પુંડ્ર બંગાળાનો પૂર્વ પ્રદેશ		† સધવી.

‡ યૂનાન દેશનો વ્યાપારી.

કર્યું છે આ રીતે આ રહસ્યકર્મ છે, અને તે થોડા દિવસ થયાં આરંભ કર્યા છે.”

આ રહસ્ય સાંભળીને, ‘તારુ આયુષ્ય આટલું છે, તું તારાં કર્મને ઉચિત એવી ગતિને પ્રાપ્ત કર,’ આમ કહી છરીથી વિકટવર્માના બે કટકા કરીને તે વખતેજ તેને, જેની ઉજ્જ્વળ* જ્વાળા નિકળતી હતી એવા અગ્નિમા હોમી દીધો, અને એ બળીને ભસ્મ થઈ ગયો.

તે પછી સ્ત્રીજાતિના સ્વભાવને લીધે જરાક વિહ્વલ થયેલી હૃદયવલ્લભાને ધીરજ આપી, તેનો કરકિસલય પકડીને તેના મહેલમાં ગયો, અને એની આજ્ઞાથી તેનાં અંતઃપુરના સર્વ મનુષ્યોને બોલાવીને તુરત જ મારી સેવામાં દાખલ થયા (નોકરીમાં દાખલ કર્યા) તે પછી આશ્ચર્ય પામેલા સ્ત્રીઓના મંડલમા કેટલોએક સમય વિહાર કરીને અંતઃપુરની સ્ત્રીઓને જવામાટે રજા આપી, અને પરસ્પર મળેલા સાથળવાળી કલ્પસુંદરીના જ બન્ને સાથળને સાથળથી દબાવી, બે ભુજાથી તેને દૃઢ આલિંગન કરીને, શય્યામા તે સ્ત્રીને રમાડવામાં તે રાત્રિ અલ્પ હોય તેમ ગાળી કાઢી, તથા તે સ્ત્રીના મુખથી રાજમહેલના મનુષ્યોનો સ્વભાવ જાણી લીધો. તે પછી પરોઢિયામાં ઉઠી, સ્નાન કરી, માંગલિક કાર્ય કર્યું, અને મંત્રીઓની મુલાકાત કરીને તેઓને કહ્યુ કેઃ–‘એ આર્યો! મારા સ્વરૂપની સાથે જ મારા સ્વભાવમા પણ ફેરફાર થઈ

---

* પ્રત્યેક પ્રતમા प्रवृत्तस्फीतसर्पिषि એવો પાઠ છે, પરતુ प्रवृत्त શબ્દનો क्षिप्त અર્થ થતો નથી પરતુ બહાર પ્રવૃત્તિ થવી એવો અર્થ થાય છે. તેથી અહી प्रवृत्तस्फीतार्चिषि એવો પાઠ સભવે છે, અને તે પાઠ સ્વીકારીને અર્થ કરવામા આવ્યો છે. વિકટવર્માને અગ્નિમા નાખતી વખતે અગ્નિને प्रवृत्तस्फीतार्चिषि વિશેષણ આપવામા ઔચિત્ય જળવાય છે.

ગયો છે. મેં મારા કાકાને ઝેરી અન્નથી મારી નાંખવાનો વિચાર કર્યો હતો, પરંતુ હવે તેને છોડી મૂકીને ફરીથી તેની પાસે તેનું પોતાનું આ રાજ્ય સ્વીકાર કરાવો, અને આપણે પિતાની પેઠે એમની સેવા કરીને જ એમના તરફ વર્તવું પિતાના વધ કરતાં (બીજું કોઈ પણ) મોટું પાતક નથી.' તે પછી વિશાલવર્માને બોલાવીને કહ્યુ:–'વત્સ! હમણા પુડ્ દેશમા સુકાલ નથી; તે દુષ્કાળનાં દુઃખથી તથા મુઝવણથી પીડાય છે, તેથી મરણિયા થઇને આપણા સમૃદ્ધિવાળા દેશ ઉપર ચઢી આવશે. માટે જ્યારે તેના દેશમા બીજની* વાવણી થાય અથવા તો ધાન્યની કાપણી થાય ત્યારે તેના દેશ ઉપર ચઢાઈ કરજે હમણા ચઢાઈ કરવી યોગ્ય નથી ' તે પછી નગરના બન્ને વૃદ્ધોને પણ (બોલાવીને) કહ્યું કે, 'ન્યાયનું રક્ષણ કરવા માટે મારે ઘણી મોટી કિંમતની વસ્તુને ઘણી જ થોડી કિંમતમા લેવી નથી માટે તમે યોગ્ય કિંમતથી જ એ હીરાને ખરીદ કરજો ' તે પછી દેશના આગેવાન શતહલિને બોલાવીને કહ્યુ કે, 'આ અનતશીર છે, તે પ્રહારવર્માના પક્ષનો છે એમ ધારીને તેને મારી નાખવાની ઇચ્છા કરી છે પરંતુ મારા પિતા ખુદ (કાકા) પોતાના રાજ્યાસન ઉપર દાખલ થયા છે, તો પછી અનંતશીરને પણ શામાટે મારવો જોઇએ? તે માટે તારે પણ અનંતશીર ઉપર ક્રોધ કરવો નહિ ' મંત્રી વિગેરેએ ઓળખાણ આપનારા આ કાર્યો જોઇને 'વિકટવર્મા જ આ છે' આવો નિશ્ચય કર્યો, અને તેઓ આશ્ચર્ય પામીને મારી તથા મહાદેવીની પ્રશંસા કરવા લાગ્યા, મંત્રના બળની

---

* આ ઠેકાણે છાપેલી સંસ્કૃત પ્રતમા મુષ્ટિવધ એવો પાઠ સ્વીકાર્યો છે. પરતુ તે ઠેકાણે મુષ્ટિબંધ પાઠ જોઇએ, અને તે જ પાઠને અનુસરીને અમે અર્થ કર્યો છે.

ઉચા સ્વરથી પ્રશંસા કરવા લાગ્યા, અને મારા માતાપિતાને બંધનમાથી બહાર કાઢીને તેમનું પોતાનું રાજ્ય તેમને પાછું આપ્યું. મારા માતાપિતા પેલી ધાવમારફતે મારુ આ સર્વ ચરિત્ર એકાતમાં જાણીને પરમ હર્ષની સીમાને પામ્યા હતા તે પછી હું તે બન્નેનાં ચરણની સેવા કરવા લાગ્યો, તેમની આજ્ઞાથી યુવરાજનું પદ ભોગવવા લાગ્યો, અને બુદ્ધિનો યોગ્ય ઉપયોગ કરીને મારુ કાર્ય સિદ્ધ કર્યા પછી ભોગ ભોગવવા લાગ્યો પરંતુ એ ભોગ આપના વિયોગને લીધે નીરસ લાગતા હતા એટલામા મારા પિતાના મિત્ર સિંહવર્માના લખાણથી, 'ચંડવર્માએ ચંપાપુરી ઉપર ઘેરો ઘાલ્યો છે, એમ જાણવામા આવ્યું એટલે 'શત્રુનો વધ અને મિત્રની રક્ષા, આ બન્ને કાર્ય કરવા જ જોઇએ' આવો વિચાર કરીને ઝડપથી ચાલનારુ મોટું સૈન્યમડળ લઇને ચપાપુરી તરફ ચઢાઈ કરીને અહીં આવ્યો ત્યા તમારા ચરણની લક્ષ્મીના સાક્ષાત્ દર્શનરૂપી મહોત્સવથી મને મહા આનદ થયો

રાજા રાજવાહન ઉપહારવર્માનુ ચરિત્ર સાભળી મદ હસીને બોલ્યો.–'જુઓ કપટ ભરેલા પરસ્ત્રીગમને પણ ગુરુજનને કેદખાનાના દુઃખમાથી છોડાવવામા કારણરૂપ થઇને, દુષ્ટ શત્રુનો નાશ કરવામા ઉપાયરૂપ થઇને, અને રાજ્યની પ્રાપ્તિમા મૂળરૂપ થઇને પુષ્કળ ધર્મને તથા અર્થને સિદ્ધ કર્યાં છે બુદ્ધિમાન્ પુરુષે કરેલું કયુ કાર્ય શોભાને પામતું નથી ?' તે પછી અર્થપાલના મુખ ઉપર સ્નેહ ભરેલી દીર્ઘ દૃષ્ટિ નાખીને તેણે આજ્ઞા કરી કે, 'હવે તુ તારુ ચરિત્ર કહે.' એટલે તે પણ બે હાથ જોડીને (પોતાનું ચરિત્ર) કહેવા લાગ્યો.

ઇતિ શ્રીદંડિવિરચિત દશકુમારચરિતમા 'ઉપહારવર્માનુ ચરિત્ર'
એ નામનો ઉચ્છ્વાસ ૩ જો સમાપ્ત.

ઉચ્છ્વાસ ૪ થો
અર્થપાલનું ચરિત્ર

મહારાજ! મારુ કામ પણ આ સ્નેહીઓના સમાન જ હતું. હું પણ સમુદ્ર પર્યન્ત ભૂમિમંડલ ઉપર (આપને શોધવા માટે) ચોતરફ ભટકતો ભટકતો એક દિવસે વારાણસી એવી કાશીપુરીમા જઈ ચઢયો. ત્યા મણિકર્ણિકાના (ઘાટપર) મણિના કટકા જેવા નિર્મળ પાણીમાં સ્નાન કર્યું, અને અંધક દૈત્યનો સહાર કરનારા ભગવાન્ અવિમુક્તશ્વરને* પ્રણામ કરીને પ્રદક્ષિણા ફરવા લાગ્યો. તે સમયે એક ઉચા પુરુષને મેં દીઠો. તે લોઢાની ભોગળ જેવા બે સ્થૂળ હાથથી ભેટ વાળતો હતો, સતત રુદન કરવાથી તેની આખ સુજી ગઈ હતી, તથા લાલ થઈ ગઈ હતી તેને જોઈને મેં વિચાર કર્યો કે, 'આ પુરુષ શરીરે કઠિન દેખાય છે, તેની ક્ષીણ કીકીવાળી આખ કૃપણતાને વર્ષતી હોય તવી જણાય છે, અને તેનો આ ઉદ્યોગ સાહસિક† કર્મની સૂચના કરે છે. માટે આ પુરુષ ખરેખર પ્રાણને માટે બેદરકાર થયો હોય એમ જણાય છે પોતાના પ્રિય મનુષ્યને દુ.ખ પડવાને લીધે આ કોઈ પણ જાતનુ દુ.ખ ભોગવવાને તૈયાર થયો છે. માટે આને હું પૃછું, અને મને પણ તેને કોઈ પણ જાતની

---

* કાશી ક્ષેત્ર અવિમુક્ત ક્ષેત્ર કહેવાય છે, કારણ કે – પ્રલય વખતે ત્રણ લોકનો નાશ થાય છે ત્યારે ભગવાન્ શકર કાશીને પોતાના શૂળ ઉપર ધારણ કરીને તેની રક્ષા કરે છે, તે ક્ષેત્રના શકર અધિપતિ છે તેથી તે અવિમુકતેશ્વર કહેવાય છે. તે અવિમુકતેશ્વર હમણાં કાશીવિશ્વનાથના મદિરના સભામંડપમાં જમણા હાથ ઉપર બીરાજે છે.

† પ્રાણને જોખમે કરવામા આવતુ કર્મ.

સહાયતા આપવાનો જો અવકાશ મળે તો (સહાયતા કરું).' તે પછી મે તેની પાસે જઇને આ રીતે પૂછ્યું.–'ભાઈ! તારો આ આરંભ મને સાહસ કર્મ જણાવે છે. જો ગુપ્ત ન હોય તો તારા શોકનું કારણ સાભળવાની હું ઇચ્છા રાખું છું ' તેણે મને ઘણા માનની સાથે નિરખીને, 'શી અડચણ છે? સાભળ.' આમ કહીને, મારી સાથે કોઇએક કરેણનાં વૃક્ષની નીચે બેસીને તે (પોતાની) કથા કહેવા લાગ્યો

'મહાભાગ! હું પૂર્વ તરફના દેશમા ઇચ્છાનુસાર ફર્યા કરતો હતો, મારુ નામ પૂર્ણભદ્ર છે, અને હું ગ્રામાધ્યક્ષનો પુત્ર છુ, પિતાએ મને પ્રયત્નથી ઉછેર્યો હતો, તોપણ હુ ભાગ્યની ઇચ્છાનુસાર વર્તવા લાગ્યો, અને ચોરીનો ધંધો કરવા લાગ્યો. તે પછી મે આ કાશીપુરીમાં એક મોટા વૈશ્યના ઘરમા ચોરી કરી, તે વખતે સિપાઈઓએ મને ચોરેલા પૈસા સાથે પકડીને કેદ કર્યો, અને મને દેહાતદંડની શિક્ષા કરવામા આવી તે પછી કામપાલ નામનો મોટો મંત્રી રાજમહેલના માઢ ઉપર બેઠો હતો તેની દૃષ્ટિ સમક્ષ તેની આજ્ઞાથી હિંસા કરવામા આનંદ માનનારો, મદમત્ત મૃત્યુવિજય નામનો હાથી પોતાની સુડરૂપી દંડને વાકો વાળીને મારી તરફ દોડ્યો, તે સમયે તેના કંઠમા બાધેલી ઘંટાનો શબ્દ મનુષ્યોએ કરેલા કોલાહલને લીધે બમણો થવા લાગ્યો મેં પણ તે સમયે નિર્ભય થઇને તે હાથીની સામે હુમલો કરીને તેનો તિરસ્કાર કર્યો, એટલે તે વાકો વળીને મને પ્રહાર કરવામાટે આવ્યો એટલે હું મારા બન્ને હાથ એક લાકડાના કકડાના બાકોરામા ઘાલીને તે લાકડાથી તેના બન્ને દાંતની વચ્ચેના ભાગને ઘસવા લાગ્યો કે તે હાથી ભયભીત થયો હોય તેમ (ભડક્યો હોય તેમ) પાછો નાઠો.

એટલે માવતને ક્રોધ ચઢ્યો, અને તેણે ફરીને અત્યંત દારુણ વચનોથી તિરસ્કાર કરીને, અંકુશ મારીને તથા પાટુઓ મારીને, મારી સામે હાથીને ચલાવ્યો. તે ઉપરથી મને પણ બમણો ક્રોધ ચઢ્યો, અને મેં હાથીનો તિરસ્કાર કરીને તેને પ્રહાર કર્યો કે, તે પાછો નાઠો તે પછી હું વેગથી દોડીને માવતની પાસે ગયો, અને મેં તેની નિંદા કરી એટલે માવતને રોષ ચઢ્યો, અને બોલ્યો કેઃ "અરે ઓ નીચ હાથી! તારું મોત આવ્યું જણાય છે." આમ કહીને વારંવાર સજ્જ કરેલી અંકુશ હાથીના આંખની પાસેના ભાગમા મારીને મહા મહેનતથી હાથીને મારી સામે દોડાવવા લાગ્યો, એટલે મે કહ્યુ કે –"આ ક્ષુદ્ર હાથી અહિથી દૂર ચાલ્યો જાય, અને બીજા કોઈ મોટા હાથીને લાવો એટલે તેની સાથે હું બે ઘડી વિહાર કરીને (રમીને) જવા યોગ્ય સ્થાનમાં (પરલોકમા) જાઉ." તે હાથી મને કોપાયમાન થયેલો જોઈને તથા મોટી ગર્જના કરતો જોઈને જ માવતની કઠોર આજ્ઞાનુ ઉલ્લંઘન કરીને પલાયન કરી ગયો તે પછી મંત્રીએ મને પાછો બોલાવીને કહ્યુંઃ–'ભાઈ! આ મૃત્યુવિજય નામનો હાથી મૃત્યુરૂપ છે, અને હિંસા કરવામાં મોજ માનનારો છે એને પણ તેં આવી રીતે નસાડ્યો, માટે હવે તું આ ચોરી કરવારૂપી પાપકર્મ છોડી દઈ, અમારી પાસે રહીને આર્ય વર્તનથી વર્તવાને શું શક્તિમાન્ છે?' 'આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ' આમ વિનતિ કરી (હું મંત્રીની સેવામાં રહેવા લાગ્યો). તે પછી એ મંત્રી મારી સાથે મિત્રની પેઠે વર્તવા લાગ્યો. અને તેનો મારા ઉપર વિશ્વાસ બેઠો એટલે એક દિવસે મેં તેને એકાન્તમાં પ્રશ્ન પૂછ્યો. તે ઉપરથી તેણે મને પોતાનું ચરિત્ર કહ્યુંઃ–

'કુસુમપુરમાં* રિપુંજય રાજાને ધર્મપાલ નામનો એક મંત્રી હતો તે બુદ્ધિમાન્ તરિકે પ્રખ્યાત હતો, અને વેદ ભણ્યો હતો તેને સુમિત્ર નામનો એક પુત્ર હતો. તે પણ બુદ્ધિના† ગુણોમા પિતાના જ સમાન હતો તેનો હું ઓરમાન ભાઈ થાઉં છુ. હું વેશ્યાની સાથે વિલાસ કરવા લાગ્યો, ત્યારે તેણે મને વિનય શિખવવાની ઇચ્છાથી અટકાવ્યો, પરંતુ તે મારા અન્યાયને અટકાવી શક્યો નહિ. તે પછી હું તે નગરમાથી નીકળીને દિશાઓમા ભટકવા લાગ્યો, અને દૈવેચ્છાથી આ વારાણસી નગરીમા આવી પહોંચ્યો અત્રે પ્રમદવનમા (અન્ત.પુરના ઉપવનમા) કાશીરાજા ચંડસિંહની કાન્તિમતી નામની કન્યા મદનરિપુનુ (શંકરનું) આરાધન કરવા માટે કન્યાના અંત પુરમાથી બહાર નીકળીને આવી, અને સખીઓની સાથે દડે રમવા લાગી તેના ઉપર હું આશક થયો, અને મેં માડ માડ તે કન્યાની સાથે સમાગમ કર્યો, અને ગુપ્ત રીતે કુમારીપુરમા (કન્યાના અંત પુરમા) રહીને તે કન્યાની સાથે વિહાર કરવા લાગ્યો તે પછી તે કન્યાને મારાથી ગર્ભ રહ્યો અને તેણે એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ ગુપ્ત વાત ઉઘાડી પડી જવાના ભયથી પરિજનોએ (પાસે રહેનારી દાસીઓએ) 'મરેલો જ જન્મ્યો હતો' આમ

---

* પાટલીપુત્ર.

† કામદક નીતિમા બુદ્ધિના ગુણો આ પ્રમાણે કહ્યા છે –

શુશ્રૂષા श्रवण चैव ग्रहण धारण तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानञ्च धीगुणा ॥

શાસ્ત્રના શ્રવણની ઇચ્છા, શાસ્ત્રશ્રવણ કરેલા વિષયને ગ્રહણ કરવો, ગ્રહણ કરેલાને મનમા ધારણ કરવો, ઊહાપોહ કરવો, અર્થ જાણવો તથા તત્વને જાણવુ આ બુદ્ધિના ગુણો છે

કહીને તે પુત્રને ક્રીડાપર્વત* ઉપર નાંખી દીધો. ત્યાથી એક ભીલડી તે કુમારને સ્મશાનની પડોશમાં નાખવામાટે લઈ ગઈ, અને ત્યાં તેને નાખી દઇને ત્યાંથી એ પાછી આવતી હતી તે સમયે રાજવાડામાં ચોકી કરનારા સિપાઇઓએ તેને પકડીને તેનો તિરસ્કાર કર્યો તથા તેને મારવાનું કહ્યુ, એટલે તેણે ડરી જઇને રહસ્ય ઉઘાડું પાડી દીધું, તથા હું અર્ધ રાત્રે ક્રીડાપર્વતની ગુફામા નિરાતે સુતો હતો તેને પણ ભીલડીએ રાજાની આજ્ઞાથી દેખાડી દીધો. પછી તેઓ જે દોરડું મળી આવ્યું તેનાથી મને બાધીને સ્મશાનમા લઈ ગયા, અને ચાંડાલે તરવાર ઉગામીને મને મારવાની ઇચ્છા કરી એટલામાં ભાગ્યના બળથી મારુ બધન તુટી ગયું, અને હું (ચાડાલના હાથમાથી) તરવાર ખુંચવી લઇને તે ચાડાલને તથા બીજા કેટલાકએકને મારી નાખીને ત્યાથી નાસી ગયો, અને અરણ્યમાં નિરાધાર રીતે ભટકવા લાગ્યો. એક દિવસે દિવ્ય શરીરવાળી એક કન્યા પરિચારિકાની સાથે રડતી રડતી ત્યાં મારી પાસે આવી, અને અંજલિ (જોડેલા હાથ) રૂપી પલ્લવથી શોભાયમાન તથા જેના કેશ મુખની આગળ કંપી રહ્યા હતા એવા મસ્તકથી મને પ્રણામ કર્યો, અને પછી

* પૂર્વે રાજાઓ પોતાના ઉપવનમા રમવામાટે ક્રીડાપર્વત એટલે બનાવટી પર્વત બનાવતા અને તેમા શિખરો, ગુફાઓ, પાણીના વહેતા ઝરણાઓ વગેરે કરતા, વૃક્ષો રોપીને તેની ઘન ઘટાઓ કરતા, લતામડપો રચતા, અને સવાર સાજ પોતાની રાણીઓ સાથે તે ક્રીડાપર્વતમાં ફરીને આનદ મેળવતા. અગ્રેજોમા પણ આનદને માટે કૃત્રિમ પર્વતો બનાવવાની રીત છે પાંચમા જ્યોર્જના રાજ્યારોહણ સમયે મુબઇમાં કોટના વિશાળ મેદાનમા એક ક્રીડાપર્વત બનાવવામાં આવ્યો હતો.

મારી સાથે તે વનના એક મહાન્ વડના ઝાડની અત્યંત શીતલ છાયા તળે બેઠી. તે પછી, "બાલા! તું કોણ છો? ક્યાંથી આવી છો? અને મારા ઉપર શામાટે પ્રસન્ન થઈ છો?" આવી રીતે મેં અભિલાષા સાથે પ્રશ્ન કર્યો કે, તે વાણી-રૂપી મધુની વૃષ્ટિ કરતી બોલી.-'આર્ય! હું યક્ષોના રાજા મણિભદ્રની દીકરી છું, અને મારુ નામ તારાવલી છે એક દિવસે હુ અગસ્ત્યની પત્ની લોપામુદ્રાને નમસ્કાર કરીને મલય પર્વત ઉપરથી પાછી ફરતી હતી તે સમયે મેં વારા-ણસીના સ્મશાનમા એક બાળકને રડતાં દીઠો, એટલે અત્યંત સ્નેહ આવવાથી એ બાળકને લઈને મારા માતાપિતાની પાસે હું લઈ ગઈ. મારા પિતા તેને અલકા નગરીના રાજા કુબેરની સભામા લઈ ગયા ' તે પછી શંકરના મિત્ર કુબેરે મને બોલા-વીને આજ્ઞા કરી કે. 'ઓ બાલા! આ બાળક ઉપર તારો ભાવ કેવો છે?' એટલે મેં વિનતિ કરી કે, 'આ બાળક ઉપર ઔરસ પુત્રના જેવી મને વત્સલતા છે.' તે ઉપરથી કુબેર બોલ્યા કેઃ-'આ બિચારી બાળા સત્ય કહે છે. આમ કહીને તેણે તેના સંબંધમા ઘણી જ મોટી કથા કહી ' તે ઉપરથી હું એટલું સમજી કેઃ-"તમે શૌનક, શૂદ્રક, અને કામપાલ એક જ છો. બન્ધુમતી, વિનયવતી અને કાન્તિ-મતી પણ એક જ છે વેદિમતી, આર્યદાસી અને સોમ-દેવી પણ એક જ છે. હંસાવલી, શૂરસેના અને સુલોચના પણ એક જ છે. નંદિની, રંગપતાકા અને ઇંદ્રસેના પણ એક જ છે. તમે શૌનકની અવસ્થામાં અગ્નિની સાક્ષીએ જે ગોપકન્યા આર્યદાસીને પરણ્યા હતા તે જ આર્યદાસી હમણા તારાવલી એવા નામથી હું ઉત્પન્ન થઈ છું. તમે શૂદ્રક હતા ત્યારે હું આર્યદાસી હતી, અને મારાથી આ બાળકનો જન્મ

થયો હતો, અને વિનયવંતીએ સ્નેહની વાસનાથી તેને ઉછેર્યો હતો. તે જ બાળક હમણાં કાન્તિમતીની અવસ્થામાં તેનાથી ઉત્પન્ન થયો છે. આ રીતે આ બાળક અનેક મૃત્યુઓના મુખમાંથી બચી જઇને દૈવયોગથી મને મળ્યો. એટલે મેં તેને કુબેરની આજ્ઞાથી, વનમાં તપ કરતા રાજહંસની રાણી વસુમતીને તેના ભવિષ્યમાં ચક્રવર્તી થનારા પુત્ર રાજવાહનની સેવા કરવામાટે અર્પણ કર્યો છે, તથા ગુરુજનની આજ્ઞાથી, દૈવયોગે કાળના મુખમાંથી બચી ગયેલા આપના પાદપદ્મની સેવા કરવામાટે હું આવી છું ”

'આ અનેક જન્મની મારી સ્ત્રી છે, આમ સાભળીને મેં તેને વારંવાર આલિંગન કર્યું, અને હર્ષનાં આંસુથી ભરેલા મુખે તેને મેં વારંવાર ધીરજ આપી. તે પછી તે સ્ત્રીએ પોતાના પ્રભાવથી મને એક મોટું ઘર દેખાડ્યું. તેમા રહીને હું રાતદિવસ પૃથ્વી ઉપર દુર્લભ એવા ભોગો ભોગવવા લાગ્યો. બે ત્રણ દિવસો વીતાડ્યા પછી તે સર્વાંગસુદરીને મેં કહ્યુઃ–'પ્રિયા ! હું મારા પ્રાણનો દ્રોહ કરનારા ચંડસિંહનું અશુભ કરીને વૈરશુદ્ધિનું સુખ અનુભવવાની ઇચ્છા રાખું છુ.' એટલે તે સ્ત્રી મદ હાસ્ય કરીને બોલી.–'ત્યારે કાંત ! ચાલો તમને કાન્તિમતીનાં દર્શન કરવામાટે લઈ જાઉ ' આમ કહીને તે અર્ધ રાત્રિને વખતે મને રાજાના શયનમંદિરમા લઈ ગઈ. ત્યાં તેના મસ્તકના ભાગ તરફ (ઓસીકા તરફ) એક તરવાર પડેલી હતી. તેને લઇને મેં રાજાને જગાડ્યો, કે તે મારી સામે થયો. મેં તેને કહ્યું કેઃ–'હું તારો જમાઈ છુ. તારી સંમતિ વિના તારી કન્યાની સાથે મેં સમાગમ કર્યો છે, તેથી તે અપરાધ તારી સેવા કરીને દૂર કરવામાટે આવ્યો છું.' (તે સાંભળીને) રાજાને અત્યંત ભય લાગ્યો, અને તે મને પ્રણામ

કરીને બોલ્યો:–‘હું જ મૂર્ખ છું, અને મેં અપરાધ કર્યો છે. કારણ કે તમે મારી પુત્રીનો સમાગમ કરીને અનુગ્રહ કર્યો છે, પરંતુ મેં, ગ્રહથી ગળાયલો હોઉ તેમ, મર્યાદાનું ઉલ્લંઘન કરીને તમને મારી નાખવાની આજ્ઞા આપી છે હવે આજથી માંડીને આ કાંતિમતી, આ રાજ્ય, અને મારુ જીવિત તમારા આધીન છે ’ આમ તેણે કહ્યું, અને બીજે દિવસે પ્રકૃતિમંડલને (પ્રજાવર્ગને) એકઠું કરીને વિધિ પ્રમાણે પોતાની પુત્રીનું મારી સાથે પાણિગ્રહણ કરાવ્યું. તે પછી તારાવલીએ કાન્તિમતીને તેના પુત્રની વાર્તા સંભળાવી, અને સોમદેવી, સુલોચના, તથા ઇંદ્રસેનાને તેના પૂર્વ જન્મનું વૃત્તાંત કહ્યુ. આ પ્રમાણે હું નામનો જ મંત્રી છું, પરંતુ યુવરાજનો અધિકાર ભોગવું છુ, અને વિલાસિનીઓની સાથે વિહાર કરુ છું ’

આવી રીતે તે પુરુષ મારા જેવા એક સાધારણ પ્રાણીની પણ સેવા કરે છે તથા સર્વ પ્રાણીઓના એક બંધુ સમાન છે તેનો સસરો ક્ષય રોગથી સ્વર્ગમાં ગયો છે (મરી ગયો છે) અને મોટો સાળો ચંડઘોષ સ્ત્રીઓની સાથે અતિ પ્રસગ કરવાથી પ્રથમથી જ ક્ષય રોગથી મરણ પામ્યો છે. તેથી રાજાના પાચ વર્ષના સિંહઘોષ નામના કુમારને રાજ્યાસન ઉપર અભિષેક કરવામાં આવ્યો હતો, અને તે મહાત્મા પુરુષે તેને ઉછેરીને મોટો કર્યો છે હમણાં તે જુવાનીને લીધે ઉન્મત્ત થઈ ગયો છે, અને કેટલાએક ચાડિયા દુષ્ટ મંત્રીઓ હમણા તેના અંતરંગ (વિશ્વાસુ) થઈ બેઠા છે તેઓએ રાજાને એવું સમજાવ્યું છે કેઃ–“આ વ્યભિચારી બળાત્કારથી તારી બેનની સાથે પરણ્યો છે. રાજા સુતા હતા તે સમયે તેને મારવામાટે તેણે તરવાર ઉગામી હતી. તે જ ક્ષણે રાજા જાગી ઉઠ્યા હતા, અને તેણે ભયથી તેને સમજાવીને પોતાની કન્યા

પરણાવી હતી. આપના મોટા ભાઈ ચંડઘોષને પણ આણે ઝેર દઇને મારી નાંખ્યા છે, પરંતુ તમને, "આ બાળક છે અને કાર્ય કરવાને અસમર્થ છે!" આમ ધારીને પ્રકૃતિમંડળને વિશ્વાસ બેસાડવામાટે હજી સૂધી જીવતા રાખ્યા છે, પરંતુ હવે પછી તે કૃતઘ્ની તમને પણ મારી નાંખશે. માટે તમે તેને જ યમલોકમાં પહોચાડવા માટે પ્રયત્ન કરો." તે પ્રમાણે (દુષ્ટ મંત્રીઓએ) ચંડઘોષના મનમા ભેદ ઉત્પન્ન કર્યો, તથાપિ તે યક્ષિણીના ભયથી એને મારી શકતો ન હતો.

તે પછી આજકાલના દિવસોમાં કાન્તિમતીના શરીરમા નવીન ફેરફાર થયેલો જોઇને રાજાની રાણી સુલક્ષણાએ વિવેકથી પૂછ્યુંઃ–'દેવિ! મને અસત્ય વાર્તા કહીને ઠગશો મા ખરુ કહેજો. આ દિવસોમા તમારા મુખારવિન્દ ઉપર નવીન ફેરફાર કેમ થયો છે?' તેણે ઉત્તર આપ્યોઃ 'ઓ ભલી બાઈ! હું પહેલા જરા પણ મિથ્યા બોલી હોઉ તેમ તમને આજ દિવસ સૂધી શું સાભરે છે? મારી સખી અને મારી સોક્ય એવી તારાવલીના મનમા કાંઇક દુષ્ટ વિચાર આવ્યા, અને મારા ભર્તારે એકાંતમાં ભૂલથી એક દિવસે તેને મારા નામથી બોલાવી તે ઉપરથી તે, પ્રીતિની પણ દરકાર કર્યા વિના અને અમે અત્યંત પ્રણામ કર્યા તોપણ, અમારી ગાથે અત્યંત દ્વેષ બાંધીને ચાલી ગઈ છે તેથી મારા પતિ ખિન્ન રહે છે, અને તેને લીધે મારુ મન પણ ખિન્ન રહે છે.' તે વાત સુલક્ષણાએ ઘણું કરીને એકાંતમાં પોતાના પતિને કહી, એટલે રાજાનો ભય દૂર થયો,* અને પ્રિયતમાના વિરહથી

---

* તારાવલી દિવ્ય પ્રભાવવાળી અને યક્ષની પુત્રી હતી. તેનાથી ડરીને રાજા કામપાલને શિક્ષા કરી શકતો ન હતો, પરંતુ

ફીક્કા પડી ગયેલા અવયવોવડે, ધૈર્યથી અટકાવેલાં આંસુથી ભરેલાં નેત્રોવડે, તથા ઉષ્ણ નિઃશ્વાસે શોષણ કરેલી હોય તેવી, અતિ સુકુમાર નહિ તેવી વાણીવડે, વિયોગને દર્શાવતા તથા રાજાના ઘરનાં કાર્યોને માંડ માડ બીજાની પાસે કરાવતા કામપાલને પ્રથમથી સંકેત કરી રાખેલા પુરુષો મારફતે પકડાવીને કેદ કર્યો છે; અને નગરમાં ઠેકાણે ઠેકાણે તેના દોષોને જાહેર કરીને તેની આંખોને એવી રીતે કાઢી લેવાનો ઠરાવ કર્યો છે કે, એનુ મરણ નીપજે. એટલા માટે અહિં એકાતમા ઇચ્છાપૂર્વક આસુ પાડીને તે પુરુષના મરણની પહેલા જ પ્રાણ ત્યાગ કરવાની ઇચ્છાથી હું ભેટ વાળું છુ.

મારા પિતાનુ તે દુ:ખ સાભળીને મેં પણ રડતાં રડતાં તેને કહ્યુઃ–"ઓ ભલા પુરુષ! તારી પાસે વાત છુપી રાખવાથી શો લાભ છે? યક્ષની કન્યાએ તેનો જે પુત્ર રાજવાહનના ચરણની સેવા કરવામાટે દેવી વસુમતીના હાથમા સોંપ્યો હતો તે હું પંડે જ છુ આયુધ ઉગામીને આવનારા હજારો યોધાઓને મારી નાંખીને પણ મારા પિતાને મુક્ત કરવાની મારામા શક્તિ છે પરંતુ જો મનુષ્યોના ટોળામાથી કોઈ પણ પુરુષ મારા પિતાની ઉપર છરીનો પ્રહાર કરશે તો મારો સર્વ પ્રયત્ન રાખમા હોમવા જેવો (વ્યર્થ) થઈ જશે." મારુ બોલવું સમાપ્ત થયું ન હતું એટલામાં જ એક મોટા ઝેરી સર્પે કિલ્લાની ભીંતના બાકોરામાથી ફેણ બહાર કાઢી તેને જોઇ મેં તેને મંત્રના તથા ઔષધના બળથી પકડી લીધો, અને પૂર્ણભદ્રને કહ્યુઃ–"ભાઈ! આપણું ઇચ્છિત કાર્ય સિદ્ધ થયું છે. હું કોઈ જાણે નહિ

તે અહીંથી નાસી ગઈ છે એવુ રાજાના જાણવામા આવ્યુ કે તેનો ભય દૂર થયો હતો.

તેમ મનુષ્યોના ઘેરામાં દૈવયોગથી આ સર્પને નાખીને મારા પિતાને કરડાવીશ, અને મંત્રના બળથી ઝેરને એવી રીતે અટકાવી દઇશ કે તેઓ તેને 'મરી ગયો છે,' આમ ધારીને ઉદાસીન થઈ જાશે. પરંતુ તારે નિર્ભય થઇને મારી માતાને સમજાવવી કે, વનમા યક્ષિણીએ તમારો જે કુમાર દેવી વસુમતીના હાથમા અર્પણ કર્યો હતો તે કુમાર અહિં આવ્યો છે; તેણે મારી પાસેથી પોતાના પિતાની અવસ્થા જાણી છે, અને તે પોતાની બુદ્ધિના બળથી તેને જીવતો કરશે. તમારે નિર્ભય થઇને રાજાને સદેશો કહેવરાવવો કે, પોતાનો સંબંધી હોય કે દૂરનો હોય પરંતુ જે દુષ્ટ હોય તેને દરકાર રાખ્યા વગર શિક્ષા કરવી જોઇએ, એ ક્ષત્રિયનો ધર્મ છે, અને સ્ત્રીનો ધર્મ એવો છે કે.-'પોતાનો ભર્ત્તા દુષ્ટ હોય કે સદાચારી હોય પરંતુ સ્ત્રીએ તેની પાછળ સતી થાવુ. માટે હુ આ પતિની સાથે જ ચિતાના અગ્નિમા આરોહણ કરીશ. માટે તમારે સ્ત્રીઓને છેવટનો અનુકૂળ એવો વિધિ કરવાની આજ્ઞા આપવી જોઇએ.' આ રીતે નિવેદન કરવાથી રાજા અવશ્ય આજ્ઞા આપશે પછી તમારે તેને પોતાને જ ઘેર લાવીને એકાત સ્થાનકમા દર્ભના આસન ઉપર સુવરાવવો, અને આડો પડદો નાખવો તથા તમારે પોતે અનુગમનનો (સતી થવાનો) શણગાર ધારણ કરીને ત્યા સમીપમાં હાજર રહેવુ. તે પછી હું બહારની ડોઢીમાં ઉભો હોઇશ, તેને તારે અંદર દાખલ કરવો. એટલે હુ પિતાને જીવતા કરીને તેને જે ઉપાય ગમશે તે ઉપાયથી કાર્ય કરીશ"

પેલો પુરુષ તે સાભળીને ઘણો જ પ્રસન્ન થયો, અને 'એ પ્રમાણે કરુ છું,' આમ કહીને ત્યાથી તુરત ગયો. હું પણ ઢંઢેરો પીટાવાના સ્થાનક ઉપર અત્યંત ઘાટી એવી ઘણી

શાખાવાળા આંબલીના ઝાડ ઉપર ચઢ્યો, અને મારાં શરીરને છુપાવીને ઉભો રહ્યો. મનુષ્યો પણ પોતાની અનુકૂળતા પ્રમાણે ઉંચા સ્થાનકો ઉપર ચઢી બેઠા તે પછી મનુષ્યોમાં નાનીમોટી વાતો થવા લાગી. એટલામાં મારા પિતાને ચોરની પેઠે પાછોડિયાં બાધીને ત્યા આગળ લાવ્યા મારા પિતાની પાછળ નગરના મહાજન ચાલતા હતા, તથા મોટો કોલાહલ થઈ રહ્યો હતો મારા પિતાને મારા ઝાડની નીચે જ ઉભા રાખ્યા, અને ચાંડાલે ત્રણ વાર બૂમ પાડીને કહ્યું કે:-" આ કામપાલ મંત્રીએ રાજ્યના લોભથી રાજા ચંડસિંહને અને યુવરાજ ચંડઘોષને એકાંતમાં ઝેરી અન્ન ખવરાવીને મારી નાંખ્યા છે. અને રાજા સિંહઘોષ પણ ભર જુવાન થયા છે, એટલે પાછા એના ઉપર પણ કપટ કરવા-માટે અમાત્ય શિવનાગને, સ્થૂણને તથા અંગારવર્ષને વિશ્વાસ હોવાથી એકાંતમાં બોલાવ્યા હતા, અને રાજાને મારવામાટે ફોડીને પોતાના પક્ષમા લીધા હતા પરંતુ તેઓએ રાજ-ભક્તિથી ગુપ્ત વાર્તા ઉઘાડી પાડી દીધી છે. માટે રાજ્યની ઇચ્છાવાળા આ બ્રાહ્મણની આખો કાઢીને તેને આધળો કરવો યોગ્ય છે. આ રીતે ન્યાયાધીશોનાં વચન ઉપરથી આની આખો કાઢવામાટે આને લઈ જવામાં આવે છે બીજા પણ જો અન્યાયથી વર્તશે તો તેને પણ આ પ્રમાણે જ ઘટતો દંડ રાજા કરશે"

આ ઢંઢેરો સાંભળીને ગામના મહાજને કોલાહલ કરી મૂક્યો તે સમયે મે પિતાના શરીર ઉપર પ્રદીપ્ત ફેણવાળો ઝેરી સર્પ નાંખ્યો, અને હું ડરી ગયો હોઉં એમ ઝાડ ઉપરથી નીચે ઉતરી પડ્યો, અને ત્યાં જ મનુષ્યો જાણે નહિ તે રીતે કોપાયમાન થયેલા સર્પે કરડેલા મારા પિતાના પ્રાણની

રક્ષા કરવામાટે એક ક્ષણમાં ઝેરને અટકાવી દીધું, અને મારા પિતા મરેલા જેવા થઇને પૃથ્વી ઉપર પડી ગયા. તે પછી મેં કહ્યું કે:—"રાજાનું અપમાન કરનારાને દેવના તરફથી શિક્ષા થાય છે. આ વાત સત્ય છે. રાજાએ આને આંધળો કરવાની ઇચ્છા કરી હતી, પરંતુ દૈવે આને પ્રાણ વિનાનો કર્યો છે (મારી નાખ્યો છે.)" કેટલાએકે મારા કહેવાને માન્ય કર્યું, ત્યારે બીજાએ મારા કહેવાની નિંદા કરવા લાગ્યા. સર્પ તો તે ચાંડાલને પણ કરડીને લોકોએ ત્રાસથી નાસી જઇને આપેલા માર્ગેથી નાસી ગયો.

મારી માતાને પૂર્ણભદ્રે આ વાર્તા (પ્રથમથી જ) સમજાવી હતી, તેથી તે તેવા દુઃખના સમયમાં પણ અતિશય ગભરાઈ નહિ પરતુ કુલના મનુષ્યોની તથા પરિજનોની સાથે પગે ચાલતી જ ધીમે ધીમે આવી, મારા પિતાનુ મસ્તક ખોળામાં લઇને બેઠી, અને રાજાને કહ્યુ કે:-'મારા પતિએ તારુ ભુડું કર્યું છે કે નથી કર્યું, એ દૈવ જ જાણે છે તેનો વિચાર કરવાથી મને ફળ નથી પરંતુ આ પાણિગ્રહણ કરનારા પતિની પાછળ હુ જો ગમન કરુ નહિ (સતી થાઉ નહિ) તો તમારા કુળને કલંક લગાડું માટે ભર્ત્તારની સાથે ચિતામા આરોહણ કરવામાટે મને આજ્ઞા આપો.' એ સાંભળીને રાજાએ પ્રીતિથી આજ્ઞા કરી કે, 'ભલે કુલોચિત સંસ્કાર કરે, અને સંસ્કાર કર્યા પછી મારો બનેવી ઉત્તર ક્રિયાનો લાભ પણ ભલે લે.' ઘણા મંત્ર જાણનારાઓ (જાદુગરો) મંત્રો ભણીને ચાંડાલનું ઝેર ઉતારવા લાગ્યા, પરંતુ મેં સર્વ મંત્ર જાણનારાઓના પરિશ્રમને અટકાવી દીધો હતો, તેથી તે ચાંડાલ મરણ પામ્યો. તે ઉપરથી 'કામપાલને પણ કાલે જ દંશ દીધો છે' આમ માનીને રાજાએ પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવામાટે કામ-

પાલને તેને ઘેર લઈ જવાની આજ્ઞા આપી. પછી મારા પિતાને ઘેર લાવીને એક નિર્જન પ્રદેશમાં દર્ભની પથારી ઉપર સુવરાવ્યા. તે પછી મારી માતાએ મરણ સમયને ઉચિત આભૂષણો પહેરીને દયા ઉપજે તે પ્રમાણે સખીઓની પાસેથી સ્મશાનમાં જવાની રજા માગી, ઘરની દેવતાને વારંવાર પ્રણામ કર્યા, પરિજનોને (આસપાસનાં માણસોને) પ્રયત્નથી રડતાં અટકાવ્યાં, અને પંડે એકલી જે સ્થાનમાં મારા પિતાને સુવરાવ્યા હતા, તે સ્થાનમાં દાખલ થઈ. ત્યાં પૂર્ણભદ્રે મને પ્રથમથી જ દાખલ કર્યો હતો, અને મે ગરુડનું રૂપ ધારણ કરીને મારા પિતાનું ઝેર ઉતારી નાંખ્યું હતું મારી માતા પોતાના ભર્તારને ઝેર વિનાના થયેલા જોઇને અત્યંત પ્રસન્ન થઈ, અને પતિનાં બન્ને ચરણમા આંસુભર્યા મુખે પ્રણામ કર્યા. તે પછી (વાત્સલ્યને લીધે) જેના સ્તનમાંથી દુધ ઝરતું હતું (એવી મારી માતા) મને વારંવાર આલિંગન કરીને હર્ષના આંસુથી ગળગળા સ્વરે બોલીઃ–'પુત્ર ! મે પાપિણીએ તારો જન્મતી વખતે જ ત્યાગ કર્યો હતો, ત્યારે તું મારી નિર્દયની ઉપર આવો અનુગ્રહ શા કારણે કરે છે ? અથવા તો તારા આ પિતા નિરપરાધી જ છે. એને કાળના મુખમાંથી તું જીવતા લાવ્યો, એ યોગ્ય જ થયું છે તારાવલી ખરેખર ક્રૂર છે. કારણ કે જેણે કુબેરની પાસેથી તને યથાર્થ રીતે જાણ્યા છતાં પણ મને નહિ સોપતાં દેવી વસુમતીને સોંપ્યો, અથવા તો તેણે એ યોગ્ય કર્મ કર્યું હતું તેવા ભાગ્યના રાશિરૂપ પુરુષ વિના મારા સરખી અલ્પ પુણ્યવાળી સ્ત્રી તારાં મધુર વચનામૃતોને કાનથી પીવાને યોગ્ય થાત નહિ. આવ, મને આલિંગન દે,' આમ કહીને વારંવાર મારુ મસ્તક સૂંઘવા લાગી, અને મને ખોળામાં બેસાડી આલિંગન કરીને

તારાવલીની નિંદા કરતી, મારા ઉપર આંસુનો અભિષેક કરવા લાગી. તે સમયે તેની કાયા થરથર કંપતી હતી. એક ક્ષણમાં તે કોઈ બીજી જ બની ગઈ મારા પિતા પણ જેમ નરકમાંથી સ્વર્ગમાં જાય, તેમ મહાન્ દુઃખમાંથી મોટા અભ્યુદયને પામ્યા, અને પૂર્ણભદ્રે જેવું બન્યું હતું તેવું વૃત્તાત વિસ્તારથી તેને નિવેદન કર્યું તે સાભળીને કામપાલ પોતાના આત્માને ભગવાન્ ઈદ્રના કરતા પણ ભાગ્યવાન્ ગણવા લાગ્યો તે પછી મારા સંબધી થોડીક વાત કહેવાથી મનમાં હર્ષ તથા વિસ્મય પામેલા માતાપિતાને કહ્યું કે, 'હવે મારે શુ કરવાનું છે? તેની આજ્ઞા આપો' મારા પિતા બોલ્યા –'ઓ વત્સ! આ આપણું ઘર જ મહા વિશાલ કિલ્લાથી ઘેરાયલું છે તેમા ખૂટે નહિ તેવા આયુધોનાં મંદિર છે. તેની આસપાસની ભીંત ઓલંઘી શકાય નહિ તેવી છે મેં ઘણા સામન્તોના ઉપર ઉપકાર કર્યો છે, અને પ્રજાનો મોટો ભાગ મારા દુ.ખને પસંદ કરતો નથી વીર પુરુષોના લાખો સ્નેહીઓ પુત્રો અને સ્ત્રીઓ છે એટલા માટે કેટલાએક દિવસો અહિં જ રહીને બહારના પુરુષોને (નગરજનોને) તથા અંદરના પુરુષોને (રાજાના મંત્રી વગેરેને) રાજાની સામે ઉશ્કેરશું અને કોપાયમાન થયેલા તે પુરુષોને આપણા પક્ષમા લઈને પડોસમાં રહેનારા શત્રુઓને અત્યંત ઉત્સાહ આપીને, અને સ્વાભાવિક શત્રુઓને (ભાયાતોને) તેની સામે લડવાને ઉઠાડીને આ *દુર્દાન્તનો નાશ કરીશું' "એમાં શી અડચણ છે? તેમ થાઓ," આવી રીતે મેં મારા પિતાના મતને અનુમોદન આપ્યું

અમે એ પ્રમાણે અમારી રક્ષાના ઉપાયો લઈને અમારા ઘરમાં બેઠા, અને તે વાત રાજાને નિવેદન કરી. એટલે રાજાને

* જેને શિક્ષા કરવી કઠણ થઈ પડે તેવો.

પશ્ચાત્તાપ થયો, અને તે ઘણું કરીને પરદેશી લશ્કરો અમારી સામે મોકલવા લાગ્યો અમે પ્રતિ દિવસ તે પરદેશી લશ્કરને મારવા લાગ્યા આ કાર્ય કરતાં જે અવકાશ મળ્યો, તેમાં મેં પૂર્ણભદ્રના મુખથી રાજાનું શયનસ્થાન (સુવાનું સ્થાન) જાણી લઈને તે જ વખતે અમારા ઘરની ભીંતના ખૂણાથી આરંભીને (રાજાના શયનસ્થાન સૂધી) સર્પમુખ નામના હથીઆરથી સુરંગ ખોદવા માંડી તે સુરંગ પૃથ્વી ઉપર સ્વર્ગસમાન અને અનેક કન્યાઓથી ભરપૂર એવા એક સ્થાનકમાં જઈ પહોંચી. ત્યાં રહેનારી સ્ત્રીઓ મને જોતાંવેંત જ ભયભીત થઈ ગઈ આ સ્ત્રીઓના મંડળમાં એક કન્યા હતી. તે ચંદ્રની કળાની પેઠે પોતાનાં લાવણ્યથી રસાતલના અંધકારને દૂર કરતી હતી, મૂર્તિમતી પૃથ્વી દેવીના જેવી જણાતી હતી, અસુરોનો પરાજય કરવા માટે અવતરેલી પાર્વતીના જેવી જણાતી હતી, પાતાળમાં આવેલી ભગવાન્ કામની પત્ની રતિના જેવી જણાતી હતી, અનેક દુષ્ટ રાજાઓનાં દર્શનનો ત્યાગ કરવા માટે ભૂમિગૃહમાં દાખલ થયેલી રાજલક્ષ્મીના જેવી જણાતી હતી, તથા અગ્નિમાં તપાવેલા હોવાથી ચળકાટ મારતા સુવર્ણની પુતળીના જેવી શુદ્ધ કાન્તિવાળી હતી. મલય પર્વતના પવનથી ચંદનની લતા જેમ કંપી ઉઠે, તેમ તે કન્યા મારા દર્શનથી કંપી ઉઠી, અને સ્ત્રીઓનો સમાજ પણ કંપવા લાગ્યો. તે સમયે પુષ્પિત થયેલી કાસની* યષ્ટિની પેઠે શ્વેત કેશવાળી એક વૃદ્ધ સ્ત્રી મારા બંને ચરણમાં પ્રણામ કરીને ભયથી દીનતા સાથે બોલીઃ—'આ નિરાધાર સ્ત્રીઓને અભય દાન આપો. શું આપ દેવકુમાર દૈત્યોની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી

---

* કાસડા નામનુ એક ખડ થાય છે, અને તેપર શ્વેત પુષ્પો થાય છે.

રસાતળમાં પ્રવેશ કરવાને ઇચ્છો છો? આજ્ઞા કરો, આપ કોણ છો? શા માટે આવ્યા છો? મેં તે વૃદ્ધ સ્ત્રીને અને સર્વેને ઉત્તર આપ્યોઃ– "ઓ સુંદર દાંતવાળી સ્ત્રીઓ! તમે ડરશો મા. હું બ્રાહ્મણોમાં ઉત્તમ એવા કામપાલથી રાણી કાન્તિમતીના ઉદરમાં ઉત્પન્ન થયો છું, અને મારું નામ અર્થપાલ છે કાર્યપ્રસંગે અમારા ઘરમાંથી રાજમહેલ સૂધી સુરંગ ખોદીને તે માર્ગેથી જતાં અહિં વચ્ચે તમને જોયા કહો, તમે કોણ છો? અહિં શા માટે રહો છો?" એમ મેં પૂછ્યું એટલે વૃદ્ધ સ્ત્રીએ બે હાથ જોડીને કહ્યું:–'ઓ સ્વામિકુમાર! અમે ભાગ્યશાળી છીએ કારણ કે, અમે આ નેત્રથી જ તમારા નિર્દોષનાં દર્શન કરીએ છીએ. સાંભળોઃ તમારો માતામહ (નાનો) ચંડસિંહ હતો. તેણે રાણી લીલાવતી વિષે ચંડઘોષ અને કાન્તિમતી નામનાં બે સંતાનને ઉત્પન્ન કર્યાં છે ચંડઘોષ યુવરાજ હતો ત્યારે તે સ્ત્રીઓના ઉપર અત્યંત આસક્તિ રાખતો હતો તેથી તેને ક્ષય રોગ થવાથી સ્વર્ગમાં ગયો છે તે સમયે દેવી આચારવતી ગર્ભવતી હતી, અને એણે આ મણિકર્ણિકા નામની કન્યાને જન્મ આપ્યો છે. આચારવતી પ્રસવની વેદનાથી મરણ પામીને પતિના લોકમાં ગયા પછી, (મરણ પામ્યા પછી) રાજા ચડસિંહે મને એકાંતમાં બોલાવીને આજ્ઞા કરી કેઃ–'ઓ ઋદ્ધિમતિ! આ કન્યાનાં લક્ષણ શુભ છે, માટે હું આ કન્યાને મોટી કરીને શાસ્ત્રોક્ત વિધિથી માળવાના રાજાના પુત્ર દર્પસારની સાથે પરણાવવાની ઇચ્છા રાખું છું. પણ કાંતિમતીનો બનાવ બન્યો, તે દિવસથી હું કન્યાઓને જાહેરમા રાખવાથી ડરુ છુ. માટે શત્રુઓને પૂરીને દુઃખ દેવામાટે બનાવેલા આ મોટા ભોંયરામાં એક બનાવટી પર્વત છે તેના મધ્ય ભાગમાં અનેક પ્રકારના મંડપો અને નૃત્ય જોવાનાં ઘરો બાંધેલાં છે તેમાં રહીને તું આ કન્યાને ઉછેર,

તથા રાજાઓને ભોગવવા યોગ્ય અનેક પદાર્થો સાથે લઈને ત્યાં જા. સો વર્ષે પણ ખૂટે નહિ તેટલા ભોગ્ય પદાર્થો આ સ્થાનમાં ભરેલા છે ' તે પ્રમાણે કહીને રાજાએ પોતાના શયન-મંદિરની ભીંતમાં બે આંગલ જેટલું એટલે ત્રણ ઇંચ જેટલું એક બાકોરું હતું, અને તેના ઉપર એક હાથ જેટલું પત્થરનું ઢાંકણ ઢાકેલું હતું, તેને ઉઘાડીને અમને આ સ્થાનમાં દાખલ કર્યાં છે આ સ્થાનમાં રહેતા અમને બાર વર્ષ વીતી ગયા છે, અને આ દીકરી તરુણ (જુવાન) થઈ છે છતાં હજી સૂધી પણ રાજા તેને સંભારતો નથી આના પિતામહે (દાદાએ) આ કન્યાને ઘણું કરીને દર્પસારને પરણાવવાનો સંકલ્પ કર્યો હતો; અને તારી માતા કાન્તિમતીએ, આ ગર્ભમાં હતી ત્યારે જુગારમા તેની માતાને જિતી લીધી હતી, અને તેની પોતાની માતાએ તનેજ પરણાવવાનો સંકલ્પ કર્યો હતો માટે હવે જે કરવુ યોગ્ય હોય, તેનો કુમાર જ વિચાર કરો ' તે પછી મેં તે સ્રીને ફરીથી કહ્યું:–'રાજમહેલમા આજે જ કંઈક કાર્ય મારે કરવાનું છે, તે સિદ્ધ કરીને પાછો ફરીશ ત્યારે તમારે માટે યથોચિત રીતે વર્તીશ ' તે પછી દીવાથી તે બીલનો (છિદ્રનો) માર્ગ તેણે મને દેખાડ્યો, એટલે હું તે માર્ગે થઈને આગળ ગયો, અને અર્ધ રાત્રિનો સમય થયો કે તે પત્થરનાં ઢાંકણને ઉચું કરીને રાજાના શયનમંદિરમાં દાખલ થયો, અને નિર્ભયપણાથી સુતેલા સિંહઘોષને જીવતો પકડી પાડ્યો; અને ગરુડ જેમ સામા થયેલા સર્પને ઘસડે તેમ હું સામા થયેલા સિંહઘોષને ઘસડીને એ જ ભીંતના બાકોરાને માર્ગે સ્રીઓના મંડળની પાસે લઈ ગયો, અને ત્યાંથી મારા ઘરમાં લાવીને તેનાં બન્ને ચરણમાં લોઢાની બેડી નાખીને કેદ કર્યો. તેણે પોતાનુ મલિન મુખ નીચું કરી દીધું હતું, ને ઘણાં આસુ પડવાથી જેની

આંખો લાલચોળ થઈ ગઈ હતી, એવા તેને મેં એકાંતમાં માતાપિતાને દેખાડ્યો, અને સુરંગની કથા કહી. તે પછી મારાં માતાપિતા તુચ્છ મનના એ પુરુષને જોઇને ઘણા જ પ્રસન્ન થયાં, અને તેને કેદમાં નાંખીને પેલી કન્યાની સાથે મારું પાણિગ્રહણ કરાવ્યું, અને તેનું રાજ્ય રાજા વિનાનુ થવાથી અમારા તાબામા જ આવ્યું. પ્રજા કોપાયમાન થશે, એવા ભયથી મારી માતાએ તેને છોડી મૂકવાની જ ઇચ્છા કરી હતી, છતા મેં સિંહ-ઘોષને છોડ્યો જ નહિ આ પ્રમાણે અમે જીવન ગાળતા હતા, એટલામા અંગ દેશનો રાજા સિંહવર્મા જે આપનો ભક્ત અને અનેક કાર્ય કરનારો છે, તેના ઉપર શત્રુએ ચઢાઈ કરી હતી તેથી અમે એને સહાય કરવામાટે જતા હતા એટલામા તમારા ચરણની રજથી મારો અનુગ્રહ થયો છે. હવે તે અનાર્ય સિંહઘોષ પોતાના સર્વ પાપ ધોવામાટે તમારાં ચરણમાં પ્રણામરૂપી પ્રાયશ્ચિત્ત કરે." આમ કહી, બે હાથ જોડીને અર્થપાલે રાજવાહનને પ્રણામ કર્યાં.

તે પછી રાજા રાજવાહન પણ, "તે ઘણુ પરાક્રમ કર્યું છે, અને બુદ્ધિનો પણ બહુ ઉપયોગ કર્યો છે હવે તારો અસરો બેડીમાથી છૂટો થઇને ભલે મારાં દર્શન કરે" આમ કહીને પછી પ્રમતિના તરફ જોઇને પ્રીતિથી હાસ્ય કરતા કરતાં તેને આજ્ઞા કરી કે, 'હવે તું પોતાનું ચરિત્ર કહે.'

ઇતિ શ્રીદણ્ડિવિરચિત દશકુમારચરિતમા 'અર્થપાલનુ ચરિત્ર' એ નામનો ઉચ્છ્વાસ ૪ થો સમાપ્ત

ઉચ્છ્વાસ ૫ મો

પ્રમતિનું ચરિત્ર

પ્રમતિ પણ પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યોઃ–'મહારાજ! આપને શોધવા માટે દિશાઓમાં ભમતો ભમતો, આથમતા સૂર્યરૂપી બાલ પલ્લવ પશ્ચિમ દિશારૂપી સ્ત્રીના મુખ વિશે આભૂષણરૂપ થયો (સાયંકાલ થયો) એટલે, ઝરાના પાણીમા સ્નાન કરીને, વિન્ધ્ય પર્વતની તળેટીમા ઉભેલા અને આકાશ સૂધી ઉચા ગયેલા એક વૃક્ષની નીચે બેસીને સંધ્યાવંદન કર્યું એટલામા અંધારુ થવાથી ઉચાનીચા પ્રદેશ સમાન થઈ ગયા (દેખાતા બંધ થઈ ગયા), ને આગળ જવાને હું અસમર્થ થઈ પડ્યો તેથી સુવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર પાદડાની પથારી કરી બે હાથ જોડી મસ્તક ઉપર મૂકીને બોલ્યો કે–'હિંસક પ્રાણીઓના ટોળાના ફરવાથી ભયંકર તથા શંકરના કંઠના જેવા શ્યામ રંગના રાત્રિના અંધકારના પૂરથી જેની ગંભીર ગુફાઓ ભરાઈ ગઈ છે, એવા આ મહા અરણ્યમા હું એકલો જ સુતો છુ માટે આ વૃક્ષમા જે દેવતાનો વાસો હોય, તે જ દેવતા મારુ શરણ હજો' આમ કહી ડાબા હાથનું ઓસીકું કરીને હું સુતો, અને એક ક્ષણ પછી જ પૃથ્વી ઉપર દુર્લભ એવો સ્પર્શ થવાથી મારા ગાત્રોને અલૌકિક સુખ મળ્યું, ઇદ્રિયો આનંદ પામી, અંતરાત્માને સુખ સાથે અભિમાન થયું, શરીરમા ઘણા જ રોમાંચ થયા, અને મારો જમણો હાથ ફરકવા લાગ્યો. આ બધું શા માટે થતું હશે? આવો વિચાર કરીને ધીમે ધીમે ઉપર જોયું તો નિર્મળ ચંદ્રિકાના કટકા સમાન શ્વેત વસ્ત્રનો એક ચંદ્રવો જણાયો, ડાબી બાજુએ દૃષ્ટિ કરી તો, હવેલીની ભીંત પાસે વિચિત્ર રંગના ગલીચા

ઉપર અતિ વિશ્વાસથી સ્રીના એક મંડળને સુતેલું દીઠું; જમણી તરફ દૃષ્ટિ કરી તો, અમૃતના ફીણના સમૂહ જેવા શ્વેત રંગના ગાદલા ઉપર એક તરુણીને સુતેલી દીઠી, તેનો કમખો જરાક ખસી ગયો હતો, તેથી આદિ વરાહની ડાઢના શ્વેત કિરણમા વળગી રહેલી તથા જેના ખભા ઉપરથી ક્ષીરસાગરરૂપી ઉત્તરીય વસ્ત્ર ખસી ગયું હતું અને ભય તથા ગભરાટથી મૂર્છિત થયેલી પૃથ્વીના જેવી જણાતી હતી; ઓષ્ઠના લાલ રંગના કિરણોરૂપી બાલ પલ્લવોને નૃત્ય કરાવનારા અને મુખારવિંદના પરિમલને બહાર લઈ જનારા નિઃશ્વાસના પવનથી, શંકરના નેત્રાગ્નિથી બળી ગયેલા અને તણખારૂપે અવશેષ રહેલા કામને જાણે પ્રદીપ્ત કરતી હોય તેવી તે જણાતી હતી; જેમા ભમરા સુતા હોય તેવું કમળ જેમ બીડાઈ જાય, તેમ નિદ્રા આવવાથી જેના બન્ને નેત્રકમળ બીડાઈ ગયા હતા એવા મુખવાળી તે હતી, અને ઐરાવત હાથીએ મદના ગર્વથી કાપીને ફેંકી દીધેલી નંદનવનની કોઈક ઉત્તમ કલ્પલતાના જેવી તે દેખાતી હતી. તે તરુણીને જોઈને હું વિચાર કરવા લાગ્યો કેઃ—'તે મહાઅરણ્ય ક્યા ગયું, અને આકાશના પુટનો સ્પર્શ કરનારી તથા કાર્તિકસ્વામીના મંદિરના શિખર ઉપર રહેલા ત્રિશૂળની પેઠે આ ઉચી હવેલી ક્યાથી આવી ગઈ? મહા અરણ્યમા પાથરેલું તે પાંદડાનું શયન (બિછાનું) ક્યા ગયું? અને આ ચંદ્રના કિરણોના જથ્થા જેવી શ્વેત રંગની, હંસના જેવા શ્વેત રંગના રુથી ભરેલાં ગાદલાવાળી શય્યા ક્યાંથી આવી? શીતરશ્મિના (ચંદ્રમાનાં) કિરણરૂપી દોરીમાંથી બનાવેલા હિંડોળામાંથી નીચે પડી જવાથી મૂર્છિત થયેલું અપ્સરાનું મંડલ હોય, તેવું પોતાની ઇચ્છાથી નિદ્રાવશ થયેલું આ સ્રીમંડળ કોણ હશે? શરદ્ ઋતુના ચંદ્રમંડળના જેવો શ્વેત રંગનો ઓછાડ જેમાં

ઓછાડેલો છે એવાં શયનતલમા કમળહસ્તા* દેવીની (લક્ષ્મીની) પેઠે આ કઈ સ્ત્રી સુતી હશે? આ દેવાંગના તો નથી, કારણ કે ચંદ્રના કિરણોથી ધીમે ધીમે સેવાતી અર્થાત્ તેનો ધીમે ધીમે સ્પર્શ થવાથી જેમ કમલિની †બીડાઈ જાય છે તેમ ચંદ્રના કિરણોથી ધીમે ધીમે સેવાતી આ તરુણી પણ નિદ્રાવશ થઈ ગઈ છે, જેના ઉપર પરસેવાની રેખાઓ આવેલી છે એવું આનું ગંડસ્થલ, ભાગેલા ડીંટીઆમાથી ઝરતા રસના બિન્દુથી વિચિત્ર રંગના લાગતા, અને પાકી જવાથી પીળા રગના દેખાતા આબાના ફૂળ જેવુ જણાય છે, નવીન યૌવનને લીધે થનારા દાહથી અસહ્ય તાપવાળા કુચતટ ઉપર કરેલો એનો અંગરાગ ઝાખો પડી ગયો છે, બન્ને વસ્ત્રો (ચણીઓ અને સાડી) ઉપયોગમાં લીધાથી મલિનપણુ દર્શાવે છે, માટે આ મનુષ્ય જાતિની જ સ્ત્રી છે આનદની વાર્ત્તા છે કે, આનુ યૌવન ઉચ્છિષ્ટ થયું નથી (ભોગવેલી નથી), આ તરુણીના અવયવો સુકુમાર હોવા છતા પણ મર્દનને સહન કરે તેવા દૃઢ છે, શરીરની કાતિ અત્યંત સ્નિગ્ધ‡ હોવા છતા પણ ફીકી હોય તેવી લાગે છે; દંતક્ષતની પીડાથી અજાણી હોવાને લીધે તેના મુખ ઉપર કામેચ્છા અત્યંત સ્પષ્ટ જણાતી નથી, ઓષ્ઠમણિની કાન્તિ પરવાળાના જેવી છે, યૌવનથી સપૂર્ણ ભરેલો નહિ તથા મૂળમાં કિંચિત્ રાતા રંગવાળો આનો કઠોર કપોલપ્રદેશ મૂળમા જરાક ભરેલા અને જરાક

---

* દેવીના પક્ષમા જેના હાથમા કમળ છે એવી, અને કન્યાના પક્ષમા જેના હાથ કમળના જેવા છે એવી. † સૂર્યવિકાસી કમળ ચદ્રનાં કિરણોનો સ્પર્શ થવાથી બીડાઈ જાય છે.

‡ ચળકાટવાળી, તેજસ્વી.

રાતા રંગના ચંપાના નવપલ્લવના જેવો જણાય છે; આ કન્યા કામના બાણના પ્રહારની શંકાનો ત્યાગ કરીને નિર્ભયપણાથી સુંદર લાગે તેમ સુતી છે; આ કન્યાના વક્ષઃસ્થળ ઉપર નિર્દય રીતે મર્દન કરીને બન્ને સ્તનના મુખને (ડીટડીને) વિસ્તારવામા આવ્યાં નથી; જેના અંતઃકરણે શિષ્ટ પુરુષોની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નથી એવો જે હું, તેની આ સ્રીના ઉપર આસક્તિ થઈ છે. જો મારી આસક્તિ પ્રમાણે આ કન્યાનું આલિંગન કરવામા આવે તો સ્પષ્ટ રીતે મોટી ચીસ પાડવાની સાથે જ જાગી જાય. પરંતુ હું એનું આલિંગન કર્યા વગર સુઈ શકીશ નહિ; માટે જે થવાનું હોય તે ભલે થાય આ બાબતમા હું ભાગ્યની પરીક્ષા કરીશ.' આવો વિચાર કરીને તે કન્યા ઉપર થયેલી આસક્તિને લીધે તથા બીજી તરફથી થયેલા ભયને લીધે એમ બન્ને કારણથી તેનો જરાક સ્પર્શ કરીને હું ખોટી નિદ્રા કરતો સુતો

એટલામા તે કન્યા વર્ણવી શકાય નહિ તેવી રીતે કંપતા, મારો સ્પર્શ થવાથી રોમાંચિત થયેલા, અને સુખનો અનુભવ કરનારા ડાબા પડખાથી ધીમે ધીમે પોતાના શિથિલ અંગોને મરોડવા લાગી જેની ઉપલી પાપણો કંપતી હતી, જેની કીકીઓ આળસુ તથા ખિન્ન થયેલી હતી, અને નિદ્રા બહુ પાકી ન થવાથી જેના છેડાના ભાગ લાલ રંગના થઈ ગયા હતા એવી બન્ને આંખોથી તે મને જરા જરા નિહાળવા લાગી. અદ્ભુત પરાક્રમવાળો કામ તેને ત્રાસ,* વિસ્મય, હર્ષ, રાગ,

* ત્રાસ એટલે આ પુરુષ કોણ હશે, અહિ શા માટે આવ્યો હશે આવી રીતનો ભય, વિસ્મય એટલે મારા ઓરડાના બારણાં બધ હતાં અને હુ વિશ્વાસથી સુતી હતી, છતા આ અહિ ક્યાથી આવ્યો હશે ? હર્ષ એટલે આનદ, પોતાને નવીન જુવાની હતી,

શંકા, વિલાસ અને વિભ્રમવાળી લજ્જાથી ભરપૂર વાણીથી વર્ણવી શકાય નહિ તેવી અનેક અવસ્થાઓનો અનુભવ કરાવવા લાગ્યો અપરિચિત પુરુષને જોઈને તેની વાણી, પાસે રહેલી સખીઓને જાગૃત કરવામાટે તત્પર થઈ; પરંતુ વાણીને માડ માડ અટકાવીને, કામના આવેગથી પરવશ થયેલા હૃદયને પણ માડ માડ વશ કરીને, ભયથી તથા પરિશ્રમથી અંગો ઉપર થયેલા પરસેવાના બિંદુઓને પણ માડ માડ અટકાવીને, સુંદર તથા સંકુચિત છેડાવાળી અને મને જોવામાટે સ્પૃહા–ઇચ્છા–વાળી એવી આખને ધીમે ધીમે ફેરવી, મારા અંગોને નીરખીને પોતાની પૂર્વ કાયાને (શરીરના આગલા ભાગને) જરાક ઉચો કર્યો, પરંતુ પાછી આશ્ચર્ય સાથે તેજ શય્યામા સુઈ ગઈ મારુ મન પણ કામેચ્છાવાળું થયું હતું, છતા કોણ જાણે કેમેય મને પણ નિદ્રા આવી ગઈ, અને દુઃખદાયક સ્પર્શ થવાથી મારા શરીરમા દુ.ખ થવા લાગ્યું, તેથી હું જાગી ઉઠચો જાગ્યા પછી મને તેજ મોટુ અરણ્ય, તેજ વૃક્ષનું તળિયું, અને તેજ પાદડાની પથારી થઈ ગઈ, અને રાત્રિ વીતીને પ્રભાત થયું. તે સમયે મારા મનમા થયું કે, 'આ તે શું સ્વપ્ન હશે? કે શું ઠગાઈ હશે? અથવા તો શું આ આસુરી

તેમા આવા તરુણ પુરુષનો સહવાસ થવાથી હર્ષ થવાનો સભવ છે. રાગ એટલે આસક્તિ, તરુણ પુરુષના મનોહર અવયવો જોવાથી સ્ત્રીઓને તેના ઉપર આસક્તિ થાય છે. શંકા એટલે આવી સ્થિતિમા મને કોઈ પણ જોશે તો મારી શી દશા થશે, એવી જાતની શકા. વિલાસ તથા વિભ્રમ આ બન્ને સાત્વિક ભાવ છે કામદેવ તે કન્યાની પાસે આ સર્વ અવસ્થાઓનો અનુભવ કરાવવા લાગ્યો. તે સર્વ અવસ્થાઓ લજ્જાને લીધે સકુચિત થતી હતી, અને વાણીથી તેનુ વર્ણન થઈ શકે નહિ તેવી હતી.

કે કોઈ પણ દૈવી માયા હશે? જે થવાનું હોય તે ભલે થાઓ હું આ વાર્તાને યથાર્થ રીતે જાણ્યા વગર ભૂમિ ઉપરની પથારીનો ત્યાગ કરીશ નહિ, પરંતુ જીવતા સૂધી દેવતાની સન્મુખ સુઈ રહીશ' આવો નિશ્ચય વિચાર કરીને ત્યા સુઈ રહ્યો.

તે પછી સૂર્યના કિરણોથી તપી ગયેલી અને તેથી કરમાઈ ગયેલી કમળની માળાની પેઠે કરમાયલા શરીરવાળી, જીર્ણ ચણિયો અને જીર્ણ સાડીવાળી, અલતો ન નાખવાથી રુક્ષ થઈ ગયેલા તથા પાટલ રંગના અને નિઃશ્વાસની ઉષ્ણતાથી ઝાંખી કાન્તિવાળા ઓષ્ઠવડે પીળા રંગના ધૂમાડાથી ધૂમાડી ગયેલા વિરહાગ્નિનુ જાણે વમન કરતી હોય તેવી, અટક્યા વગર આંસુની ધારા પડવાથી રુધિર બાકી રહેલું હોય તેમ અત્યંત લાલ રંગની આંખોવાળી, જટારૂપ થઈ જવાથી કુળના ચારિત્ર્યને બાંધવામા દોરીના જેવા લાગતા કેશપાશવાળી,* શ્યામ રંગની કંચુકીથી ઢંકાયલી ચોતરફ ફરતી પતિવ્રતાની પતાકાના જેવી લાગતી, દુર્બળ થયા છતા પણ દેવતાના પ્રભાવથી જેના શરીરનો રંગ વિસ્તાર અતિ ક્ષીણ થયો ન હતો આવી કોઈએક સ્ત્રી પ્રકટ થઈ, એટલે મેં તેને પ્રણામ કર્યા તે પછી અત્યંત હર્ષથી કંપતી એવી તેણે બન્ને ભુજલતાથી મને ઉભો કરીને પુત્રની પેઠે મારુ આલિંગન કર્યું, મારુ મસ્તક સુંઘ્યું, અને બન્ને સ્તનમાંથી દૂધને બાહાને વાત્સલ્યને ઝરવા લાગી, અને શીતળ અશ્રુ આવવાથી જેનો કંઠ રુધાઈ ગયો હતો એવી તે સ્ત્રી સ્નેહથી ગળગળા સ્વરે બોલી;–'ઓ વત્સ! મારા હાથમાં

* આ સ્ત્રી પોતાના મસ્તક ઉપરના કેશને ઓળતી નહતી, જેથી તે જટારૂપ થઈ ગયા હતા. તેથી કવિ તેને તેના કુળના ચરિત્રને બાધવાના પાશની ઉપમા આપે છે.

બાળક અથપાલને મૂકીને ભર્ત્તારની, પુત્રની, તથા સખીઓની કુબેરે કહેલી કથા કહીને મણિભદ્રની પુત્રી અંતર્ધાન થઈ ગઈ હતી. આ વાર્તા મગધરાજની પટરાણી વસુમતીએ તને જો કહી હોય તો તે હું જ તારી માતા છું. હું ધર્મપાલના પુત્ર, સુમત્રના નાના ભાઈ અને તારા પિતા એવા કામપાલના ચરણની સમીપમાંથી અર્થાત્ તેની પાસેથી નિષ્પ્રયોજન કોપ કરવાથી ખંડિત થયેલાં મનને લીધે પરદેશમા નાશી ગઈ હતી. પશ્ચાત્તાપથી ઉદાસ રહેતી હતી. તે પછી સ્વપ્નમાં એક રાક્ષસે આવીને મને શાપ આપ્યો છે કે, તું ક્રોધી છો, માટે તને પ્રવાસનું દુઃખ આપવામાટે તારા વિષે હું એક વર્ષ સૂધી વાસ કરીશ.' આમ કહીને તુરત જ તેણે મારા શરીરમાં પ્રવેશ કર્યો, અને હું જાગી ગઈ. મારુ તે વર્ષ એક હજાર વર્ષ જેવડું લાંબું ગયું હતું.

તે પછી ગઈ રાત્રિમાં શ્રાવસ્તિ નગરીમાં દેવના દેવ ત્ર્યબકના ઉત્સવ નિમિત્તે સમાજ ભરાયો હતો તેમાં મેં ભાગ લીધો, અને જૂદા જૂદા સ્થાનોમાંથી આવેલા સંબંધીઓને મળી હળી તે પછી હું શાપમાંથી મુક્ત થઈ હતી. તેથી, 'પતિની પાસે જાઉં,' આવો વિચાર કરીને પતિની પાસે જવા માટે નિકળી કે તું અહિં આવીને, 'અહિંની દેવતાને શરણે છું,' આવો વિચાર કરીને સુતો છો. પ્રથમ હું શાપના દુઃખથી ઘેરાઈ ગઈ હતી, તેથી મેં તને બરાબર ઓળખ્યો નહતો. પરંતુ ઘણા જ દુઃખવાળા આ મહાઅરણ્યમાં શરણાગતનો ત્યાગ કરીને જવું અયુક્ત છે, આવો વિચાર કરીને મેં તને સુતેલાને પણ સાથે લઈ લીધો હતો, ને શંકરનું દેવમદિર પાસે આવ્યું એટલે ફરીથી વિચાર કર્યો કે, 'આ તરુણ પુરુષની સાથે મારે સમાજમાં કેવી રીતે જવું?' આમ વિચાર કરતી હતી, એટલામા

શ્રાવસ્તિ નગરીનો રાજા ધર્મવર્ધન જે યથાર્થનામા છે, તેની કન્યા નવમાલિકાને ઉષ્ણકાળમાં સુખકારક લાગે તેવી કન્યાપુરના* વિમાનના જેવા મહેલની અગાશીમાં વિશાળ તથા કોમળ તળીઆવાળી શય્યામાં દૈવેચ્છાથી સુતેલી જોઈ; એટલે મેં વિચાર કર્યો કે, 'આનંદની વાત છે કે આ સુતી છે, અને તેનું સખીમંડળ પણ ગાઢ નિદ્રામાં સુતું છે; માટે હું મારુ કાર્ય કરીને પાછી ફરુ ત્યાં સૂધી બે ઘડી આ બ્રાહ્મણકુમાર ભલે અહિં સુવે.' આવો વિચાર કરી તને ત્યાં સુવરાવીને શંકરના મંદિર તરફ ગઈ, અને ત્યાં ઉત્સવની શોભા જોઇને તથા સંબંધીઓનાં દર્શનનું સુખ ભોગવીને ત્રણ ભુવનના ઈશ્વર એવા મહેશ્વરને પ્રણામ કર્યા. તે પછી મારો અપરાધ પ્રત્યક્ષ રીતે મારા જાણવામાં આવ્યો તેથી મને ભય લાગ્યો, અને તે અપરાધ દૂર કરવા માટે જેનું હૃદય ભક્તના તરફ ઢળેલું છે એવાં ભગવતી અંબાને મેં નમસ્કાર કર્યા એટલે દેવી પાર્વતીએ મંદ હસીને કહ્યું:–'ઓ ભલી બાઈ ! તું ડરીશ મા, હવે તારા પતિની પાસે જા, તારો શાપ દૂર થયો છે. આ પ્રમાણે દેવીએ મારા ઉપર અનુગ્રહ કર્યો કે તુરત જ મારી દૈવી શક્તિ મને પાછી પ્રાપ્ત થઈ. તે પછી પાછી ફરીને તને જોયો કે, મેં તુરત જ બરાબર ઓળખ્યો કે, 'અરે આ તો મારો જ પુત્ર અને વત્સ અર્થપાલનો પ્રાણસમાન મિત્ર પ્રમતિ છે. મેં પાપિણીએ આને નહિ ઓળખવાથી આના તરફ ઉદાસીનપણું બતાવ્યું હતું. આ કુમારનું મન આ કન્યા ઉપર આસક્ત થયું છે, અને આ કન્યા આ તરૂણના ઉપર આસક્ત થયેલી છે, તેથી આ બન્ને કપટનિદ્રામાં સુતા છે, અને લજ્જાથી તથા ભયથી એકબીજાં એકબીજાના મનનો ખુલાસો

---

* રાજકન્યાઓ જે મહેલમા રહે તે કન્યાપુર કહેવાય છે.

કરતાં નથી; પરંતુ મારે તો અવશ્ય જવું છે. આ કન્યા કામાતુર થયેલી છે, છતાં તેણે પોતાનું રહસ્ય છૂપું રાખવામાટે પોતાના સખીજનની આગળ અથવા તો પરિજનની આગળ વાત કરી નથી. હમણા તો હું કુમારને લઈ જાઉં; તેને સમય મળશે એટલે તે સમય ઉપર મળી આવેલા ઉપાયોથી ફરીને આ કાર્યને સિદ્ધ કરશે ' આવો વિચાર કરીને મેં તને મારા પ્રભાવથી ગાઢ નિદ્રામાં સુવરાવી દીધો, અને આજ પાંદડાની પથારીમાં પાછો લાવી. આ રીતે આ વૃત્તાંત છે. હવે હું તારા પિતાની સમીપમાં જાઉં છુ" આમ કહીને જેણે બે હાથ જોડેલા હતા એવા મને વારંવાર આલિંગન કરીને, મારુ મસ્તક સુંઘીને, મારા બન્ને ગાલનું ચુમ્બન કરીને, સ્નેહથી વિહ્વળ થયેલી એવી (મારી માતા) (મારા પિતાની પાસે) ગઈ, અને હું કામાધીન થયો હતો, તેથી શ્રાવસ્તિ નગરી તરફ ચાલ્યો.

માર્ગમાં વાણીઆઓનું એક મોટું ગામ આવ્યું. તે ગામમાં કુકડાઓનું યુદ્ધ થવાનું હતું, તે નિમિત્તે મોટો કોલાહલ થઈ રહ્યો હતો. હું પણ ત્યાં નજદીક જઇને બેઠો, અને જરાક હસ્યો. તે સમયે મારી પાસે એક વૃદ્ધ વિટ બ્રાહ્મણ બેઠો હતો તેણે ધીરેથી મને પૂછ્યું કે 'તુ' શા માટે હસે છે? મેં ઉત્તર આપ્યો: 'પૂર્વ તરફની વાડીનો કુકડો નારિકેલ *જાતિનો છે.

---

* કુકડાની ઘણી જાતિ છે, તેમા બે જાતિ મુખ્ય ગણાય છે, એક નારિકેલ જાતિ અને બીજી બલાકા જાતિ. નારિકેલ જાતિના અને બલાકા જાતિના લક્ષણ વૈજયતી નામના કોશમા આ પ્રમાણે લખ્યા છે

दीर्घग्रीव· सितवपुर्महाप्राण स्तवनाद ।
बलाकाजातिरित्युक्तस्तदन्यो नारिकेलज. ॥

જેની ડોક બગલાની પેઠે લાબી હોય, જેનુ શરીર ધોળા

જે વિશેષ બળવાન્ તથા વિશેષ ઉંચો છે અને જે બગલાની જાતિનો છે અને જે પશ્ચિમની વાડીનો કુકડો છે તેની સાથે પુરુષોએ જોયા વગર શા માટે યુદ્ધમા ઉતાર્યો હશે?" વૃદ્ધ વિટને પણ તે વાતની ખબર હતી તેથી તેણે કહ્યું કે: 'અજ્ઞાની-ઓને આ વાર્તા સમજાવવાથી શું ફળ?' તું છાનોમાનો બેસ.' આમ કહીને ચમચીમાથી તેણે પાન તથા કર્પૂર કાઢયું, અને મને આપીને અનેક જાતની વાર્તા કરતો ક્ષણ વાર બેઠો. તે બન્ને પક્ષીઓ અત્યંત ક્રોધમાં આવી ગયાં હતાં; (અને લડતાં) છેવટે પશ્ચિમની વાડીનો કુકડો જિત્યો. પેલો વૃદ્ધવિટ બ્રાહ્મણ પણ પોતાની વાડીના કુકડાનો વિજય થવાથી પ્રસન્ન થયો, અને મારી સાથે ઉમરથી વિરુદ્ધ એવી મૈત્રી કરીને તે જ દિવસે તેણે મને સ્નાન તથા ભોજનાદિક પોતાને ઘેર કરાવ્યાં. બીજે દિવસે હું શ્રાવસ્તિ નગરી તરફ જવા તૈયાર થયો. તે સમયે મને વળાવાને તે મારી પાછળ આવ્યો. 'કાર્ય પ્રસંગે આ મનુષ્યને યાદ કરજો,' આમ કહી મિત્રની પેઠે વળાવીને તે પાછો ઘેર ગયો હું શ્રાવસ્તિ નગરીમા પહોંચ્યો, અને માર્ગ ખેડ-વાથી થાકી ગયો હતો, તેથી નગરીની બહાર એક ઉદ્યાનમા (વાડીમા) એક લતામડપની નીચે સુતો, અને (થોડી વારે) હંસનો શબ્દ સાભળીને જાગૃત થયો, અને ઉઠયો, એટલામાં ઝાંઝરના અવાજથી ઝણઝણાટ કરી રહેલા ચરણવડે મારી પાસે આવતી એક તરુણ સ્રીને મે દીઠી. તે સ્રી મારી પાસે આવી, પોતાના હાથમાં રહેલા ચિત્રપટમાં આલેખેલા મારા

રગનુ હોય, જે મહા બળવાન્ હોય, જેનો અવાજ તીણો હોય, તે કુકડાને બલાકા જાતિનો જાણવો અને તે સિવાયના બીજાને નારિકેલ જાતિના જાણવા."

સરખા કોઈએક પુરુષને તથા મને વિસ્મય સાથે, તર્ક સાથે, તથા હર્ષ સાથે નિરખતી, ક્ષણવાર ઉભી રહી. મેં પણ તે ચિત્રપટમાં મારા જેવી છબી જોઈને માન્યું કે, 'આ સ્ત્રી મને વારંવાર દૃષ્ટિથી જોયા કરે છે તે સકારણ છે' તે પછી મેં તે સ્ત્રીને કહ્યું: 'આ પવિત્ર ને રમણીય એવો ઉપવનનો પ્રદેશ સર્વને માટે ખુલ્લો છે. તો તમે ઘણો વખત સૂધી ઉભાં રહેવાના કલેશનો શા માટે અનુભવ કરો છો? અહિં બેસો.' આમ કહ્યું કે, તે મંદ હસી, અને 'મારા ઉપર અનુગ્રહ કર્યો છે' આમ કહીને નીચે બેઠી તે પછી અમારા બન્નેની વચ્ચે વર્ણવી શકાય નહિ તેવી દેવતાસંબંધી તથા લોકસંબંધી વાર્તા થવા લાગી. વાર્તા કરતાં કરતાં તે બોલી:–'તમે પરદેશી અતિથિ છો, માર્ગના પરિશ્રમથી તમારાં ગાત્ર થાકી ગયા હોય તેવાં જણાય છે. જો અડચણ ન હોય તો આજે મારા ઘરમાં વિશ્રાંતિ લેવામાટે અનુગ્રહ કરો.' મે પણ કહ્યુ:–'અયિ મુગ્ધે! એમા હાનિ નથી, પણ લાભ જ છે' આમ કહીને હું તેની પાછળ પાછળ તેને ઘેર ગયો. ત્યા તેણે રાજોચિત સ્નાન, ભોજન વગેરેથી મારી સેવા કરી. તેની સેવા સ્વીકાર્યા પછી હું આનંદમા બેઠો, એટલે તેણે એકાંતમા મને પૂછયું:–"મહાભાગ! તમે દિશાઓમા ફરો છો, માટે તમે કંઈ અદ્ભૂત પદાર્થ મેળવ્યો છે–જાણ્યો છે?' તે સમયે મારા મનમા થયું કે:–'આ પ્રશ્ન મહાન્ આશાજનક છે સર્વ પરિજનની વચ્ચે જોવામા આવેલી રાજકન્યાની આ સખી છે. વળી આ ચિત્રપટમાં પણ કન્યાના મહેલની અગાશીમાં શ્વેત રંગનો ચંદ્રવો ચિતર્યો છે. તેની નીચે અત્યત વિસ્તારવાળું શરદ્ ઋતુના મેઘમંડળના જેવું શ્વેતરંગનું શયન ચિતર્યું છે, અને તેમા સુતેલી, નિદ્રાથી નેત્રો વીચી ગયેલી આ મારી જ પ્રતિકૃતિ

(છબી) છે. માટે ખરેખર કામદેવે તે રાજકન્યાને પણ મારા જેટલી જ કામવશ કરેલી જણાય છે; અને જે દશામાં અસહ્ય એવા મદનજ્વરની વ્યથાથી તે ઉન્મત્ત થઈ ગઈ છે, તે ઉપરથી સખીઓએ આગ્રહપૂર્વક વિકાર વિષે પૂછ્યું હશે; એટલે તે કન્યાએ સ્વાભાવિક ચાતુર્યથી આવું ચિત્ર ચિત્રીને જ તેનો સમર્થ ઉત્તર આપ્યો જણાય છે આ ચિત્રમાના પુરુષનું રૂપ મારા રૂપ જેવું છે, તેથી આ સ્ત્રીએ સશયથી મને પૂછ્યું છે. માટે હું અનુભવ પ્રમાણે કહીને આના સંશયને ભેદી નાખું ' આવો નિશ્ચય કર્યા પછી મેં કહ્યુ -"ઓ ભલી બાઈ! મને આ ચિત્રપટ આપ.' એટલે તેણે મારા હાથમાં ચિત્રપટ આપ્યો. તે ચિત્રપટ લઇને તેના એક ભાગમા કપટનિદ્રાથી સુતેલી, પ્રકટી નીકળેલી કામની પ્રીતિથી વિહ્વળ થયેલી વલ્લભાને ચિતરીને તેને મેં કહ્યું કે.-'કોઇએક આવી તરુણી આ પુરુષના પડખામા સુતેલી, એક મહા અરણ્યમાં સુતેલા એવા મેં દીઠી હતી. પરંતુ આ ખરેખર સ્વપ્ન હતુ ' એટલે પેલી સ્ત્રીએ પ્રસન્ન થઇને મને વિસ્તારથી પૂછ્યું:-એટલે મેં તેને સર્વ વૃત્તાંત કહ્યું. તે પછી પેલી સ્ત્રીએ મારે માટે પોતાની સખીને થયેલી અનેક અવસ્થાઓનુ વર્ણન કર્યું. તે સાભળીને મેં કહ્યુ કે, 'જો તારી સખીના મનમા મારાપર અનુગ્રહ કરવાનો વિચાર હોય તો કેટલાએક દિવસો જવા દે કન્યાના અત.-પુરમાં નિઃશંકપણાથી નિવાસ કરવાનો કોઈ પણ ઉપાય રચીને પછી હું આવીશ.' આવી રીતે પેલી રાજકન્યાની સખીની પાસે માંડમાંડ સ્વીકાર કરાવીને પાછો પેલા વાણિયાના ગામમા ગયો, અને વૃદ્ધ વિટનો મેળાપ કર્યો. તેણે પણ મને મોટા માનની સાથે ઉતારો આપીને પ્રથમની પેઠે જ સ્નાન ભોજનાદિક કરાવ્યાં, અને એકાંતમા પૂછ્યું:-'આર્ય! તું થોડા જ

સમયમાં શા માટે પાછો આવ્યો ?" મેં એને પ્રત્યુત્તર આપ્યો:–
'આપે મને પ્રશ્ન કર્યો છે, તે યોગ્ય જ છે.

"સાંભળો:–શ્રાવસ્તિ નામની એક નગરી થોડે દૂર છે. તેનો ધર્મવર્ધન નામે રાજા છે, જે બીજા ધર્મના પુત્ર જેવો છે. તેને નવમાલિકા નામની એક કન્યા છે, જે લક્ષ્મીના સમાન રૂપવતી છે, કામના પ્રાણસમાન છે, અને સુકુમારતામા નવમાલિકાનો તિરસ્કાર કરે તેવી છે. દૈવેચ્છાથી તે કન્યા મારા જોવામાં આવી છે તેણે મારા મર્મ ભાગો ઉપર કામના બાણની પંક્તિની પેઠે કટાક્ષની માળાનો પ્રહાર કર્યો છે કામે મારેલાં બાણના શલ્યોને કાઢવા હું સમર્થ નથી, અને તારા-સિવાય ધન્વન્તરિ સમાન બીજો વૈદ્ય નથી. આમ ધારીને હું તારી પાસે આવ્યો છું. માટે તું પ્રસન્ન થઇને કોઇક ઉપાય કરવામાં મને સહાય કર હું સ્ત્રીનો વેષ પહેરીને તારી કન્યા થઇશ, અને તારી પાછળ પાછળ આવીશ; અને તું રાજ-સભામાં બેઠેલા ધર્મવર્ધન રાજાની પાસે જઇને તેને કહેજે કે, 'મારે આ એક જ દીકરી છે આ જન્મી તે જ વખતે એની માતા મરી ગઈ છે, તેથી મેં જ માતા તથા પિતા તરિકે એને ઉછેરીને મોટી કરી છે. અમારી સાથે વિવાહ કરી શકે તેવા કુળમાં ઉત્પન્ન થયેલો કોઇએક બ્રાહ્મણનો પુત્ર આ કન્યાને માટે વિદ્યારૂપી શુલ્ક સપાદન કરવામાટે અર્થાત્ વિદ્યા ભણવામાટે અવંતી દેશમા આવેલી ઉજ્જયિની નગરીમાં ગયો છે. આ કન્યા તે વરને પરણાવવામાટે મેં કબુલ કર્યું છે, બીજાને પરણા-વવાને યોગ્ય નથી. હવે આ કન્યા તરુણી થઈ છે, અને તે વિલંબ લગાડે છે. માટે તે વરને તેડી લાવી, આ કન્યાનું તેની સાથે પાણિગ્રહણ કરાવી, તેના ઉપર ઘરનો ભાર મૂકીને હું સંન્યાસ લઇશ. જુવાન દીકરીઓનુ રક્ષણ કરવું મહા કઠિન

કામ છે; તેમાં પણ માતા વિનાની દીકરીઓનું રક્ષણ કરવું, એ વિશેષ કઠિન છે. માટે આપ રાજા પ્રજાના માતા તથા પિતાને સ્થાને છો, અને આપત્તિમાં આવી પડેલાના શરણ-રૂપ છો તેથી હું તમારે શરણે આવ્યો છું. માટે આદિ રાજા (પૃથુ રાજા)ના જેવા ચરિત્રવડે ઉત્તમ એવા આપ જો આ વિદ્વાન્, આશ્રય વિનાના, અને અતિથિરૂપ વૃદ્ધ બ્રાહ્મણને અનુગ્રહ કરવા યોગ્ય ગણતા હો તો, હું આ કન્યાનું પાણિગ્રહણ કરનારા વરને જેટલા સમયમા તેડી લાવું તેટલો સમય, અખંડિત ચરિત્રવાળી આ કન્યા તમારા ભુજરૂપી વૃક્ષની છાયામાં નિવાસ કરે.' આ રીતે તું કહીશ કે તે રાજા તારા કહેવાને અવશ્ય અનુમોદન આપશે, અને મને પોતાની પુત્રીની પાસે રાખશે. તે પછી તું ચાલ્યો જજે, અને આવતા ફાગણ મહિનામાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને દિવસે રાજાના અંત.પુરનાં મનુષ્યો તીર્થયાત્રાનો ઉત્સવ કરે, તે સમયે તું પાછો આવજે, અને તીર્થના સ્થાનકથી પૂર્વ દિશામા ગાયનો શબ્દ સંભળાય તેટલે દૂર, નેતરની વેલાઓની વચ્ચે કાર્તિકસ્વામીનું એક મંદિર છે તે મંદિરમાં બે શ્વેત વસ્ત્ર લઈને ઉભો રહેજે. હું આટલા સમય સૂધી નિઃશંકપણાથી રાજકન્યાની સાથે વિહાર કરીશ, અને ફરીથી તે ઉત્સવને દિવસે ગંગાના પાણીમાં વિહાર કરીશ. તે કન્યાનું મંડળ જળના વિહારમા ગુથાઈ જશે કે, હું પાણીમા ડૂબકી મારીને તારી પાસે જ બહાર નિકળીશ, અને કન્યાનો વેશ ઉતારી નાંખીને તેં આપેલાં બંને વસ્ત્રો પહેરી લઈ, તારો જમાઈ થઈને તારી જ પાછળ આવીશ. તે પછી રાજકન્યા મને આમતેમ શોધશે, પરંતુ મને મેળવશે નહિ એટલે તે, 'હું તેના વિના ભોજન કરીશ નહિ' આમ કહી અંતઃપુરમાં બેસીને રડ્યા જ કરશે; તેથી મોટો કોલાહલ મચી રહેશે, પરિજનો

પણ રડશે, સખીઓ પણ રડશે, નગરનાં મનુષ્યો શોક કરશે, અને રાજા તથા અમાત્યો શું કરવું તેને માટે મુંઝાશે. તે પછી તારે રાજાની સભામાં જઈ મને ઉભો રાખીને કહેવું કેઃ–

"મહારાજ! આ મારો જમાઈ છે, અને તે આપની સુંદર ભુજાની સેવા કરવાને યોગ્ય છે તે ચારે વેદ ભણ્યો છે, વેદના છ અંગ ભણ્યો છે, અધ્યાત્મ વિદ્યામા વિચક્ષણ છે, ચોસઠ કળાના પ્રયોગો કરવામાં ચતુર છે, હાથી, રથ, ઘોડા વગેરેના શાસ્ત્રમાં કુશળ છે, ધનુર્વિદ્યામાં, અસ્ત્રવિદ્યામાં તથા ગદાયુદ્ધમાં અનુપમ છે, પુરાણોમાં તથા ઇતિહાસોમાં કુશળ છે, કાવ્ય, નાટક તથા આખ્યાયિકાનો રચનાર છે, ઉપનિષદોનો તથા અર્થશાસ્ત્રનો વેત્તા છે, ગુણવાન્ પુરુષોની પાસે મત્સરતા વિનાનો છે (સરલ છે), સ્નેહીઓના ઉપર વિશ્વાસુ છે, પ્રિયભાષી છે, દરેક વસ્તુના વિભાગ પાડીને પછી તેનો ઉપભોગ કરનારો છે, શ્રવણ કરવા માત્રમા જ ધારણ કરે (સમજે) તેવો છે, ગર્વરહિત છે, આનો નાનામાં નાનો દોષ પણ હું જાણતો નથી. ગુણોમાં આની ગેરહાજરી નથી, અર્થાત્ આના વિષે સર્વ ગુણો છે. મારા જેવા સાધારણ બ્રાહ્મણને આવો જમાઈ મળે નહિ માટે આને પુત્રી અર્પણ કરી (પરણાવીને), વૃદ્ધાવસ્થાને યોગ્ય એવો છેલ્લો આશ્રમ (સંન્યાસાશ્રમ) જો આપ ઠીક માનતા હો તો હું ગ્રહણ કરુ' આ વાત સાંભળીને રાજાનું મુખ ઝાંખું પડી જશે. રાજા અત્યંત ગભરાટમાં પડી જશે, અને પછી મંત્રીઓની સાથે તને સંસારની અનિત્યતા વગેરે કહીને સમજાવવાનો આરંભ કરશે, પરંતુ તારે તેઓના કહેવા ઉપર કાન દેવા નહિ. પણ પોક મૂકીને ઘણી વાર સૂધી રડીને આંસુની ધારાથી કંઠને કુંઠિત કરી દેવો. તે પછી લાકડાં લાવી રાજમહેલની આગળ ચિતા ખડકી,

તેમાં અગ્નિ સંધરૂકીને ચિતા ઉપર ચઢવા માટે આરંભ કરજે, એટલે તે રાજા તે જ વખતે પોતાના અમાત્યોની સાથે તારાં બન્ને ચરણુમા પડીને તને મોંઘા મૂલ્યના પદાર્થોથી વશ કરીને મને પોતાની કન્યા સાથે પરણાવશે. તે પછી હું મારી યોગ્યતા પ્રમાણે રાજાની સેવા કરીશ. તે ઉપરથી રાજા રાજ્યનો સમસ્ત ભાર મને અર્પણ કરશે. જો તને ગમતો હોય તો આ ઉપાય કરવા જેવો છે. તે પાચાળશર્મા પણ કાર્યકુશળ હતો, વિટોનો અગ્રેસર હતો, અને નિત્ય કપટ પ્રપંચનો અભ્યાસી હતો. મેં તેને જે પ્રમાણે કહ્યું હતું, તેના કરતા પણ તેણે વિશેષ અને નિપુણતાથી કાર્ય આરંભ્યું, અને થોડા જ સમયમા મારા મનોરથોની સિદ્ધિ થઈ. તે પછી મધુકર જેમ રસથી ભરેલી નવીન માલતીનો અનુભવ કરે તેમ, હું રસિલી અને મહા મનની નવમાલિકાનો અનુભવ કરવા લાગ્યો. એટલામા આ રાજા સિંહવર્માને સહાય આપવી અને સ્નેહીઓએ કરેલી સંકેતભૂમિ ઉપર જવુ, આ બંને કાર્ય તરફ ધ્યાન આપીને સર્વ સૈન્યના સમૂહની સાથે આ ચંપાનગરીમા આવ્યો, ત્યા દૈવયોગથી આપનાં દર્શનસુખનો હું અનુભવ કરુ છુ.

પ્રમતિનું આ ચરિત્ર સાંભળીને રાજવાહનનું મુખકમળ મંદ હાસ્યથી મુકુલિત થઈ ગયું (બીડાઈ ગયું). તેણે કહ્યું કે;– ‘તારુ કર્મ બહુધા વિલાસથી ભરેલું છે, તેજસ્વી છે અને ઘણી મૃદુતાવાળું છે. બુદ્ધિમાન્ પુરુષોને આવો માર્ગ પ્રિય હોય છે. હવે આપ પ્રવેશ કરો.’ એમ કહીને રાજપુત્રે (રાજવાહને) મિત્રગુપ્તના તરફ દૃષ્ટિ કરી.

ઇતિ શ્રીદંડિવિરચિત દશકુમાર ચરિતમા ‘પ્રમતિચરિત્ર’ નામનો
ઉચ્છ્વાસ ૫ મો સમાપ્ત

ઉચ્છ્વાસ ૬ ઠો

મિત્રગુપ્તનું ચરિત્ર

મિત્રગુપ્ત પણ બોલ્યો.–'મહારાજ ! મારે પણ પરદેશમાં ભટકવાનુ કારણ સ્નેહીઓના સમાન હતું. તેથી હું પણ (ફરતો ફરતો) સુહ્મદેશમા આવેલા દામલિપ્ત નામના નગરમા જઈ પહોંચ્યો ત્યાં નગરની બહાર એક ઉપવનમા ઉત્સવ નિમિત્તે મનુષ્યોનો મહાસમાજ (મેળો) થયલો જોવામા આવ્યો. ત્યા એક ઠેકાણે વાસંતી લતાના મંડપમાં એક ઉત્કંઠિત પુરુષને વીણા વગાડીને પોતાના મનને વિનોદ કરાવતો દીઠો મેં તેને પૂછ્યું,–'ભાઈ' આ ઉત્સવનું નામ શુ છે? તે શા માટે કરવામાં આવે છે? અને તું શા કારણથી આ ઉત્સવનો અનાદર કરીને એકાતમા ઉત્કંઠિત હો, તેમ એક વીણાની સાથે બેઠો છે?' તેણે ઉત્તર આપ્યો:–'ઓ ભલા પુરુષ' આ સુહ્મદેશનો રાજા વાઝીઓ હતો. તેણે વિંધ્યાંચળના વાસની પ્રીતિને ભૂલી જઇને, આ મંદિરમા વાસ કરતાં શ્રીવિંધ્યવાસિનીની પાસે બે સંતાનની પ્રાર્થના કરી, અને વિંધ્યવાસિનીની પૂજા કરી, નિરાહાર રહીને સુતો. એટલે વિન્ધ્યવાસિનીએ સ્વપ્નામા એને આજ્ઞા કરી કે:–'તને એક પુત્ર અને એક પુત્રી અવતરશે, અને તારો પુત્ર તારી પુત્રીના વરને વશ રહીને આજીવિકા કરશે. તારી પુત્રીએ સાતમા વર્ષથી આરંભીને વિવાહ થાય ત્યા સૂધી પ્રતિ માસે કૃત્તિકા નામના નક્ષત્રમા કંદુકક્રીડા* કરીને તથા નૃત્ય કરીને

---

* कदुकक्रीडा એટલે દડાની રમત. આ રમતને આપણા શાસ્ત્રમા એક કળા તરીકે ગણવામા આવી છે. કદુકક્રીડા વિષે ઘણા ગ્રથો હશે, તેમાથી પદચદ્રિકાકાર 'कदुकतत्र' નામના એક

ગુણવાન્ ભર્ત્તાર મેળવવા માટે મારી આરાધના કરવી, અને આ કન્યા પોતાની ઇચ્છાથી જે વરને વરે, તેની સાથે આ કન્યાને પરણાવવી, તથા તે ઉત્સવને 'कदुकोत्सव' એવું નામ આપવું.

તે પછી થોડાક સમય વીત્યા બાદ રાજાની પટ્ટરાણી મેહિનીએ એક પુત્રને તથા એક પુત્રીને જન્મ આપ્યો. તે આ કંદુકાવતી નામની કન્યા આજે દડાની રમતથી મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરનારાં દેવી વિંધ્યવાસિનીની આરાધના કરશે. તેની એક સખી ચંદ્રસેના નામની છે, જે તેની ધાવની પુત્રી થાય છે, અને મારી પ્રિયા થાય છે તેને આજકાલના દિવસોમાં રાજપુત્ર ભીમધન્વાએ બળાત્કારથી મારી પાસે આવતાં અટકાવી છે તેથી હું ઉત્કંઠાવાળો* રહું છું, અને મારુ ચિત્ત કામના બાણુના શલ્યના દુઃખથી ઉદ્વિગ્ન રહે છે. માટે હું એકાન્તમાં બેસીને વીણાના ગંભીર શબ્દથી મારા મનને ધીરજ આપું છું.'

આ પ્રમાણે અમે વાત કરતા હતા તે જ ક્ષણે ઝાઝરનો

ગ્રથનુ પ્રમાણ આપે છે, અને કહે છે કે, આ તત્રમા દડાની રમત વિશે વિસ્તારથી વર્ણન કરવામા આવ્યુ છે. પરતુ હાલમા તે ગ્રથ કોઈ પણ ઠેકાણે જોવામા આવતો નથી દંડિ કવિએ આ જ ઉચ્છ્વાસમા કદુકાવતીને કદુકક્રીડા કરાવતી વખતે તેનુ જે વર્ણન કર્યું છે તેથી કદુકક્રીડાના પ્રાચીન ગ્રથની સપૂર્ણ છાયા વાચનારની દૃષ્ટિ સમીપ તરી રહે છે.

* જેને મેળવવા માટે સકલ્પપૂર્વક ઇચ્છા રહે, તે ઇચ્છાનુ નામ उत्कण्ठा. આ શબ્દની સાહિત્યમા આ પ્રમાણે વ્યાખ્યા કરી છે; सर्वेन्द्रियसुखास्वादो यत्रास्तीत्यभिमन्यते । तत्प्राप्तीच्छां ससकल्पामुत्कण्ठा कवयो विदुः ॥ એક મનુષ્ય જેના વિષે સર્વે ઇંદ્રિયોના સુખનો આસ્વાદ છે એમ અભિમાનપૂર્વક માને છે, અને સંકલ્પપૂર્વક તેને મેળવવાની ઇચ્છા કરે છે, તેને વિદ્વાનો उत्कण्ठा કહે છે.

અલૌકિક ઝણકાર થયો, અને કોઈ એક સ્ત્રી ત્યાં આવી. એ સ્ત્રીને જોતાંવેંત જ તે પુરુષની દૃષ્ટિ પ્રફુલ્લિત થઈ ગઈ, અને તે ઉઠીને ઉભો થયો, અને પેલી સ્ત્રીએ તે પુરુષના કંઠનું આલિંગન કર્યું. તે પછી તે પુરુષ ત્યા જ બેસી ગયો, અને બોલ્યો –'હું જે સ્ત્રીને વિષે કહેતો હતો, તે મારા પ્રાણસમા સ્ત્રી આ છે એનો વિરહ મને અગ્નિની પેઠે બાળે છે. રાજપુત્રે કાળની પેઠે મારા આ જીવિતને હરી લઇને મને નિસ્તેજ કરી નાંખ્યો છે. એ રાજપુત્ર છે, એમ ધારીને હું એને મારી શકતો નથી એટલા માટે હું આ સ્ત્રીને સારી પેઠે મળીહળીને વૈર લેવાને અસમર્થ એવા મારા પ્રાણોનો ત્યાગ કરીશ ' એટલે પેલી સ્ત્રી અશ્રુભરેલા મુખે બોલીઃ–'ઓ નાથ! તમે મારે માટે સાહસ કરશો મા તમે અર્થદાસ નામના ઉત્તમ સાર્થવાહના પુત્ર છો, અને તમારા વડીલોએ તમારુ કોશદાસ એવું નામ પાડ્યું છે પરંતુ તમે મારા વિશે અત્યંત આસકિત રાખો છો, તે ઉપરથી તમારા શત્રુઓએ તમને 'વેશદાસ'ના નામથી પ્રખ્યાત કર્યા છે તે તમે જો મરી જાઓ, અને હું જીવતી રહું તો 'વેશ્યા ક્રૂર હોય છે,' આવી લોકવાણીને હું ખરી પાડું માટે તમે આજે જ મને મનગમતા દેશમા લઈ જાઓ.'

તે પછી તે પુરુષે મને પૂછ્યુંઃ–'ભાઈ! તમારા જોયેલા દેશોમાં સમૃદ્ધિવાળો, ઘણા ધાન્યવાળો તથા ઘણા સત્પુરુષો-વાળો દેશ કયો છે?' મે જરાક હસીને તેને કહ્યુંઃ 'ભાઈ! સમુદ્રરૂપી વસ્ત્રને ધારણ કરનારી આ પૃથ્વી વિશાલ છે. તેમાં ઠેકાણે ઠેકાણે રમણીય દેશો છે, જેનો છેડો નથી. પરંતુ તમને બન્નેને અહિં સુખેથી રહેવાનાં સાધન હોય તો હું કોઈ પણ ઉપાય કરવાને શક્તિમાન્ છું. હું જ તમારો માર્ગદર્શક થાઉં ' આ પ્રમાણે અમે વાત કરતા હતા, એટલામાં મણિના

ઝાંઝરના ઝમકારા થવા લાગ્યા, એટલે પેલી સ્ત્રી આશ્ચર્ય સાથે બોલી:–'આ રાજકુમારી કંદુકાવતી કંદુકક્રીડાથી (દડાની રમતથી) દેવી વિંધ્યવાસિનીની આરાધના કરવામાટે આવી પહોંચી છે. આ કંદુકોત્સવમાં તેનાં દર્શનનો કોઇને પણ અટકાવ નથી તમારાં નેત્ર (તેનાં દર્શનથી) સફળ થાઓ. તેને જોવા માટે તમે બન્ને આવજો. હું (રમત વખતે) તેની પાસે હાજર રહીશ ' આમ કહીને તે રાજકુમારીની પાસે ગઈ

અમે બન્ને તેની પાછળ ગયા ત્યા રત્નથી જડેલા રંગભૂમિના આસન ઉપર લાલ ઓષ્ઠવાળી એક રાજકુમારીને બેઠેલી મેં પ્રથમ (પહેલીવાર) દીઠી. તે રાજકુમારીએ તુરત જ મારા હૃદયમાં વાસ કર્યો પરંતુ તે મારા હૃદયમાં પ્રવેશ કરવામાટે આવી અને પ્રવેશ કર્યો તેના મધ્ય ભાગમાં મે અથવા તો બીજાએ તેને તેમ કરતા દીઠી નહિ મારુ ચિત્ત તેને જોઇને આશ્ચર્યમાં પડી ગયું, અને હું વિચાર કરવા લાગ્યો કે:–'શું આ લક્ષ્મી છે? નહિ નહિ, તેના તો હાથમા કમલ છે પણ આના હાથ જ કમલરૂપ છે. વળી પુરાણપુરુષે (વિષ્ણુએ) તથા રાજાઓએ આને પૂર્વે ભોગવેલી નથી વળી આનું યૌવન પણ નિર્દોષ છે, અને કોઇએ ભોગવેલું નથી ' આ પ્રમાણે હું વિચાર કરુ છું, એટલામાંજ તે સર્વાંગસુંદરીએ બન્ને હસ્ત પલ્લવનો વ્યત્યાસ કરીને (એટલે દેવીના જમણા ચરણ તરફ જમણો હાથ કરીને અને ડાબા ચરણ તરફ ડાબો હાથ કરીને) તેના અગ્રભાગથી ભૂમિનો સ્પર્શ કર્યો, અને જેના માથાના કાળા રંગના વાંકડીઆ કેશ જરાજરા કંપતા હતા એવી તે રાજકન્યાએ વિલાસ સાથે ભગવતી વિંધ્યવાસિનીને અભિવંદન* કરીને કંદુકક્રીડા સંબંધી મહાન્ ઇચ્છાથી લિપ્ત થયેલાં નેત્ર

---

* અહિ 'अर्मंदरागरूषिताक्ष' એવુ પદ છે, તેને अमदरागेण

સાથે (ક્રીડાવિષે ઉત્સાહવાળાં નેત્ર સાથે) કામની પેઠે દડાને ગ્રહણ કર્યો (જમીન ઉપરથી દડાને ઉપાડ્યો), અને પાછો વિલાસથી (ગમતથી) ધીરે રહીને જમીન ઉપર નાંખ્યો, એટલે તે જરાક ઉંચે ઉડ્યો, પછી જરાક વાંકા અંગુઠાવાળા અને વિસ્તારવાળી કોમળ આંગળીવાળા હાથરૂપી પલ્લવથી તેને પ્રહાર કરીને હાથની પીઠના પ્રહારથી ઉંચે ઉરાડ્યો તે પછી પુષ્પનો ગુચ્છ જેમ ભ્રમરની પંક્તિથી શ્યામ રંગનો હોય, તેમ કન્યાની ચંચળ દૃષ્ટિની શ્યામ કાંતિથી શ્યામ રંગનો દડો નીચે પડવા લાગ્યો કે, કન્યાએ તને આકાશમાં જ (અધર જ) ઝીલી લીધો, અને પાછો ઉંચે ઉરાડ્યો. તે પછી મધ્યમાં વિરામ પમાડીને પાડવામાટે તથા ઝટ પાડવામાટે મૃદુ તથા કઠોર પ્રહાર કરીને તેજ ક્ષણે તે કન્યાએ ચૂર્ણપદ* કરી બતાવ્યું.

रूषिते अक्षिणी यस्मिन्कर्मणि यथा स्यात्तथा આવી રીતે ક્રિયાવિશેષણ કરીએ ત્યારે આવો અર્થ થાય છે, અને તે અર્થ વિચાર કરતાં ઉચિત લાગે છે કન્યાને કદુકક્રીડા ઉપર પ્રીતિ હતી, અને તે પ્રીતિ તેની આખમા સ્પષ્ટ જણાતી હતી કેટલાએક अमंद ......रूषिताक्षम् ને कदुकम् નુ તથા अनगम् નુ વિશેણ કરે છે, અને આ પ્રમાણે અર્થ કરે છે. દડાએ પોતાની ગાટ લાલાશથી કન્યાના નેત્રને લિપ્ત કર્યાં હતા અર્થાત્ લાલ રગના કર્યાં હતા, અને કામે ગાઢ પ્રીતિથી કન્યાના નેત્રને લિપ્ત કર્યાં હતાં (પ્રીતિવાળા કર્યાં હતા.)

* અમુક સમયમા દડો ઉચે ઉડે અને પાછો તેટલા જ સમયમા નીચે આવે, આવી રમતને ચૂર્ણપદ કહે છે ઠરાવેલા સમયમા જો ઓછાવધતું થાય તો તેને દૂર કરવા માટે એટલે ધીમેથી ઉડતો હોય તો કઠોર પ્રહાર, અને શીઘ્ર ઉડતો હોય તો મૃદુ પ્રહાર, કરીને તેની ગતિને સરખી કરવી. તેને ચૂર્ણપદ કહે છે कंदुकतंत्र નામના ગ્રથમા કહ્યુ છે કે, 'गत्यागत्योरानुलोम्यं

તે પછી તે દડો શાંત પડી ગયો કે, નિર્દય પ્રહારો કરીને તેને ઉંચે ઉરાડ્યો, અને ધીમા પ્રહારથી તેને શાંત પાડી દીધો. તે પછી બન્ને બાજુ ઉપર સરળતાથી આવ્યો કે, ડાબા તથા જમણા હાથથી વારા ફરતી પ્રહાર કરીને પક્ષીની પેઠે તેને ઉંચે ઉરાડ્યો; ઘણો ઉંચે ઉડીને તે પડવા લાગ્યો કે, તેને પ્રહાર કરીને ગીતમાર્ગ* કરી બતાવ્યો. તે પછી દડાને પ્રત્યેક દિશામા ઉરાડીને તેને પોતાના સ્થાન ઉપર તે પાછી લાવી. આવી રીતે અનેક જાતની રમતોથી મનોહર લાગે, તેમ તે (દડાથી) રાજપુત્રી રમવા લાગી, અને રંગભૂમિમાં બેઠેલા પ્રસન્ન મનના પુરુષોના ક્ષણેક્ષણે નાનામોટાં સ્તુતિનાં વચનોને ગ્રહણ કરવા લાગી, અર્થાત્ લોકો તેનાં વખાણ કરવા લાગ્યા અને તે તેઓના વખાણને ઝીલવા લાગી. ત સમયે મારા ગાલ રોમાચિત થઈ ગયા, મારા નેત્ર પ્રફુલ્લિત થઈ ગયાં, અને હું ક્ષણેક્ષણે આનંદમા આવી જનારા કોશદાસના ખભાને અવલંબીને (ટેકો દઈને) તે કન્યાની સામે બેઠા, કે તે કન્યાના શરીરમા કામે પ્રવેશ કર્યો, અને તે

न्यूनाधिक्यक्षेपण तच्चूर्णपदम् દડાને ઉચે ઉડાડવામા અને નીચે પાડવામા ગતિ સરખી કરવી, અને તે ગતિમા જો ન્યૂન ગતિ હોય અથવા અધિક ગતિ હોય તો તે વિષમતાને દૂર કરીને સરખી ગતિ કરવી, એને ચૂર્ણપદ કહે છે. કવિ દડી મૂળમા કહે છે કે, જો વિલબથી દડાને નીચે પાડવો હોય તો મૃદુ પ્રહાર કરવો, અને તુરત નીચે પાડવો હોય તો કઠોર પ્રહાર કરવો આ બાબત રમનારાની પોતાની રમત ઉપર વિશેષ આધાર રાખે છે.

* દશ પગલા ચાલીને નીચે પડતા દડાને ઝીલી લેવો, તેનું નામ ગીતમાર્ગ. કદુકતંત્રમાં કહ્યુ છે કે, दशपदचंक्रमण गीतमार्गं विदुः દશ પગલા વાકા ચાલવા તેને ગીતમાર્ગ કહે છે.

કન્યાની પાસે કટાક્ષ મરાવા લાગ્યો તે કટાક્ષની પાછળ તે કન્યાની વિલાસવાળી ભ્રૂકુટિ લતા મરોડ વગેરે વિલાસ કરવા લાગી; મુખના શ્વાસરૂપી પવનના વેગથી ઉડતા લીલા-ક્રીડા પલ્લવના જેવા અધરના કિરણોથી મુખકમળનો સુગંધ ગ્રહણ કરવામા ચંચળ એવા ભમરાઓને તાડન કરવા વાગી, મંડલાકારે ફરવાની રમતોમા દડાને પોતાની આસપાસ ઘણા જ વેગથી ફેરવવા લાગી તેથી જાણે મને જોવાથી શરમાઈ જઈને પુષ્પનાં* પાંજરામાં પેસી જતી હોય, તેવી તે દેખાવા લાગી પાચબિંદુની† રમતમા પોતાની સામે એકે સમયે આવનારા પંચબાણના (કામના) પાચે બાણોને રાજપુત્રી ભયથી જાણે હાથના તાડનથી પાછા હઠાવતી હોય, તેમ દડાને પાચ વાર તાડન કરીને પાછો હઠાવવા લાગી ગોમૂત્રિકાની‡ રમતમા

---

* દડાની આસપાસ પુષ્પ હોવા જોઇએ, અને કન્યા તે દડાને ઘણા જ જોરથી પોતાની આસપાસ ફેરવવા લાગી, તેથી તે પુષ્પના પાજરામા દાખલ થયેલી હોય તેવી જાણાતી હતી, અને તેમ કરવાનુ કારણ રાજકુમારને જોવાથી લજાઈ ગઈ હતી, આવી કવિએ કલ્પના કરી છે

† જે રમતમા હાથથી દડાને પ્રહાર કરવાથી દડાના ઉપર પાચ બિન્દુઓ (ડાઘા) ઉઠે, તે પાચબિન્દુની રમત કહેવાય છે આ રમતમા કામના પાચ બાણ કલ્પ્યા છે તેથી કન્યા પણ દડાને હાથના પાચ પ્રહારોથી પાછા હઠાવતી રમતી હતી, એમ જણાય છે

‡ બળદ ચોકડીઓને આકારે મૂતરે છે, અને તેને ગોમૂત્રિકા કહેવામા આવે છે તેવા આકારે ફરીને રમત રમવી, તેને ગોમૂત્રિકાપ્રચાર કહે છે

ઘન દર્શિત રાગ વિભ્રમવાળી થઇને વિજળીનું* અનુકરણ કરવા લાગી તે સમયે તે આભૂષણોના મણિના ઝણકારે આપેલા લયને અનુસરતાં પગલા મૂકતી હતી, બહાનું કાઢીને કરેલા મંદહાસ્યની પ્રભા તેના ઘોલાના (પાકાં ટીંડોરાંના) જેવા લાલ રંગના ઓષ્ઠ ઉપર પડતી હતી, (રમતા રમતાં) ખભાની ઉપરથી સરી પડેલા કેશના સમૂહને સરખો કરતી હતી તેની કેડ ઉપર રહેલી કટિમેખલાના રત્નો પરસ્પર અથડાવાથી ખણખણાટ કરતાં હતા સુંદર અને ઉન્નત એવા નિતંબ ઉપર રહેલું વસ્ત્ર વારંવાર ઉડ્યા કરતું હતું; તેથી કંદુકક્રીડા શોભાયમાન લાગતી હતી પોતાની ભુજલતાને સંકોચી લઇને, લાબી કરીને, તથા હલાવીને સુંદર એવા દડાને તે પ્રહાર કરતી હતી, દડો પાસે આવી જતો હતો ત્યારે તેને ઝીલી લેવામાટે બન્ને બાહુને પાશની પેઠે નીચે નમાવતી હતી, ઉપરના ભાગમા રહેલા દડાને જોવા માટે પોતાના શરીરને જ્યારે ફેરવતી હતી ત્યારે તેના વાંસાના ભાગમા રહેલા ત્રિક† પ્રદેશમા તેના મસ્તકના કેશ ડૂબી જતા હતા. (રમતા રમતા) નીચે ખરી પડેલા કર્ણપૂરને‡ તથા સુવર્ણના પત્રને§ સરખા કરવામાટે કરવામા આવતી ઉતાવળને લીધે ચાલતી કંદુકક્રીડાનુ ઉલ્લંઘન કરવામાં આવતું ન

---

* વિજળી જેમ ઘનના ઉપર એટલે મેઘના ઉપર પ્રીતિનો વિલાસ દેખાડે છે, તેમ આ કન્યા પણ ગોમૂત્રિકા ઉપર ઘન એટલે ગાઢ એવો પ્રીતિનો વિલાસ દેખાડતી હતી

† શરીરના પીઠના ભાગમા જ્યા ત્રણ હાડકા એકઠા થાય છે, તેને સસ્કૃતમા त्रिक કહે છે.

‡ એક જાતનુ કાનનુ ઘરેણુ. § એક જાતનું સુવર્ણનું પાદડાના આકારનું ઘરેણુ. કાઠિયાવાડમા એને ઘણુ કરીને ઝાલ કહે છે.

હતું. વારંવાર (રમતી વેળા) ઉંચા કરવામાં આવતા હાથની તથા પગની બહારના ભાગમાં તથા અંદરના ભાગમાં દડાને ઉડાડવામાં આવતો હતો. વિશ્રાંતિવગર નીચે નમવાની તથા ઉભા થવાની ક્રિયાથી તેની કેડનો ભાગ ક્ષણમાં દેખાતો હતો અને ક્ષણમા દેખાતો ન હતો. અવપતનથી તથા ઉત્પતનથી (ઉપરના ભાગમાં દોડવાથી) કંઠમાં રહેલો મોતીનો હાર અવ્યવસ્થિત થઈ ગયો હતો. રોમાંચિત થયેલા અને પરસેવાના પાણીના ટીપાથી ભીંજાયલા ગાલ ઉપર થયેલા પત્રાકાર ચિત્રને, કાન ઉપર આભૂષણ તરિકે પહેરેલા પલ્લવના વાયુ શુષ્ક કરતા હતા. સ્તન ઉપરના જરાક ખસી ગયેલા વસ્ત્રને (કમખાને) સરખો કરવામા તેનો એક હાથ રોકાયલો રહેતો હતો. નીચે બેસીને, ઉભા થઈને, આંખો વીચીને, આંખો ઉઘાડી રાખીને, એક ઠેકાણે ઉભા રહીને, તથા ગતિ કરીને આમ અનેક પ્રકારે અત્યંત આશ્ચર્ય ઉપજે, તે રીતે રાજકન્યા ચોતરફ રમવા લાગી. રાજકન્યાએ દડાને પ્રહાર કરીને પૃથ્વી ઉપર તથા આકાશમાં એક દડાથી તથા અનેક દડાથી બીજી પણ ઘણીક રમતો કરી બતાવી. આ રીતે પ્રિયસખી ચંદ્રસેના વગેરેની સાથે દડાની રમત રમીને, રમત પૂરી થઈ રહ્યા પછી રાજકન્યા, દેવીને પ્રણામ કરીને સખીઓની સાથે, કુમારીપુરમાં (કુમારીઓના રાજમહેલમાં) ગઈ. તે સમયે તેના પરિજનની પેઠે પ્રીતિવાળુ મારુ મન તેની પાછળ ગયું. જતી વખતે રાજકન્યા પુષ્પશરના (કામના) કમળના બાણ જેવો કટાક્ષ મને મારતી ગઈ, તથા અભિપ્રાય સાથે મુખરૂપી ચંદ્રમંડળને વારંવાર પાછળ ફેરવીને, જાણે મારી પાસે તેણે મોકલેલું પોતાનું હૃદય પાછું ફર્યું છે કે નથી ફર્યું એવા ભાવથી, અવલોકન કરવા લાગી.

હું પણ કંદુકાવતીને જોઈને કામથી વિહ્વળ થઈ ગયો. તે પછી કોશદાસ પોતાને ઘેર મને લઈ ગયો, અને તેણે પ્રયત્નથી અતિઉદારતાસાથે મને સ્નાન, ભોજન વગેરે કરાવ્યાં. સાયંકાળ થયો કે ચંદ્રસેના આવી, અને એકાંતમાં મને પ્રણામ કરીને, પોતાના ખભાથી પતિના ખભાને પ્રણયથી સુંદર લાગે તેમ ધક્કો મારીને, બેઠી એટલે કોશદાસે પ્રસન્ન થઈને કહ્યું કે:–'હે વિશાલાક્ષિ! હું જીવતાં સૂધી આવી રીતેજ તારા પ્રસાદનું પાત્ર થાઉં, એમ ઇચ્છું છું.' મેં મંદ હસીને કહ્યું–'મિત્ર! એને માટે તે વળી શું પ્રાર્થના કરવાની જરૂર છે? જરા પણ નહિ. મારી પાસે એક અંજન છે. આ અંજનને જો આ સ્ત્રી આંજીને રાજકુમારની સેવામાં હાજર થશે તો રાજકુમાર આને વાનરીના જેવી દેખશે. એટલે તેના ઉપર વિરક્ત થઈને આપો-આપ તેનો ત્યાગ કરશે ' એટલે તે સ્ત્રી હાસ્ય કરીને બોલીઃ– 'આપે આ આજ્ઞા કરીને આ પુરુષ ઉપર અત્યંત અનુગ્રહ કર્યો છે; કારણ કે આ જ જન્મમાં મારું મનુષ્યનું શરીર મટાડી દઈને મને વાનરી કરશો પરંતુ આમ કરવું રહેવા દો; આપણું ઇચ્છિત કાર્ય બીજી રીતે પણ સિદ્ધ થઈ ચૂક્યું છે.

'આજે કંદુકોત્સવમાં રાજકુમારી કામદેવના શરીરનો ઉપહાસ કરનારા એવા જે તમે, તેના ઉપર અભિલાષાવાળી થઈ છે. તેથી કામરોષથી તેને અત્યંત દુઃખી કરશે (કામાતુર કરશે). રાજકન્યાના અંતઃકરણને હું જાણી ગઈ છું, તેથી આ વાર્તા મારી માતાને નિવેદન કરીશ, અને તે તેની માતાને નિવેદન કરશે, અને પટરાણી રાજાને તે વાર્તા નિવેદન કરશે; રાજા આ વાર્તા જાણીને તમારી પાસે પોતાની પુત્રીનું પાણિ-ગ્રહણ કરાવશે. તે પછી રાજપુત્ર તમારો અનુજીવી થઈને રહેશે. દેવતાએ આ રીતે ભાગ્ય ભાખેલું છે. રાજ્ય તમારા

તાબામાં આવ્યા પછી ભીમધન્વા તમારા ઉપરવટ થઇને મને કબજામાં રાખી શકશે નહિ. માટે ત્રણ ચાર દિવસ આ (કોશદાસ) ભલે દુઃખ સહન કરે ’ આમ કહી મારી રજા લઈ, પ્રિયને આલિંગન કરીને તે ચાલી ગઈ.

મને અને કોશદાસને તેના કહેવા પ્રમાણે અનેક વિચારો કરવામાં માડમાંડ રાત્રિ પૂરી થઈ તે પછી પ્રભાતમાં યથોચિત નિયમોને પૂરા કરીને પ્રિયાનાં દર્શન થવાથી સુંદર લાગતા એવા તે જ ઉપવનના પ્રદેશમાં હું ગયો. રાજપુત્ર પણ ત્યા જ આવ્યો હતો તે નિરભિમાનીપણાથી પોતાને અનુકૂળ એવી કથાઓ કહીને મને અનુસરવા લાગ્યો, તથા બે ઘડી સૂધી બેઠો તે પછી પોતાના મહેલના માળપર મને લઈ ગયો, અને ત્યાં પોતાની પ્રમાણે જ તેણે મને સ્નાન, ભોજન તથા શયન વગેરે કરાવીને મારી સેવા કરી. તે પછી હું શય્યામા સુઈ ગયો, અને નિદ્રામા મેં પ્રિયાનાં દર્શનના સુખનો તથા આલિંગનના સુખનો અનુભવ કર્યો. તે પછી અત્યંત બળવાન્ ઘણા પુરુષોના સ્થૂલ ભુજદંડોથી મને પકડી રખાવીને લોઢાની બેડીથી તેણે કેદ કરાવ્યો, અને હું જાગૃત થયો, એટલે રાજકુમારે તુરત મને કહ્યુઃ—‘ઓ દુષ્ટ બુદ્ધિના! મે લુચ્ચી ચંદ્રસેનાના કરતુક જાણવામાટે આ કુબ્જાને મોકલી હતી તેણે જાળીઆના છિદ્રમાંથી બહાર નીકળેલું ચંદ્રસેનાનું બોલવું સાંભળ્યું છે. (તે આ પ્રમાણે બોલતી હતી કે) ‘બિચારી કંદુકાવતી તારા ઉપર આશક પડી છે, મારે તારા સેવક થઇને રહેવું છે, અને હું તારુ વચન ઉલ્લંઘન કરી શકીશ નહિ, તેથી ચંદ્રસેના કોશદાસને આપી દઇશ.’

આમ કહીને તેણે એક પાસવાન પુરુષના તરફ દૃષ્ટિ

કરીને કહ્યું કેઃ–'આને સમુદ્રમાં નાંખી દે.' પેલો પાસવાન હુકમ સાંભળીને, રાજ્ય મળ્યું હોય તેમ અત્યંત પ્રસન્ન થઇને બોલ્યોઃ–'મહારાજ! જેવો આપનો હુકમ 'આમ કહીને તેણે રાજકુમારની આજ્ઞા પ્રમાણે કર્યું (મને સમુદ્રમાં નાંખી દીધો.) મારી પાસે કોઈ પણ જાતનું સાધન ન હતું, તેથી હું બન્ને હાથથી આમતેમ ધીરેધીરે તરવા લાગ્યો. એટલામાં ભાગ્યદૈવે મને એક કાષ્ઠ આપ્યું છાતિથી તે કાષ્ઠનું આલિંગન કરીને આખો દિવસ અને આખી રાત્રિ તર્યા કર્યો. પરોઢીઆમા એક વહાણ* મારી નજરે પડ્યું તેમાં યવનો બેઠા હતા તેઓએ પાણીમાથી મને વહાણ ઉપર ખેચી લીધો, અને રામેષુ નામના ખલાસીઓના નાયકને કહ્યુ કેઃ 'લોઢાની બેડીથી કેદ કરેલો આ કોઈ એક પુરુષ સમુદ્રમાંથી મળી આવ્યો છે. માટે આ પુરુષે એક ક્ષણમાં દ્રાક્ષની એક હજાર લતાને પાણી પાવાનું કામ કરવુ.' આ પ્રમાણે હજી તો તે વાત કરે છે, એ જ ક્ષણે એક (લડાઇનું) વહાણ સામેથી ચઢી આવ્યું. તે ઘણા વહાણોથી વીંટાયલું હતું. તેને જોઇને અમારા વહાણના યવનો ભય પામ્યા એટલામા તો કુતરાઓ જેમ મોટા વેગથી દોડીને ડુક્કરને ચોતરફથી ઘેરી લે, તેમ તે વહાણોએ પણ મોટા વેગથી ચઢી આવીને અમારા વહાણને ચોતરફથી ઘેરી લીધું; તે પછી પરસ્પર મારામારી શરુ થઈ તેમાં યવનો પરાજય પામ્યા. તે પછી નિરાધાર અને દુઃખી થઈ પડેલા યવનોને મેં ધીરજ આપીને કહ્યું કેઃ–'તમે મારી બેડીને કાઢી નાંખો, એટલે હું તમારા શત્રુઓને મારુ.'

* આ વહાણ સમુદ્રમાર્ગે વ્યાપાર કરનારા યવન વેપારીઓનુ હતું, અને યવનો રસ્તે મળતા વ્યાપારીઓના વહાણને લુટતા પણ હતા, તથા તેમા બેઠેલાં મનુષ્યોને ગુલામ તરિકે પકડી જાતા હતા.

એટલે તેઓએ મારી બેડી કાઢી નાંખીને મેં મારા ધનુષનો ભયંકર ટંકાર કર્યો, અને ભાલાની જાતનાં બાણોની વૃષ્ટિ કરીને શત્રુઓના શરીરોના ટુકડેટુકડા કરી નાંખ્યા અમારા વહાણની સાથે અડાડેલા શત્રુઓના વહાણના યોધાઓમાંથી કેટલાએકને મેં જીવથી મારી નાંખ્યા, કેટલાએકને ઘાયલ કર્યા, અને પછી હું તેના વહાણમાં ઠેકી પડ્યો, અને નિરાધાર થઈ પડેલા નાવિકોના નાયકની સામે ધસી જઈને તેને જીવતો પકડી પાડ્યો આ નાયક તે પેલો ભીમધન્વા જ હતો મેં તેને ઓળખ્યો, અને તે મને જોઇને શરમાઈ ગયો તે પછી મેં તેને કહ્યુ:–'કાકા ! કાળના વિલાસોને દીઠા કે ?' તે પછી સમુદ્રમાર્ગે વ્યાપાર કરનારા તે યવનો મારી જ બેડીથી તેને મજબૂત બાધીને હર્ષના કિલકિલાટ (પોકારો) કરવા લાગ્યા, અને મારો સત્કાર કરવા લાગ્યા. તે પછી પ્રતિકૂળ (વિરુદ્ધ) વાયુ વાવા લાગ્યો તેના ધક્કાથી અમારુ વહાણ આડે માર્ગે ચાલવા લાગ્યું અમે અમારા વહાણને અટકાવ્યું, પણ તે અટક્યું નહિ, અને વૃક્ષોથી ભરપૂર કોઈ એક દ્વીપને કિનારે જઈને અટક્યું ત્યાંથી મીઠુ પાણી, લાકડા, કંદ, મૂળ અને ફળો લેવાની ઇચ્છાથી, પત્થરોને મજબૂત રીતે બેસાડીને બાધેલા એક પાજ ઉપર અમે ઉતર્યા ત્યા એક મોટો પર્વત હતો, (તેને જોઇને મારા મનમાં થયું કે), 'અહોહો ! પર્વતનો આ નિતંબ પ્રદેશ (આજુબાજુનો ભાગ) રમણીય છે, મણસીલ વગેરે ધાતુઓથી ભરપૂર એવી આ તલેટી પણ અત્યંત સુંદર લાગે છે, ઇંદિવર તથા અરવિંદ જાતનાં કમળોના રસના ટીપા પડવાથી જેના ઉપર ચાંદલાઓ પડેલા છે, એવું પર્વતનાં ઝરણાનું આ પાણી શીતળ છે, અનેક રંગનાં પુષ્પોથી તથા

મંજરીથી ભરપૂર એવો વૃક્ષોના વનનો આ વિશાળ પ્રદેશ રમણીય લાગે છે ' આ રીતે દર્શનની અત્યંત લાલસાવાળી દૃષ્ટિથી ઘણુંઘણુ જોતોજોતો ઠેઠ પર્વતના શિખર ઉપર ચઢી ગયો, પરંતુ તે મારા જાણવામા આવ્યું નહિ. ત્યાથી એક અવર્ણનીય સરોવર ઉપર હું ગયો તે સરોવરને પોખરાજની શિલાનાં પગથીઆ બાંધેલા હતાં, ઉપરના ભાગમાં ફેલાયલી પોખરાજની કાંતિથી સરોવરનું પાણી લીલા રંગનું થઈ ગયું હતું, અને કમળના પરાગથી ધૂસરા રંગનું થઈ ગયું હતું. તે સરોવરમા મેં સ્નાન કર્યું, અને અમૃતના જેવા સ્વાદિષ્ઠ કમળના કેટલાએક કકડા ખાધા, અને બીજા કમળને કાંધ ઉપર ઉપાડી લઈ લીધા એટલામા તે સરોવરના તીર ઉપર રહેનારા એક ભયંકર બ્રહ્મરાક્ષસે મારી સામે આવીને 'તું કોણ છે? ક્યાથી આવ્યો છે?' આવી રીતે મારો તિરસ્કાર કરીને પૂછ્યું. મે નિર્ભય થઈને તેને ઉત્તર આપ્યો કે –'ઓ ભલા પુરુષ! હુ બ્રાહ્મણ છું, શત્રુના હાથમાથી સમુદ્રમા પડ્યો હતો, સમુદ્રમાથી યવનોના વહાણમા ગયો હતો, અને યવનોના વહાણમાથી વિચિત્ર પત્થરોવાળા આ પર્વત ઉપર આવ્યો છુ, અને દૈવની ઇચ્છાથી આ સરોવર ઉપર વિશ્રાંતિ લઉ છું. તારુ કલ્યાણ થાઓ ' તે બોલ્યો–'તુ જો મારા પ્રશ્નોના ઉત્તર આપીશ નહિ, તો હું તને ખાઈ જઈશ ' મેં કહ્યુ –'ભલે તું પૂછ ' તે પછી અમારા બન્નેની વચ્ચે એક આર્યાથી વાતચિત ચાલી (એ આર્યા આ પ્રમાણે છે)

> किं क्रूरं? स्त्रीहृदयं। किं गृहिणः प्रियहिताय? दारगुणाः।
> कः कामः? संकल्पः। किं दुष्करसाधनं? प्रज्ञा॥

બ્રહ્મરાક્ષસ—ક્રૂર શું?

મિત્રગુપ્ત—સ્ત્રીઓનું હૃદય.

બ્રહ્મરાક્ષસ—ગૃહસ્થોને પ્રિય તથા હિતકારક શું?
મિત્રગુપ્ત—સ્ત્રીના ગુણો.
બ્રહ્મરાક્ષસ—કામ કોને કહેવો?
મિત્રગુપ્ત—સંકલ્પને.
બ્રહ્મરાક્ષસ—દુષ્કર કર્મનું સાધન શું?
મિત્રગુપ્ત—પ્રજ્ઞા.*

'આ વિષયમા ધૂમિની, ગોમિની, નિંબવતી, અને નિતંબવતી નામની સ્ત્રીઓ પ્રમાણરૂપ (દાખલારૂપ) છે' આ રીતે મેં તેને કહ્યું એટલે તેણે પૂછ્યું કે—'તે સ્ત્રીઓ કેવી હતી તે કહે?' એટલે હુ તેને કહેવા લાગ્યો.–

ધૂમિનીની કથા

ત્રિગર્ત નામનો એક દેશ છે ત્યા ધનક, ધાન્યક અને ધન્યક નામના ત્રણ સહોદર ભાઈ રહેતા હતા તેઓ ગૃહસ્થ હતા, અને તેઓની પાસે ઘણો પૈસો હતો. તેમના સમયમા બાર વરસ સૂધી વરસાદ વરસ્યો નહિ; ધાન્ય રસકસ વિનાનું થઈ ગયું, ઔષધિઓ વધ્યા થઈ પડી, વનસ્પતિઓ ફૂળતી બંધ પડી ગઈ, મેઘ પાણી વિનાના થઈ ગયા, ઝરણાના પ્રવાહ તૂટી ગયા, નાના તલાવડાઓમા માત્ર ગારો જ રહ્યો, કંદ, મૂળ તથા ફળ ઓછા થઈ ગયાં, મનોહર કથાઓ કહેવાતી બંધ પડી ગઈ, સ્વસ્તિવાચન તથા ઉત્સવની ક્રિયા પણ બંધ પડી ગઈ, ચોરોનાં ટોળાં વધી પડ્યાં, પ્રજા એકબીજાનું ભક્ષણ કરવા લાગી, બગલીના જેવી શ્વેત રંગની મનુષ્યની ખોપરીઓ આમતેમ રડવડવા લાગી, કાગડાની મંડળીઓ શુષ્ક થઈને આમતેમ રખડવા લાગી, નગરો,

* ઉહાપોહ કરવામા કુશળ એવી બુદ્ધિ.

ગામો, નાનાં ગામો, મોટાં નગરો વગેરે ઉજ્જડ થઈ ગયાં. (તે સમયે) તે ત્રણે ગૃહસ્થ ભાઇઓ ધાન્યનો સર્વ જથ્થો ખાઈ પરવાર્યા. તે પછી બકરાનું ટોળું, ઘેટાનું ટોળું, ભેંસોનું ટોળું, ગાયોનું ટોળું, દાસીનુ તથા દાસનુ મંડળ, સંતાનો, જ્યેષ્ઠ ભાર્યા તથા વચેટ ભાર્યાને અનુક્રમે વેચીને ખાઈ પરવાર્યા, અને 'હવે આવતી કાલે નાના ભાઇની સ્ત્રી ધૂમિનીને વેચીને ખાઈ જવી,' આવો ત્રણે ભાઇઓએ સંકલ્પ કર્યો; પરંતુ નાનો ભાઈ ધન્યક પોતાની પ્રિયાને (સ્ત્રીને) વેચીને તેનાથી નિર્વાહ કરવાને રાજી ન હતો, તેથી તે તે જ રાત્રિમાં પોતાની સ્ત્રીની સાથે ત્યાથી પલાયન કરી ગયો. માર્ગમાં ચાલતા ધૂમિની થાકી ગઈ, એટલે તેને ઉપાડી લઇને એક વનમાં તે દાખલ થયો, અને પોતાના માસથી તથા રુધિરથી પોતાની સ્ત્રીની ક્ષુધા તથા તૃષાને શાન્ત કરી, અને તેને ઉપાડીને આગળ જવા લાગ્યો. એટલામાં વનમા એક પુરુષને જમીન ઉપર તરફડિયા મારતો તેણે દીઠો તેનાં હાથ, પગ, નાસિકા અને કાન કોઇએ કાપી નાખ્યા હતા. તેને જોઇને ધન્યકનુ હૃદય પીગળી ગયું, અને તેને પણ કાંધ ઉપર ઉપાડીને જ્યાં કંદ, મૂળ તથા મૃગ ઘણા હતાં, એવા એક ગહન વનમા ગયો, અને ત્યા પરિશ્રમ કરીને એક પર્ણશાળા બનાવી અને ઘણો સમય સૂધી ત્યાં રહ્યો અને ઇંગોડીઆના તેલ વગેરેથી તે રુડિયાના (હાથ પગ વિનાના પુરુષના) ઘાવને સારા કર્યા, અને માંસથી તથા શાકથી પોતાની પેઠે જ તેનું પણ પોષણ કરવા લાગ્યો. કાળે કરીને તે પુષ્ટ થયો, અને તેની ધાતુની પણ વૃદ્ધિ થઈ.

એક દિવસે ધન્યક મૃગની શોધ કરવા માટે વનમાં ગયા પછી ધૂમિની કામકેલિ રમવાની ઇચ્છાથી પેલા રુડિયાની

પાસે ગઈ, પણ રુડિયાએ તેનો તિરસ્કાર કર્યો તોપણ તે બળાત્કારથી તેની સાથે રમી (વિલાસ કર્યો). તે પછી તેનો પતિ વનમાંથી પાછો આવ્યો, અને પીવા માટે પાણી માંગ્યું; એટલે તે સ્ત્રીએ, "કૂવામાંથી (પાણી) કાઢીને પીઓ; માથાના રોગથી મારા તો મસ્તકમાં પીડા થાય છે," આમ કહીને ડોલ તથા દોરી પતિની આગળ નાંખ્યા. (તે લઈને) ધન્યક કૂવામાથી પાણી કાઢવા ,લાગ્યો કે, તે જ ક્ષણે તેની પાછળ જઈ તેને ધક્કો મારીને તે દુષ્ટાએ કૂવામાં નાખી દીધો, અને પેલા રુડિયાને પોતાની કાધ ઉપર ઉપાડીને એક દેશથી બીજે દેશ ભટકવા લાગી, અને પતિવ્રતાની પ્રખ્યાતિ મેળવી તથા અનેક પ્રકારની પૂજાઓને પણ પ્રાપ્ત કરી તે પછી અવંતિ દેશમાં તે ગઈ, અને ત્યાના રાજાના અનુગ્રહથી અત્યંત મોટા વૈભવ સાથે ત્યાં રહેવા લાગી

અહીં પાણીની ઇચ્છાવાળા કોઈ વટેમાર્ગુ આ કૂવાની પાસે એકઠા થયા. તેઓએ ધન્યકને કૂવામાં દીઠો, એટલે તેને કૂવામાથી બહાર કાઢ્યો તે પછી તે (ફરતો ફરતો) અવંતિ દેશમાં જઈ ચઢ્યો, અને ત્યા ભોજનને માટે ભટકવા લાગ્યો. એક દિવસે ધૂમિનીએ પોતાના ભર્ત્તારને ભોજનને માટે ભટકતો જોઇને રાજાની પાસે ફરિયાદ કરી કે, "જેણે મારા પતિને વિકલ (હાથપગ વિનાનો) કર્યો હતો, તે દુરાત્મા આ છે" આ રીતે ફરિયાદ કરીને મૂળ વાતથી અજાણ્યા રાજાની પાસે તે સત્પુરુષનો વિચિત્ર રીતે વધ કરવાની આજ્ઞા તેણે કરાવી એટલે ધન્યકને પાછોડિયાં બાંધીને વધ્યભૂમિ (મારવાના સ્થાન) ઉપર સીપાહીઓ લઈ ગયા; પરંતુ તેનુ આયુષ્ય હજી બાકી હતું, તેથી તેણે જુસ્સાથી અધિકારીને કહ્યું કે, 'જે ભિક્ષુકને મેં વિકલ (રુડીઓ) કર્યો છે આમ તમે માનો છો, તે ભિક્ષુક જો

'મારો અપરાધ છે' આમ કહે તો મને શિક્ષા કરવી યોગ્ય છે. એટલે અધિકારી બોલ્યો કે, 'એમાં શી અડચણ છે?' આમ કહી વિકલને તેડાવીને ધન્યકને બતાવ્યો, એટલે વિકલ આંખમાંથી આંસુ પાડીને તે સત્પુરુષના પગમા પડ્યો, અને ઉદાર બુદ્ધિથી તે સત્પુરુષના પુણ્ય કર્મ તથા પેલી અસતીનું દુષ્ટ ચરિત્ર તેણે કહી દીધું. તે સાંભળીને રાજા કોપાયમાન થઈ ગયો, અને તેણે પાપકર્મ કરનારી તે સ્ત્રીનાં નાક અને કાન કાપીને તેનાં મુખને વિરૂપ કર્યું, અને તેને કુતરાનું ભોજન રાધનારી કરી, અર્થાત્ તેનો અત્યંત તિરસ્કાર કર્યો અને ધન્યકના ઉપર મહેરબાની કરી, અર્થાત્ તેને છોડી મૂકયો. માટે હું કહું છું કે, 'સ્ત્રીનું હૃદય ક્રૂર છે.'

તેણે ફરીથી મને પ્રશ્ન કર્યો, એટલે મેં તેને ગોમિનીનું વૃત્તાંત કહ્યુ:

ગોમિનીની કથા

દ્રવિડ દેશમા કાચી નામની એક નગરી છે તેમા અનેક કોટ્યાધીશ શક્તિકુમાર નામનો એક શેઠિયાનો પુત્ર રહેતો હતો તે અઢાર વર્ષનો થયો કે, તેને ચિંતા થવા માડી કે.–"વાંઢાઓને પણ સુખ નથી તેમ જેઓને અનુકૂળ ગુણવાળી સ્ત્રી નથી, તેઓને પણ સુખ નથી, માટે મારે ગુણવાળી સ્ત્રીને કેવી રીતે મેળવવી? પારકાના ઉપર વિશ્વાસ રાખીને જે સ્ત્રી પરણવામાં આવે છે, તે સ્ત્રીમાં જોઈએ તેવા ગુણોની સંપત્તિ હોતી નથી." આવો વિચાર કરીને તે એક કાર્તાન્તિક (લક્ષણવેત્તા જ્યોતિર્વિદ) થઈ, વસ્ત્રને છેડે એક પ્રસ્થ* જેટલી શાળ બાંધીને (કન્યાની શોધ કરવા

---

* પ્રસ્થ પ્રાચીન કાળનુ એક તોલ છે, અને તે ચોસઠ રૂપિયા ભારનું છે. પદચદ્રિકા નામની ટીકાનો કર્તા માપનું પ્રમાણ

માટે) ભટકવા લાગ્યો. કન્યાવાળા, 'આ લક્ષણ જાણનારો છે,' આમ માની તેને પોતાની કન્યાઓનાં લક્ષણ દેખાડવા લાગ્યા તે પણ પોતાની જાતની કોઈ કન્યાનાં સારાં લક્ષણ જોતો કે તેને પૂછતો કેઃ–'ઓ ભલી કન્યા! તું આ એક પ્રસ્થભર ડાંગરમાંથી ઉત્તમ ભાત રાંધીને અમને જમાડી શકશે?' તે સાભળીને લોકો તેની મશ્કરી કરતા, અને તેને કાઢી મૂકતા હતા તે કાર્તાન્તિક આ પ્રમાણે એક ઘેરથી બીજા ઘરમા પ્રવેશ કરતો ભટકવા લાગ્યો

એક દિવસે કાવેરી નદીના દક્ષિણ તીર ઉપર શિબિદેશમા આવેલા એક નગરમા તે ગયો ત્યા ધાત્રીએ (ધાવે) તેને એક કન્યા દેખાડી તે કન્યાના માતપિતા મરી ગયા હતા, તેની સાથે તેની મહાન્ સમૃદ્ધિ પણ નાશ પામી

દર્શાવતા શાર્ઙ્ગધરનુ નીચે પ્રમાણે એક વચન ટાકી બતાવે છે

माषटंकाक्षबिल्वानि, कुडव प्रस्थमाढकम् ।
राशिर्गोणीखारिकेति, यथोत्तरच्चतुर्गुणम् ॥

ચાર માષાનો એક ટક, ચાર ટકનો એક અક્ષ, ચાર અક્ષનો એક બિલ્વ, ચાર બિલ્વનો એક કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થ, ચાર પ્રસ્થનો એક આઢક, ચાર આઢકનો એક રાશિ, ચાર રાશિની એક ગોણી, અને ચાર ગોણીની એક ખારી. આ રીતે ઉતરોત્તર ચાર ચારગણા દરેકને જાણવા. આ રીતે પ્રસ્થને માટે શાર્ઙ્ગધરનુ પ્રમાણ આપ્યા પછી પડે લખે છે કે शेरचतुष्कपरिमाणमितियावत् પ્રસ્થ એટલે ચાર શેર. પરતુ બીજા ગ્રંથમા સોળ પળનો એક પ્રસ્થ કહ્યો છે તેથી ચોસઠ તોલા ભાર પ્રસ્થ થાય છે જો પ્રસ્થને ચાર શેર કહેવામા આવે તો ઉપરના વચનની સાથે વિરોધ આવે. માટે પદચન્દ્રિકાકારે શા આધારથી પ્રસ્થને ચાર શેર કહ્યુ હશે ? તે કાઈ સમજાતુ નથી

હતી, તેનું ઘર પણ પડી ગયું હતું, અને તે કન્યાએ થોડાંક આભૂષણ પહેર્યાં હતાં. આ કન્યાના ઉપર તેની દૃષ્ટિ ઠરી ગઈ, અને તે વિચાર કરવા લાગ્યો કે:–'આ કન્યાના સર્વે અવયવો અતિ સ્થૂલ (ઘણા જાડા) નથી, અતિ કૃશ (અતિ દુબળા) નથી, અતિ ટૂંકા નથી, અતિ લાબા નથી, તેમ ભયંકર પણ નથી, પરંતુ શુદ્ધ દેખાવના છે આ કન્યાના હાથનાં તળિયાં અને આંગળીઓ રાતા રંગની છે, અને યવ, મત્સ્ય, કમળ, કળશ વગેરે અનેક પુણ્યવંતી રેખાઓથી તેના હાથ લાછિત છે. તેના બંને પગની ઘુંટીનો સધિભાગ સરખો છે, બન્ને પગ માંસથી ભરેલા અને નાડી વિનાના છે. બન્ને જાંઘ સરણાઇને આકારે ગોળાકાર છે, તેના જાડા સાથળ તેના બન્ને ગોઠણને ગળી ગયા હોય, એમ તેના ગોઠણ મહા મહેનતે જાણવામાં આવે છે; નિતંબનો ભાગ સરખી રીતે વહેંચાયલો છે, ચોખંડો છે, ઉપરના ભાગમા ખાડાવાળો હોવાથી સુંદર લાગે છે, અને તેનો આકાર રથના પૈડાના જેવો (ગોળ) છે; આનુ નાભિમંડળ અત્યંત પાતળું છે, જરાક ઉંડું છે અને ગંભીર છે; આનુ ઉદર ત્રિવલીથી અલંકૃત લાગે છે, બન્ને સ્તન વક્ષસ્થળ ઉપર વ્યાપી ગયેલાં છે, ડીટડીઓ બહાર નીકળી છે, અને સ્તનનો ઘેરાવો વિશાળ હોવાથી સ્તન સુંદર લાગે છે, આની બન્ને બાહુલતા સુકુમાર છે, તેના તળિયા ધન, ધાન્ય, ઘણા પુત્ર વગેરે આપનારા ચિહ્નની રેખાથી અંકિત છે, તેના નખમણિઓ ઉપરના ભાગમાં ચળકતા અને કોમળ છે, આંગળીઓ સરખી, ગોળાકાર તથા રાતા રંગની છે, ઉત્તરોત્તર બન્ને ખભાઓ સારી પેઠે નમેલા છે, અને કોણી વગેરે પર્વના સધિભાગો માસમા ડૂબી ગયા છે, અર્થાત્ માંસથી ભરેલા છે; આની કાંધ પાતળી, શંખની પેઠે ગોળા-

કાર અને ચઢતી ઉતરતી (નતોન્નત) છે; આના ઓષ્ઠના ગોળાકાર મધ્ય ભાગમાં લાલાશ વહેંચાઈ ગઈ છે, આણે પોતાના સુંદર ઓચીને પોતાના ખભા ઉપર મૂકી છે, તેના ગાલ માસથી ભરેલા અને જરાક કઠિન છે, તેની ભૂકુટીઓ પરસ્પર મળી ગયેલી છે, વાંકી છે, શ્યામ રંગની છે અને સ્નિગ્ધ છે (ચળકતી છે); આની નાસિકા ઘણા પ્રૌઢ નહિ થયેલાં તલનાં પુષ્પસમાન છે, આના નેત્ર શ્યામરંગનાં, ખૂણાના ભાગમાં રાતા રંગના, ચળકતા, મનોહર, ઝડપથી ચાલનારાં અર્થાત્ ચંચળ, મંદ અને વિશાળ છે; આનું સુંદર લલાટ અર્ધ ચંદ્રના જેવું છે, આના કેશની પંક્તિ ઇન્દ્રનીલમણિની શિલાના જેવી રમણીય છે અર્થાત્ શ્યામ રંગની છે, આના બન્ને લાંબા કર્ણપાશ કુંડળના આકારના કરેલા કરમાયલા એવડા કમળના નાળથી સુંદર લાગે છે, આનો કેશકલાપ (અંબોડો) અત્યંત વાંકો નથી, ઘાટો છે; કેશકલાપના છેડાઓ પીળા રંગના નથી, તેનો એકેકો કેશ સ્વાભાવિક રીતે જ સરખો, ચળકતો અને શ્યામ રંગનો છે, અને ગંધને ગ્રહણ કરનારો છે, અર્થાત્ સુગંધિત છે. આવી આકૃતિવાળી આ સ્ત્રી શિયળનો ભંગ કરે નહિ મારુ હ્રદય આના ઉપર જ આસક્ત થાય છે, માટે આની પરીક્ષા કરીને આને પરણુ. જે પુરુષો વિચાર કર્યા વિના કાર્ય કરે છે, તેઓને પશ્ચાત્તાપની અનેક પરંપરાઓ આવી પડે છે (તેને મહાન્ પસ્તાવો કરવો પડે છે)' આવી રીતે વિચાર કર્યા પછી સ્નેહ ભરી દૃષ્ટિથી તે કન્યાને જોઈને તે બોલ્યો:-'ઓ બાઈ! આ એક પ્રસ્થ જેટલી શાળમાંથી ભોજન તૈયાર કરીને અમને જમાડવાની તારામાં કુશળતા છે?' એટલે કન્યાએ વૃદ્ધ દાસીના તરફ અભિપ્રાય સાથે જોયું, કે તેણે તે પુરુષના હાથમાંથી

પ્રસ્થભર શાળ લઈ લીધી. તે પછી તેને પગ ધોવા માટે પાણી આપ્યું (તેનાથી તેણે પગ ધોયા) પછી વાળીને તથા પાણી છાંટીને સાફ કરેલા એક ઓટલા ઉપર તેને બેસાડ્યો.

તે પછી કન્યાએ સુગંધી ડાંગરને માત્રા પ્રમાણે એટલે તે ઘાવને સહન કરી શકે તેટલા ઘાવથી ઓઘાવીને તડકામાં સૂકવી, વારંવાર ઉપરનીચે કરી, અને પછી મજબૂત તથા સરખી જમીન ઉપર ધોકાની પીઠથી ધીમેધીમે ખાંડીને ચોખામાથી ફોતરાને આખાંને આખા છૂટા પાડ્યાં, અને ધાત્રીને કહ્યુઃ—'માજી! સુવર્ણકારોને (સોનીઓને) આ ફોતરાં સુવર્ણ શુદ્ધ કરવામાં ઉપયોગી થઈ પડે છે; તેથી સોનીઓને તેનો ખપ પડે છે, માટે તેઓને આ ફોતરા દઇને તેઓની પાસેથી જે કોડીઓ મળે, તેમાથી ઘણા મજબૂત, અત્યંત લીલાં પણ નહિ તેમ અત્યંત સુકાં પણ નહિ એવાં લાકડાં, થોડું રાંધી શકાય તેવો પાટિયો અર્થાત્ ઠીકરાની તપેલી અને બે કોડિયાં લઈ આવ.' પેલી ધાવ તે પ્રમાણે સર્વ વસ્તુ લઈ આવી તે પછી જેનો પેટાળ ભાગ અત્યંત ઉડો ન હતો, અત્યંત ઉચો ન હતો તેમ અત્યંત વિશાળ પણ ન હતો એવા આજાણીના ખાડણીઆમા તે ચોખાને તેણે નાખ્યા, અને લોઢાના પત્રાથી જડેલા મુખવાળા, સરખા શરીરવાળા, પાતળા મધ્યભાગવાળા, ખેરના લાંબા તથા વજનદાર સાંબેલાને આંગળીઓથી પકડીને વારંવાર ઉંચું કરીને ઓઘાવવા લાગી (છડવા લાગી). તે સમયે કન્યા ચતુરાઈ ભરી રીતે સુંદર લાગે તેમ હાથથી સાંબેલાને ઉપાડીને નીચે પછાડતી હતી તથા ઉંચે લઈ જતી હતી; તેથી તેના હાથને પરિશ્રમ પડતો હતો. આ પ્રમાણે ચોખાને ઓઘાવ્યા પછી સુપડામાં લઇને ઝાટક્યા,

અને તેમાંથી કણકીને તથા ફોતરાને કાઢી નાંખીને શુદ્ધ કર્યા, અને પાણીથી વારંવાર ધોયા. તે પછી ચૂલામાં અગ્નિ નાંખીને ચૂલાની પૂજા કરી, અને ઉકાળેલા પાંચગણા પાણીમાં તે ચોખા ઓર્યા, ચોખાના અવયવો શિથિલ થઈ ગયા (તેનાં પેટાં ફાટી ગયાં), એટલે તે પાણીમા ઉપરનીચે થવા લાગ્યા, અને ચોખાઓએ મુકુલાવસ્થાનો ત્યાગ કર્યો અર્થાત્ ઉપસીને જાડા થયા એટલે તેણે અગ્નિને ઠારી નાખ્યો, અને પાટિયાના મુખને (ઠીકરાની તપેલીના મુખને) ઢાંકણથી ઢાકીને ચોખાનું ઓસામણ ગાળી લીધું. તે પછી ભાતને કડછીથી હલાવીને જરાક ઉપર નીચે કર્યો, અને બધા કણો સરખી રીતે પાકી ગયા એટલે (ગાળ્યા ઉપરાત) બાકી રહેલું પાણી કાઢી નાંખવા માટે પાટિયાના (તપેલીના) મુખને ઉધું પાડ્યું, તે પછી અંદરના ભાગમા નહિ બળેલા લાકડાની ઉપર સારી પેઠે પાણી છાટીને અગ્નિને ઠારી નાંખ્યો, અને તેના કોલસા કરીને કોલસાના ગ્રાહકોને ત્યાં મોકલાવી દીધા, અને ધાવને કહ્યું કે, 'તેને વેચતા જે કોડીઓ આવે, તે આપીને તેમાંથી શાક, ઘી, દહીં, તેલ, આમળા, આમલી જે મળે તે લાવજે' ધાવ કન્યાના કહેવા પ્રમાણે સર્વ પદાર્થ લાવી કન્યાએ તેમાથી બેત્રણ જાતના શાક તૈયાર કર્યા, તે પછી પાણી છાટીને ભીની કરેલી રેતીના ઉપર બે નવાં કોડિયા (રામપાત્ર) મૂકયા અને તેમાં ઓસામણ ભર્યુ, અને તેને તાડના પખાના ધીમા પવનથી શીતળ કરીને તેમાં મીંઠુ નાખ્યું અને વઘાર દઇને તેને સુગંધી કર્યું; તે પછી આંબળાનો ઘણો જ ઝીણો ભૂકો કર્યો, તેમા કમળનો રસ નાંખીને તેને સુગંધી કર્યો, અને પછી ધાત્રીને મોઢે શક્તિકુમારને નહાવા માટે તેણે કહેવરાવ્યું. પ્રથમથી સ્નાન કરીને શુદ્ધ થયેલી ધાત્રીએ

શક્તિકુમારને પ્રથમ (શરીર ઉપર ચોળવાનું) તેલ આપ્યું; તે પછી આબળાનો ભૂકો આપ્યો. પેલાએ અનુક્રમે તેલ તથા આંબળાનો ભૂકો શરીરપર લગાડીને સ્નાન કર્યું, અને સ્નાન કર્યા પછી વાળીઝાડીને અને પાણી છાંટીને સાફ કરેલા ઓટલા ઉપર ઢાળેલા પાટલા ઉપર બેઠો તે પછી તેની આગળ ઘરના આંગણામા વાવેલી કેળનું પીળા રંગનું તથા લીલા રંગનું એક ચતુર્થાંશ જેટલું પાંદડું મૂક્યું, અને તેના ઉપર પાણીમા ધોઇને સાફ કરેલા બે કોડિયા મૂક્યા પેલો તે કોડિયાને પકડીને બેસી રહ્યો. તે પછી પેલી કન્યાએ આરંભમાં તેને પેયાજ* પીરસી; તે પીને પેલાએ માર્ગમા ચાલવાથી થયેલો પરિશ્રમ દૂર કર્યો. તે ઘણો જ પ્રસન્ન થયો, અને તેના આખા શરીરમા પરસેવો વળ્યો તે પછી તેને બે કડછી ભાત, થોડુંક ઘી, દાળ અને શાક તેણે પીરસ્યું તે તે જમી રહ્યો પછી સુંઠ, પીપર અને મરીનો ભૂકો નાખેલા દહિંની સાથે તથા વઘારીને સુગંધિત કરેલી અને શીતળ છાશની સાથે તથા કાજીની સાથે બાકીનું અન્ન કન્યાએ જમાડ્યું. એ તૃપ્ત થયો (ધરાયો), અને તે ઉપરાંત બીજા ભાત વધ્યા તે જૂદા પછી તેણે પાણી માગ્યું એટલે કન્યા નવીન કરવામા ભરેલું, અગરનો ધૂપ દઇને સુગંધી કરેલુ, તાજા ગુલાબનાં પુષ્પોથી સુવાસિત કરેલું, પ્રફુલ્લિત કમળના પુષ્પની સુગંધથી સુગંધી કરેલું જળ નાળવામાથી ધાર કરીને રેડવા લાગી. તે પુરુષે પણ કોડિયું મોઢે માંડીને કંઠ સૂધી તે નિર્મળ જળ પીધુ હિમના જેવા ઠંડા પાણીના કણ પડવાથી તેની લાલ રંગની આંખની પાંપણો ખડબચડી થઈ ગઈ, જળની ધારાના શબ્દથી તેના બન્ને કાન

---

* પેયાને ગુજરાતી ભાષામા રાબડી કહે છે.

પ્રસન્ન થયા, જળના સ્પર્શથી તેને સુખ થયું, અને તેથી રોમાચ થવાને લીધે તેનો કપોલ પ્રદેશ કર્કશ થઈ ગયો; સુગંધના પ્રવાહના વિસ્તારથી તેની નાસિકાનાં બન્ને છિદ્રો પ્રફુલ્લિત થઈ ગયા, અને તેની જિહ્વા અત્યંત માધુર્યને લીધે પરાધીન થઈ ગઈ તે પછી મસ્તક હલાવવારૂપી સજ્ઞા કરીને તે કન્યાને પેલાએ પાણી રેડતા અટકાવી, એટલે તે કન્યાએ બીજા કરવાથી તેને આચમન કરાવ્યું. એટલામા વૃદ્ધ ધાત્રીએ જ્યા તે જમવા બેઠો હતો ત્યાથી ઉચ્છિષ્ટ કાઢી નાખ્યું, અને લીલા છાણથી ભૂમિને લીપી કાઢી એટલે શક્તિકુમાર તેના ઉપર પોતાનું ઉત્તરીય વસ્ત્ર પાથરીને ક્ષણભર સુતો, અને તે કન્યાથી સંપૂર્ણ રીતે સંતુષ્ટ થવાથી શાસ્ત્રવિધિ પ્રમાણે તે કન્યાને પરણીને પોતાને ઘેર લઈ ગયો કન્યાને લઈ ગયા પછી તેની દરકાર કર્યા વગર એક ગણિકાને પણ પોતાની સ્ત્રી તરિકે તેણે રાખી તેની પણ એ કન્યા પ્રિય સખીની પેઠે સેવા કરવા લાગી, અને તંદ્રાનો (આળસ) ત્યાગ કરીને દેવની પેઠે પતિની પણ સેવા કરવા લાગી, તે ઉપરાત ઘરના કાર્યો પણ સંપૂર્ણ રીતે કરવા લાગી. ડહાપણના ભંડાર રૂપ તે સ્ત્રીએ આ પ્રમાણે આસ-પાસના મનુષ્યોને વશ કર્યા તે સ્ત્રીના ગુણોએ વશ કરેલા તેના ભર્ત્તાએ પોતાનું સર્વ કુટુંબ તેને સ્વાધીન જ કરી દીધુ; તથા પોતાનું જીવિત અને શરીર પણ એક તેને જ આધીન કરી દીધું; અને ધર્મ, અર્થ તથા કામને અવિરુદ્ધ રીતે સેવવા લાગ્યો. માટે હું કહું છું કે, “ગૃહસ્થને સ્ત્રીના ગુણો પ્રિયકારક તથા હિતકારક થઈ પડે છે.”

તે પછી તે બ્રહ્મરાક્ષસની આજ્ઞાથી મેં નિંબવતીનું વૃત્તાત કહ્યું:—

નિંબવતીની કથા

સૌરાષ્ટ્ર દેશમાં વલભી નામની એક નગરી છે. તે નગરીમાં ગૃહગુપ્ત નામનો વહાણવટીઓનો એક ઉપરી રહેતો હતો. તેનો વૈભવ કુબેરના જેવો હતો તેને રત્નવતી નામની એક દીકરી હતી. બળભદ્ર નામનો એક સાર્થવાહનો પુત્ર, મધુમતી નામની નગરીમાથી આવીને, તેને પરણ્યો, અને એકાતમા તે નવવધૂની સાથે બળાત્કારથી સુરતસમાગમ કરવા ગયો. તે વખતે તે નવવધૂએ તેના સુરતસુખમા વિઘ્ન કર્યું. તે ઉપરથી બળભદ્ર તુરત તે સ્ત્રીની સાથે મોટો દ્વેષ બાધી બેઠો, અને ફરીથી તેને જોવાની ઇચ્છા પણ કરી નહિ. તેના સ્નેહીઓએ તેને તેની સ્ત્રીની સાથે સમાધાન કરવાને સેકડો વચન કહ્યા, પરંતુ તેણે સ્નેહીઓના વચનોને માન્ય કર્યાં નહિ, અને લજ્જાને લીધે તેનું પોતાના ઘરમા આવવું પણ બંધ કર્યું. તે દિવસથી જ દુર્ભગા એવી (પતિને અળખામણી થઈ પડેલી) તે સ્ત્રીને તેના પોતાના મનુષ્યો તથા બીજાં મનુષ્યો આ રત્નવતી નથી, પરંતુ આ નિંબવતી* છે આમ કહીને તેનું અપમાન કરવા લાગ્યા.

કેટલોએક સમય વીત્યા પછી રત્નવતીને સંતાપ થવા લાગ્યો, અને તે હવે મારી શી ગતિ થશે, આમ વિચાર કરવા લાગી. એટલામા બૌદ્ધ ધર્મની એક વૃદ્ધ સાધ્વી જે તેની માતા સમાન હતી, તે દેવના નિર્માલ્ય પુષ્પો લઇને તેની પાસે આવી. તેને જોઇને રત્નવતી એકાતમા તે વૃદ્ધ સાધ્વીની પાસે દયા ઉપજે તેમ રડવા લાગી, એટલે પેલી વૃદ્ધ સાધ્વીએ

* લીમડાનુ ઝાડ જેમ કડવુ છે, તેમ આ સ્ત્રી પણ કડવાસ ભરેલી છે, આમ કહેવા લાગ્યા.

પણ પોતાના આંખમા આંસુ લાવી (રડી)ને તેને અનેક પ્રકારથી સમજાવી અને રડવાનું કારણ પૂછ્યું. રત્નવતી પ્રથમ તો શરમાઈ ગઈ, પરંતુ મહાન્ કાર્ય હોવાથી માંડમાડ રડવાનું કારણ કહેવા લાગી:–

“માજી ! શું કહું ? પતિની આગળ અળખામણા થવું, એ સ્ત્રીઓને જીવતાં મરવા સમાન જ છે; તેમા પણ કુલીન વહુઆરુઓને વિશેષે કરીને તેમ છે. હું તેના ઉદાહરણરૂપ થયેલી છુ માતા વગેરે સંબધી વર્ગ પણ મારા તરફ અપમાનથી જ જુવે છે. માટે મારા પતિ મારા તરફ સ્નેહની દૃષ્ટિ કરે, તે પ્રમાણે તમે કરી આપો; નહિતર હું આજે જ નિષ્પ્રયોજન એવા મારા પ્રાણોને તજી દઇશ. હું મરણ પામું નહિ ત્યા સૂધી તમારે આ રહસ્ય બીજાને સંભળાવવું નહિ ” આમ કહીને તે તેના બંને ચરણોમા પડી. તે પછી પેલી વૃદ્ધ ભિક્ષુકીએ તેને ઉઠાડી અને આખમાં આસુ આણીને બોલી: ‘બેટા ! તું સાહસ કર્મ કરવાનો નિશ્ચય છોડી દે. આ હું તારી આજ્ઞા પ્રમાણે વર્તનારી બેઠી છું. તને જેટલો મારો ઉપયોગ હશે, તેટલા કાર્યમા હું બીજાને આધીન થઇશ નહિ. તને જો સંસાર ઉપર ખેદ થયો હોય તો તું મારા અધિષ્ઠાત્રીપણા નીચે સાધ્વી થઇને પારલૌકિક કલ્યાણને માટે તપ કર તારા શરીરની આવી આકૃતિ છે, તારુ આવું શીળ છે, અને આવી ઉત્તમ જાતિ છે, છતાં તું અકસ્માત્ ભર્તારની દ્વેષપાત્ર થઈ પડી છે, તે આ તારા પૂર્વજન્મના પાપનું ફળ છે. જો પતિનો દ્રોહ દૂર કરવા માટે કોઈ પણ ઉપાય હોય તો મને બતાવ, તારી બુદ્ધિ અત્યંત નિપુણ છે.’ તે પછી પેલી સ્ત્રીએ ક્ષણવાર મુખ નીચું કરીને ધ્યાન ધર્યું, અને ઉંડો તથા ઉષ્ણ નિઃશ્વાસ નાંખીને દુઃખથી કહ્યું:–‘ભગવતિ !

વનિતાઓનો પતિ જ એક દેવ છે. તેમાં કુલીન સ્ત્રીઓનો વિશેષે કરીને તે દેવ છે. માટે તેની સેવાના ઉપાયમાં જે કંઈ કારણભૂત હોય, તે કરવું જોઇએ.

'એક વાણીઓ અમારો પાડોશી છે; તે કુળમાં, વૈભવમાં અને રાજાના અંતરંગ પુરુષોમાં સર્વ નગરવાસીઓના કરતાં શ્રેષ્ઠ છે. તેને કનકવતી નામની એક કન્યા છે; તેનું રૂપ તથા તેના શરીરના અવયવો મારા જેવા છે, અને તે મારી અત્યંત સ્નેહી સખી થાય છે હું તેના કરતાં પણ બમણો શણગાર સજીને તેના ઘણા જ ઉંચા મહેલની અગાશીમાં કનકવતીની સાથે દડે રમીશ. તે સમયે દયાની સાથે તમારે કનકવતીની માતાની પ્રાર્થના મારા પતિની આગળ કહીને મારા પતિને કોઈ પણ રીતે કનકવતીને ઘેર તેડી લાવવો, અને તમારે પાસે રહેવું. તે સમયે હું રમતા રમતાં ભૂલ કરીને દડાને નીચે પાડી નાખીશ, એટલે તમે તે દડો હાથમાં લઇને મારા પતિને કહેજો કેઃ–'પુત્ર! આ તારી ભાર્યાની સખી થાય છે, અને તે સર્વ શેઠીઆઓમા મુખ્ય એવા નિધિપતિદત્તની કનકવતી નામની કન્યા છે. આ કન્યા રત્નવતીને માટે તને અવ્યસ્થિત મનનો (ચંચળ મનનો) તથા નિર્દય કહીને તારી અત્યંત નિંદા કરે છે; તેથી આ દડો શત્રુનું ધન કહેવાય, માટે તે તેને પાછું આપી દેવું જોઇએ.' તેને તે પ્રમાણે કહેવામા આવશે એટલે તે અવશ્ય ઉંચું મુખ કરીને (જોશે), અને મને પોતાની પત્નીની પ્રિય સખી જ માનશે. તે પછી હું બે હાથ જોડીને તેની પાસે દડાની યાચના કરીશ, અને તમે પણ વારંવાર પ્રાર્થના કરજો, એટલે તે અભિલાષાની સાથે મને (દડો) પાછો આપશે. તે (દડો આપશે તે સમયે દડો પાછો લેવાને) બહાને હું

તેનું આલિંગન કરીને તેનામા કામને પ્રકટ કરીશ. તે પછી એ મારી સાથે સંકેત કરીને મને દેશાંતરમાં લઈ જાય, તે પ્રમાણે તારે ગોઠવણ કરવી.' તે સાંભળીને વૃદ્ધ સાધુડી હર્ષમાં આવી ગઈ, અને એણે તે પ્રમાણે જ સર્વ ગોઠવણ કરી. પછી તે વૃદ્ધ તપસ્વિનીએ, 'આ કનકવતી છે' એમ કહીને બળભદ્રને છેતર્યો. તે ઉપરથી બળભદ્ર રત્નવતીને 'કનકવતી' માનીને રત્નો, ધન તથા આભૂષણોની સાથે રત્નવતીને રાત્રે ગાઢ અંધારામાં લઇને પરદેશ ચાલ્યો ગયો બીજે દિવસે પેલી તાપસી કહેવા લાગી કે –'ગઈ કાલે બળભદ્ર કહેતો હતો કે, મે મૂર્ખાએ કારણ વગર રત્નવતીનો ત્યાગ કર્યો હતો, સાસુ-સસરાનું અપમાન કર્યું હતું, અને સ્નેહીઓનુ કહેવું માન્ય કર્યું ન હતું, તેથી હવે આજ ગામમાં રત્નવતીની સાથે રહીને જીવન ગાળવામા મને લજ્જા આવે છે માટે ખરેખર તે એને લઈ ગયો છે ' થોડા સમયમા આ વાત પ્રસિદ્ધ થશે, તે સાભળીને તના ભાઇઓ તેની શોધ કરવાના પ્રયત્નમા મંદ પડી ગયા રત્નવતીએ માર્ગમા એક પગારદાર દાસીને રાખી લીધી. તેણે ટીમણનો ડબો તથા સરસામાન ઉપાડી લીધો, અને તેઓ એક નાના નગરમાં જઇને રહ્યા બળભદ્ર વ્યાપારમાં કુશળ હતો, તેથી તેણે ઘણી જ નાની મુડીમાંથી ઘણું ધન એકઠું કર્યું, અને ગામના મનુષ્યોમા અગ્રેસર થઈ પડ્યો, અને ધનને લીધે પરિજનોનો પણ મોટો સમુદાય એકઠો થઈ ગયો.

તે પછી એક દિવસે રત્નવતીએ પ્રથમની દાસીને, 'તું કામ કરતી નથી, નજરે પડેલી વસ્તુઓ ચોરી જાય છે, અપ્રિય બોલે છે,' આ રીતે તીક્ષ્ણ વચનો કહીને તેને ઘણી મારી. તે ઉપરથી દાસીને ક્રોધ ચઢ્યો, અને રત્નવતીએ મહેરબાનીના સમયમાં તેની પાસે જે ગુપ્ત વાર્તા કહી હતી, તેનો

એક ભાગ ઉઘાડો પાડી દીધો તે સાંભળીને લોભીઆ કોટવાળે નગરના વૃદ્ધ જનોની સમક્ષમા કહ્યું કે:–'નિધિપતિદત્તની કનકવતી નામની કન્યાને આ દુષ્ટ બુદ્ધિનો બળભદ્ર ચોરીથી હરણ કરીને આપણા પુરમા આવીને રહ્યો છે, માટે હું તેનું સર્વ ધન ખાલસા કરીશ. તમારે તેને માટે મને અટકાવ કરવો નહિ' આમ નગરના મનુષ્યોને કહીને કોટવાળે બળભદ્રનો અત્યંત તિરસ્કાર કર્યો, તેથી બળભદ્ર ડરી ગયો એટલે રત્નવતીએ તેને કહ્યું કે.–'તમારે ડરવું નહિ. તમે કહો કે, આ નિધિપતિદત્તની દીકરી કનકવતી નથી, પણ વલભી નગરના રહેવાસી ગૃહગુપ્તની રત્નવતી નામની પુત્રી છે, અને તેના માતાપિતાએ મને આપી છે, અને હું ન્યાયથી તેને પરણ્યો છુ. જો તમને ખાતરી ન હોય તો તમે એના પિતાની પાસે દૂત મોકલો' બળભદ્રે તે પ્રમાણે કહીને સારા સારા શેઠિયાની મંડળીની જામિનગીરી આપી, (અને તે પછી ગૃહગુપ્તના ઉપર તે વિશેનો પત્ર લખવામા આવ્યો, એટલે) શેઠ ગૃહગુપ્ત ખેટકપુરનો કાગળ વાચી તે વૃત્તાત જાણીને ખેટકપુર આવ્યો ત્યા સૂધી બળભદ્ર ત્યા રહ્યો તે પછી ગૃહગુપ્ત અત્યંત પ્રસન્ન થઇને જમાઇને અને પુત્રીને પોતાને ગામ લઈ ગયો રત્નવતીને કનકવતી રૂપે જોઇને તે પ્રમાણે જ માનવાથી તે બળભદ્રને અત્યંત વહાલી થઈ પડી હતી. તે માટે હું કહું છુ કે 'કામ એટલે સંકલ્પ છે.'

તે પછી બ્રહ્મરાક્ષસે નિતંબવતીનું વૃત્તાંત પૂછયું, એટલે મેં તેને કહ્યુ –

નિતંબવતીની કથા

શૂરસેન દેશમા મથુરા નામની એક નગરી છે. ત્યાં એક કુળવાનનો પુત્ર રહેતો હતો. તે ગણિકાઓ ઉપર પ્રીતિ-

વાળો હતો, અને મિત્રોને માટે પોતાની ભુજાથી જ અનેક સાથે કજીયા કરતો હતો. તે ઉપરથી કઠણ હૃદયના લોકોએ તેનુ 'કલહકંટક' એવુ નામ ચોતરફ પ્રસિદ્ધ કર્યુ હતું. તેણે એક દિવસે કોઇએક આગન્તુક ચિત્રકારના હાથમાં એક ચિત્રપટ દીઠો. તે ચિત્રપટમાં એક તરુણ સ્ત્રી આળેખેલી હતી; તેને જોતાંવેંત જ કલહકંટકનું ચિત્ત કામાતુર થઈ ગયું, અને કલહકંટકે ચિત્રકારને કહ્યું કેઃ—'ભાઈ! આ ચિત્રમા વિરુદ્ધતા જેવું જોવામા આવે છે. કારણ કે, કુલીન સ્ત્રીઓને પણ દુર્લભ એવુ આ સ્ત્રીનું શરીર છે (અત્યત સુંદર છે), એની નમ્રતા કુલીનપણાને કહી આપે છે, મુખની કાતિ ફીકી પડી ગઈ છે, ઘણી વાર નહિ ભોગવેલી હોવાથી આનું શરીર સુંદર છે, અને આની દૃષ્ટિ પ્રૌઢતાભરેલી છે પરંતુ આ સ્ત્રી પ્રોષિતભર્તૃકા* જણાતી નથી. કારણ કે, માથા ઉપર કેશને જટારૂપે બાધવા, સ્નાન કરવું નહિ. વગેરે પ્રોષિતભર્તૃકાના ચિહ્નો આ સ્ત્રીમાં જોવામાં આવતા નથી. વળી આ સ્ત્રીના જમણા પડખા ઉપર આ લાખું છે આ વૃદ્ધ તથા અતિ પુરુષાતનમાં નહિ એવા કોઈ વાણિયાની સ્ત્રી છે, અને જોઇએ તે પ્રમાણે સંભોગ નહિ, મળવાથી તે પીડા પામે છે. તેને તે જે પ્રમાણે જોઈ છે, તે પ્રમાણે અતિ કુશળતાથી ચિતરી કાઢી હોય એમ લાગે

જેનો પતિ પરદેશ ગયો હોય, તે સ્ત્રી પ્રોષિતભર્તૃકા કહેવાય છે. પ્રોષિતભર્તૃકા સ્ત્રી પોતાના માથાના કેશને ઝુડારૂપે બાધે છે, મુસળ સ્નાન કરે છે, પરતુ શરીરને ચોળીને નહાતી નથી; મગળસૂત્ર તથા ચાદલા સિવાય બીજો શણગાર સજતી નથી, અને સાદાં વસ્ત્ર પહેરે છે.

છે’ તે પછી ચિત્રકાર તેનાં વખાણ કરીને બોલ્યો:–‘તારું આ કહેવું સત્ય છે.

‘અવંતિ દેશની ઉજ્જયિની નામની નગરીમાં અનંતકીર્તિ નામનો એક સાર્થવાહ રહે છે. તેને નિતંબવતી નામની એક સ્ત્રી છે. તેનામાં નામ પ્રમાણે ગુણ છે. તેના સૌંદર્યથી મને આશ્ચર્ય ઉપજ્યું, તે ઉપરથી મેં આ પ્રમાણે એને આળેખી છે.’

કલહકંટકનું મન તે સ્ત્રીને જોતા વેંતજ ભમી ગયું હતું; તેથી તે તે સ્ત્રીને જોવા માટે ઉજ્જયિની ગયો, અને ત્યાં જ્યોતિર્વિદ્ થઇને ભિક્ષા માગવાને બહાને તેના ઘરમાં દાખલ થયો, અને તે સ્ત્રીને જોઇને ઘણો જ કામાતુર થઈ ગયો. તે પછી તેના ઘરમાથી તે બહાર નીકળ્યો અને નગરીના મુખ્ય પુરુષોની પાસેથી સ્મશાનની રક્ષા કરવાનું કામ માગી લીધું, અને તે કાર્ય તેને મળ્યું. તે કાર્યમાથી સ્મશાનમા મુંદડાંઓને ઓઢાડવાનાં વસ્ત્ર વગેરે કોઈ એક અર્હંતિકા નામની બુદ્ધ ધર્મની સાધુડીને આપીને તેની સેવા કરવા લાગ્યો, અને તે દ્વારા એકાંતમા નિતંબવતીને ફોડવાનો આરંભ કર્યો. (તેણે નિતંબવતીને બહુ સમજાવી પરંતુ) નિતંબવતીએ સાધુડીનો તિરસ્કાર કરીને ચોખી ના પાડી. બૌદ્ધની સાધુડીના મુખથી મેં જાણ્યું કે, ‘કુલીન સ્ત્રીઓના શિયળને ભ્રષ્ટ કરવાનું કામ ઘણું કઠિન છે.’ તે ઉપરથી એકાંતમા તેણે દૂતીને શિખવ્યું કે:–‘તું ફરીથી તે સાર્થવાહની સ્ત્રીની પાસે જા, અને એકાંતમાં તેને કહે કે, મારા સરખો મનુષ્ય સંસારના દોષો જોઈ સમાધિ ચઢાવીને મોક્ષની ઇચ્છા કરે છે, તે કુલીન વધૂઓના શિયળનો ભંગ કરવાનો પ્રયત્ન કરે, એ વાત સંભવે કે? તું મોટી સમૃદ્ધિવાળી છે, તારુ રૂપ અલૌકિક છે, અને તારી અવસ્થા તરુણ છે;

માટે બીજી સ્ત્રીની પેઠે ચપળતાએ શું તારો પણ સ્પર્શ કર્યો છે કે નથી કર્યો? એ વિષેની પરીક્ષા કરી હતી. પરંતુ તારું મન આ પ્રમાણે નિર્દોષ છે તેથી હું તુષ્ટમાન થઈ છું, અને હવે હું તને પુત્રવતી જોવાની ઇચ્છા રાખું છું; પરંતુ તારા ભર્ત્તારને એક ગ્રહ વળગ્યો છે; વળી તે પાંડુરોગથી દુર્બળ રહે છે, અને સંભોગ કરવાને અશક્ત થયો છે. માટે એનું વિઘ્ન દૂર કર્યા વિના તને એનાથી પુત્ર થશે નહિ. માટે મારા ઉપર કૃપા કરીને તું આ નગરીની વૃક્ષની એક વાડીમા એકલી આવ ત્યાં હું એક મંત્રવેત્તાને બોલાવી લાવીશ. તેના હાથમા તું છૂપી રીતે જ તારો પગ આપજે, એટલે તે મંત્ર-વેત્તા તારા પગને મંત્રી આપશે તે પછી તું પ્રણયકોપ કરીને તારા ભર્ત્તારની છાતીમા તે પગથી પાટુ મારજે, એટલે તારા પતિની ધાતુમા પુષ્ટિ થાશે, અને તું તેજસ્વી સંતાન ઉત્પન્ન કરવાને સમર્થ થઇશ તારો ભર્ત્તાર તારી પાસે આવશે, અને તને દેવીની પેઠે અનુસરશે. આ વિષયમાં (તારે) શંકા કરવી નહિ ' તે પ્રમાણે કહેવાથી તે સ્ત્રી તે વાતને સ્પષ્ટ રીતે જ સ્વીકારશે. તે પછી રાત્રે તું મને વૃક્ષની વાડીમાં દાખલ કરજે, અને તેને પણ દાખલ કરજે. એટલું કાર્ય કરવાથી જ હું તારો અનુગૃહિત થઇશ." બૌદ્ધની સાધુડીએ તે પ્રમાણે જ કરવામાટે અંગીકાર કર્યું, એટલે કલહકંટક અત્યંત પ્રસન્ન થયો, અને તે જ રાત્રે વૃક્ષની વાડીમાં ગયો, અને બૌદ્ધની સાધુડીએ નિતંબવતીને પણ પ્રયત્ન કરીને ત્યાં હાજર કરી. તે પછી કલહકંટક નિતંબવતીનાં ચરણનો (હાથથી) સ્પર્શ કરતો હોય, તેમ તેના ચરણને પકડીને તેમાંથી સોનાનું એક ઝાંઝર કાઢી લીધું, અને છરીથી તેના સાથળના મૂળમાં જરાક છરકો કરીને ત્યાંથી ઉતાવળો પલાયન

ઠરી ગયો. આ કર્મથી નિતંબવતીને અત્યંત ભય લાગ્યો, અને પોતાના જ અન્યાયની નિંદા કરવા લાગી, અને બૌદ્ધની સાધુડીને મારવાને ઇચ્છતી હોય, તેમ ક્રોધમાં આવી ગઈ. તે પછી સાથળના ઘાવને ઘરની વાવના પાણીથી ધોઈ નાંખીને તેના ઉપર પાટો બાંધ્યો, અને રોગનું બહાનું કાઢીને તે સ્ત્રીએ બીજું ઝાંઝર પણ પગમાંથી કાઢી નાંખ્યું, અને એકાતમાં શય્યામાં સુઇને ત્રણચાર દિવસ કાઢી નાંખ્યા.

ધૂર્ત કલહકંટક વેચવાની ઇચ્છાથી તે (સુવર્ણનું) ઝાંઝર લઈને અનંતકીર્તિની પાસે ગયો. અનંતકીર્તિ તે ઝાંઝરને જોઈને પૂછવા લાગ્યો.–'આ ઝાંઝર તો મારી સ્ત્રીનું જ છે. તે આને કેવી રીતે મેળવ્યું ?' (આ રીતે પૂછ્યા છતાં પણ) તેણે ઉત્તર આપ્યો નહિ એટલે તેને આગ્રહથી પૂછ્યું ત્યારે, 'હું વાણિયાઓના મંડળની આગળ કહીશ,' આમ કહીને તે ઉભો રહ્યો. તે પછી એ વાણિયાએ પોતાની સ્ત્રીને સંદેશો કહેવરાવ્યો કે:–'તારાં બન્ને ઝાઝર મોકલ ' એટલે તેની સ્ત્રીએ લજ્જાથી તથા ગભરાટથી કહેવરાવ્યું કે:–'આજે રાત્રે હું વિશ્રાંતિ લેવા માટે આપણા નગરની વૃક્ષવાટિકામાં ગઈ હતી. ત્યાં મારુ એક ઝાંઝર ખીલી ઢીલી પડી જવાથી પગમાંથી નિકળી પડ્યું છે. આજે પણ તેની શોધ કરી હતી, પરંતુ તે મળ્યું નથી. પણ આ બીજું ઝાઝર છે.' આમ કહીને બીજું ઝાંઝર મોકલી આપ્યું. આ વાર્તા ઉપરથી તે વાણિયો પેલા ધૂર્તને આગળ કરીને વાણિયાઓની સભામાં ગયો, અને કલહકંટકને ઝાંઝર કેમ મળ્યું, તે વિશે પ્રશ્ન કર્યો. એટલે તે ધૂર્તે વિનય સાથે જણાવ્યું કે:–'તમારા જાણવામાં જ છે કે, તમારી આજ્ઞાથી હું સ્મશાનની ચોકી કરીને તેનાપર આજીવિકા કરુ છું અને ત્યાં રહું છું. કેટલાએક લોભીઆ

મારી હાજરીથી ડરીને રાત્રિએ શબોને બાળી જાય, એટલા માટે રાત્રે પણ હું સ્મશાનમાં સુઉં છું. ગઈ કાલે કાળા રંગની એક સ્ત્રીને ચિતામાંથી અર્ધ બળેલાં અને અર્ધ કાચાં એવા એક શબને બળપૂર્વક ખેચતાં મે દીઠી. એટલે મેં ધનના લોભને લીધે ભયનો ત્યાગ કરીને તેને પકડી પાડી, અને દૈવેચ્છાથી છરીવડે તેના સાથળના મૂળમાં જરાક છરકો કર્યો, અને તેના પગમાંથી આ ઝાંઝર ખેચી લીધું. તેટલામાં તો ઉતાવળી ચાલવાળી તે સ્ત્રી નાસી ગઈ. આ પ્રમાણે આ ઝાંઝર મને મળ્યું છે. હવે તમને ગમે તે કરો.' તે પછી નગરવાસીઓએ વિચાર કરીને એકમતથી તે સ્ત્રીને શાકિની (પિશાચિણી) માન્ય કરી, અને તેના ભર્ત્તારે તેનો ત્યાગ કર્યો. એટલે તે સ્ત્રી તેજ સ્મશાનમાં ગઈ, અને ત્યાં ઘણી વાર સૂધી વિલાપ કરીને રાત્રે ફાંસીથી લટકીને મરવાની ઇચ્છા કરવા લાગી. એટલામાં પેલા ધૂર્તે તેને પકડી પાડી અને સમજાવવા લાગ્યો કેઃ- 'ઓ સુંદરિ! હું તારુ સ્વરૂપ જોઇને ગાંડો થઈ ગયો હતો, અને તને વશ કરવા માટે મેં સાધુડીદ્વારા ઘણાય ઉપાયો કર્યા, પરંતુ તે સિદ્ધ થયા નહિ. તે પછી તારી સાથે જીવતાં સૂધી રમવા માટે (વિલાસ કરવા માટે) તું પાછી ફરે નહિ, તેવો આ ઉપાય કર્યો હતો. માટે તું અનન્ય શરણ એવા આ દાસજન ઉપર પ્રસન્ન થા' આમ કહીને વારંવાર તે સ્ત્રીના ચરણમાં પડ્યો, અને સેંકડો સમજુતીઓ આપી નિરૂપાય થઈ પડેલી એવી તે સ્ત્રીને પોતાને વશ કરી માટે આ પ્રમાણે કહ્યુ છે કે, "દુષ્કર કાર્યને સાધનારી પ્રજ્ઞા છે."

આ કથા સાંભળીને બ્રહ્મરાક્ષસે મારી પૂજા કરી. એ જ ક્ષણે અત્યંત પ્રૌઢ નહિ એવી બકુલની કળીના જેવાં સ્થૂળ મુક્તાફળો અશ્રુજળની સાથે આકાશમાંથી નીચે પડ્યાં.

'આ શું હશે ?' આમ કહી ઉંચે આંખ કરીને હું જોઉં છું તો કોઈએક રાક્ષસ એક સ્ત્રીને હરી જતો જોવામાં આવ્યો; અને તે સ્ત્રી (તેના હાથમાંથી છૂટવા માટે) પોતાના અવયવોને હલાવતી હતી. 'સ્ત્રીની ઇચ્છા નથી, છતા પણ એને આ દુરાચારી રાક્ષસ શા માટે હરી જાય છે,' આવો મેં વિચાર કર્યો; પરંતુ હું ગગનમાં જવાને શક્તિમાન્ ન હતો, તેમ મારી પાસે શસ્ત્ર પણ ન હતું તેથી મને સંતાપ થવા લાગ્યો. એટલામા મારી સાથે સંબધ ધરાવનારો પેલો બ્રહ્મરાક્ષસ, 'એ પાપી! ઉભો રહે, ઉભો રહે. આ સ્ત્રીને ક્યાં હરી જાય છે?' આમ તિરસ્કાર કરતો ઉભો થયો, અને (ઉંચે ઉડીને) તે રાક્ષસની સાથે યુદ્ધ કરવા લાગ્યો. એટલે તે રાક્ષસે રોષને લીધે પોતાના હાથમાથી તે સ્ત્રીને બેદરકારીથી નીચે નાંખી દીધી. એટલે મે મુખ ઉચુ કરી, બન્ને હાથ પહોળા કરીને, કલ્પવૃક્ષની મંજરીની પેઠે આકાશમાથી નીચે પડતી તે સ્ત્રીને બે હાથવતી ઝીલી લીધી, અને તેને નીચે મૂકી નહિ, પરંતુ હાથમા લઇને ઉભો રહ્યો. તે સમયે તે સ્ત્રી કંપતી હતી, તેની બન્ને આખો વીંચાઈ ગઈ હતી, મારા શરીરનો સ્પર્શ થવાથી થયેલા સુખથી તેના શરીરમા રોમાંચ થયા હતા; તેવી અવસ્થામા જ તેને નીચે નહિ મૂકતાં હાથમાં લઇને ઉભો રહ્યો. એ સમયે બન્ને રાક્ષસો પણ પર્વતના શિખરોના કટકાઓથી, ઝડપથી ઉખેડી નાખેલાં વૃક્ષોથી, તથા મુષ્ટિના અને ચરણના પ્રહારોથી પરસ્પર પ્રહાર કરવા લાગ્યા. જે પછી હું બીજી તરફ અત્યત મૃદુ, રેતીવાળા તથા જ્યાં થોડાંક પુષ્પો પડેલાં હતાં એવા સરોવરના એક તીર ઉપર તે સ્ત્રીને મૂકી, અને અભિલાષાપૂર્વક બારીકીથી તે સ્ત્રીને જોઈ તો જાણવામાં આવ્યું કે, 'આ તો મારી પ્રાણૈકવલ્લભા રાજકન્યા કંદુકાવતી છે.' તે પછી મેં તેનુ

આશ્વાસન કર્યું. પછી તેણે તિરછી આંખથી મારી સામે જોયું, અને પ્રથમની ઓળખાણથી મને ઓળખ્યો, એટલે દયા ઉપજે તેમ રડવા લાગી અને બોલી:–'નાથ! તે કંદુકોત્સવમા તમારાં દર્શન થયા હતાં ત્યારથી તમારા ઉપર મારી પ્રીતિ થઈ હતી, અને ફરીને સખી ચંદ્રસેનાએ તમારી કથાઓ કહીને મને ધીરજ આપી હતી તે પછી મારા પાપી ભાઈ ભીમધન્વાએ તમને સમુદ્રમા ડૂબાડી દીધા, એ વાત સાંભળીને હું સખીઓને અને નોકર વર્ગને છેતરીને પ્રાણત્યાગ કરવાની ઇચ્છાથી એકલી ક્રીડાવનમાં ગઈ. ત્યાં ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારો આ અધમ રાક્ષસ મારા ઉપર આશક પડ્યો (અને તેણે મારી પાસે પ્રાર્થના કરી,) પરતુ હું તેનાથી ડરી ગઈ, મે તેની પ્રાર્થનાને તિરસ્કારી કાઢી, અને હું તેની સામે થઈ કે, તે મને પકડીને (આકાશમાર્ગે) દોડ્યો, અને અહિં આ પ્રમાણે મરણ પામ્યો છે, અને હું દૈવયોગથી પ્રાણેશ એવા તમારા હાથમા જ આવી પડી છુ. તમારુ કલ્યાણ થાઓ.' તેનું કહેવુ સાંભળીને હું તે સ્ત્રીની સાથે પર્વત ઉપરથી નીચે ઉતરીને નૌકામાં બેઠો, અને નૌકાને છોડી મૂકી. તે નૌકા સામી બાજુના પવનની પ્રેરણાથી દામલિપ્તા નામની નગરી પ્રત્યે પહોંચી ગઈ, અને અમે પરિશ્રમ વગર નૌકામાથી કિનારે ઉતર્યા કે રુદન કરતી પ્રજાઓનો આક્રંદ આ પ્રમાણે સાભળવામા આવ્યો કે.–'સુહ્મદેશનો વૃદ્ધ રાજા તુંગધન્વા પોતાના પુત્રનો તથા પુત્રીનો નાશ થવાથી પ્રજારહિત થઈ પડ્યો છે. તેથી તે પડે સ્ત્રીની સાથે જ અનશન વ્રત કરીને મરવા માટે પાપરહિત ગંગાજીના તીર ઉપર જાય છે. તેથી નિરાધાર થઈ પડેલા અને તેના ઉપર પ્રીતિ રાખનારા પુરના વૃદ્ધ પુરુષો પણ તેની સાથે મરવાની

ઇચ્છા રાખે છે તે સમાચાર સાભળીને (હું રાજાની પાસે ગયો, અને) રાજાને જે પ્રમાણે વૃત્તાંત બન્યું હતું, તે પ્રમાણે મેં કહ્યું, અને તેને તેનાં બન્ને સંતાન પાછા સોંપ્યા એટલે દામલિપ્તના રાજાએ પ્રસન્ન થઇને મને પોતાનો જમાઈ કર્યો છે, અને તેનો પુત્ર મારો અનુજીવી (આધીન) થયો છે. મારી આજ્ઞાથી તેણે ચંદ્રસેનાનો પ્રાણની પેઠે ત્યાગ કર્યો છે, અને તે કોશદાસની સેવા કરે છે. તે પછી હું સિંહ-વર્માને સહાય કરવામાટે અહિં આવ્યો, ત્યા આપ સ્વામીનાં દર્શનોત્સવના સુખનો અનુભવ કરુ છું.

મિત્રગુપ્તનું ચરિત્ર સાંભળીને રાજા રાજવાહન, 'દૈવની ગતિ આશ્ચર્યકારક છે, તેં અવસર ઉપર પુષ્કળ પુરુષાર્થ કર્યો છે,' આમ કહીને પુનઃ મદ હાસ્યનો ઓષ્ઠ ઉપર અભિ-ષેક કરીને અર્થાત્ મંદ મદ હસતા, મંત્રગુપ્તના ઉપર હર્ષથી પ્રફુલ્લિત થયેલી દૃષ્ટિ કરી. એટલે વિલાસી વલ્લભાએ ઉતાવળથી કરેલા દંતક્ષતના દુઃખથી જેનો અધરમણિ વિહ્વળ થયો હતો,* એવો મંત્રગુપ્ત કરકમલથી પોતાના મુખને જરાક ઢાકી દઇને ઓષ્ઠસ્થાનીય અક્ષરો વિનાનું પોતાનું ચરિત્ર કહેવા લાગ્યોઃ—

ઇતિ શ્રીદણ્ડિવિરચિત દશકુમારચરિતમા 'મિત્રગુપ્તનુ ચરિત્ર' એ નામનો ઉચ્છ્વાસ ૬ ઠ્ઠો સમાપ્ત

ઉચ્છ્વાસ ૭ મો

મંત્રગુપ્તનું ચરિત્ર

મંત્રગુપ્ત બોલ્યો.—રાજાધિરાજના હે પુત્ર! તમે પર્વ-

---

* મત્રગુપ્તની વલ્લભાએ વિલાસ વેળા મત્રગુપ્તના ઓષ્ઠ ઉપર દતક્ષત કર્યાં હતા, તેથી મત્રગુપ્તનો ઓષ્ઠ વિહ્વળ રહેતો હતો તેને લીધે મત્રગુપ્તે પોતાના ચરિત્રમા ઓષ્ઠસ્થાનીય અક્ષરનો પ્રયોગ કર્યો ન હતો.

તની ગુફામાં દાખલ થયા પછી તમારો પત્તો મેળવવાની ઇચ્છાથી ફરતો ફરતો એક દિવસે હું કલિંગ* દેશમાં જઈ ચઢ્યો, અને ત્યાંના કલિંગ નગરથી થોડેક દૂર સ્મશાનમાં એક જંગલી વૃક્ષ ઉભું હતું, તેનાં રસદાર નવીન પલ્લવની પથારી કરીને તે વૃક્ષની નીચે તેના ઉપર બેઠો, અને નિદ્રાએ આંખને ઘેરી લીધી એટલે સુઈ ગયો તે પછી કાળરાત્રિના કેશ સમૂહના જેવું શ્યામ રંગનું અંધારુ આકાશમાંથી ગળવા લાગ્યું (થવા લાગ્યું), રાક્ષસો ફરવા લાગ્યા, ઝાકળ વર્ષવા લાગી, સર્વ મનુષ્યો પોતાના ઘરોમા ભરાઈ ગયાં, અત્યંત ઠંડી પડવા લાગી, અર્ધ રાત્રિનો સમય થયો, અને વૃક્ષોની ઘાટી ઘટાઓની અંદર અવાજ થવા લાગ્યો, તે સમયે નિદ્રા જો કે મારા નેત્રનું ચુંબન કરતી હતી, છતાં મે તેને અટકાવી રાખી (અર્થાત્ હું જાગતો સુતો) તે સમયે એક દાસનુ અને દાસીનું અતિ નિરાશાજનક બડબડવુ મારા સાભળવામાં આવ્યું તે બોલ્યા કે.–'આ પાપી સિદ્ધ પુરુષ (જાદુગર) ખળ છે, સુરત-સમાગમ સમયે હું અનર્ગલ પ્રીતિથી પીડાતો હોઉં છું ત્યારે સિદ્ધ પુરુષ આજ્ઞા કરીને આ મનુષ્યને આ પ્રમાણે શા માટે દુ:ખ દે છે? જો કોઈ મહાન્ શક્તિવાળો સિદ્ધ પુરુષ આ પાપી સિદ્ધની સિદ્ધિમાં વિઘ્ન કરે તો ઠીક' તે સાભળીને 'આ સિદ્ધ પુરુષ (જાદુગર) કોણ છે? અને તેની સિદ્ધિ કેવી છે? તે આ સેવકની પાસે કયું કામ કરાવે છે?' આ જોવાની ઇચ્છા મારા હ્રદયમા થઈ તે ઉપરથી પેલો સેવક જે દિશામાં ગયો હતો, તે દિશા તરફ થોડેક દૂર

* કલિગ દેશ ઓરિસાની દક્ષિણે ગોદાવરીના મુખ આગળ છે. આને આજે નોર્ધર્ન સરકાર એટલે ઉત્તર સરકાર પણ અગ્રેજો કહે છે

હું ગયો તો ત્યાં મેં કોઇએક પુરુષને દીઠો તે મનુષ્યનું શરીર આમતેમ લટકતા મનુષ્યનાં હાડકાંના કટકાનાં કરેલા આભૂષણથી ભરપૂર હતું, ચિતાના અગ્નિમાં બળેલાં કાષ્ઠની ભસ્મથી તેણે શરીર ઉપર અંગરાગ કર્યો હતો, અને તેના માથા ઉપર વિજળીના જેવી ચળકતી જટા હતી. અરણ્યચક્રના અંધકારનો નાશ કરવામા રાક્ષસરૂપ, ક્ષણે-ક્ષણે અનેક જાતનાં ઇંધણાનો ગ્રાસ કરવાથી પ્રકાશમાન જ્વાળાવાળા અગ્નિમા તે ડાબા હાથથી ઉત્તરોત્તર ચટચટ અવાજ કરનારા તલ, સર્ષવ વગેરેનો હોમ કરતો હતો તેની સન્મુખ પેલો રાક્ષસ સેવક બે હાથ જોડી, ‘કયું કાર્ય કરવાનું છે? (તેની મને) આજ્ઞા આપો,’ આમ કહીને ઉભો રહ્યો તે પછી પેલા અતિક્રૂર મનના પુરુષે તેને આજ્ઞા કરી કે:–‘જા, કલિં-ગના રાજા કર્દમની કનકલેખા નામની કન્યાને કન્યાના અંત:-પુરમાંથી અહિં લઈ આવ.’ એટલે તે રાક્ષસ કલિંગ રાજાની રાજકન્યાને કન્યાના અંત.પુરમાંથી ઉપાડી લાવ્યો તે પછી મોટા ત્રાસથી, આસુને લીધે ગુંગળાઈ ગયેલા કઠવડે તથા દુ.ખથી દબાઈ ગયેલા હૃદયવડે, ‘હાય તાત! હાય માતા!’ આવી રીતે આક્રંદ કરતી કન્યાના, જેના મસ્તકની માળાના પુષ્પો વેરાઈ ગયા હતા, તથા કરમાઈ ગયા હતા, અને જેનું બંધન શિથિલ પડી ગયું હતું એવા કેશકલાપ(અંબોડા)ને સિદ્ધ પુરુષે મજબૂત પકડી પાડ્યો, અને શિલા ઉપર ઘસીને સજ કરેલી છરીથી તેનું મસ્તક કાપવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એટલામા તો મેં તેના હાથમાથી ઝટ તે છરીને છીનવી લઇને તેનાથીજ જટાની જાળવાળું તેનુ મસ્તક કાપી નાંખ્યું, અને પાસે ઉભેલા કોઇએક જીર્ણ વૃક્ષના સ્કંધના કોતરમા મૂક્યું. તે જોઇને પેલો રાક્ષસ ઘણો જ હરખાયો, તેની અંતર પીડા

નાશ પામી, અને તે બોલ્યો:–'આર્ય! આ નીચ પુરુષ અમને દુ:ખ દેતો હતો તેથી, અમારાં નેત્રમાં કોઈ.દિવસ નિદ્રા આવતી ન હતી તે અમારો તિરસ્કાર કરતો હતો, અમને ત્રાસ આપતો હતો, અને ન કરવા યોગ્ય કાર્ય કરવાની આજ્ઞા કર્યા કરતો હતો તે માટે કલ્યાણના ઢગલારૂપ આપે તેને (મારી નાંખ્યો તે) ઘણું જ સારુ કાર્ય કર્યું છે આપે આ નરકાકને* નારકી જીવોનાં દુ:ખ ભોગવવા માટે યમના નગરમાં મોકલ્યો છે હવે આ પુરુષ, દયાનિધિ અને અપાર તેજસ્વી એવા આપની કોઈક આજ્ઞા ઉઠાવવાની ઇચ્છા રાખે છે માટે આજ્ઞા કરો, કાળક્ષેપ કરો મા,' આમ કહીને તેણે મને પ્રણામ કર્યા, એટલે મે તેને આજ્ઞા કરી

'મિત્ર! સજ્જન પુરુષોથી પાળવામાં આવતો માર્ગ એવો છે કે, સાધારણ કારણને માટે પણ મહાન્ આદર જોવામા આવે છે આ કન્યાને તેને ઘેર પહોચાડવામા તારી જો સંમતિ હોય તો આ સન્નતાંગી, કે જે દુ:ખ ભોગવવાને અયોગ્ય છે, જેને અકાર્ય કરનારા આ પુરુષે અત્યંત દુ.ખ દીધુ છે, તે આ કન્યાને હવે તેને પોતાને ઘેર મૂકી આવ આના કરતાં બીજું કોઈ કાર્ય અમારા મનને પ્રસન્ન કરનારુ નથી' તે સાંભળીને તે કન્યા કાન ઉપર રહેલા શ્યામ કમળના જેવી શ્યામ રંગની, ધીર અને ચચળ કીકીવાળી તથા જરાક ચંચળ એવી દૃષ્ટિને વાકી ફેરવવા લાગી, લલાટરૂપી રંગભૂમિ ઉપર નર્તકીનું કામ કરનારી, કામના ધનુષના કામઠાની પેઠે વાંકી એવી ભ્રૂકુટીરૂપી લતાને ધીરે ધીરે ચલાયમાન કરવા લાગી; તેના રાતા રંગના ગંડસ્થળ ઉપર રોમાચ થયાં, એક તરફથી

* અત્યત હલકા પુરુષને કાકની ઉપમા આપવામા આવે છે. પક્ષીઓમા જેવો કાગડો દુષ્ટ છે, તેવો મનુષ્યોમા તે દુષ્ટ ગણાય

થયેલી પ્રીતિ તથા બીજી તરફથી થયેલી લજ્જા, એમ પ્રીતિ અને લજ્જાની વચ્ચે ઘૂમવા લાગી; વાંકા નખની કાંતિરૂપી ચંદ્રિકાવાળા ચરણના આગલા ભાગથી, મુખકમળને વાંકું કરીને, ભૂમિના તલને ખોતરવા લાગી, ઓષ્ઠરૂપી કુંપળીઆનું ઉલ્લંઘન કરનારા અર્થાત્ ઓષ્ઠમાંથી બહાર નિકળેલા, હર્ષના અશ્રુસલિલની ધારાના શીતળ બિંદુથી ભીંજાયલા સ્તનતટના ચંદનની ભીનાશને દૂર કરનારા, અને હૃદયરૂપી લક્ષ્યને ભેદવામાં કુશળ એવા કામના બાણ જેવા વેગવાળા મુખમાંથી નીકળતા અત્યંત પાતળા પવનથી જેના દાતની ચંદ્રિકા (દાતનાં કિરણો) ચોતરફ ફેલાતી હતી, એવી કોકિલાના જેવી મધુર કંઠવાળી તે કન્યા કેટલાએક મધુર અક્ષરો બોલવા લાગી:–'આર્ય! આ દાસજનને કાળના હાથમાથી છોડાવ્યા પછી પ્રીતિરૂપ પવનથી ચલાયમાન, ઉત્કંઠારૂપ તરંગોવાળા, અનંગરૂપ સાગરમા શા કારણથી ફેંકી દ્યો છો? હું જે પ્રમાણે તમારા ચરણકમળના રજની કણિકા હોઉં, તે પ્રમાણે તમારે મને ધારવી તમને જો આ મનુષ્યના ઉપર દયા હોય તો તમારા ચરણની આરાધના કરવામાં આ મનુષ્યનોજ ખાસ ઉપયોગ કરો જો કન્યાના અંત:પુરમાં રહેવાથી ગુપ્ત વાત બહાર પડી જાય અને તેથી અનર્થ થાય, આવી શંકા કરવામા આવતી હોય તો એવુ કંઈપણ નથી. ત્યા (કન્યાના અંતઃપુરમા) રહેનારી મારી સખીઓ અને ચેટીઓ* ઘણી સ્નેહાળ છે તેઓ જે રીતે કોઈ પણ આ વૃત્તાંત જાણે નહિ, તે પ્રમાણે પ્રયત્ન કરશે.' (આ સર્વ સાંભળીને) મદને કાન સૂધી બાણ ખેંચીને અતિ નિર્દયપણાથી મારા ચિત્તને

* હલકી જાતની ચાકરડીને સસ્કૃત ભાષામા ચેટી કહેવામા આવે છે.

વિંધી નાંખ્યું હતું, અને હું તેના કટાક્ષરૂપી ગજવેલની બેડીથી અત્યત બંધાઈ ગયો હતો તેથી, પેલા રાક્ષસ-કિંકરના મુખ તરફ દૃષ્ટિ કરીને બોલ્યો:–'રથના ચક્ર જેવા ગોળાકાર જાંઘવાળી આ કન્યા જે પ્રમાણે કહે છે, તે પ્રમાણે જો હું કરીશ નહિ, તો કામદેવ એક ક્ષણમા મને મારી નાંખશે માટે આ હરિણનયના કન્યાની સાથે આ મનુષ્યને પણ કન્યાના અંત પુરમાં લઈ જા ' તે પછી રાક્ષસ મને અને કન્યાને શરદ્ઋતુના મેઘમંડળ જેવા શ્વેતરગના કન્યાના રાજમહેલમા લઈ ગયો ત્યા તે ચંદ્રાનનાની આજ્ઞાથી કેટલાએક સમય સૂધી અગાસીના એક ભાગમા તે કન્યાનાં દર્શનથી ધીરજ હારી ગયેલો એવો હું ઉભો રહ્યો, અને તે કન્યાએ સ્વચ્છંદપણાથી સુતેલી કેટલીએક સખીઓને હાથના તળિયાના (હથેળીના) ધીમા પ્રહાર કરીને તેઓની નિદ્રાને દૂર કરી, અને તેઓને પોતાના વૃત્તાતથી જાણીતી કરી પછી તે સખીઓએ આવીને મારા ચરણમા મસ્તક મૂકીને પ્રણામ કર્યાં, અને ઝરતા અશ્રુ-ઓથી ભયંકર આખવાળી તથા પોતાના મસ્તક ઉપર મુકૂટરૂપે રહેલી માળાના પુષ્પોના કેસર ઉપર બેઠેલા ભમરાઓના મંડળના ગણગણાટથી જેની મધુર વાણી પૂરી સાભળવામા આવતી નહતી, એવી તે સખીઓ ધીરે ધીરે કહેવા લાગી.– 'આર્ય! સૂર્ય સમાન તેજસ્વી એવા આપની દૃષ્ટિએ આ કન્યા પડી, તેથી કાળ તેને હરણ કરી શકયો નથી મહાત્મા કામે પ્રેમાગ્નિને સાક્ષી રાખીને તમને આ કન્યા અર્પણ કરી છે. માટે આ આશ્ચર્યકારક તથા અનુરાગથી ચંચળ એવા કન્યારત્નથી, કમલનયન એવા તમે, મેરુ પર્વતના શિલા-તળના જેવા સ્થિર એવા તમારા હૃદયને અલંકૃત કરો, તથા ગાઢ આલિંગન કરીને અત્યંત યોગ્ય સહચર એવી આ

સ્રીનાં સ્તનતટને સફળ કરો ' આવી રીતે કહીને અતિ ડહાપણવાળાં સખીજનોએ સ્નેહરૂપી બેડીને અત્યત મજબૂત કરી. તે પછી હું અત્યંત નમેલા અગવાળી તે સ્રીની સાથે સમાગમ કરીને રમવા લાગ્યો

તે પછી એક દિવસે મધુની લાલસાવાળા ભમરાઓના ઉલ્લંવાથી પુંનાગનાં ઘાટાં વૃક્ષો મ્લાન થવા લાગ્યાં; અરણ્યસ્થલીરૂપી સ્રીના શોભાયમાન લલાટમાં તિલકવૃક્ષ મનોહર તિલકરૂપ થઈ પડ્યા, વિલાસી એવા અનંગરાજે કર્ણિકારરૂપી કાંચનનું છત્ર ધારણ કર્યું, દક્ષિણ દિશાનો પવન વેગથી આબા ઉપર બેઠેલા ભમરાઓનુ તથા આબાની કળીઓનુ હરણ કરવા લાગ્યો, કોકિલાના કંઠના રાગથી પતિ ઉપર પ્રીતિવાળી સ્રીઓના સુરતયુદ્ધમા પ્રથમ તૈયારી કરનારો, નિર્દોષ એવી કન્યાઓના અંત.કરણમાં પણ કામપ્રીતિ ઉત્પન્ન કરાવીને લજ્જાનું ઉલ્લંઘન કરાવનારો, દર્દુર નામના પર્વતના તટ ઉપર ઉગેલા ચંદનનુ આલિંગન કરવાથી શીતળ એવો અનિલરૂપી આચાર્ય અનેક જાતની લતાઓને નૃત્યનું શિક્ષણ આપવા લાગ્યો, અર્થાત્ લતાઓ પવનવડે કંપવા લાગી, આવો વિયોગીઓના હૃદયને દુઃખ દેનારો વસંતનો સમય આવ્યો, એટલે કલિંગ રાજાએ રાણીઓની સાથે, પોતાની પુત્રીની સાથે, તથા સર્વે નગરજનની સાથે સૂર્યના કિરણોથી અલંઘનીય, ગુંજારવ કરતા ભમરાના ટોળાના બેસવાથી નમી ગયેલી લતાના નવીન પલ્લવોના અગ્રભાગ જેના રેતીવાળા તટનો સ્પર્શ કરતા હતા એવા પાણીના ચંચળ મોજાના છાંટારૂપી વરસાદના સંબંધથી શીતળ થયેલા, સાગરના તીર ઉપર આવેલા એક વનમાં તેર દિવસ સૂધી વિહાર કરવાની ઇચ્છા કરી (અને કલિંગ રાજા પરિવાર સાથે ત્યાં

ગયો). તે પછી હજારો સ્રીઓ ઉપરાઉપર ગીતો ગાવામા તથા સંગીતો કરવામાં ગુંથાઈ ગઈ, અને રાજા તેઓની સાથે શૃંગારક્રીડા કરવાથી તથા અપ્રતિહત એવો કામ મહોત્સવ કરવાથી હરખાઈ ગયો અને કામપ્રીતિને તથા તૃષ્ણાને આધીન થઈ ગયો. તે પ્રમાદનો લાભ લઇને આંધ્રદેશના રાજા જયસિંહે, પાણીમા તરવાના સાધનરૂપી નૌકાથી અનેક સંખ્યાવાળું સૈન્ય (કલિંગરાજની) ભૂમિ ઉપર ઉતાર્યું, અને તેની સાથે તુરત આવીને રાજાને રાણીઓની સાથે પકડી પાડ્યો, અને ભયથી ચંચળ નેત્રવાળી મારી વહાલી કનકલેખાને તેના સખીજનની સાથે લઈ ગયો. તે સમયે મને કામાગ્નિથી દાહ થવા લાગ્યો; તેથી મારો આહાર સંબંધી વિચાર દૂર થઈ ગયો. વહાલીની ચિંતાથી મારા શરીરની કાંતિ પણ ઝાખી પડી ગઈ, અને હું આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો.–'કલિંગ રાજાની કન્યા પિતા અને માતાની સાથે શત્રુના હાથમા ગઈ છે, અને શત્રુ રાજા ધૈર્ય હારી જઈ તે કન્યાને અવશ્ય પોતાના તાબામા લેવાની ઇચ્છા કરશે, સતી તે સહન કરશે નહિ, પરતુ ઝેર અથવા તો રસ વગેરેનું પાન કરીને તુરત મરણ પામશે, રાજકન્યા મરણ પામ્યા પછી કામ આ મનુષ્યના શરીરનો નાશ કરશે, માટે હવે ભવિષ્યમા કયો ઉપાય લેવો '

એટલા સમયમા આંધ્રદેશમાથી કોઈ એક બ્રાહ્મણ આવ્યો હતો, તે મારા જોવામા આવ્યો. તેણે મને આ પ્રમાણે કથા (વાત) કહી 'જયસિંહે અનેક દુઃખો દઇને તથા પરાભવ કરીને કર્દમને મારી નાંખવાની ઇચ્છા કરી હતી; પરતુ કનકલેખાને જોવાથી જયસિંહની કર્દમના ઉપર અધિક પ્રીતિ થઈ છે, તેથી તેણે તેને જીવતો રાખ્યો છે; તે કન્યાના શરીરમાં કોઇએક યક્ષ વાસો કરીને રહે છે, તેથી તે કન્યા

પરપુરુષની આગળ ઉભી રહેતી નથી, રાજા મંત્રવેત્તાઓનાં (જાદુગરોનાં) ટોળાંઓને એકઠાં કરીને તેના શરીરમાંથી યક્ષને કાઢવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેમાં સિદ્ધિ થાતી નથી ' તે બ્રાહ્મણે (આ પ્રમાણે વાર્તા કહીને મારા મનમાં તે કન્યાને માટે) આશા ઉત્પન્ન કરી. એટલે હું શંકરને નૃત્ય કરવાની ભૂમિરૂપ સ્મશાનમાં ગયો, અને ત્યા એક જીર્ણ વૃક્ષ ઉભું હતું, તેના સ્કંધના કોતરમાંથી (પેલા સિદ્ધની) જટાના જથ્થાને બહાર કાઢીને તે (માથે નાંખી) જટાધારી બન્યો, કંથાથી અને ચીથરાના જથ્થાથી આખા શરીરને ઢાંકયું, કેટલાએક શિષ્યોને સંગ્રહ કરીને સાથે લીધા, અને આશ્ચર્યજનક અનેક ક્રિયાઓ કરીને છેતરેલા મનુષ્યોની પાસેથી જે અન્ન, વસ્ત્ર વગેરે મળતા, તે શિષ્યોને આપીને તેઓને હું નિત્ય પ્રસન્ન કરવા લાગ્યો, (અને ચાલતો ચાલતો) કેટલેક દિવસે આંમ્રનગર જઈ પહોંચ્યો ત્યા તે નગરથી થોડેક દૂર એક સરોવર હતું, તે સમુદ્રના જેવું હતું, કલહંસનાં ટોળાએ ભાગી નાંખેલા કમળના પાંદડાના જથ્થામાથી ખરતા કેસરાઓના કટકાથી તે સરોવરનુ પાણી વિચિત્ર રંગનું રહેતું હતું, તથા તે સરોવરના ઉપર સારસ પક્ષીઓની મડળી ક્રીડા કરતી હતી આ સરોવરના તીર ઉપર આવેલા વનમાં હું સ્થાનક કરીને રહ્યો. પછી મારા શિષ્યો મારા આશ્ચર્યકારક કર્મોની વાર્તા કહેવા લાગ્યા, તે ઉપરથી નગરનાં સર્વ મનુષ્યોનું મન મારા તરફ આકર્ષાયું. હું પણ તેઓને છેતરવામા કુશળ હતો તે પછી લોકો પ્રત્યેક દિશાઓમાં કહેવા લાગ્યા કે:–'આપણા નગરની પાસેની જીર્ણ અરણ્યસ્થલીમાં આવેલા સરોવરના તીર ઉપર સ્થંડિલમાં (ઉઘાડા ભાગમાં) જે યતિ સુઈ રહે છે, તે યતિના જીભના ટેરવા ઉપર રહસ્ય સાથે (ઉપનિષદો સાથે) અને છ અંગોની

સાથે વેદો હાજર રહે છે, અને બીજાં શાસ્ત્રો પણ તેની જીભના ટેરવા ઉપર છે જેને જે શાસ્ત્રોનું જ્ઞાન ન હોય, તેણે તેમની પાસેથી તે શાસ્ત્રોના અર્થનો નિર્ણય કરી લેવો આના મુખમાં અસત્યનો તો સંસર્ગ જ નથી આ તો મૂર્તિમાન્ દયાનો રાશિ છે, આમણે હમણા ગ્રહણ કરવાથી દીક્ષા પણ ચિરકાળ સૂધી સફળ થઈ છે, તેનાં ચરણનાં કેટલાએક રજકણોને મસ્તક ઉપર ધારણ કરવાથી તે રજકણોએ અનેક પુરુષોના અનેક જાતના રોગો કે જેને વૈદ્યો લાંબા કાળ સૂધી મટાડી શકયા નહતા, તેનો નાશ કર્યો છે, તેના પગના પ્રક્ષાલનના જળથી સ્નાન કરીને જે મનુષ્યો પોતાના મસ્તકને પવિત્ર કરે છે, તે પુરુષોને વળગેલા મહા ભયંકર ગ્રહો કે જે ગ્રહો, ભૂતવિદ્યા જાણનારા અનેક સિદ્ધ પુરુષોના મંત્રાદિકનુ ઉલ્લંઘન કરનારા હોય છે, તેઓ એક ક્ષણમાં નાશ પામે છે તેની શક્તિ આટલી છે, એ જાણી શકાતું નથી એનામા અહંકારનો લેશ (પણ) નથી '

આ વાર્તા અનેક પુરુષોના મુખમા ફરવા લાગી, અને કનકલેખાના શરીરમા વાસ કરીને રહેલા યક્ષને બહાર કાઢવામાટે અત્યંત આસક્ત ચિત્તવાળા તે રાજાને આકર્ષણ કરવાને પણ શક્તિમાન્ થઈ તે રાજા પણ રોજરોજ આવીને ઘણા જ મોટા આદરથી મારી પૂજા કરવા લાગ્યો, મારા શિષ્યોને ધન આપીને વશ કર્યા, અને સમય મળ્યો કે, એક દિવસે પોતાનું ઇચ્છિત કાર્ય સાધવા માટે તેણે ધીરેથી મારી પાસે યાચના કરી, એટલે હું ધ્યાન ધરીને ધીર બની ગયો, અને યોગ્ય સમયે ગૂઢ વસ્તુનું મને જ્ઞાન છે, એમ મેં તેને દેખાડી આપ્યું. તે પછી મેં એને નિરખીને જોયો, અને વિચાર કરીને કહ્યુ કે.–'તાત' તારો આ પ્રયત્ન

યોગ્ય છે. સકળ કલ્યાણકારક લક્ષણોના એક ઢગલારૂપ આ કન્યાના લાભથી, ક્ષીરસાગરરૂપી કટિમેખલાથી શણગારાયલી અને ગંગાદિક હજારો નદીઓરૂપી હારથી શોભાયમાન એવી પૃથ્વીરૂપી સ્ત્રીને મેળવવાનું સાધન તને મળ્યું છે. આ કન્યાના શરીરમા જે યક્ષ રહે છે તે, કોઈ પણ મંત્રવેત્તા અથવા તો રાજા, લીલાથી આમતેમ ડોલતા કાળાં કમળના જેવા નેત્રવાળી તે કન્યાનું દર્શન કરે, તેને સહન કરી શકતો નથી. માટે, તું ત્રણચાર દિવસ વાટ જો. એટલા દિવસોમા હું આ કાર્ય સાધવા માટે પ્રયત્ન કરીશ.' આ રીતે કહ્યુ, એટલે રાજા પ્રસન્ન થઇને ત્યાંથી ગયો. તે પછી દર રાત્રે ચંદ્રનું અજવાળું અસ્ત થઈ જતું હતું, ગાઢ અંધારાનાં રજકણો દશે દિશાઓને ગળી જતા હતા, અને સર્વ મનુષ્યોના નેત્રો નિદ્રાથી કેદી બની જતાં હતા, તે સમયે અંધારી અર્ધરાત્રિએ ઝુપડીમાથી બહાર નીકળીને સરોવરમાં ઉતરવાનાં પગથીઆથી થોડેક દૂર તે જ સરોવરના તીરના અંદરના ભાગમા કોદાળીના જેવા એક હથિયારથી મહામહેનતે મેં એક મોટું કોતર બનાવ્યું પાણીના તળીઆમાં ઉતર્યા પછી તેની અંદર પ્રવેશ થઈ શકે તેવી રીતનું એ કોતર કરવામાં આવ્યું હતું, અને ઘાટી શિલાઓથી તથા ઇંટોથી તે કોતરના મુખને એવી રીતે ઢાકી દેવામા આવ્યું હતું કે, તે તીરના પ્રદેશને જોઇને, 'અહિં કોતર છે' આવી શકા મનુષ્યને થાય નહિ આવો નિશ્ચય કરીને પરોઢિયું થયું કે, મેં સ્નાન કરીને શરીરને શુદ્ધ કર્યુ, અને પછી નક્ષત્રોના મંડળરૂપી હારના આગલા ભાગમાં ગુંથેલા રત્નરૂપ, રાત્રિના અંધકારરૂપી ગંધહસ્તીનો નાશ કરવામાં કેસરીસિંહરૂપ, મેરુના શિખરરૂપી રંગભૂમિ ઉપર નૃત્ય કરનારા નટરૂપ, આકાશરૂપી

સમુદ્રમાં મેઘરૂપી તરંગોને ઉલ્લંઘવામાં મગરમચ્છરૂપ, મનુષ્યનાં પાપપુણ્યના સાક્ષી, પૂર્વ દિશારૂપી સ્ત્રીના અંગરાગમાં રંગનું કાર્ય કરનારા કિરણોવાળા એવા હજાર કિરણોવાળા સૂર્યનું હાથની અંજલિમા રાતાં કમળ લઈને તેનાથી પૂજન કરીને મારા પોતાના સ્થાનકનો આશ્રય કર્યો.

ત્રણ દિવસો વીતી ગયા, અને સૂર્યની કાંતિ અસ્તાચલ પર્વતના શિખર ઉપર આવેલા ગેરુવા તટની કાંતિ જેવી લાલ રંગની થઈ ગઈ, અને હિમાચળની કન્યા પાર્વતીએ તિરસ્કાર કરવાથી અંતરિક્ષ* નામના શંકરના સ્વરૂપનુ આલિંગન કરનારી સંધ્યારૂપી સ્ત્રીના લાલ ચંદનથી ચર્ચિત થયેલા એક સ્તનરૂપી કલશના જેવો સૂર્ય દેખાવડો થઈ ગયો, અર્થાત્ લાલ રંગનો થઈ ગયો ત્યારે (સાયંકાળ થયો ત્યારે) રાજા આવ્યો, અને આ મનુષ્યે (મેં) પૃથ્વી ઉપર મૂકેલા ચરણના નખનાં કિરણોથી રાજાનો મુકુટ છાઈ રહ્યો, અર્થાત્ તે રાજા મારા પગમા પડ્યો, અને બે હાથ જોડીને ઉભો રહ્યો એટલે મેં કહ્યું.–'હર્ષની વાત છે કે, તારા પ્રિય કાર્યની સિદ્ધિ મારા જોવામાં આવી છે. લક્ષ્મી આ જગતમા આળસુ મનુષ્યોનો આશ્રય કરતી નથી. સર્વ કલ્યાણો ઉદ્યોગી પુરુષના હાથમાં નિત્ય હાજર રહે છે. તારુ સચ્ચરિત્ર ઘણું શ્રેષ્ઠ અને કલંકરહિત છે વળી તેં આદરથી મારી પૂજા કરી છે, તેને લીધે મારુ ચિત્ત તારા તરફ આકર્ષાયું છે, માટે જે પ્રમાણે તારા કાર્યની સિદ્ધિ આજે જ થાય, તે પ્રમાણે આ મનુષ્યે સરોવરને સંસ્કાર કર્યો છે. આજની રાત્રિ અર્ધ વીતી જાય, એટલે તારે આ સરોવરમાં ઉતરવું, અને ઉતર્યા પછી શરી-

* શકરની આઠ મૂર્તિ (સ્વરૂપ) કહેવાય છે, તેમા અતરિક્ષ એટલે આકાશ પણ એક મૂર્તિ છે.

રમાં ફરનારા પાંચ પ્રાણોને સારી પેઠે રુધી દઇને પાણીની સપાટી ઉપર શય્યા રચીને શયન કરવુ. તે પછી સરોવરના તટની સાથે અફળાઇને ઉડતાં પાણીથી કમળનો સમૂહ ઢંકાઈ જશે, અને તેથી કમળના દંડ ચલાયમાન થશે, એટલે તેના કાટાની અણીઓથી રાજહંસના શરીર ચીરાવા માંડશે; તેથી તેઓ ત્રાસને લીધે ફાટી ગયેલા અવાજ કરશે. તે સાંભળવાને માટે મનુષ્યો કાન આપશે તે પછી એક ક્ષણ વીત્યા બાદ પાણીમાંથી કંઈક આક્રંદના જેવો અવાજ થશે. તે તારે સાંભળવો, અને તે આક્રંદ શાંત પડી ગયા પછી તું ભીને શરીરે તથા લાલચોળ નેત્રની સાથે સર્વ મનુષ્યોના નેત્રને આનંદ આપનારુ સ્વરૂપ ધારણ કરીને સરોવરમાંથી બહાર નીકળીશ. તે પછી યક્ષ તારા તે સ્વરૂપને જોઇને તારી આગળ ઉભી શકશે નહિ તે કન્યાનું હૃદય પણ અત્યંત સ્થિર એવી સ્નેહની સાંકળથી તારાવિશે બંધાઈ જશે, અને તે કન્યા બીજાના દર્શનને સહન કરશે નહિ, અર્થાત્ તારુ જ મુખ જોશે પછી તું આ પૃથ્વીરૂપી સ્ત્રીના શત્રુમંડળનો સહેલાઇથી પરાભવ કરીશ, અને આ પૃથ્વીનું મંડળ તારા હસ્તગત થયું છે એ જાણજે, તેમાં સંશય નથી તે કાર્ય કરવાની જો તને ઇચ્છા હોય તો તું અનેક શાસ્ત્રના જ્ઞાનથી ધીર બુદ્ધિવાળા અધિકારીઓની સાથે તથા બીજા હિતૈષી પુરુષોની સાથે વિચાર કર, અને પછી સો જાળવાળા પુરુષોને બોલાવી સેંકડો અંતરંગ પુરુષોની મારફતે તે સરોવરના અંદરના ભાગને જોવરાવ. સરોવરના તીરથી ત્રીશ ત્રીશ વામ દૂર સિપાઇઓને ઉભા રાખીને તેની પાસે સાવધાનપણાથી તે સરોવરની રક્ષા કરાવ. કારણ કે શત્રુઓ પ્રમાદનો લાભ લઇને જે કાર્ય કરવાની ઇચ્છા કરે છે, તેને કોણ જાણી શકે છે?”

આ વાત રાજાના હૃદયને મનોહારી લાગી. રાજાના અધિકારીઓ તે કાર્યમાં સમાયલા કપટને જાણવા સમર્થ ન હતા, અને રાજાની કન્યાના ઉપર અત્યંત પ્રીતિ હોવાથી, રાજાને તેમ કરવાની ઇચ્છા અત્યંત દૃઢ છે, આમ વિચાર કરીને અધિકારીઓએ તે કાર્યને અટકાવ્યું નહિ. રાજા સિદ્ધના કહ્યા પ્રમાણે કરવા તયાર થયો હતો, અને કનકલેખાને મેળવવા માટે તેનો અત્યંત દૃઢ અભિપ્રાય હતો. તે પછી મે તે રાજાને કહ્યુઃ–'ઓ રાજા ! હું અહિં તારા ગામમાં ઘણો વખત રહ્યો અમારે (સંન્યાસીઓને) ઘણો સમય એક ઠેકાણે રહેવુ, એ સારુ નથી. તું તારુ કાર્ય સાધ્યા પછી અમને જોઇશ નહિ. અમે તારા દેશમાથી અન્નના ગ્રાસ આદિ મેળવ્યા છે, માટે તારુ કંઈ પણ કાર્ય કર્યા વગર ચાલ્યું જવુ, એ આર્ય પુરુષોમા નિંદાપાત્ર ગણાય અહિં ઘણો સમય સૂધી રહેવાનુ આ એક કારણ છે. તે આજે સિદ્ધ થયું છે હવે તું ઘેર જા, અને મનગમતી સુગંધવાળા ઉત્તમ જળથી સ્નાન કર, શ્વેત પુષ્પની માળા પહેર, શરીર ઉપર અંગરાગ (ચંદન) લગાડ, બ્રાહ્મણોને શક્તિ પ્રમાણે દાન દઇને તેઓની આરાધના કર, તે પછી તલના તેલથી હજારો પલીતાઓને ભીંજવીને તેની હજારો અગ્નિની શિખાઓથી અર્થાત્ દીવાઓથી રાત્રિના અંધારાના સમૂહને દૂર કરતો કરતો સરોવરના ઉપર જઇને તારા કાર્યની સિદ્ધિને માટે પ્રયત્ન કરજે.'

તે પછી રાજા પોતાની કૃતજ્ઞતા દેખાડતાં બોલ્યો – 'આપ આર્યની અહિં ગેરહાજરી રહે તો આ કાર્યસિદ્ધિ અસિદ્ધિના સમાન છે આવી જાતની નિઃસંગતા દુઃખદાયક છે, જે નિઃસંગતા નિરપરાધી દાસજનનો ત્યાગ કરાવે છે પરતુ મહાત્મા પુરુષોની વાણીનો અનાદર કરવો યોગ્ય નથી.'

આમ કહીને રાજા સ્નાન કરવા માટે ઘેર ગયો. હું પણ અર્ધરાત્રિ થઈ અને માર્ગ મનુષ્યરહિત થયો, એટલે મારા સ્થાનમાંથી નીકળીને સરોવરના તીર ઉપર કરેલી બખોલમાં છૂપાઈ ગયો, અને તેનાં છિદ્રની પાસે જરાક કાન દઈને ઉભો રહ્યો. તે પછી અર્ધરાત્રિનો સમય થયો કે, રાજાએ મારી આજ્ઞા પ્રમાણે સ્નાનદાનાદિક ક્રિયા કરી, ઠેકાણે ઠેકાણે સિપાઇઓની ચોકી બેસાડીને સરોવરની રક્ષા કરાવી, અને જાળવાળા પુરુષોને બોલાવી, તે સરોવરના પાણીમાંથી શલ્યોને (કચરા વગેરે) બહાર કાઢી નાખ્યા, અને પંડે શંકારહિત થઈ ધીમે ધીમે ચાલીને સરોવરના પાણીમાં ઉતર્યો, અને કાનને તથા નાસિકાને બંધ કરીને સરોવરના પાણી ઉપર શય્યા રચીને તરવા લાગ્યો. તે સમયે તેના કેશ આસપાસ ફેલાઈ ગયા હતા. તે સરોવરનું તળિયું એક હાથીના જેટલું ઉડું હતું. તેમાં મેં મગરમચ્છની લીલા પ્રમાણે પાણીમાં ઉંડી ડૂબકી મારીને પાણીની સપાટી ઉપર સૂતેલા તે રાજાની કાધ ઉપર કંથા (ગોદડી) નાખીને રાજાને પકડી પાડ્યો, અને કાળના અતિ તીક્ષ્ણ એવા દંડના પ્રહાર જેવા અતિતીક્ષ્ણ એવા હાથના તથા પગના પ્રહારોથી તેને નિર્દય રીતે મારવા લાગ્યો, તેથી તે એક ક્ષણમાં ચેષ્ટારહિત થઈ ગયો (મરણ પામ્યો). તે પછી મેં તેના મૃત શરીરને ખેચીને તીર ઉપરની બખોલમાં ઘાલી દીધું, અને હું પાણી-માથી બહાર નિકળ્યો

મે બીજું રૂપ ગ્રહણ કર્યું હતું, તેથી એકઠા મળેલા સિપાઇઓ એકદમ અત્યંત આશ્ચર્ય પામ્યા હું (સરોવર-માથી બહાર નિકળીને) હાથીની કાંધ ઉપર ચઢી બેઠો, શ્વેત છત્ર વગેરે સર્વ રાજચિહ્નોથી અલંકૃત થયો, અને દંડધારી-

ઓના અત્યંત ભયંકર એવા દંડના પ્રહારથી ભય પામેલા લોકોએ માર્ગ કરી આપ્યો, કે હું રાજમાર્ગ થઇને (રાજમહેલમાં) ગયો. આનંદને લીધે નેત્રમાંથી નિદ્રાપ્રીતિ નાશ પામી ને એવી સ્થિતિમા મેં તે રાત્રિને (ઉજાગરામાં) ગાળી કાઢી તે પછી લાખનો રસ જેના ઉપર ચોપડેલો હોય, એવા દિગ્ગજના મસ્તક સરખા, પૂર્વ દિશારૂપી સ્રીના રત્નના અરિસા સમાન સૂર્યનું બિંબ મનુષ્યની દૃષ્ટિએ પડ્યું કે, મેં નિત્યકર્મ કર્યું અને કિરણોના સમૂહથી નતોન્નત એવા રત્નોની પંક્તિથી શોભાયમાન, રાજાને બેસવા યોગ્ય રાજ્યાસન ઉપર બેઠો, અને લોકોના વ્યવહારનો યથાર્થરીતે નિર્ણય કરનારા અને પાસે બેસનારા, મંત્રીઓ શંકાથી પોતાના શરીરને સકુચિત કરીને બેઠા હતા, તેઓને મે કહ્યુ –'જુઓ ઋષિની શક્તિને ઇંદ્રિયોથી અજિત એવા યતિના પ્રયત્નથી તથા નિર્દોષ સસ્કારથી કમળથી ભરપૂર તથા હર્ષથી ભરપૂર ભમરાવાળા સરોવરમા સ્નાન કરવાથી કમળના પત્ર જેવી કાન્તિવાળા અને અત્યંત દેખાવડા એવા આ બીજા રૂપની મને સિદ્ધિ થઈ છે. આજે સર્વ નાસ્તિકોનું મસ્તક લજ્જાથી નીચું નમશે હવે આજે શંકરના, વિષ્ણુના, અને બ્રહ્મા વગેરે દેવોના મદિરોમા આદર સાથે નૃત્ય, ગીત તથા આરાધન કરાવો, યાચકોના ટોળાઓ આ ઘરમાંથી દુ ખ દૂર કરી શકે, તેટલું ધન લઈ જાઓ ' તે પછી મંત્રીઓની દૃષ્ટિ આશ્ચર્ય રસથી હર્ષમાં આવી ગઈ, અને તેઓ બોલી ઉઠયા કે –'હે જગદીશ ! તમે પ્રયત્નથી દશે દિશાઓનો વિજય કરો, અને તમારા યશથી આદિ રાજાના* યશને ઢાંકી દો '

* મનુ, પૃથુ વગેરે રાજાઓ.

આવી રીતે રાજાનાં વારંવાર વખાણ કરીને રાજાની આજ્ઞા પ્રમાણે તેઓ રાજકીય કાર્ય કરવા લાગ્યા

તે પછી એક દિવસે મારી વહાલીના હૃદયસમાન સખી શશાંકલેખા નામની કન્યા કોઈ કાર્યને માટે મારી પાસે આવી, એટલે મે તેને એકાંતમાં કહ્યુ કે –'આ મનુષ્યને તેં કોઈ દિવસ દીઠો હતો કે?' એટલે તે કન્યા અત્યંત હરખાયલે હૈડે, જરાક જોઈને, વિલાસથી દાતનાં કિરણોને ધીરેધીરે ફેલાવતી, સુંદર તથા ચંચળ એવી હાથરૂપી શાખાથી ઓષ્ઠરૂપ નવપલ્લવને ઢાકતી તથા હર્ષના અશ્રુથી ભિંજાવાને લીધે જેની આખ જર્જર અને આંજણ વિનાની થઈ ગઈ હતી એવી એ સખીએ, બે હાથ જોડીને (કહ્યુ), 'જો આ કંઈ પણ ઇંદ્રજાલનું જાલ (કપટ) ન હોય તો હું સંપૂર્ણ રીતે તમને ઓળખું છુ આ કેવી રીતે બન્યું તે કહો ' આ રીતે સ્નેહ સાથે ધીરેધીરે પૂછ્યું એટલે મેં એને સંપૂર્ણ કથા કહી, અને તેના મુખથી મારી સહચરી કનકલેખાને સંદેશો કહેવડાવીને તેના હૃદયમા નિરતિશય આનંદ ઉત્પન્ન કર્યો. તે પછી મેં કલિંગ રાજાને કેદમાથી છૂટો કરીને તેનો અત્યંત સત્કાર કર્યો, અને તેણે વિધિપૂર્વક પોતાની પુત્રી મને પરણાવી. તે પછી હું એ વહાલીના સંગમાં રહીને આધ્ર તથા કલિંગ દેશનો રાજા થયો, અને તેનો તથા આ રાજ્યનો શત્રુ પ્રચંડવર્મા અંગરાજાને વશ કરવાની ઇચ્છા કરતો હતો, તેને સહાય કરવા માટે મોટા સૈન્યની સાથે આવ્યો ત્યા અહિં તમે મિત્રોની સાથે બેઠા હતા, તેનાં દૈવેચ્છાથી દર્શન થવાથી મારુ ચિત્ત આનંદના ઢગથી (સમૂહથી) ઢંકાઈ ગયું છે.'

તે પછી જેના ઓષ્ઠ ઉપર મંદહાસ્યરૂપી જ્યોત્સ્નાને અભિષેક થતો હતો, એવા રાજવાહને મિત્રોની સાથે મંત્ર-

ગુપ્તની તે કુશળતાને અભિનંદન આપીને (કહ્યું કે,) "મહા મુનિનું આ ચરિત્ર આશ્ચર્યકારક છે. તેને અતિ કષ્ટકારક તપનું ફળ આ લોકમા જ પ્રાપ્ત થયું. હવે ઉપહાસ એક તરફ રહો. અત્યંત હર્ષ આપનારી બુદ્ધિનું તથા બળનું સ્વરૂપ આ પુરુષમાં જોયું?" આમ કહીને, 'હવે તમે (વૃત્તાંત કહેવાને) ઉતરો,' આમ કહીને બહુશ્રુત એવા વિશ્રુતના ઉપર રાજા રાજવાહને પ્રફુલ્લિત થયેલા કમળના જેવી દૃષ્ટિ નાંખી.

ઇતિ શ્રીદંડિવિરચિત દશકુમાર ચરિતમા 'મંત્રગુપ્તચરિત્ર' એ નામનો ઉચ્છ્વાસ ૭ મો સમાપ્ત

ઉચ્છ્વાસ ૮ મો

વિશ્રુતનું ચરિત્ર

વિશ્રુત પણ કહેવા લાગ્યો.–'મહારાજ! મેં પણ ચોતરફ ભટકતા ભટકતાં વિંધ્યાટવિમા આશરે આઠ વર્ષના કોઈ એક કુમારને કોઈ એક કૂવાની પાસે ઉભેલો દીઠો. તે ક્લેશ ભોગવવાને અયોગ્ય હતો, છતા ક્ષુધાથી તથા તૃષાથી દુ:ખી થતો હતો. તે ત્રાસથી ગળગળા કંઠે બોલ્યો.–'હે મહાભાગ! હે આર્ય! મને દુ:ખીને સહાયતા કરો મને જીવલેણ તૃષા લાગી હતી. તે તૃષા દૂર કરવાને મારા એક શરણરૂપ* કોઈ પણ વૃદ્ધ પુરુષ પાણી કાઢતા આ કૂવામાં પડી ગયો છે. તેને બહાર કાઢવાને હું શક્તિમાન્ નથી.' તે પછી હું એ કૂવાની પાસે ગયો, અને કોઈ પણ વેલાને કૂવામા નાંખીને તેનાથી તે વૃદ્ધ પુરુષને કૂવામાંથી બહાર કાઢ્યો,

* કૂવામા પડી ગયેલા વૃદ્ધના કુળને તથા નામને તે બાળક જાણતો ન હતો, તેથી તેણે 'કોઈ પણ' એમ કહ્યુ છે.

અને પેલા બાળકને વાસની નળીનાં* મુખવડે કૂવામાંથી પાણી કાઢી, તે પાણી પાઈને, તથા શરક્ષેપ† જેટલા ઉચા લકુચના‡ વૃક્ષની ઉપરથી પથરા મારીને પાડેલા પાચ છ ફળ ખવરાવીને તે બાળકની ગયેલી પ્રાણની વૃત્તિને પાછી આણી, અર્થાત્ તેને મરતા બચાવ્યો તે પછી મેં ઝાડની નીચે બેસીને પેલા વૃદ્ધને પૂછ્યું.–'હે તાત! આ બાળક કોણ છે? તમે કોણ છો? અને તમને આ આપત્તિ કેવી રીતે આવી છે?' તેણે આસુ ભરાઈ આવવાથી ગળગળા કઠે કહ્યુ – 'મહાભાગ! સાભળો. વિદર્ભ§ નામનો એક દેશ છે, તે દેશમા ભોજવંશમાં ભૂષણરૂપ પુણ્યવર્મા નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ધર્મના અંશાવતાર જેવો હતો, મહા બળવાન્ હતો, સત્યવાદી, ઉદાર, વિનયી, પ્રજાને નિયમમા રાખનારો, સેવકોને રંજન કરનારો, કીર્તિમાન્, શરીરે કદાવર, બુદ્ધિવડે તથા શસ્ત્રવડે પ્રયત્ન કરનારો, શાસ્ત્રને પ્રમાણ માનનારો, થઈ

---

* ધાતુની પોકળ નળીમાથી હવા કાઢી નાખીને પાણી ખેંચવાના યત્રને પપ કહેવામા આવે છે પપથી જેમ કૂવામાથી પાણી કાઢવામા આવે છે, તેમ વાસની નળીવડે કૂવામાથી પાણી કાઢીને પાયુ હતુ † એક બાણને ફેંકીએ અને તે જેટલુ દૂર જાય, તેટલા અતરને 'શરક્ષેપ' કહેવામા આવે છે ‡ લકુચ એક જગલી ફણસની જાત છે, અને તે ઉત્તર હિદુસ્તાનમા થાય છે, અને તેને ત્યાના લોકો 'बरहड' ને નામે ઓળખે છે § નર્મદા નદીના કિનારાથી તે કૃષ્ણા નદીના કિનારા સુધીનો પ્રદેશ, તે વિદર્ભ દેશ કહેવાય છે. તે દેશ ઘણો મોટો છે, તેથી તેનુ બીજું નામ મહારાષ્ટ્ર પણ છે. તેનું મુખ્ય શહેર કુડિનપુર હતુ એ દેશના એક ભાગને હાલ વિરાર કહે છે અને કેટલાકો તેને જ વિદર્ભ માને છે.

શકે તેવા યોગ્ય કાર્યનો આરંભ કરનાર, વિદ્વાનોનો માન તથા ધનાદિકથી સત્કાર કરનાર, સેવકોનો અભ્યુદય કરનાર, બાંધવોને પદવીઓ ઉપર ચઢાવનાર, શત્રુઓનો તિરસ્કાર કરનાર, સંબંધ વગરના બડબડાટો તરફ કાન નહિ દેનાર, કોઈપણુ દિવસ ગુણોથી નહિ ધરાનાર, કળાઓમા અત્યંત કુશળ, ધર્મશાસ્ત્રને તથા અર્થશાસ્ત્રને જાણુનાર, સ્વલ્પ પણ ભલું કરનારાનો સામો અત્યંત ઉપકાર કરનાર, ધનના ભંડારનું તથા વાહનનું અવલોકન કરનાર, સર્વ અધ્યક્ષોની પ્રયત્નથી પરીક્ષા કરનાર, કર્મ કરનારાઓને તેના કર્મના પ્રમાણુમા દાન તથા માન આપીને ઉત્સાહ આપનાર, દૈવી* તથા માનવી† આપત્તિનો તુરત ઉપાય કરનાર; સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય, અને દ્વૈધીભાવ આ છ ગુણોનો ઉપયોગ કરવામા નિપુણ, ચાર વર્ણને મનુએ દર્શાવેલા માર્ગ ઉપર ચલાવનાર, અને પવિત્રકીર્તિ હતો તે પુણ્યકર્મને લીધે સો વર્ષ સૂધી જીવીને પ્રજાના પાપને લીધે દેવોમા ગણાવા લાગ્યો (સ્વર્ગમા ગયો)

તેના પછી તેના સમાન પ્રભાવવાળો અનંતવર્મા પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યો તે સર્વ ગુણોથી સંપન્ન હતો, તોપણુ દૈવયોગથી દંડનીતિમા તે અતિકુશળ ન હતો એક દિવસે તેના પિતાના અત્યંત માનીતા અને પ્રૌઢ વાણીવાળા વૃદ્ધ મંત્રી વસુરક્ષિતે એકાંતમા તે રાજાને કહ્યું.–'તાત!

---

*દૈવી એટલે દેવતાઓ તરફથી આવનારી આપત્તિઓ, જેમકે, અનાવૃષ્ટિ, મરકી, ધરતીકંપ, અગ્નિદાહ વગેરે

† મનુષ્ય તરફથી આવનારી આપત્તિ, જેવી કે પરરાજ્ય તરફથી હલ્લાઓ વગેરે

પૂજ્ય એવા આપને વિષે કુળપરંપરાથી સર્વે આત્મગુણો* સપૂર્ણ રીતેજ જોવામાં આવે છે તમારી બુદ્ધિ પણ સ્વાભાવિક રીતે કુશળ છે; નૃત્ય, ગીત વગેરે કળાઓમાં તથા ચિત્રકાવ્યોમાં તે વિસ્તાર પામેલી છે, અને બીજાઓની બુદ્ધિ કરતા વિશેષ ઉત્તમ છે, તથાપિ અર્થશાસ્ત્રના સંસ્કારને પ્રાપ્ત ન થવાથી અગ્નિમા નહિ શોધેલા સુવર્ણની પેઠે અત્યંત શોભતી નથી (ઉહાપોહવાળી થઈ નથી) બુદ્ધિહીન ભૂભૃત્ (રાજા અથવા તો પર્વત) અત્યંત ઉન્નત હોય છે, તોપણ બીજાઓ પોતાના રાજકીય કાર્યમા માથા મારે છે, તેને જાણી શકતો નથી (પર્વતના પક્ષમા બીજાઓ પોતાની ઉપર ચઢે છે તેને તે જાણી શકતો નથી), તેમ કાર્યનો અને કારણનો વિભાગ પાડીને વ્યવહાર કરી શકતો નથી, અયોગ્ય

---

* કામદકીય નીતિસારમા પુરુષના આત્મગુણો આ પ્રમાણે વર્ણવ્યા છે –

शास्त्र प्रज्ञा धृतिर्दाक्ष्य प्रागल्भ्य वारयिष्णुता ।
उत्साहो वाग्मिता दाढर्यमापत्क्लेशसहिष्णुता ॥

प्रभाव शुचिता मैत्री त्याग॰ सत्य कृतज्ञता ।
कुलशीलदमाश्चेति गुणा संपत्तिहेतव ॥

શાસ્ત્ર, બુદ્ધિ, ધૈર્ય, ડહાપણ, બોલવામા તથા કાર્ય કરવામા નિર્ભયપણુ, એક ધારેલી વસ્તુને યાદ રાખવાપણુ, ઉત્સાહ, સક્ષેપમા તથા વિસ્તારથી સ્પષ્ટ તથા મધુર પદોથી બોલવુ, આરભેલા કાર્યને માટે દૃઢપણુ, આપત્કાળમા ટાઢતડકો વગેરે કલેશને, સહન કરવાપણુ, પ્રભાવ, કપટથી રહિતપણુ, સર્વની સાથે મિત્રભાવ સુપાત્રને દાન દેવાનો સ્વભાવ, સત્ય, કરેલા ઉપકારનુ જાણવાપણુ, ઉત્તમ કુલ, શીલ, અને ઈંદ્રિયોનો નિગ્રહ પુરુષના આ આત્મગુણો ગણાય છે, અને તે ગુણો પુરુષને સપત્તિ આપનારા છે.

રીતે વર્તે છે, અને દરએક કાર્યોમાં પાછો પડે છે. તેનાં પોતાનાં મનુષ્યો તથા શત્રુઓ તેનું અપમાન કરે છે, અને અપમાન પામેલા રાજાની આજ્ઞા પ્રજાનું યોગ તથા ક્ષેમ* કરવાને સમર્થ થઈ શકતી નથી પ્રજા પણ તેવા રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગમેતેમ બોલે છે, અને ગમેતેમ વર્તે છે. લોકોની સર્વપ્રકારની સ્થિતિનો તે નાશ કરી નાંખે છે, અને મર્યાદા વિનાના આ લોકમાંથી તથા પરલોકમાથી રાજાને અને પોતાના આત્માને ભ્રષ્ટ કરે છે માટે શાસ્ત્રરૂપી દીવાથી જોયેલા માર્ગે જવાથી લોકયાત્રા (લોકસ્થિતિ) સુખમાં ચાલે છે શાસ્ત્રરૂપી દિવ્ય ચક્ષુ ભૂત, વર્તમાન, અને ભવિષ્ય કાળના વ્યવધાનવાળા તથા દૂર એવા વિષયોમાં અટક્યા વગર પ્રવેશ કરી શકે છે. પરંતુ શાસ્ત્રરૂપી દિવ્ય નેત્રથી રહિત એવા પ્રાણીને લાંબી તથા પહોળી આંખો હોય છે, છતા પણ તેને આંધળો જ જાણવો; કારણ કે તે પુરુષ વિષયોનું અવલોકન કરવા સમર્થ થઈ શકતો નથી. માટે બીજી વિદ્યાનો પ્રસંગ છોડી દઈને કુળની વિદ્યા એવી દંડનીતિ વિદ્યાનો તમે અભ્યાસ કરો, અને તેમાં કહેલા કર્મ કરીને મંત્ર, પ્રભાવ તથા ઉત્સાહ નામની ત્રણ શક્તિની

* નીતિશાસ્ત્રમા યોગ તથા ક્ષેમની વ્યાખ્યા કરતા કહ્યુ છે કે—

अप्राप्तप्रापण योग क्षेम प्राप्तस्य रक्षणम् ।
द्वयं च साधयेद्भूप प्रजाना विधिवत्प्रद ॥

પ્રાપ્ત ન થયેલી વસ્તુને પ્રાપ્ત કરવી તેનુ નામ યોગ, અને પ્રાપ્ત કરેલી વસ્તુનુ રક્ષણ કરવુ તેનુ નામ ક્ષેમ. રાજાએ ઉપર કહેલી બન્ને ક્રિયાને સાધવી, અને યોગ્યતા પ્રમાણે પ્રજાને ધનની મદદ કરવી.

સિદ્ધિ મેળવો, અને અસ્ખલિત (પાછી પડે નહિ તેવી) આજ્ઞાવાળા થઇને સમુદ્રની મેખલાવાળી (સમુદ્ર સૂધીની) પૃથ્વી ઉપર ચિરકાલ સૂધી રાજ્ય કરો'

તે સાંભળીને, 'ગુરુએ યોગ્ય જ ઉપદેશ કર્યો છે, તે પ્રમાણે હું કરુ છું,' આમ કહીને રાજા અંતઃપુરમા દાખલ થયો, અને ત્યા રાજાએ પ્રસંગ નિકળતા પ્રમદાઓની (રાણીઓની) પાસે મંત્રીની આ વાર્તા કહી. તે સાંભળીને ત્યા રાજાની પાસે વિહારભદ્ર નામનો એક સેવક બેઠો હતો, જે રાજાના ચિત્તને અનુસરવામા કુશળ હતો, રાજાનાં કૃપા-પાત્ર તરિકે પ્રસિદ્ધ હતો, ગીત, નૃત્ય, વાદ્ય આદિકમા આસક્તિ રાખનારો હતો, પરનારીઓમાં પરાયણ હતો, કાર્ય-કુશળ હતો, બહુ બોલો હતો, ઘણી વક્રોક્તિઓ બોલવામા કુશળ હતો, પારકાના મર્મ શોધવામાં તત્પર રહેતો હતો, મશ્કરો હતો, પરની નિંદામા પ્રીતિ ધરાવનારો હતો, ચાડી કરવામા પંડિત હતો, કાર્યભારી મંડળની પાસેથી પણ લાંચ લેનારો હતો, સર્વ અન્યાયનો ઉપાધ્યાય* હતો, કામશાસ્ત્રનો કર્ણધાર (નાવિક) હતો, અને રાજાનો કુમારસેવક (નાની વય-થી જ રાજાની સેવા કરનાર) હતો, તેણે મંદ હાસ્ય કરીને વિનતિ કરી કે, 'મહારાજ ! દૈવના યોગથી કદાચ કોઈ પુરુષ વિભૂતિનું પાત્ર (ધનાઢ્ય) થાય છે, તો ધૂર્ત પુરુષો એકદમ નાની મોટી લાલચો દેખાડીને તેને દુ:ખી કરે છે અને પોતાનો સ્વાર્થ સાધે છે જેમકે.-કેટલાએક ધૂર્ત પુરુષો, 'આવતા જન્મમા મોટા અભ્યુદયો મળશે,' આવી આશા ઉત્પન્ન કરાવીને મનુષ્યોનું મસ્તક મુંડાવીને, તેને દર્ભનો કંદોરો પહેરાવીને,

---

* ભણાવનારો.

મૃગચર્મ ઓઢાડીને, તેના શરીર ઉપર માંખણ ચોપડાવીને તથા તેને નિરાહાર સુવડાવીને તેનું સર્વ ધન હરી લે છે. તેઓના કરતા પણ વિશેષ ભયંકર પાખડીઓ પુત્રનો, સ્ત્રીનો, શરીરનો અને પ્રાણોનો પણ વિયોગ કરાવે છે, અર્થાત્ સર્વનો ત્યાગ કરીને વનમા જવાનો ઉપદેશ કરે છે. જો કોઈ બુદ્ધિમાન્ રાજા આ મૃગતૃષ્ણિકામાં લોભાઈ જઈને હાથમા રહેલું ધન આપવાની ઇચ્છા કરતો નથી (અર્થાત્ તેમાથી બચી જાય છે) તો વળી બીજા ધૂર્તો તેને ચોતરફથી ઘેરી લઈને કહે છે કે,-'એક કોડીમાથી એક લાખ કાર્ષાપણ* ઉત્પન્ન કરી શકીએ છીએ, હથિયાર વગર શત્રુઓનો નાશ કરી શકીએ છીએ, એકલા પુરુષને પણ ચક્રવર્તી કરી શકીએ છીએ, પરંતુ તે જો અમે ઉપદેશ કરેલા માર્ગે વર્તે તો ' એટલે રાજા એ ધૂર્તોને પ્રશ્ન કરે છે કે.-'એ માર્ગ કયો છે?' એટલે એઓ કહે છે કે.-'ચાર રાજ (રાજાઓને ભણવા યોગ્ય) વિદ્યા છે ત્રયીવિદ્યા,† વાર્તાવિદ્યા,‡ આન્વીક્ષિકીવિદ્યા,§ અને દંડનીતિવિદ્યા || તેમા આ વિદ્યાઓમા ત્રયી, વાર્તા, અને અન્વીક્ષિકી આ ત્રણ વિદ્યાઓ જો કે મોટી છે, પરંતુ અલ્પ ફળ આપનારી છે, માટે તે ભલે એક તરફ રહી, તું પ્રથમ દંડનીતિનુ અધ્યયન કર. હમણા આચાર્ય વિષ્ણુગુપ્તે$ મૌર્ય¶ રાજાને માટે (ચંદ્રગુપ્તને માટે)

---

* તાંબાના એક જાતના પ્રાચીનકાળના પૈસા † વેદવિદ્યા. ‡ વ્યાપાર, ખેતીવાડી વગેરેની વિદ્યા § આત્માના સ્વરૂપને દર્શાવનારી અધ્યાત્મ વિદ્યા. || રાજનીતિની વિદ્યા $ વિષ્ણુગુપ્ત તે ચાણક્ય, જેણે ૭ હજાર શ્લોકનુ અર્થશાસ્ત્ર ચદ્રગુપ્તને માટે રચ્યું છે, અને તેમા દડનીતિનો વિસ્તારથી વિચાર કર્યો છે. ¶ મુરા નામની એક શૂદ્રની કન્યા હતી, તેનામા ક્ષત્રિય રાજાએ

છ હજાર શ્લોકવાળી સંક્ષેપમાં રચી છે. તેનું જ અધ્યયન કરીને તેમાં કહ્યા પ્રમાણે જો સારી રીતે વર્તવામાં આવે છે તો તે રાજકીય કર્મને સાધનારી થઈ પડે છે' તે સાંભળીને રાજા, 'ઠીક' એમ કહીને દંડનીતિનો અભ્યાસ કરે છે તથા સાંભળે છે, અને તે ભણવામાં જ ઘરડો થઈ જાય છે. તે નીતિશાસ્ત્રને બીજાં શાસ્ત્રની સાથે સંબંધ હોય છે. સર્વ શાસ્ત્ર સમજ્યા વિના નીતિશાસ્ત્ર યથાર્થ રીતે સમજી શકાતું નથી આ નીતિશાસ્ત્રના વિષયોનુ જ્ઞાન લાંબે કાળે અથવા તો થોડા સમયમા ભલે થાય, પરંતુ પુરુષ નીતિશાસ્ત્ર ભણ્યા પછી આરંભમા જ પુત્રનો તથા સ્ત્રીનો પણ વિશ્વાસ કરતો નથી, પોતાના પેટને માટે જ વિચાર કરે છે કે,–'આટલા ચોખામાથી આટલા ભાત થશે, આટલા ભાત રાંધવામાટે આટલા લાકડાં પૂરતા છે,' આવી રીતે માપથી માપીને તથા તોલાથી તોળીને દરેક પદાર્થ આપે છે.

રાજાએ ઉઠ્યા પછી મુખ ધોયું ન ધોયું કરીને મુષ્ટિ* તથા અર્ધમુષ્ટિ વગેરે માપને પણ અંદર દાખલ કરીને સર્વ આવકને તથા ખર્ચને દિવસના આઠ ભાગ કરીને તેના

ઉત્પન્ન કર્યો હતો તેથી ચદ્રગુપ્ત મૌર્ય કહેવાતો હતો, અને ચદ્રગુપ્તના વશજો મોર્યવશના રાજા કહેવાય છે.

* ચાર તોલાની એક મુષ્ટિ થાય છે. શાર્ઙ્ગધર કહે છે કે – शुक्तिभ्या च पल ज्ञेय मुष्टिराम्र चतुर्थिका એ શુક્તિનો એક પલ થાય છે તેને મુષ્ટિ, આમ્ર અને ચતુર્થિકા પણ કહે છે. કેટલાએક આ વાક્યનો એવો અર્થ કરે છે કે, 'મુષ્ટિ અથવા અર્ધ મુષ્ટિ ખાઇને' પરંતુ આ અર્થ ખરો નથી ચાણક્યના અર્થ-શાસ્ત્રમા મુષ્ટિ, અર્ધમુષ્ટિ વગેરે માપ કહ્યા છે. તે માપનુ અહિ વર્ણન છે

પ્રથમ ભાગમા સાંભળવા જોઇએ. રાજા સાંભળતો રહે છે અને ધૂર્ત અધ્યક્ષો તેમાથી બમણું ચોરી જાય છે. ચાણક્યે ચોરવાના ઉપાય ચાલીશ પ્રકારના કહ્યા છે. તેના તેઓ પોતાની બુદ્ધિથી જ હજાર પ્રકાર ગોઠવે છે દિવસના બીજા ભાગમા પરસ્પર વિવાદ કરનારી પ્રજાની ચીસોથી કાન બળી જાય છે, અને દુ:ખમા જીવન જાય છે પ્રજાના દાવાનો નિર્ણય કરવામા પણ ન્યાયાધીશ વગેરે પોતાની ઇચ્છા પ્રમાણે લોકોનો જય પરાજય કરે છે, રાજાને પાપનો અને અપકીર્તિનો ભાગી કરે છે, અને પંડે ધનના ભાગી થાય છે. દિવસના ત્રીજા ભાગમા સ્નાન કરવાનો તથા ભોજન કરવાનો સમય મળે છે ખાધેલું ભોજન જ્યા સૂધી પચતું નથી ત્યા સૂધી રાજાને ઝેરનો ભય પણ શાત પડતો જ નથી ભોજન કરીને ચોથે કાળે સુવર્ણ લેવામાટે રાજા ઉભો થઇને લાંબો હાથ કરે છે, અર્થાત્ તેને રાજ્યની ઉપજ વસુલ કરવામા તે સમય ગાળવો પડે છે પાંચમા ભાગમા રાજકીય ગુપ્ત વિચાર કરવાથી મહાન્ પરિશ્રમનો અનુભવ કરવો પડે છે રાજકીય વિચારમા પણ મંત્રીઓ ઉપરથી જાણે મધ્યસ્થ હોય તેમ દેખાવ કરે છે. પરંતુ પરસ્પર એકઠા થઇને દોષમા તથા ગુણમા, દૂતોના અને ગુપ્ત દૂતોના વાકયોમા, કાર્યની સાધ્યતા અને અસાધ્યતામા,. દેશની, કાળની તથા કાર્યની સ્થિતિમા પોતાની મરજી પ્રમાણે ફેરફાર કરે છે, અને પોતાના મંડળ ઉપર, પરના મંડળ ઉપર, અને મિત્રના મંડળ ઉપર આજીવિકા કરે છે, અર્થાત્ તેઓની પાસેથી લાંચ લે છે. બાહ્ય* પુરુષોને તથા આભ્યંતર† પુરુષોને

---

* દેશની પ્રજા બાહ્ય કહેવાય છે

† મત્રી, સેનાપતિ, પુરોહિત, ભાયાતો વગેરે આભ્યતર કહેવાય છે.

ગુપ્ત રીતે રાજાની સામે કોપાયમાન કરે છે (ઉશ્કેરે છે), અને જાહેરમા તેઓને શાંત પાડતા હોય તેવો ડોળ કરે છે, અને પરાધીન થઈ પડેલા રાજાને પોતાને વશ કરે છે છઠ્ઠે ભાગે ઇચ્છાનુસાર વિહાર કરે છે, અથવા તો રાજકીય વિચાર કરે છે રાજાને ઇચ્છાનુસાર વિહાર કરવાનો સમય પોણીચાર નાડીના* જેટલો હોય છે. સાતમા ભાગમાં ચાર† અંગવાળી સેનાનો સંપૂર્ણ રીતે તપાસ કરવાનો પરિશ્રમ વેઠવો પડે છે આઠમા ભાગમા રાજાને સેનાપતિની સાથે બેસીને પરાક્રમ કરવા વિષે વિચાર કરવાનો ક્લેશ ભોગવવો પડે છે. (આ રીતે દિવસના આઠ ભાગમા રાજાને કાર્ય કરવું પડે છે) ફરીને સાયંકાળની સંધ્યા કર્યા પછી રાત્રિના પ્રથમ ભાગમા ગુપ્ત પુરુષોની મુલાકાત લેવી પડે છે, અને તેમની મારફતે શસ્ત્રના પ્રહારથી મારનારા, અગ્નિથી મારનારા અને ઝેર આપીને મારનારા અત્યંત ક્રૂર પુરુષોને કાર્યમાં જોડવા પડે છે રાત્રિના બીજા ભાગમા ભોજન કર્યા પછી રાજા શ્રોત્રિય પુરુષની પેઠે નીતિવિદ્યાનો સ્વાધ્યાય કરે છે. ત્રીજા ભાગમા પ્રસિદ્ધ રીતે તુરીનો અવાજ સાભળતો બેસે છે, અને ચોથા તથા પાંચમા ભાગમા નિદ્રા કરે છે પરંતુ બિચારા રાજાનું મન નિત્ય ચિંતાથી તથા પરિશ્રમથી વિહ્વળ રહે છે, તેથી તેને કેવી રીતે નિદ્રા આવે? ફરીને છઠ્ઠે કાળે રાજાને શાસ્ત્રનો વિચાર કરવો પડે છે, તથા રાજકીય કાર્યનો વિચાર કરવો પડે છે. રાત્રિના સાતમા ભાગમા મંત્રીઓની પાસેથી ગુપ્ત વિચાર જાણવા પડે છે, તથા દૂતોને ચોતરફ મોકલવા

---

* પોણીચાર નાડી એટલે પોણીચાર ઘડી અથવા દોઢ કલાક † હાથી, ઘોડા, રથ અને પાળા આ ચાર સેનાનાં અગ ગણાય છે.

પડે છે ત દૂતો બંને પક્ષની પાસે પ્રિય વાર્તા કહીને ધન મેળવે છે, દાણ આપવાના ભયથી મુક્ત થયેલા માર્ગે વ્યાપાર કરીને ધનને વધારે છે, અને કાર્ય લેશભાર પણ ન હોય તોપણ કાર્ય ઉભુ કરીને રાતદહાડો ભટકયા કરે છે. આઠમા ભાગમા પુરોહિત વગેરે આવીને રાજાને કહે છે કે–'આજે ખરાબ સ્વપ્ન જોવામાં આવ્યું હતું, ગ્રહો દુષ્ટ સ્થાનમા છે, અને અશુભ શકુનો થાય છે, માટે શાતિકર્મ કરો! હોમની સર્વ સામગ્રી સુવર્ણની જ હોવી જોઈએ!' એવી રીતે કર્મ કરવાથી કર્મનુ ફળ મળે છે! આ બ્રાહ્મણો બ્રહ્માના જેવા છે તેઓ કર્મ કરશે તો કર્મ ક્ષેમકારક અને અત્યંત કલ્યાણકારક થાશે આ બ્રાહ્મણો દુ:ખદાયક દરિદ્રતા ભોગવે છે, ઘણા સંતાનવાળા છે, યજ્ઞકરનારા છે, બ્રહ્મતેજવાળા છે, તેઓએ હજી સૂધી (કોઇની પણ પાસેથી) પ્રતિગ્રહ કર્યો નથી. આ બ્રાહ્મણોને દાન આપવાથી સ્વર્ગ અને આયુષ્ય મળે છે, તથા અરિષ્ટોનો* નાશ થાય છે' આવી રીતે કહીને બ્રાહ્મણોને ઘણુ ધન અપાવીને તેમની મારફતે છૂપી રીતે પંડે ખાઈ જાય છે

આ રીતે નીતિશાસ્ત્રમા જાણનારા રાજાને અત્યંત મહેનતમા અને મહાન્ દુ:ખમા લેશભાર પણ સુખ વિનાના• દિવસ તથા રાત્રિ ગાળવા પડે છે ચક્રવર્તીપણાની વાત તો એક તરફ રહી, પરંતુ કેવળ પોતાના રાજ્યની રક્ષા પણ દુ ખથી થઈ શકે છે વળી નીતિશાસ્ત્ર જાણનારા પુરુષની આજ્ઞાથી જે દાન આપવામાં આવે છે, જે સન્માન કરવામા આવે છે અને જે મધુર વચન બોલવામા આવે છે, તે સર્વ ઠગવા માટે કરવામાં આવે છે આવી માન્યતા હોવાથી

* મરણસૂચક ચિહ્નો.

લોકોને રાજાનો વિશ્વાસ આવતો નથી, અને અવિશ્વાસુ-પણું એ દરિદ્રતાની જન્મભૂમિ છે. જેટલા ન્યાયથી લોક-યાત્રા ચાલતી નથી તેટલો ન્યાય તો લોકોની પાસેથી પણ શીખી શકાય છે માટે ન્યાય જાણવા માટે શાસ્ત્રની જરૂર નથી. ધાઇએ ધાવતું બાળક પણ અનેક ઉપાયો કરીને માતાના સ્તનનું પાન કરે છે (આ વાત પ્રસિદ્ધ છે) માટે અત્યંત પરાધીનતાનો ત્યાગ કરીને ઇચ્છા પ્રમાણે ઇંદ્રિયોનાં સુખો ભોગવો. જેઓ ઉપદેશ કરે છે કે -'ઇંદ્રિયોને આ પ્રમાણે જિતવી આવી રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, માન અને મત્સર આ છ શત્રુઓનો ત્યાગ કરવો, સામ, દાન, ભેદ અને દંડ આ ચાર ઉપાયોનો પોતાના તથા પરના ઉપર નિત્ય પ્રયોગ કરવો, સંધિનો તથા વિગ્રહનો વિચાર કરવા-મા જ સમય ગાળવો, સુખને જરા પણ અવકાશ આપવો નહિ' તે એ બકમંત્રીઓ પણ તમારી પાસેથી ચોરી કરીને મેળવેલા ધનનો વેશ્યાઓના ઘરોમા જ ઉપભોગ કરે છે એ તે બિચારા કોણ? અત્યંત કઠિન વિચાર કરનારા તથા નીતિ-શાસ્ત્રના રચનારા શુક્ર, અંગિરા, વિશાલાક્ષ, બાહુ, દંતિપુત્ર, પરાશર વગેરેએ શું છ શત્રુઓને જિત્યા હતા? અથવા તો તેઓ શાસ્ત્રમા કહ્યા પ્રમાણે વર્તતા હતા? તેઓએ પણ આરંભેલા કાર્યોની સિદ્ધિ તથા અસિદ્ધિ જોઈ હતી? મૂર્ખાઓ ઘણા ભણેલાઓને છેતરે છે સર્વ લોકોને વંદન

---

* બકમત્રીઓ એટલે બગલાના જેવા ડોળઘાલુ મત્રીઓ અથવા તો કપટી મત્રીઓ. બગલાઓ જેમ નદીના તીર ઉપર ધ્યાન ધરીને માછલા પકડી પાડે છે, તેમ જ રાજાના મત્રીઓ પણ રાજા તથા પ્રજા બન્નેને ઠગીને તેનું ધન હરણ કરે છે, અને તે ધનનો પડે વેશ્યા, નાટક ચેટક વગેરેમા ઉપયોગ કરે છે.

કરવા યોગ્ય જાતિ, નવીન યૌવન, સુંદર શરીર, અને અપાર ધન આ સર્વ આપને પ્રાપ્ત થયું છે. તે સર્વને પોતાના દેશનો વિચાર કરીને તથા શત્રુના દેશનો વિચાર કરીને વ્યર્થ કરો મા. કારણ કે સ્વદેશ સંબંધી તથા શત્રુ સંબંધી વિચારો સર્વનો અવિશ્વાસ ઉપજાવે છે, સુખનો ઉપભોગ કરવામા વિઘ્નકારક છે, અને નીતિના સંબંધી અનેક વિચારો કરવાથી સર્વ કાર્યો સંદેહ ભરેલાં જ લાગે છે. તમારી પાસે દશ હજાર હાથી છે, ત્રણ લાખ ઘોડા છે, પાર વિનાનું પાયદળ છે. ભંડારો પણ સુવર્ણ તથા રત્નોથી ભરપૂર જ છે આખો મનુષ્ય લોક બરાબર એક હજાર યુગ સૂધી તેનો ઉપભોગ કરે તોપણ તેઓ તમારા કોઠારોને ખાલી કરી શકશે નહિ. આ શું ઓછું છે કે, તમે બીજું સંપાદન કરવાનો પ્રયત્ન કરો છો? જન્મધારી જીવોનું જીવતર ચારપાચ દિવસોનું છે તેમા પણ ભોગ ભોગવવા યોગ્ય વયનો ભાગ તો નાનામા નાનો હોય છે મૂર્ખાઓ ધન મેળવતા જ મરણ પામે છે, પરતુ મેળવેલા ધનને લેશભાર પણ ભોગવવાનો પ્રયત્ન કરતા નથી માટે વિશેષ શુ કહું? રાજ્યનો ભાર ઉપાડવાને સમર્થ એવા અંતરંગ અને ભક્તિમાન્ પુરુષોને રાજ્યભાર સોંપી દઈ, અપ્સરાના જેવી અંતઃપુરની સ્ત્રીઓ સાથે રમો, ઋતુ અનુસાર ગીત, સંગીત તથા મદ્યપાનની ગોઠડીઓ કરો, અને મનુષ્યનુ શરીર મળ્યું છે તેને સફળ કરો' આમ કહીને પાચ* અંગોથી ભૂમિનો સ્પર્શ કરીને તથા અંજલિવડે† મસ્તકનો સ્પર્શ કરીને ઘણી વાર સૂધી ભૂમિ ઉપર તે સુઈ રહ્યો તે સમયે અંતઃપુરની પ્રમદા-

* બે ગોઠણ, બે બાહુ અને એક મસ્તક આ પાચ અગ કહેવાય છે. † જોડેલા બે હાથને અજલિ કહેવામા આવે છે.

ઓનાં નેત્ર પ્રીતિથી પ્રફુલ્લિત થઈ ગયાં, અને તેઓ ખડખડાટ હસવા લાગી તે પછી રાજાએ મંદ હાસ્ય કરીને કહ્યું કે:—'ઉઠો, તમે હિતોપદેશ કરવાથી ગુરુ છો. તેં ગુરુપણાથી વિપરીત શું કર્યું છે?' આમ કહીને તેને ભૂમિ ઉપરથી ઉઠાડ્યો, અને રાજા વિલાસ કરવામા ચકચૂર રહેવા લાગ્યો વૃદ્ધ મંત્રી પણ એ દિવસોમા પ્રસ્તુત બાબતમા રાજાને વારંવાર પ્રેરણા કરવા લાગ્યો રાજા વચનથી તેના કહેવાને સ્વીકાર કરતો હતો, પરંતુ 'આ મારા અભિપ્રાયને જાણતો નથી' આમ માનીને તે મનથી તેના કહેવાનું અપમાન કરવા લાગ્યો.

(તે પછી મંત્રીના મનમા એવો વિચાર આવ્યો કે) 'અરેરે મેં અજ્ઞાનને લીધે મૂર્ખતા કરી છે. રાજાને અણગમતી બાબતોમા પ્રેરણા કરીને હું યાચકની પેઠે તેનો દ્વેષપાત્ર તથા હસવા યોગ્ય થઈ પડ્યો છું. આ રાજાની રીતભાત પ્રથમના જેવી નથી, એ સ્પષ્ટ જણાય છે તે મારા તરફ સ્નેહથી જોતો નથી, મંદહાસ્યપૂર્વક ભાષણ કરતો નથી, પોતાની ગુપ્ત વાતોને મારી પાસે ઉઘાડી કરતો નથી, મારી સાથે હસ્તમેળાપ કરતો નથી, દુ:ખમા મારા ઉપર દયા કરતો નથી, ઉત્સવોમાં અનુગ્રહ કરતો નથી, લાલચ ઉત્પન્ન કરનારી વસ્તુઓ મોકલતો નથી, મારા સારા કામોની ગણના કરતો નથી, પોતાના ઘરની વાતોમા મારી સલાહ લેતો નથી, મારા પક્ષનાં મનુષ્યો તરફ ધ્યાન આપતો નથી, પોતાના ખાનગી કાર્યોમાં મને દાખલ કરતો નથી, મને અંતઃપુરમા દાખલ કરતો નથી; પરંતુ અયોગ્ય કાર્યોમાં મને જોડે છે, અર્થાત્ મારી પાસે અયોગ્ય કાર્યો કરાવે છે, મારા આસન ઉપર બીજાઓ બેસી જાય છે તેને તે માન્ય કરે છે, મારા શત્રુ-

ઓનો વિશ્વાસ કરે છે, મારા પ્રશ્નનો ઉત્તર આપતો નથી, મારા સરખા અપરાધ કરનારા પુરુષોની નિંદા કરે છે, મારો મર્મમાં ઉપહાસ કરે છે, હું તેના પોતાના મતનું વર્ણન કરુ છુ તોપણ તેનો તિરસ્કાર કરે છે, મે મોકલેલી મોઘા મૂલ્યની વસ્તુઓને પણ સ્વીકારતો નથી, નીતિશાસ્ત્ર જાણનારાઓની ભૂલોને મારી સમક્ષમાં મૂર્ખોની પાસે મોટા અવાજથી કહેવરાવે છે ચાણુકયે ખરુ કહ્યુ છે –

"चित्तज्ञानानुवर्तिनोऽनर्था अपि प्रिया स्यु· ।
दक्षिणा अपि तद्भावबहिष्कृता द्वेष्या भवेयु ॥

"સામા મનુષ્યના ચિત્તને જાણીને તે પ્રમાણે વર્તનારા દુર્જનો પણ પ્રિય થઈ પડે છે, પરતુ સાધુ પુરુષો પણ જો સામા મનુષ્યના હૃદયને જાણુતા નથી તો તેના દ્વેષપાત્ર થઈ પડે છે" તથાપિ ઉપાય શો? આ રાજા અવિનીત (ઉદ્ધત) છે, તોપણ બાપદાદાથી ઉતરી આવેલા એવા અમારે આ રાજાનો ત્યાગ કરવો યોગ્ય નથી અમે તેનો ત્યાગ કરીશુ નહિ, તોપણ તે અમારા વચનને સાભળતો નથી તેથી અમે તેનો કયો ઉપકાર કરીશુ? હવે આ રાજ્ય નીતિશાસ્ત્રવેત્તા અશ્મકના રાજા વસંતભાનુના હાથમા સર્વથા ગયું છે. ભવિષ્યમા આવનારી આપત્તિઓ આ રાજાને મૂળ સ્વભાવ ઉપર આણશે (ઠેકાણે લાવશે) જેમાં અપરાધો થવાનો સંભવ હોય છે, એવા અનર્થો ઉપર (નીચ કૃત્યો ઉપર) કોઈ કોઈ વાર આ રાજાને દ્વેષ (તિરસ્કાર) ઉત્પન્ન થાય છે, તોપણ તે આ રાજાને સદાચાર ઉપર પ્રીતિ કરાવતો નથી માટે હવે ભલે અનર્થ થવા દ્યો દોષને સૂચવનારી મારી જીભને અટકાવીને હું ગમે તે રીતે મારા અધિકારને જાળવી રાખું'

મંત્રી આ પ્રમાણે વિચાર કરીને મૌન થઈ ગયો, અને

રાજા ઇચ્છા પ્રમાણે વર્તવા લાગ્યો. તે પછી અશ્મક દેશના રાજાના અમાત્ય ઇંદ્રપાલિતનો પુત્ર ચંદ્રપાલિત પંડે દુરાચારી છે, તેથી તેના પિતાએ તેને નગરમાંથી કાઢી મૂક્યો છે, આવો ડોળ કરીને ઘણા ગવૈયાઓનાં ટોળાઓથી, અત્યંત કુશળ એવી ચિત્રકળાને જાણનારી સ્ત્રીઓથી, ઘણા છૂપા સેવકોથી તથા ગુપ્ત પુરુષોથી વીંટાઇને ત્યા આવ્યો, અને વિવિધ પ્રકારની રમતો કરીને વિહારભદ્રને પોતાને વશ કર્યો, અને તેની મારફતે રાજાના પાસે બેસવાનું સ્થાન મેળવ્યું, અને રાજાનાં દોષોને જાણી લીધા તે પછી રાજા જે જે વ્યસનોનો આરંભ કરવા લાગ્યો, તે તે વ્યસનો યોગ્ય છે આવી રીતે તેનું વર્ણન કરવા લાગ્યો.

(રાજા મૃગયાના વ્યસનમાં પડ્યો, એટલે ચંદ્રપાલિત મૃગયાનું વર્ણન કરતાં બોલ્યો.–) ‘હે રાજાજી! જેવી મૃગયા ઉપકાર કરનારી છે તેવું બીજુ કોઈ પણ નથી મૃગયામા ઘણી કસરત કરવી પડે છે, તેથી તે આપત્તિમા ઘણી ઉપકારકર્ત્તા થઈ પડે છે. જાઘનો વેગ ઘણો લાંબો માર્ગ ખેડવાને સમર્થ થાય છે, કફ ઓછો થવાથી આરોગ્યમા મુખ્ય કારણભૂત એવો જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે, મેદ ઓછો થઈ જવાથી અંગો સ્થિર, કઠિન અને હલકા થઈ જાય છે, તાઢ, તડકો, પવન, ક્ષુધા, પિપાસા, વગેરેને સહન કરવાની શક્તિ આવે છે, ભયાદિક અવસ્થાઓમા પ્રાણીઓનાં મનની સ્થિતિ તથા ક્રિયા જાણવામા આવે છે; હરિણ, જંગલી પાડા (નીલ), રોઝ વગેરેનો શિકાર કરવાથી ક્ષેત્રના ધાન્યની રક્ષા થાય છે, નહાર, વાઘ વગેરેનો શિકાર કરવાથી ભૂમિ ઉપરના શલ્યોનુ શોધન થાય છે, અર્થાત્ સ્થળ માર્ગનો ભય ઓછો થાય છે, અનેક કર્મમા ઉપયોગી થઈ પડે તેવા

પર્વતોનું તથા અરણ્યોનું અવલોકન થાય છે, જંગલી લોકોના ટોળામાં વિશ્વાસ ઉત્પન્ન કરી શકાય છે, અને ઉત્સાહ શક્તિ જાગૃત થવાથી શત્રુને ત્રાસ આપી શકાય છે. આ રીતે મૃગયામાં ઘણા ગુણો સમાયલા છે.

જુગારમા પણ ધનના ઢગનો તૃણની પેઠે ત્યાગ કરવાથી મનમા અનુપમ ઉદારતા આવે છે, જય તથા પરાજય થવાનો નિશ્ચય ન હોવાથી તેવા સમયમા હર્ષ અથવા વિષાદ થતો નથી, પુરુષાર્થમાં મુખ્ય કારણભૂત એવા ક્રોધની વૃદ્ધિ થાય છે, જુગાર રમવાના પાટિયા ઉપર પાસાઓ નાખવામા તથા સોગટા મૂકવામા જે કપટ કર્મ કરવામા આવે છે, તે કષ્ટથી પણ જાણી શકાય નહિ તેવાં હોય છે, તે જાણવાથી બુદ્ધિની અપાર નિપુણતા થાય છે; એક જ વિષયમા સ્થિતિ કરવાથી ચિત્તમા આશ્ચર્યજનક એકાગ્રતા થાય છે, ઉદ્યોગના સહચર એવા સાહસકર્મ ઉપર અત્યત પ્રીતિ થાય છે, અતિ કઠોર પુરુષોની સાથે વિરુદ્ધ પ્રસંગ પડવાથી બીજા પુરુષ તિરસ્કાર કરી શકે નહિ તેવી યોગ્યતા આવે છે, પોતાનું માન જાળવી શકાય છે, અને ઉદારતાથી શરીરનો નિર્વાહ કરી શકાય છે

ઉત્તમ સ્ત્રીઓનો* ઉપભોગ કરવાથી પણ અર્થ અને ધર્મ સફળ થાય છે, હું પુરુષ છુ આવુ પુરુષપણાનું ઉત્તમ અભિમાન આવે છે, ચિત્તનો અભિપ્રાય જાણવાની કુશળતા આવે છે, તેનો વ્યવહાર ઉદારતાવાળો† થાય છે, સંપૂર્ણ કળાઓમા વિચક્ષણતા આવે છે, નહિ મેળવેલી વસ્તુ મેળવવા

* ધર્માચરણથી અર્થ મળે છે, અને અર્થનુ ફળ સ્ત્રીનો સભોગ છે. † કામી પુરુષો ઉદાર સ્વભાવના હોય છે આમ કવિ કહે છે, અને એ વાત પ્રસિદ્ધ છે.

માટે, મેળવેલી વસ્તુનુ રક્ષણ કરવા માટે, રક્ષણ કરેલી વસ્તુને ઉપભોગ કરવા માટે, ઉપભોગ કરેલી વસ્તુની સ્મૃતિને માટે, તથા કોપાયમાનને સમજાવવા વગેરે કર્મને માટે, નિત્ય ઉપાયો ગોઠવવાથી બુદ્ધિનું તથા વાણીનું ડહાપણુ આવે છે, સ્નાનાદિક ઉત્તમ સસ્કારોથી તથા સુંદર પોશાક પહેરવાથી લોકોમાં સન્માન થાય છે, સ્નેહીઓમા પરમ પ્રિયપણુ થાય છે અર્થાત્ સ્નેહીઓ પરમ પ્રીતિ રાખે છે, આસપાસના મનુષ્યોને માટે ઘણી જ કાળજી રાખવી પડે છે અર્થાત્ તેનાથી કામ લેવુ પડે છે માટે તેની સંભાળ લેવી પડે છે, હાસ્યપૂર્વક ભાષણ કરવાની ટેવ પડે છે, સાત્વિક* ગુણોનો વધારો થાય છે, સરળતાથી વર્તવુ પડે છે (સરળતા રાખવી પડે છે) અને સંતાનો ઉત્પન્ન કરવાથી લૌકિક તથા પારલૌકિક કલ્યાણ થાય છે

મદિરાપાનમાં પણ અનેક જાતના રોગોનો નાશ કરવામા સમર્થ એવા દ્રાક્ષાસવ વગેરે આસવોના સેવનથી ઇચ્છવા યોગ્ય યૌવન સ્થિર થાય છે, અત્યંત અભિમાનને લીધે સર્વ દુ.ખોને વિસરી જવામા આવે છે, કામની ઇચ્છા પ્રદીપ્ત થવાથી સ્ત્રીનો ઉપભોગ કરવાની શક્તિ જાગૃત થાય છે, કોઇના પણ અપરાધને નહિ ગણકારવાથી મનનું દુઃખ ભુસાઈ જાય છે (ભૂલી જવાય છે), ગુપ્ત વાત કહેનારા એવા મરજીમા આવે તેમ કરેલા પ્રલાપોથી લોકોમા વિશ્વાસની વૃદ્ધિ થાય છે, મત્સર ન હોવાથી નિરવધિક આનંદ થાય છે, ઇન્દ્રિયોના શબ્દાદિક વિષયોનો નિત્ય અનુભવ થાય છે, કોઈ પણ વસ્તુના વિભાગ કરીને તેમાંથી બીજાને આપ્યા પછી ગ્રહણ કરવાની ટેવ

* કામી પુરુષમા ક્રોધ નથી હોતો, પણ નરમપણુ હોય આમ કહેવાની મતલબ છે.

પડવાથી સંબંધીઓની સાથે ગાઢ સંબંધ બંધાય છે,* (અગ્નિ પ્રદીપ્ત થવાથી) અંગોનુ અનુપમ લાવણ્ય થાય છે, ઉત્તમોત્તમ વિલાસો ભોગવવાના પ્રસગો આવે છે, અને તે સમયે ભય તથા દુઃખનું જ્ઞાન ન રહેવાથી સંગ્રામમા ઉપયોગી થઈ શકાય છે

કઠોર વચન કહેવા, દારુણ શિક્ષા કરવી, તથા અર્થ-દૂષણ (ધનનો દંડ કરવો) આ પણ સમયાનુસાર ઉપકાર કરનારા થઈ પડે છે રાજા, જો મુનિની પેઠે, શાંતિ રાખે છે તો, તે શત્રુના કુળનો પરાભવ કરી શકતો નથી તેમ રાજ્યનો કાર્ય-ભાર પણ કરી શકતો નથી '

આ રાજા પણ તેના મતને ગુરુના ઉપદેશની પેઠે અતિ આદરથી અનુસરવા લાગ્યો રાજાના સ્વભાવને અનુ સરનારી તેની પ્રજા પણ મર્યાદાવિનાની થઈને વ્યસનોનો સેવવા લાગી સર્વે સમાન દોષવાળા હોવાથી કોઈ કોઇના છિદ્રને શોધવાનો પ્રયત્ન કરતું નહતું અધિકારીઓ પણ રાજાના જેવા જ સ્વભાવના થઈ ગયા, પોતાના અધિકાર-માથી થનારી આવકોને ખાઈ જવા લાગ્યા, અને આવકના દ્વારો ક્રમેક્રમે બંધ થવા લાગ્યા રાજા ધૂર્ત પુરુષોને

* દારુ પીનારાઓ કોઈ પણ ચીજ બીજાને આપ્યા પછી પડે ખાય છે, આવી ઉદારતા તેનામા હોય છે

† શાસ્ત્રમાં સાત મહાવ્યસન કહ્યા છે –

त्रियोऽक्षा मृगया पान वाक्पारुष्यार्थदूषणे ।
दण्डपारुष्यमित्येतन्महाव्यसनमप्तकम् ॥

સ્ત્રીસગ, જુગાર, મૃગયા, મદિરાપાન, ગાળાગાળી, અર્થદૂષણ (ધનનું નુકસાન), તથા લાકડીથી મારામારી, આ સાત મહા વ્યસન કહેવાય છે.

વશ થવાથી દરરોજ ખર્ચનાં દ્વાર વધવા લાગ્યાં. સામંતો, નગરના મુખ્ય પુરુષો, અને દેશના મુખ્ય પુરુષો રાજાના જેવા સ્વભાવના થઈ ગયા હતા, તેથી રાજાને તેમના ઉપર વિશ્વાસ આવ્યો, અને તેણે મદ્યપાનની સભાઓમાં સામંતાદિકને સ્ત્રીઓની સાથે દાખલ કરીને તેઓને તેમના આચારથી ભ્રષ્ટ કરવા માંડ્યા તેઓની સ્ત્રીઓની સાથે રાજા અનેક પ્રકારનાં બહાના કાઢીને વ્યભિચાર કરવા લાગ્યો, અને સામંતાદિકો આચારથી ભ્રષ્ટ થયેલી રાજાની રાણીઓની સાથે નિર્ભય થઇને ઘણા સુખો ભોગવવા લાગ્યા. સર્વે કુલીન સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ વક્રોકિતવાળું ભાષણ કરવામાં પ્રીતિ ધરાવવા લાગી તેઓએ ચારિત્ર્યના બંધન તોડી નાખ્યાં, પોતાના ભર્તારોને તૃણસમાન પણ નહિ ગણકારીને જાર પુરુષોના ઉપદેશને સાભળવા લાગી તેને લીધે અસહનશીલ પુરુષો કલહ કરવા લાગ્યા, બળવાન્ પુરુષો દુર્બળોને હણવા લાગ્યા, ચોર વગેરે ધનવાનના ધનોને ચોરવા લાગ્યા. પાપના માર્ગોને કોઈ પણ પરાભવ કરતું નહતું, પરતુ લોકો તે માર્ગ ઉપર ચાલવા લાગ્યા, પ્રજા બાધવોના મરણથી, ધન ચોરાઈ જવાથી, માર પડવાથી, તથા કેદખાને પડવાથી દુ ખી થઈ પડી, અને આસુ પાડીને પોક મૂકીને ગળગળા કંઠે રડવા લાગી, લોકોને અયોગ્ય રીતે શિક્ષા કરવામાં આવવાથી તે શિક્ષાએ (દંડે) પ્રજામા ભય અને ક્રોધ ઉત્પન્ન કર્યો, નિર્ધન કુટુંબોમા લોભે સ્થાન કર્યું, તેજસ્વી પુરુષો (પરાક્રમી પુરુષો) પોતાનું અપમાન થવાથી માનને લીધે સળગી ઉઠ્યા આ રીતે અપકૃત્યો થવા લાગ્યાં, એટલે શત્રુઓએ કરેલા અનેક પ્રકારના ઉપજાપો (ભેદો) પ્રજામા ચોતરફ ફેલાવા લાગ્યા (અર્થાત્ શત્રુઓ રાજાના અધિકારી-

ઓને અને પ્રજાને પોતાના રાજાથી બેદિલ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા).

તે સમયે અનંતવર્માના સૈન્યને પારાધીનો વેશ પહેરાવીને, તથા 'ઘણા મૃગો અમુક ગુફાઓમાં રહે છે' આમ વર્ણન કરીને જેમાથી બહાર નિકળવાનો માર્ગ નહતો તથા સુકા ખડથી અને વાસના થુંબડાઓથી ભરપૂર એવી પર્વતની ગુફાઓમા દાખલ કરી, બારણામા અગ્નિ લગાડીને (મારી નાખ્યું); વાઘ વગેરેનો વધ કરવામાટે અત્યંત ઉત્સાહ આપીને વાઘના મુખમા ધકેલી દઈ મારી નાખ્યું; અમુક કૂવાનું જળ ઘણુ જ ઉત્તમ છે, આમ કહી કૂવા વિષે તૃષ્ણા ઉત્પન્ન કરીને સૈન્યને ઘણે જ દૂર લઈ જઇને, પ્રાણહારિણી ક્ષુધા તથા તૃષા વધારી દઇને, મારી નાંખ્યું, ઊંડા ખાડાઓના તટને ખડથી તથા વૃક્ષોના ગુચ્છાઓથી ગુપ્ત રીતે ઢાકી દઇને તેમા પડે, તે રીતે વિષમ માર્ગ ઉપર દોડાવીને (મારી નાખ્યું), જેની ધાર ઉપર ઝેર ચોપડેલું હોય એવી છરીઓથી પગમા વાગેલા કાટાઓ કાઢીને (મારી નાખ્યું)*, ચોતરફ ભટકતા છૂટા પડી ગયેલા અને પાછળ આવનારા હોવાથી એકલા થઈ ગયેલા સિપાઇઓને મરજી પ્રમાણે પ્રહારો કરીને (મારી નાખ્યા), મૃગને બાણ મારતા ચૂકી ગયો આમ કહી, બાણોના પ્રહારો કરીને કેટલાએકને (મારી નાખ્યા), અમુક પૈસાની શરત કરીને ચઢી શકાય નહિ તેવા પર્વતના શિખરો ઉપર ચઢાવીને બીજાઓ જાણી શકે નહિ તેવી રીતે અધ:પાતથી

* ઝેર ચોપડેલી છરીથી પગનો કાટો કાઢવામા આવે છે તો છરીનુ ઝેર પગના લોહી સાથે મળે છે, તેથી પગનુ રુધિર ઝેરી થાય છે, અને તે શરીરના બીજા ભાગના રુધિરને ઝેરી કરીને મનુષ્યને મારી નાખે છે.

(મારી નાખ્યા); ભિલ્લના રૂપમાં ઢંકાઇને વનોમા થોડાક રહેલા રાજાના સિપાઇઓને કેદ કરીને (મારી નાખ્યા); જુગારની રમતોમા, પક્ષીઓના યુદ્ધોમા, યાત્રા, ઉત્સવ આદિ-કથી ભરપૂર પ્રસંગોમાં બળાત્કારથી દાખલ કરીને ત્યા સામા મનુષ્યોની સાથે યુદ્ધ કરાવીને કેટલાએકને (મારી નાંખ્યા), કેટલાએકની પાસે બીજાની હિંસા કરાવીને તેઓના દ્વારા તેઓને મારી નંખાવ્યા; જેઓનુ છૂપી રીતે અપ્રિય કર્યું હોય, તેવા પુરુષોની પાસેથી તેઓના અપ્રિયને જાહેર કરાવી, તેને માટે સાક્ષીઓ રાખીને અપકીર્તિનો બચાવ કરે તેવાં પરાક્રમો કરીને (કેટલાએકને મારી નાખ્યા); સ્નેહીપણાને લીધે પરસ્ત્રીની સાથે સમાગમ કરાવીને, જારોનો અથવા તો તે સ્ત્રીના ભર્ત્તારોનો અથવા તો તે બન્નેનો વ્યભિ-ચારરૂપી સાહસ કર્મ કહી બતાવીને (કેટલાએકને મારી નાખ્યા); વિશ્વાસઘાતી સ્ત્રીઓએ સંકેતસ્થાનમાં દાખલ કરેલા પુરુષોને પ્રથમથી છૂપી રીતે દાખલ થઈ પાછળથી દોડીને કહી શકાય નહિ એવી રીતે (કેટલાએકને મારી નાખ્યા), ગુફામાં પ્રવેશ કરવા માટે, ભંડારોને ખોદવા માટે, તથા મત્રના સાધનોને માટે (કેટલાએકને) સારી રીતે લોભાવ્યા ને પાછળથી તેમા વિઘ્ન આવી ગયું, આવું બહાનું કાઢીને (કેટલાએકને મારી નાખ્યા), મદમત્ત હાથીના ઉપર બેસવા માટે પ્રેરણા કરીને, પાછળથી તેઓનો નાશ ન થાય તેવા ઉપાયોનો અટકાવ કરી, દુષ્ટ હાથીને કોપાવીને નિશાન-રૂપ કરેલા મુખ્ય મંડળ ઉપર તે હાથીને છૂટો મૂકીને, પોતાના વારસાને માટે લડનારાઓને ગુપ્ત રીતે મારી નાંખ્યા, અને તેનો અપયશ સામા પક્ષની ઉપર ઢોળી પાડીને, સામંતો, નગરવાસીઓ અને દેશવાસીઓમાંથી જે પુરુષો વિરુદ્ધ

રીતે વર્તતા હોય, તેઓને છૂપી રીતે મારી નાંખીને તેના શત્રુઓએ તેઓને મારી નાંખ્યા છે, એ રીતે તેના શત્રુઓના નામો ઝાહેરમા લાવીને, કેટલાએકને વિશ્વાસઘાત કરનારી સ્ત્રીઓની સાથે દિવસરાત રમાડી, ક્ષયરોગ ઉત્પન્ન કરીને મારી નાંખ્યા; વસ્ત્રો, આભરણો, પુષ્પો, અંગરાગ (ચંદન) વગેરેમા કુશળતાથી ઝેર ચોપડીને કેટલાએકને મારી નાખ્યા; ચિકિત્સા (ઔષધોપચાર) કરી રોગ વધારીને, તથા બીજા પણ ઉપાયોથી, અશ્મક દેશના અધિપતિ વસંતભાનુએ મોકલેલા વિષનો (ઝેરનો) પ્રયોગ કરનાર ગુપ્તપુરુષ વગેરેએ અનંતવર્માના સૈન્યમાથી મહાન્ વીરપુરુષોનો નાશ કરી નાખ્યો, અને તેના સૈન્યને જર્જર (ખોખરુ) કરી નાંખ્યું. તે પછી વસંતભાનુએ વનવાસીના* રાજા ભાનુવર્માને ઉશ્કેરીને અનંતવર્માની સાથે યુદ્ધ કરાવ્યું વાનવાસીના રાજા ભાનુવર્માએ યુદ્ધમા અનંતવર્માના રાજ્યના પ્રાતપ્રદેશને કબજે કરી લીધો, તે ઉપરથી અનંતવર્મા તેની સામે ચઢાઈ કરવા માટે સૈન્યની તયારી કરવા લાગ્યો તે સમયે અશ્મક દેશનો રાજા વસંતભાનુ સર્વ સામતોની પહેલાં આવ્યો અને અનંતવર્માને અત્યંત પ્રિય થઈ પડ્યો. બીજા સામંતો પણ તે રાજાને આવી મળ્યા, અને તેઓએ નજીકમા આવેલી નર્મદા નદીના તીર ઉપર મુકામ કર્યો તે સમયે મહાસામત કુંતલ દેશના રાજા અવંતિદેવની પોતાની નૃત્ય કરનારી, જે પૃથ્વી ઉપર ઉર્વશીના નામથી પ્રસિદ્ધ હતી, અને ચંદ્રપાલિતાદિકોએ જેના નૃત્યની કુશળતાના ઘણા વખાણ કર્યાં હતાં, તેને અનંતવર્માએ બોલાવીને તેનુ નૃત્ય જોયું, અને તેના ઉપર

* વનવાસી નામનુ શહેર દક્ષિણ હિદુસ્તાનમા છે, અને તે લુર્ જીલ્લામા આવેલુ છે

અત્યંત પ્રસન્ન થયો. તે પછી મદ્યપાનથી મત્ત થયેલી એવી તે નર્તકીનો ઉપભોગ કર્યો. તે જોઇને અશ્મક દેશના રાજાએ કુંતલદેશના રાજાને એકાતમાં કહ્યુ કે, 'આ અનંતવર્મા રાજા પ્રમત્ત થયો છે, આપણી સ્ત્રીઓની સાથે બળાત્કાર કરે છે, આપણે હવે કેટલું અપમાન સહન કરવુ? મારી પાસે સો હાથી છે, અને તમારી પાસે પાચસો છે, માટે આપણે બન્ને એકઠા મળીને મુરલ દેશના રાજા વીરસેનને, ઋચીક દેશના રાજા એકવીરને, કોકણદેશના રાજા કુમારગુપ્તને, અને સાસ્મિકયના રાજા નાગપાળને, સમજણ આપીને આપણા પક્ષમા લઈ લઇએ. તેઓ આનો અવિનય સહન કરશે નહિ, પરંતુ આપણા મત પ્રમાણેજ અવશ્ય વર્તશે આ વનવાસીનો રાજા મારો પ્રિય મિત્ર છે એ રાજા આગળના ભાગથી આ દુર્વિનીતની સામે હલ્લો કરશે, અને આપણે પાછળના ભાગથી હલ્લો કરીને આને પ્રહાર કરશું, અને (તેનો નાશ કર્યા પછી) ધનના ભંડારનો તથા વાહનનો વિભાગ પાડીને લઈ લેશું.' તે વાતને પેલાએ અત્યંત પ્રસન્ન થઇને સ્વીકારી તે પછી તેમણે પચીસ સેલા, પચીસ સુવર્ણની મુદ્રા, પચીસ કેશરના ડબા અને પચીસ શાલ વિશ્વાસુ પુરુષદ્વારા સામંતોને ભેટ કરી, અને તે સામતોની સાથે યુદ્ધ વિષે વિચાર કરીને તેઓને પણ પોતાના મતમાં લીધા.

આ વિચાર કર્યા પછી બીજે દિવસે અનંતવર્મા કે જે નીતિશાસ્ત્રનો દ્વેષ કરતો હતો અર્થાત્ અન્યાયથી વર્તતો હતો, તે સામતોનો તથા વનવાસીના રાજાનો ભક્ષ્ય થઈ પડ્યો (તેઓએ તેને મારી નાખ્યો). તે પછી વસંતભાનુએ તેના

ચોળની ઉત્તર તરફનો પ્રદેશ તે કુતલદેશ. તે હૈદરાબાદના નૈર્ઋત્ય ખૂણામા આવેલો છે.

છૂટાછવાયા થઈ ગયેલા ધનના ભંડારને અને વાહનોને પોતાના જ કબજામાં લઈ લીધાં, અને સામંતોને કહ્યું કે, 'તમે તમારા પરિશ્રમના પ્રમાણમા તથા સૈન્યના પ્રમાણમાં વિભાગ પાડીને લેવાનું નક્કી કરો હું તો તમારી આજ્ઞાથી થોડાક ભાગથી સંતોષ પામીશ.' આમ કહીને શઠપણાથી તે સર્વને અનુસરવા લાગ્યો, અને ધનના ભંડાર તથા વાહનરૂપી માંસને (પદાર્થને) નિમિત્ત કરીને સામંતોની વચ્ચે કજીઓ ઉત્પન્ન કરાવી સર્વ સામંતોનો નાશ કરાવી નાખ્યો, અને તે સર્વ ધન પંડે જ ગળી ગયો, અને વનવાસીના રાજાને થોડુંક ધન આપી, તેનો અનુગ્રહ કરીને નર્મદાના તીર ઉપરથી પાછો ફર્યો, અને અનંતવર્માનું સર્વ સૈન્ય પોતાને તાબે કર્યું એ સમયે વૃદ્ધ મંત્રી વસુરક્ષિત કેટલાએક પરંપરાના સૈનિકોની સાથે મળી જઈને ભાસ્કરવર્મા નામના બાળકને અને એની જ તેર વર્ષની મોટી બ્હેન મંજુવાદિનીને તથા તે બન્નેની માતા મહાદેવી વસુંધરાને લઈને ત્યાથી નાઠો પરંતુ ભવિષ્યમા આપત્તિ આવનારી હતી, તેથી તેણે દાહજ્વરથી પોતાના દેહનો ત્યાગ કર્યો (તે દાહજ્વરથી મરણ પામ્યો) તે પછી અમારા જેવા મિત્રો તેમને માહિષ્મતી નગરીમા લઈ ગયા, અને રાજાના ઓરમાન ભાઈ મિત્રવર્માની પાસે સંતાનની સાથે રાણીને હાજર કરી તે અનાર્ય રાજાએ તે સાધ્વી રાણીની સાથે દુષ્ટ વિચાર કર્યો (તેની સાથે વ્યભિચાર કરવાનો વિચાર કર્યો), પરતુ રાણીએ તેનો તિરસ્કાર કર્યો. તે પછી અખંડ ચરિત્રવાળી (પતિવ્રતા) રાણી, 'આ પુત્રને રાજ્યનો ધણી બનાવવાની ઇચ્છા રાખે છે' આવો વિચાર કરીને, મિત્રવર્માએ નિર્દયપણાથી તે બાળકને મારી નાંખવાની ઇચ્છા કરી. આ વાત જાણવામાં આવવાથી દેવીએ

મને આજ્ઞા કરી કે:–'ઓ તાત નાલીજંઘ! તું આ જીવતા બાળકની સાથે હરકોઈ પણ ઠેકાણે ગુપ્ત રહીને જીવન ગાળ. હું જો જીવતી રહીશ તો આ બાળકની પાસે આવીશ તું કુશળતાથી પહોંચ્યા પછી તારા સમાચાર મને કહેવરાવજે.' રાણીની આજ્ઞા થઈ કે, હું મનુષ્યોના ગડબડાટથી ભરપૂર એવા રાજમંદિરમાંથી આ બાળકને માંડમાંડ છૂપી રીતે બહાર લઈને ત્યાથી વિંધ્યાટવિમાં (વિંધ્યવનમા) દાખલ થયો, અને પછી આ કુમારને પગપ્યાદો ચલાવીને લાવ્યો હતો, માટે તેને વિશ્રાતિ આપવાની જરૂર હતી તેથી કોઇએક ભિલ્લના ગામમા કેટલાએક દિવસ વિશ્રાતિ લીધી પરતુ ત્યા પણ રાજાના સિપાઇઓ આવશે, આવા ભયથી હું દૂર માર્ગ ઉપર નિકળી ગયો ત્યા આ કુમાર દારૂણ તરસથી દુઃખી થવા લાગ્યો, એટલે તેને પાણી પાવાની ઇચ્છાથી (પાણી કાઢતા) લપસીને આ કૂવામા પડી ગયો, અને તમે આ પ્રમાણે મને કૂવામાંથી બહાર કાઢીને મારા ઉપર અનુગ્રહ કર્યો છે માટે, હવે તમે જ શરણરહિત એવા આ કુમારના શરણ થાઓ.' આમ કહીને તેણે બે હાથ જોડ્યા.

તે પછી મેં પ્રશ્ન કર્યો કે.–'આ કુમારની માતા કઈ જાતની છે.' એટલે તેણે કહ્યુ:–'પાટલીપુત્રના રહેવાસી વૈશ્ય જાતિના વૈશ્રવણની પુત્રી સાગરદત્તાને પેટે, કોસલના રાજા કુસુમધન્વાથી, આની માતા જન્મેલી છે' 'જો એમ હોય તો એની માતાનો અને મારા પિતાનો માતામહ એક જ છે,' આમ કહીને મે સ્નેહ સાથે તે કુમારને આલિંગન કર્યું. તે પછી વૃદ્ધે પૂછ્યું કે:–'સિંધુદત્તના પુત્રોમા તારો પિતા કોણ?' 'સુશ્રુત,' એમ મેં કહ્યું કે તે અત્યંત પ્રસન્ન થયો. તે પછી મેં તો, 'રાજનીતિના જ્ઞાનને લીધે ગર્વિષ્ઠ થયેલા તે અશ્મક

દેશના રાજાને પાષાણન્યાયથી* જ મૂળમાંથી ઉખેડી નાખીને આ બાળકને તેના પિતાના સ્થાન ઉપર સ્થાપન કરીશ,' આવી રીતે પ્રતિજ્ઞા કરી, અને હું વિચાર કરવા લાગ્યો કે, 'આ બાળકની ક્ષુધાને કેવી રીતે શાંત કરવી?' તેટલામાં કોઇએક પારધિના ત્રણ બાણને ઉલ્લંઘીને બે મૃગ અને એક પારધિ અમારી પાસે આવ્યા એટલે, મેં તે પારધિના હાથમાંથી બાકી રહેલા બે બાણ અને ધનુષ પડાવી લઇને બન્ને મૃગને બાણ માર્યાં એક મૃગના શરીરમાં પણછ સાથે બાણ પેસી ગયું અને તે પૃથ્વી ઉપર પડ્યો, અને બીજા મૃગના શરીરમાંથી પણછ સાથે બાણ આરપાર નીકળી ગયું અને મૃગ પૃથ્વી ઉપર પડ્યો તેમાંથી એક મૃગ પારધિને આપ્યો, અને બીજા મૃગના શરીર ઉપરથી ચામડી અને વાળ કાઢી નાખ્યા, શરીરમાંથી ફેફસું કાઢી નાખ્યું, અંદરના આંતરડાં હાડકાં વગેરેને પણ બહાર કાઢી નાખ્યા, અને સાથળનાં હાડકાંને તથા ડોક વગેરેના હાડકાને છૂટાં પાડી નાખી, તેના માંસને શૂળા ઉપર ચઢાવીને વનના અગ્નિ ઉપર તે માંસને શેક્યું, અને તેનાથી તે બન્નેની તથા મારી ક્ષુધાને દૂર કરી. પેલો ભિલ્લ મારી આ કુશળતાથી ઘણો જ પ્રસન્ન થયો. તે પછી મેં તેને પ્રશ્ન કર્યો કે.-'તું માહિષ્મતીના સમાચાર જાણે છે?' તેણે ઉત્તર આપ્યો કેઃ-'હા! આજે જ ત્યાં વાઘના ચામડા અને ચામડાની મસકો વેચીને આવું છું. એટલે શામાટે જાણું નહિ? ચંડવર્માનો નાનો ભાઈ પ્રચંડવર્મા, મિત્રવર્માની પુત્રી

---

* એક પત્થર જમીનમાં દાટેલો હોય, તેને જમીનમાંથી ઉખેડી દૂર ફેંકી દેવામાં આવે તે अश्मकन्याय એટલે પાષાણન્યાય કહેવાય છે.

મંજુવાદિનીને પરણવાની ઇચ્છાથી આવે છે, એટલા માટે પુરી ઉત્સવથી ઉભરાઈ ગઈ છે '

તે પછી મેં તે વૃદ્ધના કાનમા કહ્યુ કે:–'મિત્રવર્મા ધૂર્ત છે તે મંજુવાદિનીના તરફ સારી રીતે વર્તીને, તેના દ્વારા તેની માતાને વિશ્વાસુ બનાવીને, આ બાળકને નગરમા બોલાવીને મારી નાંખવાની ઇચ્છા કરે છે, માટે તું તેની માતાની પાસે જા, અને આ કુમારના કુશળ સમાચાર રાણીને કહે, તથા એકાંતમા મારી વાર્તા પણ રાણીને જાણ કર, અને તે પછી કુમારને સિંહ ખાઈ ગયો છે, એમ કહીને જાહેરમાં તારે રડવા માડવુ એટલે તે દુષ્ટમતિ મનમા પ્રસન્ન થશે, અને જાહેરમા દુ:ખ દેખાડીને રાણીને સાંત્વન આપશે. તે પછી રાણીએ તારે મોઢે રાજાને કહેરાવવુ કે:–'જે કુમારને માટે મેં તારા મતને માન્ય કર્યો ન હતો, તે મારો બાળક પણ મારા પાપને લીધે પરલોકમા ગયો છે (મરણ પામ્યો છે) હવેથી હુ તારી આજ્ઞામા જ વર્તીશ.' આ પ્રમાણે કહેવાથી તે પ્રસન્ન થઇને તારુ કહેવુ માન્ય કરશે. તે પછી રાણીએ આ વચ્છનાગ નામનું મહાવિષ પાણીમાં મેળવવુ, અને તે પાણીમા એક માળાને ભીંજવીને તે માળા રાજાની છાતી ઉપર તથા મુખ ઉપર મારવી, અને તે વખતે કહેવુ કે, "હું જો પતિવ્રતા હોઉ તો તને પાપીને આ પ્રહાર આજે તરવારના પ્રહાર સમાન થાઓ!" તે પછી આ બીજું ઔષધ પાણીમાં નાખીને મેળવવું, અને તેમાં તે માળાને ડૂબાડીને તારી પુત્રીના હાથમાં આપવી. રાજા મરી જશે, અને તારી પુત્રી રોગરહિત રહેશે અર્થાત્ મરશે નહિ, એટલે મંત્રીઓ અને પ્રજા રાણીને સતી જ માનીને તેને અનુસરશે.

તે પછી પ્રચંડવર્માને સંદેશો કહેવરાવવો કે:–'આ રાજ્ય

રાજા વિનાનુ થઈ ગયું છે માટે હવે તમે આ રાજ્યની સાથેજ આ કન્યાનો સ્વીકાર કરો ' આ સર્વ બનાવ બનશે, એટલામા અમે બન્ને જણ કાપાલિકનો વેશ ધારણ કરીને, તે વેશમાં છૂપા રહી, નગરીની બહાર શ્મશાનની પડોસમા નિવાસ કરીશું, અને રાણીની ભિક્ષા ઉપર નિર્વાહ કરીશું રાણીએ તે ઉપરાંત અત્યંત આર્ય એવા નગરના વૃદ્ધ પુરુષોને, આપ્ત પુરુષોને, તથા વૃદ્ધ મંત્રીઓને એકાતમા કહેવુ કે.–'આજે સ્વપ્નામા દેવી વિંધ્યવાસિની મારા ઉપર પ્રસન્ન થયા છે, અને તેણે મને કહ્યુ છે કે -'આજથી ચોથે દિવસે પ્રચંડવર્મા મરણ પામશે; તે પછી પાંચમે દિવસે રેવા નદીના તટઉપર આવેલા મારા મંદિરમા કોઈ પણ મનુષ્ય નથી, એવી પરીક્ષા કરીને સર્વે મનુષ્યો મંદિરની બહાર નિકળી જશે; તે પછી તારા પુત્રની સાથે એક બ્રાહ્મણનો પુત્ર તે મંદિરના બારણા ઉઘાડીને બહાર નીકળશે, અને તે આ રાજ્યનું રક્ષણ કરીને તારા પુત્રને રાજ્યના ઉપર સ્થાપન કરશે મેં વાઘણનુ રૂપ ધારણ કરીને તારા પુત્રને ગુપ્ત રીતે મારી પાસે રાખ્યો છે, તથા તારી પુત્રી મંજુવાદિનીને તે બ્રાહ્મણના કુમારની ભાર્યા તરિકે ઠરાવી છે ' આ બનાવ બને ત્યા સૂધી, આ અત્યંત ગુપ્ત વાર્તા તારા વિશેજ ગુપ્ત રહે એમ તારે કરવુ.'

વૃદ્ધ પુરુષ તે સમયેજ અત્યંત પ્રસન્ન થઇને રાણીની પાસે જવામાટે ત્યાથી નીકળ્યો, અને ત્યાં જઇને વિચાર કર્યા પ્રમાણે સર્વ બાબત કરવામા આવી (રાજાનું મરણ થવાથી) પ્રત્યેક દિશામા લોકવાણી ફેલાઈ ગઈ કેઃ-'પતિવ્રતાઓનુ માહાત્મ્ય આશ્ચર્યકારક હોય છે તે માળાનો પ્રહાર રાજાને વિશે તરવારનો પ્રહારજ થઈ પડ્યો આ કાર્યમાં કપટ છે

એમ કહી શકાય નહિ કારણ કે, તે જ માળા તેની દીકરીને આપી હતી, તે તેના સ્તનના આભૂષણરૂપ થઈ પડી હતી (તેણે કંઠમાં પહેરીને છાતી ઉપર ધારણ કરી, પરંતુ તેથી તેનું મૃત્યુ થયું નહિ) જે પુરુષ આ પતિવ્રતાની આજ્ઞાનું ઉલ્લઘન કરશે, તે ભસ્મ જ થઈ જશે.'

તે પછી મને તથા તેના પુત્રને કાપાલિકનો વેષ લઇને ભિક્ષા માગવા માટે રાજમંદિરમા દાખલ થયેલા જોઇને રાણીના સ્તનમાથી દૂધ ઝરવા લાગ્યું, અને તે અમારા ગામી ઉઠીને ઉભી થઈ અને હર્ષથી વ્યાકુળ થઇને બોલી કે –'ભગવન્! બે હાથ જોડું છુ. આ અનાથ મનુષ્યના ઉપર અનુગ્રહ કરો. મને એક સ્વપ્ન આવ્યું છે, તે શું ખરુ પડશે કે ખોટું?' મેં ઉત્તર આપ્યો.–'એ સ્વપ્નાનું ફળ તું આજે જ જોઇશ' એટલે પેલી સ્ત્રીએ કહ્યુ –'જો એમ થાય તો તમારી આ દાસી ઘણી ભાગ્યશાળી ગણાય તે સ્વપ્ન ખરેખર આ કન્યાને વર મળવાની વાત કહે છે તે પછી મંજુવાદિની મને જોવાથી થયેલી પ્રીતિથી વિહ્વળ થઈ ગઈ, અને તેની માએ તેની પાસે મને પ્રણામ કરાવ્યા, અને ફરીથી તે રાણી હર્ષમા આવીને બોલી –'જો સ્વપ્ન ખોટુ પડશે તો હું તમારા આ બાળ કાપાલિકને આવતી કાલે કેદ કરીશ.' મારી પણ મંજુવાદિનીના ઉપર પ્રીતિ થઈ, તેથી તેના ઉપર મારી દૃષ્ટિ લીન થઈ ગઈ, અને હું પણ અધીરો બની ગયો, અને અધીરા બનેલા મેં પણ મંદ હાસ્ય કરીને કહ્યુ.–'ભલે એમ કરજો.' આમ કહી ભિક્ષા લઈ નાલીજંઘને ત્યાથી બોલાવીને હું બહાર નિકળ્યો. નાલીજંઘ મારી પાછળ આવવા લાગ્યો. તેને મેં ધીમેથી પૂછ્યું:–'પેલો અલ્પાયુષવાળો પ્રચડવર્મા કયા છે?' તેણે

કહ્યુ:–'આ રાજ્ય મારુ છે' આમ માની શંકારહિત થઈને તે રાજ્યસભામાં બેઠો છે, અને નટો તેની સેવા કરી રહ્યા છે.' જો એમ હોય તો હું પાછો આવું, ત્યાં સૂધી તું આ ઉદ્યાનમાં હાજર રહેજે આવી રીતે તે વૃદ્ધને આજ્ઞા કરી, સભામંડપની આસપાસ એક કિલ્લો હતો, તેની એક બાજુ તરફ એક ઉજ્જડ નાનો મઠ હતો, તેમા જઈ મારા શરીર ઉપરથી કાપાલિકના વેષનો સર્વ સામાન મેં ઉતારી નાંખ્યો, અને તેની ચોકી કરવામાટે રાજકુમારની યોજના કરી ગાયકનો વેષ લઈને પ્રચંડવર્માની સભામાં ગયો, અને તેને રંજન કરવા લાગ્યો તે પછી સૂર્યનો તડકો પીળો થઈ ગયો ત્યારે (અર્થાત્ સાયંકાળનો સમય થયો ત્યારે) સામાજિક મનુષ્યોને જ્ઞાનમા ઉપયોગી થઈ પડે તેવાં નૃત્ય, ગીત, અનેક જાતના રડવાના અનુકરણ, બન્ને હાથને પહોળા કરીને નૃત્ય કરવુ, ઊર્ધ્વપાદ,* અલાતપાદ,† આપીડ,‡ વૃશ્ચિકલંઘન§

---

* ભરતપ્રણીત નાટ્યશાસ્ત્રમા નૃત્યાધ્યાય છે. તેમા નૃત્યના અનેક પ્રકારો વર્ણવ્યા છે. તેમા ઊર્ધ્વપાદ નામના નૃત્યનુ લક્ષણ આ પ્રમાણે કહ્યુ છે –करा॰भ्यामवनीं स्पृष्ट्वा मूर्धान भ्रामयेन्मुहु । उत्तानीकृत्य चरणावूर्ध्वपाद तदुच्यते ॥ બે હાથ પૃથ્વીને અડકાડવા અને બે પગ ઉચા કરીને વારવાર પોતાના મસ્તકને હલાવવુ, તેને ઊર્ધ્વપાદ કહે છે.

† અલાતપાદનુ લક્ષણ આ પ્રમાણે છે उद्घृत्यैक च चरणमन्य कृत्वैव कुञ्चितम् । नृत्यत्यनुमत तिर्यक् तदालातकमुच्यते ॥ એક પગ ઉચો કરીને બીજા પગને વાકો કરીને વાકો વાળીને જે નૃત્ય થાય છે, તેને અલાતપાદ નામનુ નૃત્ય કહે છે.

‡ આપીડ નામનુ એક નૃત્ય છે તેમા સર્વ અગોને વાકા કરીને નૃત્ય કરવામા આવે છે.

§ વૃશ્ચિકલઘન નામના નૃત્યમા વીછીની પેઠે રગભૂમિ ઉપર કરપડી ફરવામા આવે છે.

મકરલંઘન,* મત્સ્યોદ્વર્ત્તન† વગેરે રમતો કરી બતાવી. તે પછી હું પાસે બેઠેલાઓની ભેટમાં ખોસેલી છરીઓને વારંવાર લઈને મારા શરીર ઉપર લટકાવવા લાગ્યો, અને શ્યેનપાત,‡ કુરરપાત§ વગેરે આશ્ચર્યકારક તથા દુષ્કર રમતો દેખાડવા લાગ્યો, અને તે રમતો દેખાડતાં દેખાડતાં વીશ વાંભ જેટલે દૂર બેઠેલા પ્રચંડવર્માની છાતીમાં એક છરીનો પ્રહાર કરીને, ‘વસંતભાનુ હજાર વર્ષ સૂધી જીવતા રહો’ આવી રીતે મોટી ગર્જના કરી. તે સમયે ત્યાં છૂપા દૂત તરિકે ઉભેલા એક સિપાઇએ મારુ શરીર કાપી નાંખવામાટે તરવાર ઉગામી કે, મેં તેના માંસથી ભરેલા ખભાવાળા હાથના આગળના ભાગને દબાવી દઈને તેટલાથી જ તેને બેભાન કરી દીધો ભયભીત થયેલા લોકો ઉચી આખ કરીને મને જોવા લાગ્યા, અને હું બે પુરુષ જેટલા ઉચા કિલ્લાને ઓળંઘી ગયો, અને ઉદ્યાનમાં ઠેકી પડીને, “મારી પાછળ દોડનારાઓને પ્રચંડવર્માનો માર્ગ લેવો પડશે” આમ બોલતો બોલતો ઉપવનમા આવેલી તમાલની વીથિમાથી કિલ્લાને કિનારે

---

* મકરલઘન નામના નૃત્યમા મગરની પેઠે રગભૂમિ ઉપર ફરવુ પડે છે

† મસ્ત્યોદ્વર્તન નામના નૃત્યમા માછલુ જેમ પાણીમા ઉપર તથા નીચે ગતિ કરે છે, તેમ રગભૂમિ ઉપર ચોતરફ ગતિ ફરવામા આવે છે આ સર્વ નૃત્યના પ્રકારો નાટ્યાધ્યાયમા વર્ણવ્યા છે

‡ સ્યેનપાત એટલે શકરો જેમ આકાશમા ઝડપથી ઉંચે ઉડે છે અને આકાશમા જઈને ઘુમરી ખાય છે તેમ નૃત્ય કરવુ તે

§ કુરરપાત એટલે ટીટોડો જેમ વેગથી આકાશમા ઉડ્યા કરે છે, તેમ રગભૂમિ ઉપર ફેરફુદડી ફરવી, તે કુરરપાત કહેવાય છે.

કિનારે પૂર્વ દિશા તરફ દોડ્યો. તે પછી મારી પાછળ નાલીજંઘે* રેતીમાં પડેલાં મારાં પગલાંને ભુસી નાંખ્યાં, અને ત્યાંથી હું પાછો પશ્ચિમ દિશા તરફ જોરથી દોડ્યો. ત્યાં ઈંટોના ઢગલા કરી રાખ્યા હતા, તેથી મારાં પગલાં જોવામાં આવે તેમ ન હતું. તે દિશામાં જોરથી દોડીને કિલ્લાની આસપાસ વિંટાઇને રહેલી ખાઇના પટને ઓલંઘી ગયો, અને ત્યાંથી પેલા મનુષ્ય વિનાના નાના મઠમાં ઝટ કરતો કે પેસી ગયો, અને નટનો વેષ ઉતારી નાંખ્યો. મારાં કર્મને લીધે રાજમહેલનાં બારણાં આગળ (લોકોની મોટી ઠઠ મળી હતી અને) મોટો ઘોઘાટ થઈ રહ્યો હતો. ત્યાં આગળથી કષ્ટથી માર્ગ મળ્યો કે, હું કુમારની સાથે સ્મશાનમાં ગયો. ત્યાં દુર્ગાના મંદિરમા મૂર્તિની બેસણીની નીચે પ્રથમથી જ મેં એક બિલ† કરી રાખ્યું હતું, અને એક સ્થૂલ (જાડા) પત્થરને બન્ને ભાગમાથી ઘડી સરખો કરીને તેનાથી તે બિલના બહારના દ્વારને મજબૂત રીતે ઢાકી દીધું હતું તે પછી મધ્ય રાત્રિ વીતી ગઈ કે, કંચુકિઓએ ઉચી કિંમતના રત્નના આભૂષણો તથા ઉત્તમ વસ્ત્રો અમને આપ્યાં. તે પહેરી લઇને અમે બન્ને પેલા બિલમાં દાખલ થઇને છાનામાના બેઠા

રાણીએ આગલે દિવસે જ માલવ દેશના રાજા પ્રચંડવર્માને તેની યોગ્યતા પ્રમાણે અગ્નિસંસ્કાર કરાવીને, 'અશ્મક

---

* રાજાના પગીઓ તેના પગલા જોઇને તેની પાછળ પાછળ જાય અને તેને પકડી પાડે, તેથી વિશ્રુતે નાલીજંઘને પ્રથમથી પોતાના પગલા ભુસી નાખવામાટે સૂચના કરી હતી તેથી તે પ્રથમથી જ ઉપવનમા જઇને ઉભો હતો, અને વિશ્રુત કિલ્લા ઉપરથી ઉતરીને ઉપવનમા તમાલની વિથિમાથી (કેડીમાથી) જોવા દોડી ગયા, કે તુરત તેના પગલા ભુંસી નાખ્યા હતા

† ભોંયરાના આકારનો એક ઉંડો ખાડો.

દેશના રાજા વસંતભાનુએ કપટથી પ્રચંડવર્માને મારી નાંખ્યો છે,' એમ ચંડવર્માને સંદેશો કહેવરાવ્યો. તે પછી બીજે દિવસે પરોઢિયામા પ્રથમથી જેની સાથે, સંકેત કર્યો હતો એવા નગરના મનુષ્યો, અમાત્યો, સામંતો અને વૃદ્ધોની સાથે રાણી ભગવતીના મંદિરમાં આવી, અને ભગવતીનું પૂજન કરીને સર્વ મનુષ્યોના સમક્ષમાં 'દેવીના મંદિરમાં કોઈ મનુષ્ય નથી' આવી પરીક્ષા કરી (મંદિરનાં દ્વાર બંધ કરી મંદિરની બહાર ઉભી રહીને સર્વે મનુષ્યોની સાથે જોવા લાગી તથા ઢોલનો મોટો અવાજ કરાવવા લાગી તે ઢોલના શબ્દે અત્યંત ઝીણા એક છિદ્રદ્વારા પેલા બિલમાં દાખલ થઇને મને સંકેત કર્યો, અર્થાત્ તારે હવે પ્રકટ થવાનો સમય થયો છે એમ જાણ કર્યું. એટલે બળવાન્ પુરુષ પણ પ્રયત્નથી જેને ફેરવી શકે નહિ તેવા લોઢાના સિંહાસનને મૂર્તિની સાથે બે હાથથી પકડીને મેં મારા મસ્તકપર ઉચું કર્યું, અને તેને એક તરફ ખસેડીને હું બહાર નિકળ્યો, અને તે પછી કુમારને પણ બહાર કાઢ્યો. તે પછી તે દુર્ગાના સિંહાસનને તેની જગાએ પાછું ગોઠવી દઈ મંદિરના બારણાને ઉઘાડીને હું પ્રત્યક્ષ થયો. આ રીતે પરચો જોવાથી પ્રજા હરખભરી આંખે તથા રોમાંચિત શરીરે આશ્ચર્ય પામી, બે હાથ જોડીને મને પ્રણામ કરવા લાગી, અને મેં એઓને કહ્યું:—

"દેવી વિંધ્યવાસિની મારા મુખથી તમને આ પમાણે આજ્ઞા કરે છે કે:—'આ કુમારને મેં આજ દિવસ સૂધી કૃપા કરીને સિંહના આકારમાં મારી પાસે છૂપાવીને રાખ્યો હતો. આજે હું તમને આ કુમાર પાછો સોંપુ છુ. તમે માતા તરફનો જેનો પક્ષ મંદ છે એવા આ કુમારને મારા પુત્ર તરિકે સ્વીકારો.' દુર્ઘટ એવાં કપટોની રચના કરવામાં કુશળતાને

લીધે જેની શઠતા પ્રકટ થયેલી છે એવા ક્રૂર અશ્મકરૂપી ઘડાનો નાશ કરનારા એવા મને આ કુમારની રક્ષા કરનારો માનો (જાણો), તથા આ કુમારની રક્ષા કરવાના બદલામાં આની સુંદર ભ્રૂકુટિવાળી બ્હેન મને પરણાવવી, આમ દેવીએ આજ્ઞા કરી છે.”

આ વાર્તા સાંભળીને ‘અહોહો! ભોજવંશ ભાગ્યશાળી છે, જેને દેવીએ તારા જેવો નાથ (ધણી) આપ્યો છે,’ આમ કહીને પ્રજા પ્રસન્ન થઈ મારા સાસુ પણ વાણીથી વર્ણવી ન શકાય તેવા હર્ષને પામ્યાં, અને તેણે તે જ દિવસે મંજુવાદિનીનો પાણિપલ્લવ શાસ્ત્રવિધિ પ્રમાણે મને ગ્રહણ કરાવ્યો. તે પછી રાત્રિ થઈ, એટલે મેં પેલા બિલને બરાબર રીતે પૂરી દીધું લોકો મારાં કપટને જાણી શકયા ન હતા. હું પણ અનેક ઉપાયોથી સામા મનુષ્યની બંધ મુઠીમા જે હોય તે કહેવા લાગ્યો, તે ઉપરથી લોકો મને દિવ્યાશી જ માનવા લાગ્યા, અને મારી આજ્ઞાને ઉલ્લંઘન કરતા ન હતા. રાજપુત્રની, પ્રભાવમા કારણભૂત એવી આર્યાપુત્ર (દેવીપુત્ર) તરિકે પ્રસિદ્ધિ થઈ તે પછી એક શુભ દિવસે તે સુંદર દેખાવના બાળકને ઉપનયન સંસ્કાર કરાવીને પુરોહિતની પાસે તેને નીતિશાસ્ત્ર ભણાવવા માડયું, અને હું રાજકીય કાર્યો કરવા લાગ્યો.

તે પછી હું વિચાર કરવા લાગ્યો કે, ‘રાજ્ય ત્રણ શક્તિને આધારે રહેલું હોય છે, અને મંત્રશક્તિ, પ્રભાવશક્તિ તથા ઉત્સાહશક્તિ, આ ત્રણ શક્તિ પરસ્પરને સહાયતા કરીને સંધિવિગ્રહાદિક કાર્યો કરી શકે છે મંત્રશક્તિથી રાજકીય કાર્યોનો નિશ્ચય થઈ શકે છે, પ્રભાવથી (પ્રભુશક્તિથી) કાર્યોનો આરંભ કરી શકાય છે, અને ઉત્સાહશક્તિથી કાર્યની

સિદ્ધિ થાય છે; આવા કારણોથી પાંચ અંગવાળો* મંત્ર જેનું મૂળ છે, કોશ તથા સૈન્ય એમ બે પ્રકારનો પ્રભાવ જેની મોટી શાખાઓ છે, ચોતરફ ફેલાઈ ગયેલો ઉત્સાહ જેની શાખાઓ છે, બોંતેર પ્રકૃતિ જેનાં પાંદડાં છે, છ ગુણો જેનાં નવીન પલ્લવ છે, ત્રણ શક્તિ જેનાં પુષ્પો છે, અને ત્રણ સિદ્ધિ જેનાં ફળો છે એવો નીતિરૂપી વનસ્પતિ (મહાવૃક્ષ) છે તે રાજાનો ઉપકાર કરો. પરંતુ આ નીતિરૂપી વૃક્ષના અનેક વિભાગો છે માટે પુરુષસહાયતા વગર (એકલો) દુ:ખથી તેના ઉપર આજીવિકા† કરી શકે છે, અર્થાત્ તેમાથી ફળ સંપાદન કરી શકે છે આ મિત્રવર્માનો મંત્રી આર્યકેતુ છે તે, કોસલ વંશનો હોવાથી, કુમારની માતાના

---

* કામદકનીતિમા મત્રના પાચ અગનુ આ પ્રમાણે વર્ણન કરવામા આવ્યુ છે –

सहाया साधनोपाया विभागो देशकालयो. ।
विपत्तेश्च प्रतीकार सिद्धि पचांगमुच्यते ॥

એક કિલ્લો બાધવાનો વિચાર કર્યા પછી તેને બાધવા માટે મુખ્ય તથા સામાન્ય પુરુષો સહાયક તરિકે જોઇએ, કિલ્લો બાધવા માટે કોશ, કોદાળી, કરવત વગેરે સાધનો પણ જોઇએ; અમુક પ્રદેશની પણ તેને જરૂર પડે છે, વર્ષાઋતુમા કિલ્લો બાધવો હોય તો લાકડાનો બાધવો, ગ્રીષ્મ, હેમત વગેરે ઋતુમા બાધવો હોય તો તે ઇટનો બાંધવો, પોતાના ઉપર આવેલા સકટોને અથર્વ વેદના મત્રોથી તથા સામદામાદિકથી દૂર કરવા અને કાર્યની સિદ્ધિ કરવી. આ પાચ અગ મત્રના છે આને માટે વિશેષ જુઓ 'ગુજરાતી પ્રેસ'નો 'કામદકીય નીતિસાર '

† કહેવાની મતલબ એ છે કે, રાજ્ય ચલાવનારા પુરુષને રાજ્ય ચલાવવા માટે બીજા સહાયકોની જરૂર પડે છે. પુરુષ એકલો રાજ્યકાર્યો કરી શકતો નથી, તેમ તેમાથી ફળ પણ મેળવી શકતો નથી.

પક્ષનો છે, તેનામાં મંત્રીના ગુણો છે; તેની બુદ્ધિનું અપમાન કરવાથી જ મિત્રવર્મા નાશ પામ્યો હતો, માટે તેને જો પક્ષમાં લીધો હોય તો શુભ થાય.' આવો વિચાર કર્યા પછી મેં નાલીજંઘને એકાંતમાં નીચે પ્રમાણે શિખવ્યું કેઃ– 'તાત ! તું આર્ય એવા મંત્રી આર્યકેતુને મારા વિશે એકાંતમાં કહે કે.–'આ માયાવી પુરુષ કોણ છે, કે જે આપણી રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરે છે? આ ભુજંગે* આપણા બાળ રાજાને વશ કર્યા છે તે આ બાળ રાજાને જીવતો છોડશે, કે ગળી જાશે?' આનો તે જે ઉત્તર આપે, તે તારે મને જણાવવો.' પેલાએ મારા શિખવ્યા પ્રમાણે સર્વ કર્યું, અને બીજે દિવસે મને નીચે પ્રમાણે કહ્યું.–'મેં વારવાર ભેટો અર્પણ કરીને, સેવા કરીને, વિચિત્ર કથાઓ કહીને, તેના હાથપગ ચાંપ્યા, તેથી તેને અત્યંત વિશ્વાસ આવ્યો, અને તેણે મને વાત કરવાનો અવકાશ આપ્યો. પછી તમે આપેલી સલાહ પ્રમાણે મેં તેને પ્રશ્ન કર્યો ત્યારે તેણે મને નીચે પ્રમાણે કહ્યું.–'ભાઈ! એમ બોલ મા શુદ્ધ કુળનું દર્શન, બુદ્ધિની અસાધારણ નિપુણતા, અમાનુષ પ્રાણબળ, અમાપ ઉદારતા, અત્યંત આશ્ચર્યજનક અસ્ત્રની કુશળતા, શિલ્પનું અપાર જ્ઞાન, અનુગ્રહને માટે આર્દ્ર ચિત્ત, અસહ્ય તથા શત્રુઓને દાબી દેવાને સમર્થ એવું તેજ (પ્રભાવ), આ ગુણો આ પુરુષમાં એક સાથે વાસ

---

* ભુજગ એટલે સર્પ અથવા તો કામી. રાજ્યને હસ્તગત કરી બેઠો હતો તેથી તેને ભુજગની ઉપમા આપી છે, અને કુમારની બેનને પરણીને ભોગવતો હતો તેથી ભુજગની અર્થાત્ કામીની ઉપમા આપી છે અર્થાત્ વિશ્રુતને ભુજગ શબ્દથી સર્પ અને કામી એમ બન્ને કહ્યો છે.

કરીને રહેલા છે, જે ગુણોમાંનો એક એક ગુણ પણ બીજામાં દુર્લભ હોય છે.

આ પુરુષ શત્રુઓનો ચિરબિલ્વ * છે, અને સરલ પુરુષોનો ચંદનતરુ છે. માટે પોતાને નીતિ જાણનારા તરિકે માનનારા અશ્મકને રાજ્યપદ ઉપરથી ભ્રષ્ટ કરીને તેના પદ ઉપર આ રાજકુમારને સ્થાપન તેણે કર્યો જ જાણજે, એમાં તારે લેશ પણ સંશય રાખવો નહિ "

તે વાત સાંભળ્યા પછી પણ મે વારંવાર કપટ ભરેલી યુક્તિઓથી તેની પરીક્ષા કરીને તેને મારો બુદ્ધિ સચિવ (સલાહકાર મત્રી) બનાવ્યો, અને તેને મિત્ર કરીને સત્યવાદી તથા શુદ્ધ અંતઃકરણવાળા પુરુષોને અમાત્યોના પદ ઉપર નિમ્યા તથા અનેક વેષ ધારણ કરનારા ગુપ્ત પુરુષો પણ ઉભા કર્યા, અને તેઓની મારફતે લોભી, ધનાઢ્ય, અત્યંત ગર્વિષ્ઠ તથા બહુધા તાબે નહિ રહેનારાં પ્રકૃતિમંડળને જાણી લીધું. તે પછી હું મારી ઉદારતાને જાહેર કરતો, ધાર્મિકપણું પ્રકટ કરતો, નાસ્તિકોનું અપમાન કરતો, શત્રુઓને ઉખેડી નાંખતો, શત્રુની યુક્તિઓને તોડી પાડતો, અને ચાર વર્ણની પ્રજાને તેના ધર્મકર્મમાં સ્થાપન કરતો રાજ્યની મહેસુલનાં નાણાંને એકઠાં કરવા લાગ્યો. 'દંડપૂર્વક રાજ્યકાર્યનો આરંભ ધનથી થઈ શકે છે. રાજ્યકાર્ય કરવામાં દુર્બળપણું રાખવું; તેના જેવું બીજું (એકપણ) મહાપાપ નથી.' આવો વિચાર કરીને ધનસંપાદન કરવા માટે હું અનેક ઉપાયો કરવા લાગ્યો.

ઇતિશ્રીદંડિવિરચિત દશકુમારચરિતમા 'વિશ્રુતનુ ચરિત્ર' એ નામનો ઉચ્છ્વાસ આઠમો સમાપ્ત

---

* ચિરબિલ્વને ભાષામા કરજ કહે છે, અને તે સ્વાદે કડવુ છે અર્થાત્ આ પુરુષ શત્રુઓને કરજના જેવો કડવો ઝેર છે.

ઉત્તરપીઠિકા*

વિશ્રુતનુ ચરિત્ર (ચાલુ)

તે પછી હું વિચાર કરવા લાગ્યો કે:-"સર્વે સેવકવર્ગ અતિ શૂરવીર છે. વળી તે સેવકવર્ગ મારા ઉપર એવો તો પ્રીતિવાળો છે કે, મારી આજ્ઞાથી પોતાનાં જીવિતને પણ તૃણ સમાન માને છે. મિત્રવર્માનાં અને પ્રચંડવર્માનાં એમ બે રાજ્યનાં સૈન્યની સામગ્રીથી હું અશ્મક દેશના રાજા વસંતભાનુના કરતાં ઉતરતો નથી, વળી નીતિમાન્ છું, માટે વસતભાનુનો પરાજય કરીને વિદર્ભ દેશના રાજા અનંતવર્માના પુત્ર ભાસ્કરવર્માને તેના પિતાના રાજ્ય ઉપર સ્થાપન કરવામાટે સમર્થ છું. વળી આ રાજપુત્રને ભવાનીએ (દેવીએ) પુત્ર કર્યો છે, અને આ કુમારને સહાયતા કરવામાં મારી યોજના કરી છે, આવી સર્વત્ર લોકવાણી ચાલી રહી છે. હજી સૂધી પણ આ મારુ કપટ કર્મ કોઇએ જાણ્યું નથી, અને અહિંના રહેનારાઓ "આ અમારા રાજા અનતવર્માનો પુત્ર ભવાનીના પ્રસાદથી આ રાજ્યને મેળવશે " આવી રીતે રાજકુમાર ભાસ્કરવર્મા ઉપર આશા બાધી બેઠા છે અશ્મક રાજાનું સૈન્ય પણ, 'રાજપુત્રને ભવાનીની સહાયતા છે' આમ જાણી, "દૈવી શકતીની આગળ મનુષ્યની શક્તિ બળવાન્ થઈ શકતી નથી" આવો વિચાર કરીને, અમારી સામે યુદ્ધ કરવામા ચંચળ ચિત્તવાળું હોય તેમ જણાય છે વળી અહીનું પરંપરાથી ઉતરી આવેલું પ્રકૃતિમંડળ પ્રથમથી જ રાજકુમારના અભ્યુદયની ઇચ્છા કરે છે, અને મેં હમણાં દાન, માન આદિક આપીને વિશ્વાસુ

---

* આઠમા ઉછ્વાસ સૂધી જ દડી કવિએ આ ગ્રન્થ રચ્યો છે, અને તે પછી તેનુ મૃત્યુ થવાથી આ ઉત્તરપીઠિકા બીજાએ રચી છે, આમ કેટલાએક કહે છે.

બનાવ્યું છે, તેથી વિશેષે કરીને રાજપુત્રને જ ચહાય છે, અશ્મક રાજાના અંતરંગ સેવકોને મારા અત્યંત વિશ્વાસુ પુરુષોએ ઘણા જ પ્રસન્ન કર્યા છે, અને મારી આજ્ઞાથી એકાંતમાં તેઓને ફોડીને કહ્યું છે કે.–'તમે અમારા મિત્રો છો, માટે અમારે તમને શુભ પરિણામ લાવનારુ વચન કહેવું જ જોઈએ. 'આ રાજ્યમા ભવાની, રાજકુમારને સહાયતા માટે પ્રખ્યાત એવા વિશ્રુતની યોજના કરીને તેના હાથે અશ્મકના રાજા વસંતભાનુને તથા તેના પક્ષમા રહીને જેઓ એની સાથે યુદ્ધ કરશે, તેઓને પણ કાળના અતિથિ બનાવશે; માટે તેણે જ્યાં સૂધી અશ્મકની સાથે યુદ્ધનો આરંભ કર્યો નથી, તેટલા સમયમા જે પુરુષ અનતવર્માના પુત્ર ભાસ્કરવર્માને અનુસરશે, તે ભયરહિત થાશે અને મોટી મહત્તા મેળવીને પરિજનોની સાથે (સેવકવર્ગની સાથે) સુખી થાશે. નહિતર (વિરુદ્ધ વર્તશે તો) ભવાનીના ત્રિશૂલને વશ થાશે' ભવાનીએ મને આજ્ઞા કરી છે કે 'તું એકવાર સર્વને (આ વાર્તા) કહે.' 'માટે મેં તમારી સાથે અમારી મિત્રતા છે, એમ જાણીને તમને સર્વેને આ વૃત્તાંત કહેવરાવ્યું છે.'

આ વાર્તા સાભળીને અશ્મક રાજાના અંતરંગ સેવકો, 'રાજપુત્રને ભવાનીનો વર મળ્યો છે,' એમ જાણીને પ્રથમથી જ તેનાથી ભિન્ન મનના (ઉદાસ) થઈ ગયા વિશેષે કરીને મારુ કહેવું સાંભળીને તે સર્વેય મારે વશ થઈ ગયા.

આ સર્વ વૃત્તાંત જાણીને અશ્મક રાજાએ વિચાર કર્યો કે:–'પરંપરાની સર્વ પ્રજા પણ 'રાજકુમાર જ રાજા થાય,' એવી અભિલાષા રાખે છે, અને મારો બહારનો તથા અંતરંગનો સેવકવર્ગ પણ ભિન્ન મનનો હોય તેવો જણાય છે.

આવી સ્થિતિમાં હું જો ક્ષમા રાખીને ઘરમાં જ બેસી રહીશ, તો પછી મારા રાજ્યમાં પણ ખટપટ ઉભી થાશે, અને હું મારા પોતાના રાજ્યનું પણ રક્ષણ કરી શકીશ નહિ. માટે મારાથી બેદિલ મનનાં થયેલાં છતાં મારી સાથે અનુકૂળતા દેખાડનારાં મારાં સૈન્યની સાથે તેઓને પરસ્પર વાતચિત થઈ નથી, તેની પહેલા જ તેની સાથે યુદ્ધ આરંભવુ. એમ કરવાથી તે અવશ્ય મારી આગળ એક ક્ષણભર જ ઉભી શકશે.'

આવો નિશ્ચય કર્યા પછી, અન્યાયથી પારકું રાજ્ય પચાવી પાડનારરૂપી પાતકની પ્રેરણા ઉપરથી, તે પોતાનાં સૈન્યની સાથે મૃત્યુના મુખ જેવા અમારા સૈન્યની સામે ચઢી આવ્યો. તેને ચઢી આવતો જાણીને રાજપુત્ર તેની સામે થયો. તે પછી ઘોડેસ્વાર થઇને ચઢી આવતા અશ્મક રાજાની સામે હું પણ ધસ્યો. તેટલામાં તેની સર્વે સેના, 'આપણા આ અપાર સૈન્યની ઉપર આ એકલો જ ચઢી આવે છે, માટે તેમાં એક ભવાનીનો વર જ અસાધારણ કારણ છે, બીજું નથી,' આવો નિશ્ચય કરીને ચિત્રમા આલેખેલી હોય, તેમ ઉભી રહી તે પછી મેં તેઓની સામે ચઢાઈ કરીને યુદ્ધ કરવા માટે વસંતભાનુને બોલાવ્યો એટલે વસંતભાનુએ ધસી આ-વીને મને તરવારનો એક સખત પ્રહાર કર્યો મેં શસ્ત્રવિદ્યાના ઉત્તમ શિક્ષણને લીધે તેની તરવારના પ્રહારને નિષ્ફળ કરી દીધો, અને સામો પ્રહાર કરીને તેના મસ્તકને કાપી નાખીને પૃથ્વી ઉપર પાડી નાંખ્યું–તેને મારી નાંખ્યો અને તેના સિપાઇઓને કહ્યું કેઃ–'હવે પછી પણ જેઓને લડવાની ઇચ્છા હોય, તેઓ ચઢી આવીને મારી સાથે યુદ્ધ કરો, નહિતર રાજકુમારના ચરણમાં પ્રણામ કરીને તેના થાઓ, અને પોતપોતાની આજીવિકાનો ઉપભોગ કરીને પોત-

પોતાના અધિકારોનું નિઃશંકપણાથી પરિપાલન કરીને (બજાવીને) સુખમાં રહો.'

મારુ વચન સાંભળ્યા પછી અશ્મકના રાજાના સર્વેય સેવકો પોતપોતાનાં વાહનો ઉપરથી એકદમ નીચે ઉતરી પડ્યા, અને રાજકુમારને પ્રણામ કરીને તેને તાબે થયા. તે પછી મેં તે અશ્મકરાજાનું રાજ્ય રાજકુમારને અર્પણ કર્યું, અને તેનાં રક્ષણને માટે પરંપરાથી ઉતરી આવેલા તેના પોતાના અધિકારીઓની યોજના કરી. તે પછી પોતાને તાબે થયેલા અશ્મકરાજાના સૈન્યની સાથે વિદર્ભ દેશમાં હું ગયો, અને ત્યાં રાજધાનીમાં રાજકુમાર ભાસ્કરવર્માનો અભિષેક કરીને તેને તેના પિતાના રાજ્યાસન ઉપર બેસાડ્યો.

તે પછી એક દિવસે માતા વસુમતીની સાથે તે રાજા બેઠા હતો, તે સમયે મે તેને વિનતિ કરી કે:–'મેં અનેક કાર્ય કરવાનો આરંભ કર્યો છે, તે જ્યાં સૂધી સિદ્ધ થાય નહિ ત્યા સૂધી કોઈ પણ એક ઠેકાણે રહેવાને હું શક્તિમાન્ નથી. માટે આ મારી ભાર્યા અને તારી બહેન એવી મંજુવાદિની કેટલાએક દિવસ સૂધી તમારી પાસે જ ભલે રહે હું ઇષ્ટ મિત્રનો મેળાપ થશે, ત્યા સૂધી કેટલાએક વખત સૂધી પૃથ્વી ઉપર ભટકીને તેને મેળવીશ, અને પાછો અહિં આવીને તમને મળીશ.'

આ વાર્તા સાભળીને માતાની અનુમતિ પ્રમાણે રાજાએ મને કહ્યુ.–'અમને આ રાજ્યના લાભરૂપી જે આટલો અભ્યુદય થયો છે, તેનુ અસાધારણ કારણ તમે જ છો. તમારા વિના એક ક્ષણ પણ અમે આ રાજ્યધુરીને વહન કરી શકીએ નહિ. માટે તમે જવાની વાત કેમ કહો છો?' એ સાભળીને મેં તેને પ્રત્યુત્તર આપ્યો:–'તમારે ચિત્તમા લેશ-

ભાર પણ આવી ચિંતા કરવી નહિ. તમારા ઘરમાં મંત્રીરત્ન જે આર્યકેતુ છે, તે આવાં અનેક રાજ્યોની ધુરાને વહેવાને સમર્થ છે, તે માટે હું તેની મત્રીના કાર્ય ઉપર યોજના કરીને જઇશ, ઇત્યાદિક વચનોથી સારી પેઠે લોભાવ્યો, તોપણ તે રાજાએ અને તેની માતાએ અનેક આગ્રહ કરીને કેટલાએ કાળ સૂધી પ્રવાસના આરંભથી મને અટકાવ્યો અને ઉત્કલના રાજા પ્રચંડવર્માનુ રાજ્ય મને આપ્યું. હું પણ તે રાજ્યને મારા તાબામાં લઈને રાજાની રજા લઇને જ્યાં તમારી શોધ કરવા માટે પ્રવાસનો આરંભ કરતો હતો એટલામાં, અગદેશના રાજા સિંહવર્માએ પોતાને સહાય કરવામાટે મને બોલાવ્યો એટલે હું અહિં આવ્યો અને પૂર્વજન્મનાં પુણ્યના પરિપાકથી આપ રાજાની સાથે સમાગમ થયો.

તે પછી ૧ અપહારવર્મા, ૨ ઉપહારવર્મા, ૩ અર્થપાલ, ૪ પ્રમતિ, ૫ મિત્રગુપ્ત, ૬ મંત્રગુપ્ત, અને ૭ વિશ્રુત નામના કુમારો ત્યા એકઠા મળ્યા તે પછી પાટલીપુત્રમા યુવરાજના પદને ભોગવતા કુમાર સોમદત્તને તેની વામલોચના નામની ભાર્યાની સાથે બોલાવવા માટે પ્રથમથી જ સંકેત કરવામાં આવ્યો હતો. તે પ્રમાણે સોમદત્તને વામલોચનાની સાથે સેવકોદ્વારા બોલાવીને તે કુમારો રાજવાહનની સાથે એકઠા મળીને ત્યા (ચંપાપુરીમા) રહ્યા,અને પરસ્પર આનંદથી ભરપૂર એવી કથાઓ કરતા હતા, એટલામા પુષ્પપુરીથી રાજા રાજહંસનો આજ્ઞાપત્ર લઈને રાજસેવકો આવ્યા અને રાજવાહનને પ્રણામ કરીને વિનતિ કરવા લાગ્યા કે.–'સ્વામિન્! તમારા પિતા રાજા રાજહંસનો આ આજ્ઞાપત્ર હ્યો.' એ સાભળીને રાજવાહન (તે રાજપુરુષોની સામે) ઉઠીને ઉભો થયો, અને તેઓને વારંવાર આદર સાથે પ્રણામ કરીને સભામાં

પિતાનો આજ્ઞાપત્ર ગ્રહણ કર્યો, અને મસ્તક ઉપર ચઢાવીને પાછો મસ્તક ઉપરથી ઉતારી ઉખેડીને રાજા રાજવાહન સર્વેના સાંભળતાં જ વાંચવા લાગ્યો.

રાજા રાજહંસનો આજ્ઞાપત્ર

"સ્વસ્તિશ્રી પુષ્પપુરી રાજધાનીથી શ્રીરાજહંસ રાજા ચંપાપુરીમાં વાસ કરનારા રાજવાહન પ્રમુખ કુમારોને આશીર્વાદોથી અભિનંદન આપીને આજ્ઞાપત્ર મોકલે છે કે,–તમે મારી આજ્ઞા લઈ મને પ્રણામ કરીને અહિંથી પરદેશમાં જવાને નિકળ્યા હતા, અને માર્ગમા કોઈ એક વનમાં શિવાલયની પાસે છાવણી નાખીને પડ્યા હતા; ત્યાં રાજવાહન શિવની પૂજા કરવામાટે રાત્રે શિવાલયમાં રહ્યો હતો, તેને તમે પ્રભાતમાં શિવાલયમાં દીઠો નહિ, તેથી બાકી રહેલા તમે સર્વે કુમારો, 'રાજવાહનની સાથે જ રાજહંસને પ્રણામ કરીશુ, નહિતર પ્રાણનો ત્યાગ કરીશું' આવી રીતે પ્રતિજ્ઞા કરી, સૈન્યને પાછુ ફેરવીને, રાજવાહનની શોધ કરવા માટે જૂદી જૂદી (દિશાઓમાં) ચાલી નિકળ્યા. તમારો આ વૃત્તાંત પાછા ફરેલા સિપાઇઓના મુખથી સાંભળીને મારુ તથા તમારી માતાનુ મન અસહ્ય એવા દુઃખ સમુદ્રમાં ડૂબી ગયું, અને અમે બન્ને 'વામદેવના આશ્રમમા જઈ આ વૃત્તાત તેને જણાવીને પ્રાણત્યાગ કરવો,' આવો નિશ્ચય કરીને તેના આશ્રમમાં ગયા, અને તે મુનિને પ્રણામ કરીને જ્યાં ઉભા રહ્યા, તેટલામાં જ તે ત્રિકાળવેત્તા મુનિએ અમારા મનની ઇચ્છા જાણી જ લીધી. તે પછી અમારો નિશ્ચય જાણીને કહ્યુઃ–'રાજન્! મેં પ્રથમથી જ તમારા મનની આ સર્વ ઇચ્છા યોગના બળથી જાણી હતી. તમારા આ કુમારોએ, રાજવાહનને માટે કેટલોએક સમય સૂધી દુઃખ ભોગવીને,

ભાગ્યનો ઉદય થવાથી અસાધારણ પરાક્રમ કરીને દિગ્વિજય કર્યો છે. ઘણાં રાજ્યો મેળવીને સોળ વર્ષ પછી વિજયી રાજવાહનને આગળ કરીને તેઓ આવશે, અને તારા તથા વસુમતીનાં ચરણમા પ્રણામ કરીને તારી આજ્ઞાનું પાલન કરશે. માટે તારે તેને માટે કંઈ પણ સાહસકર્મ કરવું નહિ.' તે સાંભળીને મુનિનાં વચન ઉપર વિશ્વાસ આવવાથી ધૈર્ય ધારણ કરીને આજ દિવસ સૂધી હું તથા રાણી જીવતા રહ્યાં છીએ. હમણાં એ અવધિ પાસે આવવાથી વામદેવના આશ્રમમાં જઈને મેં વિજ્ઞપ્તિ કરી:-'સ્વામિન્! તમે કહેલો અવધિ બહુધા પૂર્ણ થયો છે. રાજકુમારના સમાચાર આજ દિવસ સૂધીમાં તમારા જાણવામાં આવ્યા છે?' તે સાંભળીને મુનિ બોલ્યા:-'રાજન્! રાજવાહન પ્રમુખ સર્વે કુમારો અનેક દુર્જય શત્રુઓને જિતી લઈને, દિગ્વિજય કરીને, ભૂમંડળને વશ કરીને, ચંપાનગરીમાં એકઠા થયા છે. માટે તુ તારો આજ્ઞાપત્ર લઈને તેને બોલાવવા માટે સેવકોને ઝટ મોકલ' આવા મુનિના વચન સાભળીને મે તમને બોલાવવામાટે આજ્ઞાપત્ર મોકલ્યું છે. હવે પછી તમે જો એક ક્ષણ પણ વિલબ કરશો તો મને તથા તમારી માતા વસુમતીને કથારૂપે જ અવશેષ સાંભળશો (અર્થાત્ અમે પ્રાણત્યાગ કરીશુ) આમ જાણીને તમારે પાણી પણ માર્ગે પડીને પીવું."

ઉપર પ્રમાણે પિતાનું આજ્ઞાપત્ર માથે ચઢાવીને, 'ચાલો ત્યારે જઈએ,' આવો રાજકુમારોએ નિશ્ચય કર્યો, અને તાબે કરેલાં રાજ્યની રક્ષા કરવામાં પૂરતાં સૈન્યોને તથા મહાસમર્થ એવા આપ્ત પુરુષોને ઠેકાણેઠેકાણે યોજીને કેટલાંએક સૈન્યવડે માર્ગની રક્ષા કરી, 'પૂર્વના વૈરી માળવાના રાજા માનસારનો પરાજય કરી, તેનાં રાજ્યને પણ તાબે કરી, પુષ્પપુરમા રાજા

રાજહંસના તથા રાણી વસુમતીનાં ચરણમાં પ્રણામ કરીશું, આવો નિશ્ચય કરીને પોતપોતાની ભાર્યા સાથે જોઇએ તેટલું સૈન્ય લઈને માલવ રાજાની સામે ચઢાઈ કરી, અને ઉજ્જયિની પહોંચીને તેજ સમયે સહાયભૂત એવા કુમારોથી ચોતરફ વીંટાયલા રાજવાહને, મહાબળવાન્ છતાં પણ માળવાના રાજા માનસારને એક ક્ષણમાં હરાવ્યો અને મારી નાંખ્યો, તે પછી તેની પુત્રી અવંતીસુંદરીને પોતાના કબજામાં લીધી; તેના મંત્રી ચંડવર્માએ પ્રથમ કેદખાનામાં નાખેલા પુષ્પોદ્ભવ નામના કુમારને કુટુંબ સાથે (કેદખાનામાંથી) છૂટો કરીને સાથે લીધો, અને માળવાના રાજાનાં રાજ્યને તાબે કરીને તેની રક્ષા માટે કેટલાએક મંત્રીઓની સૈન્યની સાથે યોજના કરીને, બાકીના પરિમિત સૈન્યની સાથે તે કુમારો પુષ્પપુરીમા ગયા, અને રાજવાહનને આગળ કરીને રાજહંસના તથા માતા વસુમતીના ચરણમાં પ્રણામ કર્યા. તે બન્ને પુત્રોને મળીને પરમ આનંદ પામ્યા. તે પછી રાજા રાજહંસના અને રાણી વસુમતીના સમક્ષમાં વામદેવે, રાજવાહનપ્રમુખ દશે કુમારોની અભિલાષા જાણીને તેઓને આજ્ઞા કરી કે, ‘તમે સર્વે એક વાર તમારા રાજ્યમા જઇને પોતપોતાના રાજ્યોનુ ન્યાયથી પરિપાલન કરો, અને તમને જ્યારે ઇચ્છા થાય ત્યારે તમારે માતાપિતાના ચરણમાં અભિવંદન કરવા માટે આવવું.’ તે પછી તે સર્વેય કુમારો તે મુનિના વચનને મસ્તક ઉપર ધારણ કરી, તે મુનિને તથા માતાપિતાને પ્રણામ કરીને જ્યાંથી ગયા હતા ત્યાથી આરંભીને દિગ્વિજય કરીને પાછા આવ્યા હતા ત્યાં સૂધીનુ પોતપોતાનુ જૂદુંજૂદું વૃત્તાંત મુનિની આગળ નિવેદન કર્યું માતાપિતા પણ કુમારોનાં તેમનાં પોતાનાં

પરાક્રમોને જણાવનારા, અતિ દુર્ઘટ ચરિત્રોને સાંભળીને પરમ આનંદ પામ્યાં

તે પછી રાજાએ વિનયની સાથે મુનિને વિનતિ કરી કેઃ–'ભગવન્! તમારી કૃપાથી અમે મનુષ્યોના મનોરથો કરતાં પણ અધિક અને વાણીથી તથા મનથી અગોચર એવું સુખ પ્રાપ્ત કર્યું છે હવે પછી મારે સ્વામીનાં ચરણની સમીપમાં વાનપ્રસ્થ ગ્રહણ કરીને આત્માનું સાધન કરવું યોગ્ય છે. એટલા માટે પુષ્પપુરીના રાજ્યમા તથા માનસારના રાજ્યમાં રાજવાહનને અભિષેક કરીને, બાકીનાં રાજ્યો કહ્યા પ્રમાણે નવ કુમારોને આપો, અને કુમારો રાજવાહનના આજ્ઞા-પાલક અને એક તેના જ મત પ્રમાણે વર્તનારા થઇને ચાર સમુદ્ર જેની મેખલા છે, એવી પૃથ્વીનો શત્રુઓનો સારી રીતે નાશ કરીને, ઉપભોગ કરે તે પ્રમાણે, હે સ્વામિન્! કરો.' આ રીતે રાજહંસે વામદેવને કહ્યુ. પિતાએ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવાનો આરંભ કર્યો, તેને અટકાવવામાટે કુમારો આગ્રહ કરવા લાગ્યા, તે જોઇને મુનિએ તેઓને કહ્યુ.–'હે કુમારો! આ તમારા પિતા કાયક્લેશ વગર જ મારા આશ્રમ-મા રહીને આ અવસ્થાને યોગ્ય એવો વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવાને તૈયાર થયા છે, તેને તમારે સર્વથા અટકાવવા નહિ તમારા પિતા અહિં રહીને ભગવાનની ભક્તિને પ્રાપ્ત કરશે તમે પિતાની સમીપમાં સુખ મેળવશો નહિ'

મહર્ષિની આજ્ઞા મેળવીને કુમારોએ પિતાને વાનપ્રસ્થા-શ્રમનો સ્વીકાર કરતાં અટકાવવાનો આગ્રહ છોડી દીધો. તે પછી રાજવાહનને પુષ્પપુરીમા સ્થાપન કરીને તેની આજ્ઞાથી સર્વે કુમારો પોતપોતાના રાજ્યની રક્ષા કરીને પોતાની ઇચ્છા પ્રમાણે માતાપિતાની પાસે જવુઆવવુ કરવા લાગ્યા.

ઉપર કહ્યા પ્રમાણે રાજવાહન પ્રમુખ સર્વેય કુમારો પોતપોતાના રાજ્યમાં સ્થિતિ કરીને રહ્યા, અને સર્વે કુમારો રાજવાહનની આજ્ઞા પ્રમાણે ન્યાયથી પૃથ્વીના મંડળનું પાલન કરવા લાગ્યા, પરસ્પર એકમતથી વર્તવા લાગ્યા, અને ઇંદ્ર વગેરેને પણ અતિ દુર્લભ એવાં રાજ્યનાં સુખોનો અનુભવ કરવા લાગ્યા.

इति श्रीदण्डिविरचित दशकुमारचरितमां उत्तरपीठिका समाप्ता

इति श्रीमहामहोपाध्याय–कविकुलसार्वभौम–निखिलविद्याकुमुदिनी
शर्वरीश्वर–सरस्वतीनिश्वसित–कविदण्डिपण्डितविरचित
दशकुमारचरित सपूर्ण

સમાપ્ત

શુદ્ધિપત્રક

પત્રાંક	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ.
૧૬	૧૧	કઠોણે	ઠેકાણે.
૧૯	૧૩	પુષ્પોદ્ભવ	પદ્મોદ્ભવ.
૮૩	૨૨	પ્રચડવર્માએ	ચડવર્માએ
૯૨	૮	અવતીપુરીની	અગપુરીની.
૧૪૩	૨૨	અર્પણ કરવામા	.. ...
૩૦૦	૧૫	પાટલીપુત્રમા	પાટલીપુરમા.